# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

## ભાગ-૧૧



: વિવેચનકાર :

આચાર્ય વિજય અભયશેખરસૂરિ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

**(ભાગ-૧૧, ૨૮ થી ૩૨મી બત્રીશી)**

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :

શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૭૬

卐

મૂલ્ય :
રૂા. ૯૦/-

**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦

**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.

**ભરત ગ્રાફિક્સ**, એ-૨૧૨, સુમેલ-૯, મહેશ્વરી એસ્ટેટ પાસે,
દુધેશ્વર, શાહીબાગ, અમદાવાદ - ૪. M : 99250 20106
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે...ના ૧૪૫ થી ૧૬૨ લેખો ૧૧મા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે ખૂબ જ આનંદ અનુભવીએ છીએ. પૂજ્ય આચાર્ય શ્રીવિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ.આચાર્ય **શ્રીવિજયઅભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.
- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી જગવલ્લભપાર્શ્વનાથ જૈન શ્વે.ટ્રસ્ટ, કુંભોજગિરિતીર્થ** ને હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.
- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.
- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું અધ્યયન કરવાની વિનંતી સાથે...

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

◈ સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત પદાર્થો અદ્ભુત-અલૌકિક-અનુપમ હોય જ એ નિઃશંક છે. આવા પદાર્થોને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના ૨૮ થી ૩૨મી બત્રીશીના ૧૪૫ થી ૧૬૨ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં અગિયારમા ભાગરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે. આ પુસ્તક સાથે આ પુસ્તકોની શ્રેણિ પૂર્ણ થઇ રહી છે.

◈ એકથી સત્યાવીશ બત્રીશીના કુલ ૧૪૪ લેખો એકથી દશમા ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.


◈ સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર સ્વ. પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા., **નૂતનગચ્છાધિપતિ પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂ.મ.સા.**, શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા... આ -સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

◈ પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

**મહાસુદ.૭,૨૦૭૬**
**શ્રી કુંભોજગિરિતીર્થ.**
**શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ**
**૧૫૧ મી સાલગીરી દિન**

**ગુરુપાદપદ્મરેણુ**
**અભયશેખર**

**પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર**
**શ્રી જગવલ્લભપાર્શ્વનાથ જૈન શ્વે.ટ્રસ્ટ, કુંભોજગિરિતીર્થ ને**
**ફરી ફરી અભિનંદન**



## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

**(૧) પ્રકાશક**

**(૨) જગતુભાઈ પરીખ**
**૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,**
**પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬**

**(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી**
**૩૦૧, ત્રીજે માળે, શૈશવ એપાર્ટમેન્ટ, લાકડાવાળાનો ખાંચો,**
**કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧**
**ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨**

**(૪) ભવ્ય એન. કુબડિયા**
C/o. ઈથોસ ઈલાઈટ ગારમેન્ટ પ્રા. લિ.
૧૦૬, કોસ્મોસ પ્લેટિનમ, જંકશન ઓફ ભવાની શંકર રોડ-
ગોખલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
Mo. ૯૭૬૯૩ ૨૯૯૩૨

## શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ

# કુંભોજગિરિ

દક્ષિણ મહારાષ્ટ્રમાં કોલ્હાપુર અને સાંગલીથી લગભગ ૩૦-૩૦ કિ.મી. ના આંતરે બાહુબલિ પહાડની ઉપર શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ આવેલું છે. પૂનાથી લઈને હુબલી સુધીના સંઘોનું આ એક પરમશ્રદ્ધેય તીર્થ છે.

કુંભોજગિરિથી લગભગ ૨૦ કિ.મી. દૂર આવેલા શિરઢોણ ગામના રહેવાસી શેઠશ્રી ફતેહચંદ મલુકચંદ શાહ (ગુજ્જર) નામના શ્રાવકે સ્વદ્રવ્યથી આ તીર્થનું નિર્માણ કર્યું છે. કોઈ જ પ્રકારની સગવડ સુવિધા વિનાના એ જમાનામાં સતત ૧૯ વર્ષની જહેમતથી પહાડ ઉપર જિનમંદિરનું નિર્માણ કરી વિ.સં ૧૯૨૬ મહા સુદ ૭ ના મંગળદિને શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની પ્રતિષ્ઠા કરાવી તીર્થ શ્રીસંઘને સુપ્રત કર્યું.

વિ. સં. ૨૦૨૬ માં શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે પૂ.પંન્યાસપ્રવરશ્રી રંજનવિજય ગણિવરની નિશ્રામાં થયો હતો. એ જ રીતે સપાદશતાબ્દી મહોત્સવ પ.પૂ.આચાર્યશ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણાની નિશ્રામાં ભવ્ય રીતે થયો હતો.

શ્રી તીર્થટ્રસ્ટે તળેટીમાં એક વિશાળ ભવ્ય જહાજ મંદિરનું નિર્માણ કરાવ્યું. જેમાં મૂળનાયક ઈચ્છાપૂર્તિ શ્રી નીલમણિપાર્શ્વનાથ વગેરેની ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૪ મહા સુદ-૫ ના મંગળદિને સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રી વિજય જયઘોષ સૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આચાર્યશ્રી અભયશેખર સૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં ભવ્ય મહોત્સવ સાથે થઈ.

આ વર્ષે વિ. સં.૨૦૭૬(ઈ.સન્ ૨૦૨૦)માં આ તીર્થને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરને ભવ્ય મહોત્સવ સાથે ઉજવવાની ભાવના ધરાવતાં ટ્રસ્ટ મંડળે શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પૂ.આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.ને વિનંતી કરેલી. તેઓશ્રીએ આ તીર્થની આસપાસના સંઘોમાં અનેક અનેક વર્ષો

સુધી વિચરણ-ચાતુર્માસ કરવા દ્વારા ઉપકારની હેલીઓ વરસાવનારા અને તેથી જ આ સંઘો દ્વારા 'દક્ષિણ મહારાષ્ટ્રપ્રભાવક' બિરૂદ અપાયેલા શ્રી સૂરિમંત્રસાધક સ્વ.પૂ.આચાર્ય શ્રી વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ.આચાર્યશ્રી વિજય અભયશેખરસૂરિ મ. આદિ ઠાણાની નિશ્રા નક્કી કરી આપી.

શતકોત્તરસુવર્ણ મહોત્સવને દીપાવવા માટે પૂજ્યશ્રીના ગુરુભક્ત પરિવારોએ ઉપધાનતપનું આયોજન કર્યું. પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન કરવા એ શ્રાવક જીવનનો એક લહાવો હોવાથી માત્ર આ પરિસરના જ નહીં, મુંબઇ-પૂના-હૈદ્રાબાદ-બેંગ્લોર વગેરેના પણ આરાધકો સારી સંખ્યામાં જોડાવાથી આ પરિસરમાં રેકર્ડબ્રેક સંખ્યામાં (લગભગ ૩૨૫) આરાધકો ઉપધાનમાં જોડાયા. જેમાંથી ૧૬૧ તપસ્વીઓએ માળા પહેરી.

શતકોત્તર સુવર્ણમહોત્સવના પાંચ દિવસ દરમ્યાન શ્રી જહાજમંદિરની ૧૨ મી સાલગીરી, તળેટી સ્થિત શ્રીકલિકુંડ પાર્શ્વનાથ જિનાલયમાં ગોખલામાં શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠા, ઉપધાનતપના આયોજક પરિવારોએ જેનો સંપૂર્ણ લાભ લીધો તે પૂ.આચાર્ય શ્રી જયશેખરસૂરિ વિવિધલક્ષી હૉલનું ઉદ્ઘાટન, તીર્થની નવી પેઢીનું ઉદ્ઘાટન, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની ૧૫૧મી ધ્વજા, ગિરિ-વધામણાં, ઉપધાન તપમાળારોપણ, તીર્થના આધારસ્તંભ વગેરે અનેકવિધ આયોજનો દ્વારા તીર્થના સાધારણ ખાતાનું ખૂબ જ માતબર ફંડ વગેરે આયોજનો ભવ્ય રીતે થયા. આસપાસનાં સંઘોના યુવાનો વિશાળ સંખ્યામાં તીર્થ સાથે જોડાય એ માટેની નક્કર વિચારણાઓના પગરણ થયા.

ટ્રસ્ટમંડળે પૂજ્યશ્રીને વિનંતી કરતા પૂજ્યશ્રીએ પ્રસ્તુત **બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે**ના ૧૧ મા ભાગનો લાભ આપીને ઉપકાર કર્યો છે. ટ્રસ્ટે પોતાના જ્ઞાનખાતામાંથી પ્રસ્તુત પુસ્તકનો લાભ લીધો છે.

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાની કૃપા સદા વરસતી રહે એવી મંગળકામના સાથે.

**લિ.**

**શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વે. તીર્થ ટ્રસ્ટ**

**કુંભોજગિરિ**

# લેખાંક ૧૪૫

સત્તાવીશમી બત્રીશીમાં ભિક્ષુની વિચારણા કરેલી. ભિક્ષુ અવશ્ય દીક્ષાસંપન્ન હોય છે. એટલે અઠ્ઠાવીશમી બત્રીશીમાં દીક્ષાના સ્વરૂપની વિચારણા કરવાની છે.

દીક્ષા શબ્દમાં રહેલો 'દી' દાનને જણાવે છે અને 'ક્ષા' ક્ષયને જણાવે છે. જે દાન કરે છે અને ક્ષય કરે છે તે દીક્ષા છે. અર્થાત્ જે કલ્યાણનું દાન કરે છે અને અકલ્યાણનો ક્ષય કરે છે તે દીક્ષા છે. પ્રવ્રજ્યા, પ્રવ્રજિતના આત્માને કલ્યાણનું દાન કરે છે અને અકલ્યાણનો ક્ષય કરે છે, માટે એ દીક્ષા છે. સામા જીવ માટે પણ આવો અર્થ બેસે છે. કારણ કે साधूनां दर्शनं पुण्यम्... આ વચન જણાવે છે કે દીક્ષા પુણ્યનું-કલ્યાણનું દાન કરે છે. વળી साहू मंगलम् એ વચન જણાવે છે કે સાધુ મંગલભૂત છે એટલે કે વિઘ્નભૂત પાપનો-અકલ્યાણનો ક્ષય કરનાર છે.

આ દીક્ષા ગીતાર્થ મહાત્માઓને હોય છે તેમજ તેમની નિશ્રા ધરાવનાર અગીતાર્થ મહાત્માઓને હોય છે. આ નિશ્રા બે રીતે હોય છે. એમના સાંનિધ્યમાં રહેવું એ દ્રવ્યનિશ્રા છે અને એમને પરતંત્ર રહેવું - સમર્પિત રહેવું એ ભાવનિશ્રા છે. એટલે આ દ્રવ્યનિશ્રા-ભાવનિશ્રાના ૪ ભાંગા થાય છે.

સાંનિધ્યમાં રહેલા સમર્પિત શિષ્યને દ્રવ્ય-ભાવ ઉભયનિશ્રા છે.

સાંનિધ્યમાં રહેલા અસમર્પિત શિષ્યને દ્રવ્યનિશ્રા છે, ભાવનિશ્રા નથી.

દૂર રહેલા સમર્પિત શિષ્યને દ્રવ્યનિશ્રા નથી, ભાવનિશ્રા છે.

દૂર રહેલા અસમર્પિત શિષ્યને દ્રવ્ય-ભાવ ઉભયનિશ્રા નથી.

આમાંથી પહેલા અને ત્રીજા ભાંગામાં રહેલા અગીતાર્થને પણ દીક્ષા સંભવે છે.

જેમ આંખવાળો હોવાથી માર્ગને જોઈ-જાણી પ્રવાસ કરનાર મુસાફર ગંતવ્યસ્થાને પહોંચે છે, તેમ આંખ ન હોવાના કારણે માર્ગને ન જોનાર-ન જાણનારો પણ જો આંખવાળા મુસાફરને અનુસરે છે તો ચોક્કસ ગંતવ્યસ્થાને પહોંચે જ છે. આવું જ પ્રસ્તુતમાં જાણવું.

ગુરુ પ્રત્યે ઉછળતો બહુમાનભાવ અને સો ટકા સમર્પણ એ સમ્યગ્ ગુરુરાગ છે. આ રાગ ચારિત્રમોહનીય કર્મ-વીર્યાંતરાયકર્મ વગેરેનો ક્ષયોપશમ કરી આપે છે જેના કારણે ચારિત્રના અનુષ્ઠાનો કરવાનું સામર્થ્ય આવે છે. અનુષ્ઠાન પ્રત્યેના ઉછળતા બહુમાનથી-રાગથી પણ આ સામર્થ્ય આવી શકે છે. પણ એમાં જોખમ એ છે કે એ રાગ અપવાદના અવસરે પણ ઉત્સર્ગ અનુષ્ઠાનને જ પકડી રખાવે છે. જેના કારણે જીવ અપરિણત બને છે અને વાસ્તવિક આત્મહિતથી વંચિત થઈ જાય છે. ગુરુસમર્પિતને તો અપવાદસ્થળે ગુરુ જ અપવાદનું દિક્સૂચન કરવાના હોવાથી માર્ગગમન જળવાઈ રહે છે. આમ સમ્યગ્ ગુરુરાગના પ્રભાવે ચારિત્રાનુષ્ઠાનાત્મક ક્રિયાઓ કરવાનું જે જીવનું સામર્થ્ય છે તે માષતુષમુનિ વગેરે જેવા અગીતાર્થજીવમાં પણ દીક્ષાની યોગ્યતા છે.

આવા યોગ્ય જીવને આગમોક્તવિધિથી નામાદિનો ન્યાસ કરવા પૂર્વક - એટલે કે ગુણવાચક નામ પાડવા પૂર્વક દીક્ષા આપવી જોઈએ. કારણ કે પ્રવચનપ્રસિદ્ધ નામાદિનો ન્યાસ કરવાદ્વારા જ દીક્ષાનો નિર્વિઘ્ન નિર્વાહ થાય છે. આશય એ છે કે ઉત્તમ ખાનદાનના એક મુમુક્ષુનું દીક્ષાકાળે ગુરુભગવંતે પ્રશાંતવિજયજી એવું નામ રાખ્યું.

ક્યારેક કર્મોદયવશાત્ કોઈક નિમિત્ત મળવા પર એમને ગુસ્સો આવી રહ્યો છે. અને એ જ વખતે એમને એમનું નામ સાંભળવામાં આવ્યું કે સાંભરવામાં આવ્યું. ને એમની ખાનદાનીએ એમને વિચાર આવ્યો કે 'હું કોણ ? હું પ્રશાંતવિજય... ને હું ગુસ્સો કરું ? ના, મને એ ન શોભે...' ને એ મહાત્મા ગુસ્સાથી પાછા ફર્યા. પ્રશાંત-ઉપશાંત થઈ ગયા. ખરા અર્થમાં ક્ષમાશ્રમણ બની રહ્યા. આમ સ્વગુરુઓ દ્વારા સંપ્રદાય મુજબ ગુણવાચક તે તે નામનું સ્થાપન કરવાથી દીક્ષા નિરુપદ્રવ થાય છે. માટે ગુણવાચક શુભ નામનું આરોપણ એ જ વાસ્તવિક દીક્ષા છે. બીજું બધું તો દીક્ષાનો ઉપચાર છે.

દીક્ષાના ચાર પ્રકાર છે. નામદીક્ષા, સ્થાપનાદીક્ષા, દ્રવ્યદીક્ષા અને ભાવદીક્ષા... અર્થાત્ દીક્ષાના આ ચાર નિક્ષેપાઓ છે. આ ચારેય નિક્ષેપાઓ સફળ છે... તે તે નિક્ષેપાનું શું ફળ છે ? તે આપણે જોઈએ.

સાન્વર્થ ગુણવાચક **નામથી** કીર્તિ થાય છે. તેનું કીર્તન કરવા માત્રથી જ શ્રોતાને શબ્દના અર્થનો બોધ થવાથી મનની પ્રસન્નતા થાય છે, જેમકે શ્રી સુધર્માસ્વામી, શ્રી ભદ્રબાહુસ્વામી વગેરે નામના શ્રવણથી. ઓઘો-મુહપત્તી ધારણ કરેલા નૂતનદીક્ષિતની જે આકૃતિ છે તે સ્થાપના છે. ઓઘો-મુહપત્તી ધારણ કરવા દ્વારા આ **સ્થાપના** ભાવગર્ભિત પ્રમાર્જનાદિ પ્રવૃત્તિથી આરોગ્યકારક છે. કારણ કે અજયણા-પ્રમાદ વગેરે ભાવરોગનો નાશ કરનાર છે.

દ્રવ્યદીક્ષા આચારાદિ શ્રુતરૂપ છે તથા સકળ સાધુક્રિયારૂપ છે. આશય એ છે કે ભાવસાધુપણાની પરિણતિ એ ભાવદીક્ષારૂપ છે. એના પ્રત્યે આચારાંગજી વગેરે શાસ્ત્રોનું જ્ઞાન અને સાધુસામાચારી રૂપ ક્રિયા કારણભૂત હોવાથી એ જ્ઞાન-ક્રિયા **દ્રવ્યદીક્ષારૂપ** છે.

એનાથી વ્રતની સ્થિરતા થાય છે, એટલે કે સ્વીકારેલ વ્રતની દૃઢતા થાય છે. સમ્યગ્-દર્શનાદિનો પ્રકર્ષ એ **ભાવદીક્ષા** છે. એ પ્રકર્ષ સત્પદનો દીપન છે, એટલે કે આચાર્યત્વ વગેરે વિશિષ્ટ સ્થિરઅવસ્થાનો પ્રકાશક છે. પ્રકૃષ્ટ થયેલા આ ચારે નિક્ષેપાઓનો સમુદાય કીર્તિ વગેરેનું કારણ બને એ સંભવિત છે જ એ વિચારવું.

'દીક્ષાના નામ વગેરે સાર્થક છે' એવું જણાવવા દ્વારા એ સૂચન કરવામાં આવ્યું છે કે નૂતનદીક્ષિતનું નામ પાડવામાં, રજોહરણપ્રદાન-વેશપરિધાનમાં, શાસ્ત્રો ભણાવવામાં-સામાચારી શીખવવામાં... આ બધામાં ગુરુભગવંતોએ વિશેષ કાળજીવાળા બનવું જોઈએ. જો આ બધું વ્યવસ્થિત થાય તો ભાવદીક્ષાની પ્રાપ્તિ સરળ બને છે.

દીક્ષાની પરિણતિરૂપ ભાવદીક્ષા સંપન્ન થાય એ સંયમીને પ્રારંભે વચનક્ષમા અને વચનઅનુષ્ઠાન આવે છે. આ બેનો ફરી ફરી અભ્યાસ કરવા પર ક્રમશઃ ધર્મક્ષમા અને અસંગઅનુષ્ઠાન આવે છે.

આશય એ છે કે શાસ્ત્રોમાં પાંચ પ્રકારની ક્ષમા દેખાડેલી છે. (૧) **ઉપકારક્ષમા :** 'આ મારા ઉપકારી છે' આ વાતને નજરમાં રાખીને એમનું સહન કરે એ ઉપકાર ક્ષમા... જેમકે પિતાનું પુત્ર ને શેઠનું નોકર સહન કરે તે. (૨) **અપકારક્ષમા :** અપકારને નજરમાં રાખીને સહન કરવું એ અપકારક્ષમા... કેમકે 'હું આમનું સહન નહીં કરું તો મને બહુ હેરાન કરશે' એમ વિચારીને ગુંડાનું સહન કરે તે. (એટલે, જેનો જુનો ઉપકાર નથી, પણ હાલ એમનું સહન કરી લઈશ તો એમના દ્વારા મને આગળ ઘણો લાભ થશે... આ રીતે રખાતી ક્ષમાને ઉપકારક્ષમા કહી શકાય). (૩) **વિપાકક્ષમા :** ક્રોધ કરવાથી જે ક્લિષ્ટ કર્મો બંધાય... એ કર્મોનો ઉદય થવાથી જે આલોક અને પરલોકમાં અનર્થની પરંપરા ચાલે એ અહીં 'વિપાક'

તરીકે અભિપ્રેત છે. આ વિપાકનો વિચાર કરીને જે ક્ષમા રખાય તે વિપાકક્ષમા છે. ક્રોધના સાક્ષાત્ જે નુકશાનો છે તે અહીં 'અપકાર' તરીકે અભિપ્રેત છે, એ આલોકમાં જ હોય છે. પણ ક્રોધના કર્મદ્વારા જે નુકશાનો થાય તે અહીં 'વિપાક' તરીકે અભિપ્રેત છે. એ આલોકમાં પણ સંભવે છે, પરલોકમાં પણ. અપકાર અને વિપાક વચ્ચે આ ભેદ જાણવો. (૪) **વચનક્ષમા :** 'આ મારા ઉપકારી છે' 'આમનું સહન નહીં કરું તો હેરાન થઈશ' આવો કશો વિચાર ન હોય... માત્ર 'ગુસ્સો કરવો નહીં, સહન કરવું' એવું આગમવચન છે... માટે ક્ષમા રાખું... આ વચનક્ષમા છે. (૫) **ધર્મક્ષમા :** વચનક્ષમાના ફરી ફરી અભ્યાસથી ક્ષમા આત્મસાત્ થઈ જાય છે... આત્મસ્વરૂપ બની જાય છે. આ ધર્મક્ષમા છે. જેમ સુગંધ એ ચંદનનો સ્વભાવ છે. એમ ક્ષમા આત્માના એક સ્વભાવરૂપ બની જાય છે. તેથી ગમે તેવી પરિસ્થિતિમાં હવે ક્રોધ આવતો નથી. હવે આમના સાંનિધ્યમાં આવનાર ક્રોધી જીવમાં પણ આ સાધક આત્માની સિદ્ધ ક્ષમાનો પડઘો પડે છે ને તેથી એ જીવ પણ ગુસ્સો કરતો નથી. આ સાંનિધ્યમાં આવેલા જીવ પર થયેલો ઉપકાર છે. માટે આ ક્ષમા પરોપકારિણી છે. વળી સહજ હોવાથી સ્થિર છે, એટલે ચારવાર ક્ષમા રાખીને એકવાર ગુસ્સો આવી ગયો આવું બનતું નથી. વળી ક્યારેક થોડી ક્ષમા રાખી, ક્યારેક વધારે ક્ષમા રાખી... વગેરે વિકાર સંભવતા નથી. માટે આ ક્ષમા અવિકારિણી છે.

અનુષ્ઠાનના ચાર પ્રકાર છે. પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિઅનુષ્ઠાન, વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન... આ ચાર અનુષ્ઠાનોનું વર્ણન ષોડશકગ્રંથ, યોગવિંશિકા વગેરેમાં જોવા મળે છે.

(૧) **પ્રીતિઅનુષ્ઠાન :** જે અનુષ્ઠાનમાં પ્રયત્નાતિશય હોય, પરમ પ્રીતિ ઉત્પન્ન થાય અને શેષકાર્યોના ત્યાગપૂર્વક જે કરાતું હોય

તે પ્રીતિઅનુષ્ઠાન છે. **ષોડશક** ગ્રંથમાં આ રીતે કહ્યું છે કે - *જેમાં પરમ આદર હોય, કર્તાની હિતનો ઉદય કરનારી પ્રીતિ હોય તથા કર્તા શેષકાર્યોના ત્યાગપૂર્વક જે અનુષ્ઠાન કરતો હોય તે પ્રીતિઅનુષ્ઠાન છે.*

જેનો આદર હોય તે કાર્ય ચીવટથી થાય જ. એટલે વિશેષ આદર હોય તો તો પૂછવાનું જ શું ? તેથી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન પ્રત્યે પરમ આદર ધરાવનારને પ્રયત્નાતિશય આવે જ. માટે, ષોડશકજીમાં પરમ આદર જે કહ્યો છે તેને જ અહીં વૃત્તિકારે 'પ્રયત્નાતિશય' શબ્દ દ્વારા જણાવ્યો છે એ જાણવું. વળી આ આદર જ અનુષ્ઠાન કરતી વેળા પ્રીતિ-આનંદ-હર્ષ પેદા કરે છે. અનુષ્ઠાન કરતાં કરતાં જેમ વધુ ને વધુ પ્રીતિ અનુભવાય... યાવત્ રોમાંચ ખડા થઈ જાય. તેમ તેમ અનુષ્ઠાતાનું વધુ ને વધુ આત્મહિત થાય છે. એટલે હિતનો ઉદય જેનાથી એવી પ્રીતિ... એ 'હિતોદયા' (પ્રીતિ)... એ રીતે પ્રીતિને અહીં હિતોદયા કહી છે. વળી અનુષ્ઠાન કરતાં કરતાં અપૂર્વ આહ્લાદ અનુભવાય છે. એટલે એ કરતી વેળા અન્ય કશું કરવાનું મન થાય જ નહીં. કારણ કે અધિકૃત પ્રવૃત્તિમાં રસ ન આવે એનું જ મન અન્ય કાર્ય તરફ ખેંચાતું હોય છે. તથા, જેમાં વધારે આનંદ આવે એ કાર્ય કરવાનું સહજ દિલ બન્યું રહે. એટલે વિવક્ષિત અનુષ્ઠાનનો જ પરમ આનંદ હોવાથી અન્ય કાર્યનો ત્યાગ કરીને પણ અનુષ્ઠાન જ કરવાનું બને છે. સંસારનો ત્રાસ ને મોક્ષની તાલાવેલી... આ બન્ને જેટલા જોરદાર ને પછી એના ઉપાય તરીકે ચૈત્યવંદનાદિની જેવી તીવ્ર શ્રદ્ધા... એને અનુસરીને ચૈત્યવંદનાદિ અનુષ્ઠાન પ્રત્યે આદર-ગૌરવ પેદા થાય છે. આ આદરને અનુસરીને અનુષ્ઠાનને આચરવાનો ચઢિયાતો પ્રયત્ન થાય છે... તેમજ અનુષ્ઠાન કરતી વેળા પ્રીતિ અનુભવાય છે. ને પ્રીતિના કારણે અન્ય કાર્યનો ત્યાગ થાય છે.

એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે સામાન્યથી કોઈ પણ વર્ણન જ્યારે કરવામાં આવતું હોય છે ત્યારે આદર્શનું-શ્રેષ્ઠનું કરવામાં આવતું હોય છે. જેમકે જૈન સાધુ કેવા હોય ? તેનું વર્ણન કરવાનું હોય ત્યારે - બેંતાલીશ દોષ રહિત ભિક્ષા, નિત્ય એકાસણા, ચાઉક્કાલ સ્વાધ્યાય... અત્યંત ક્ષમાશીલ... પરીષહોના વિજેતા... વગેરે જ વર્ણન કરાતું હોય છે. પણ એનો મતલબ એવો નથી હોતો કે આમાં થોડું ઓછું-વત્તું હોય એને સાધુ ન કહેવાય. પ્રસ્તુતમાં પણ આવું જ જાણવું. પ્રીતિઅનુષ્ઠાનોમાં આદર્શભૂત બને એવું અનુષ્ઠાન અહીં વર્ણવવામાં આવ્યું છે. એનો અર્થ એવો ન કરવો કે જેમાં અત્યંત ચઢિયાતો પ્રયત્ન ન હોય, કે રોમાંચ ખડા થઈ જવા વગેરે રૂપે તીવ્ર પ્રીતિ અનુભવાતી ન હોય કે હમેંશા શેષના ત્યાગપૂર્વક તે કરાતું હોય એવું પણ ન હોય... તો પ્રીતિઅનુષ્ઠાન ન જ કહેવાય. અનુષ્ઠાન પ્રત્યે આદર જોઈએ આ મૂળ શરત છે... પછી પ્રારંભિક કક્ષામાં હજુ આદર પણ એટલો પ્રબળ પેદા ન થયો હોય ત્યારે અનુષ્ઠાન આદરતી વખતે એવો તીવ્ર પ્રયત્ન ન હોય એવું પણ બને. વળી આદર મંદ છે. એટલે અનુષ્ઠાન સેવતી વખતે એવી કોઈ વિશેષ પ્રીતિ ન અનુભવાતી હોય એવું પણ બને (હા ! પણ કંટાળો-અપ્રીતિ તો ન જ જોઈએ...). તથા ક્યારેક શેષકાર્યો છોડીને આ અનુષ્ઠાનો કરવાના બદલે આ અનુષ્ઠાન છોડીને શેષકાર્યો થાય... આવું પણ બનતું હોય... અને છતાં, થોડા પણ આદરપૂર્વક છે, માટે એ અનુષ્ઠાન જ્યારે કરે છે ને જેવા પ્રયત્નપૂર્વક ને જેવી પ્રીતિ અનુભવવાપૂર્વક કરે છે ત્યારે તે પ્રીતિ-અનુષ્ઠાનરૂપ બને જ છે. પ્રીતિ અનુષ્ઠાનના તરતમતા ભેદે અસંખ્ય ભેદ છે... એમાંના પ્રારંભિક ભેદોમાં એનો સમાવેશ થઈ શકે. આવી રીતે પણ એ અનુષ્ઠાન ચાલુ રાખે એનાથી જ ઉત્તરોત્તર પ્રીતિ વધતાં વધતાં છેવટે આદર્શભૂત પ્રીતિઅનુષ્ઠાન પમાય છે.

(૨) **ભક્તિઅનુષ્ઠાન :** પ્રીતિઅનુષ્ઠાનને તુલ્ય એવું પણ જે અનુષ્ઠાન આલંબનીય પ્રત્યેની વિશેષ પ્રકારની પૂજ્યતા બુદ્ધિના કારણે વધારે વિશુદ્ધિવાળું હોય તે **ભક્તિઅનુષ્ઠાન** છે. ષોડશકજીમાં કહ્યું છે કે - *બુદ્ધિમાન્‌જીવનું વિશેષપ્રકારના ગૌરવના કારણે, ક્રિયામાં ઈતરને = પ્રીતિઅનુષ્ઠાનને તુલ્ય એવું પણ જે અધિક વિશુદ્ધ યોગવાળું અનુષ્ઠાન, તે ભક્તિઅનુષ્ઠાન જાણવું.* પ્રીતિત્વ અને ભક્તિત્વ એ સંતોષ્યકૃત્ય કર્તવ્યતાજ્ઞાનજનિત હર્ષ અને પૂજ્યકૃત્યકર્તવ્યતાજ્ઞાનજનિત હર્ષમાં રહેલી અલગ-અલગ જાતિઓ છે. ષોડશકજીમાં કહ્યું છે કે - *પત્ની અત્યંત પ્રિય છે અને એ રીતે માતા અત્યંત હિત કરનારી છે. એટલે આ બન્નેનું તુલ્ય કાર્ય પણ પ્રીતિ અને ભક્તિ અંગેનું દૃષ્ટાંત છે.* આમાં તુલ્ય પણ કૃત્ય એટલે ભોજન-આચ્છાદાન (=વસ્ત્ર) વગેરે જ્ઞાત = ઉદાહરણ છે.

ભક્તિ અનુષ્ઠાન પણ વિશિષ્ટ પ્રયત્નપૂર્વક, પ્રબળ પ્રીતિની અનુભૂતિપૂર્વક અને શેષત્યાગપૂર્વક થતું હોય છે, આ જ ભક્તિઅનુષ્ઠાનમાં રહેલી પ્રીતિઅનુષ્ઠાનની તુલ્યતા છે.

વિવેકયુક્ત અધિક આદર વગેરે ભાવયુક્ત હોવાના કારણે ઝીણી ઝીણી વિધિમાં પણ વધુ સૂક્ષ્મ ચોકસાઈ જળવાય એટલે અનુષ્ઠાન વધારે વિશુદ્ધવ્યાપારવાળું કહેવાય. ભક્તિ અનુષ્ઠાન આવું હોય છે.

પત્ની અને માતાના દૃષ્ટાંતને બરાબર સમજવું જોઈએ. પત્ની પ્રત્યે પ્રીતિ છે. એમાં આદાન-પ્રદાન ઉભયની અપેક્ષા છે... પતિ પત્નીને ભોજન-આચ્છાદનાદિ બધી વસ્તુઓ પ્રીતિપૂર્વક આપે છે તો સામા પક્ષે પત્ની પણ પતિને પ્રેમ સાથે - સાનુકૂળવ્યવહાર-સુખ આપે છે. માતા પ્રત્યે ભક્તિ છે. એમાં માત્ર એકપક્ષી વ્યવહાર છે. માતાએ જે કરવા યોગ્ય હતો તે જન્મ-સંસ્કરણ વગેરે ઉપકાર

કરી જ દીધો છે... હવે કરવાનું માતાના પક્ષે કશું નથી. પુત્રે જ કરવાનું છે... ભોજન-આચ્છાદનાદિ પ્રદાન વગેરે કરવાનું... ને કશુંક બદલામાં મેળવવાની કોઈ અપેક્ષા નહીં. ઉપરથી ચામડાના જૂતાં કરીને પહેરાવું તો પણ ઉપકારનો બદલો વળી શકે એમ નથી એવી કૃતજ્ઞતા ઉભરાતી હોવાથી જે કાંઈ પોતે કરે એ ઓછું જ લાગે... ને જે કરે એમાં ખૂબ જ ઉત્સાહ વર્તતો હોય... આ ભક્તિ છે.

પરમાત્મા પ્રત્યે પણ પ્રીતિ-ભક્તિ આવા જાણવા. પ્રભુ ! હું તારી ઉપાસના કરું-પૂજા-વંદના કરું... તું મને ક્ષમાદિ આત્મગુણો આપજે... આવો આદાન-પ્રદાનનો વ્યવહાર છે ત્યાં સુધી પ્રીતિ છે... પણ પછી પ્રભુના અદ્‌ભુત ગુણો ને ઠેઠ નિગોદમાંથી આ ભૂમિકા સુધી પોતાને પહોંચાડવાનો પ્રભુએ કરેલો અનન્ય ઉપકાર સારી પેઠે પિછાણવાથી ભક્તિ ઉલ્લસિત થાય છે. હજુ આત્મહિત મેળવી લેવાની ઝંખના છે, ને એ માટે પ્રભુભક્તિ કરે છે... પણ એ માટે જ પ્રભુભક્તિ કરે છે, એવું નથી. હવે તો, પ્રભુ ! તેં તો અપરંપાર ઉપકાર કરી જ દીધો છે... હવે તો હું તને ભજ્યા જ કરું... ભજ્યા જ કરું... ક્યાંય ધરાઉં જ નહીં... *'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી...'* આ ભક્તિ છે. આમાં આત્મહિત મેળવવાની અપેક્ષા છે, પણ એના કરતાં કૃતજ્ઞતાનો ભાવ વધારે પ્રબળ હોય છે. આની પણ જ્યારે ઘણી ઊંચી ભૂમિકા આવે છે, ત્યારે 'ક્ષમાદિ ગુણો માટે તને ભજુ.' 'મુક્તિ માટે તને ભજું' એવી પણ અપેક્ષા રહેતી નથી. માત્ર ભજવાનો જ ભાવ રહે એવી અવસ્થા આવે છે.

ભોજન-આચ્છાદન વગેરે જે પત્નીને આપે છે એ જ માતાને આપે છે, છતાં પત્નીને પ્રીતિથી આપે છે ને માતાને હિતકર

(=ઉપકારી) માનીને ભક્તિથી આપે છે. એમ ચૈત્યવંદનાદિ તો એના એ જ છે, પણ પહેલાં પ્રીતિ હતી, હવે ભક્તિ છે... આમ અંતરંગ પરિણતિમાં ફેરફાર છે. એટલે જ પ્રીતિ અનુષ્ઠાનરૂપે ચૈત્યવંદન કરતી વેળા જે હર્ષાનુભવ હતો એના કરતાં ભક્તિઅનુષ્ઠાનરૂપે ચૈત્યવંદન કરતી વેળા થતો હર્ષાનુભવ જુદા પ્રકારનો હોય છે.

બન્ને વખતે અનુભવાતો હર્ષ અલગ-અલગ પ્રકારનો છે. અર્થાત્ વિલક્ષણ જાતિવાળો છે. 'આ સંતોષ્યનું કાર્ય છે' આ બુદ્ધિ જે હર્ષ પેદા કરે એના કરતાં 'આ પૂજ્યનું કાર્ય છે' આ બુદ્ધિ ચોક્કસ વિશેષ પ્રકારનો હર્ષ પેદા કરે જ. માટે, પ્રીતિત્વ અને ભક્તિત્વ એ હર્ષમાં રહેલી વિલક્ષણ જાતિઓ છે, એમ અહીં જણાવ્યું છે. ધર્મસંગ્રહની ટીપ્પણમાં, 'પ્રીતિત્વ અને ભક્તિત્વ એ ઈચ્છામાં રહેલી વિલક્ષણ જાતિઓ છે.' એમ ઉપાધ્યાયજી મહારાજે જણાવ્યું છે - એ જાણવું.

આમ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન આપણે જોયા. હવે વચન અને અસંગઅનુષ્ઠાન આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૬

ગયા લેખમાં છેલ્લે પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન વિચારેલા. હવે આ લેખમાં વચન અનુષ્ઠાન, અસંગઅનુષ્ઠાન વગેરે વિચારીએ.

(૩) **વચનાનુષ્ઠાન :** સાધુ શાસ્ત્રાર્થના પ્રતિસંધાનપૂર્વક સર્વત્ર જે ઉચિત પ્રવૃત્તિ કરે તે **વચનાનુષ્ઠાન** જાણવું. ષોડશકજીમાં કહ્યું છે

*કે - સર્વત્ર ઔચિત્યનો યોગ હોવાથી જે વચનાત્મિકા પ્રવૃત્તિ થાય છે એ વચનાનુષ્ઠાન છે. આ નિયમા ચારિત્રવાન્‌ને હોય છે.*

**વિવેચન :** અનુષ્ઠાનવેળા જિનવચનોનું સ્મરણ કરીને તેને અનુસરીને અનુષ્ઠાન કરે, વળી પ્રમાદાદિવશાત્ પણ વિધિપાલનમાં વિકલતા ન આવવા દે... આ રીતે શાસ્ત્રવચન મુજબ થતું પરિપૂર્ણ અનુષ્ઠાન એ વચનાનુષ્ઠાન છે.

રાગ-દ્વેષગ્રસ્ત અવસ્થામાંથી વીતરાગતાએ પહોંચવું એ સાધના છે, એટલે સાધકની જે પ્રવૃત્તિ રાગ-દ્વેષને મોળા પાડી વીતરાગતા તરફ લઈ જનારી હોય એને જ 'ઉચિતપ્રવૃત્તિ' કહી શકાય છે. ઉત્સર્ગની જેમ ક્યારેક આપવાદિક પ્રવૃત્તિ પણ 'ઉચિત' હોય છે. એમ ક્યારેક તપ તો ક્યારેક ત્યાગ... ક્યારેક સ્વાધ્યાય તો ક્યારેક વૈયાવચ્ચ... આ બધું જ 'ઉચિત' હોય શકે છે. ક્યારે શું ઉચિત છે એનો નિર્ણય શાસ્ત્રાર્થ વિના શી રીતે થાય ? એ નિર્ણય થયા પછી પણ કયું અનુષ્ઠાન કયા ક્રમે કઈ વિધિએ કરવું એ બધું શાસ્ત્રાર્થ વિના જાણી શકાતું નથી. શાસ્ત્રના અધ્યયનકાળે એ જાણ્યું હોવા છતાં, જો અનુષ્ઠાનકાળે એનું પ્રતિસન્ધાન (=સ્મરણ) કરવામાં ન આવે તો પણ એનું આચરણ થઈ શકતું નથી. સ્મરણ કર્યા પછી પણ જો સત્ત્વ નબળું હોય તો પ્રમાદાદિના કારણે શાસ્ત્રાર્થનિર્દિષ્ટ વિધિ ન પણ જાળવે, અને તેથી અનુષ્ઠાન વચનાનુષ્ઠાન ન થાય. ક્યારેક શાસ્ત્રાર્થનું પ્રતિસન્ધાન કરી એ મુજબ પ્રવૃત્ત થઈ ઉચિત પ્રવૃત્તિ કરે ને ક્યારેક શાસ્ત્રાર્થનું પ્રતિસંધાન ન કરવાના કારણે કે ક્યારેક એ પ્રતિસંધાન કરવા છતાં પ્રમાદાદિવશાત્ તદનુરૂપ પ્રવૃત્તિ ન કરે... આવું થતું હોય તો શાસ્ત્રાનુસારી ઉચિત પ્રવૃત્તિકાળે પણ એ અનુષ્ઠાન 'વચનાનુષ્ઠાન' ન કહેવાય, કારણ કે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ થતી હોય તો જ વચનાનુષ્ઠાન છે.

ષોડશકજીની ગાથાનો અર્થ આ પ્રમાણે છે - ક્ષમા-પડિલેહણ વગેરે બધા ધર્મવ્યાપારમાં દેશ-કાળ-પુરુષ-વ્યવહારાદિના ઔચિત્યપૂર્વક આગમાર્થ અનુસ્મરણ વાળી જે પ્રવૃત્તિ થાય છે તે વચનાનુષ્ઠાન છે. તે નિયમા સાધુને જ હોય છે, કારણ કે ભવદુર્ગલંઘનરૂપ છઠ્ઠું ગુણઠાણું એને જ પ્રાપ્ત હોવાથી એ જ લોકસંજ્ઞામુક્ત હોય છે. આ નિશ્ચયનયમત જાણવો. વ્યવહારનયે તો જિનવચનને અનુસરીને માર્ગાનુસારી જીવ પણ જે પ્રવૃત્તિ કરે તે દેશથી વચનાનુષ્ઠાનરૂપ બને છે, એ જાણવું.

તથા વચનાનુષ્ઠાન ચારિત્રવાન્‌ને હોવાનું જણાવ્યું છે. દેશવિરત પણ ચારિત્રવાન્ તો છે જ. માટે દેશવિરતને પણ વચનાનુષ્ઠાન હોવામાં તો કોઈ શંકા રાખવી નહીં.

**શંકા** – પણ વૃત્તિકારે તો 'शास्त्रार्थप्रतिसन्धानपूर्वा साधोः...' વગેરે જણાવી સાધુની જ પ્રવૃત્તિને વચનાનુષ્ઠાન તરીકે જણાવી છે ને ?

**સમાધાન** – દેશવિરતની માત્ર ધર્મપ્રવૃત્તિઓ વચનાનુષ્ઠાનરૂપે સંભવિત છે, સર્વપ્રવૃત્તિઓ નહીં, જ્યારે સાધુની સર્વ પ્રવૃત્તિઓ વચનાનુષ્ઠાનરૂપે સંભવિત છે. માટે સાધુનો ઉલ્લેખ છે. પણ, દેશવિરતની બાદબાકી કરવા એ ઉલ્લેખ છે - એવું નથી, એ જાણવું, જેમ શ્રી યોગશાસ્ત્ર (૪-૮૭)માં *ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम्...* (અર્થ : *સકામ નિર્જરા સાધુઓને હોય છે, અન્ય જીવોને તો અકામનિર્જરા હોય છે...*) એવું જે જણાવ્યું છે, તેમાં યમીઓનો = સાધુઓનો ઉલ્લેખ 'દેશવિરત વગેરે અન્ય જીવોને સકામનિર્જરા હોતી નથી' એ રીતે દેશવિરત વગેરેની બાદબાકી કરવા માટે નથી, પણ 'ઉત્કૃષ્ટ સકામનિર્જરા સંયમીને જ હોય છે' આવી જે વાસ્તવિકતા, એના કારણે છે. આ પ્રમાણે ઉપાધ્યાયજી

મહારાજે શ્રી ધર્મપરીક્ષા ગ્રન્થના ૩૭મા શ્લોકની વૃત્તિમાં જે જણાવ્યું છે, તેને અનુસરીને પ્રસ્તુતમાં જાણવું.

વળી, ગૃહસ્થને એટલો વિસ્તૃત ને પટુ શાસ્ત્રાર્થબોધ હોતો નથી. તેમજ જેટલા અંશે શાસ્ત્રાર્થ પ્રતિસંધાન હોય એટલા અંશે સર્વત્ર તદનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે જ એવો નિયમ નથી હોતો, કારણ કે એ મુખ્યતયા લોકસંજ્ઞાથી મુક્ત નથી હોતો. તેથી લોકસંજ્ઞાવશાત્ અન્યથાત્વ પણ સંભવિત છે. માટે પણ અહીં 'સાધુની સર્વત્ર ઉચિતપ્રવૃત્તિ એ વચનાનુષ્ઠાન' એમ કહ્યું છે.

પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં પરમ આદર વગેરે હોવા છતાં શાસ્ત્રાર્થનો પટુબોધ, અનુષ્ઠાનકાળે પટુસ્મૃતિ અને સત્ત્વ ફોરવવાપૂર્વક તદનુસાર મન-વચન-કાયયોગનું પ્રવર્તન... આ બધું હોતું નથી... માટે વચનાનુષ્ઠાન હોતું નથી... (છતાં વચનાનુષ્ઠાનની પૂર્વભૂમિકા વર્તી રહી હોય છે એ તો જાણવું જ.)

(૪) **અસંગઅનુષ્ઠાન :** વ્યવહારકાળે વચનપ્રતિસંધાનને નિરપેક્ષપણે થતું દઢતર સંસ્કારના કારણે ચન્દનગન્ધન્યાયે આત્મસાત્ થયેલું જિનકલ્પિકાદિનું ક્રિયાસેવન એ અસંગાનુષ્ઠાન છે. કહ્યું છે કે *જિનકલ્પિકાદિ સત્પુરુષો વડે અભ્યાસના અતિશયના કારણે આત્મસાત્ થયેલાની જેમ જે ચેષ્ટા થાય છે તે અસંગાનુષ્ઠાન જાણવું. આ (આત્મસાત્ જેવી પ્રવૃત્તિ) તેના આવેધથી = વચનના સંસ્કારથી થાય છે.*

જે અને જેવી પ્રવૃત્તિ વારંવાર સ્વરસથી કરવામાં આવે તે અને તેવી પ્રવૃત્તિ પુનઃ પુનઃ અભ્યાસના કારણે આત્મસાત્ થઈ જતી હોય છે, સહજ બની જતી હોય છે. અર્થાત્ પૂર્વે જે કરવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડતો હતો તે હવે કરવો પડતો નથી. વચનાનુષ્ઠાનમાં, શાસ્ત્રવચનનું પ્રતિસન્ધાન અને તદનુરૂપ વીર્ય ફોરવવું

એ 'વિશેષ પ્રયત્ન' તરીકે હતું, એવું વારંવાર કરવાથી એના દઢસંસ્કાર પડી ગયા. એટલે ચંદનમાં ગંધ જેમ આત્મસાત્ થયેલી હોય છે એમ અનુષ્ઠાન આત્મસાત્ થઈ જાય છે. તેથી, આવા = અનુષ્ઠાન આત્મસાત્ થયેલું હોય એવા જિનકલ્પિક વગેરેને પુનઃ એ અનુષ્ઠાનના અવસરે શાસ્ત્રવચનનું પ્રતિસંધાન કરવાની આવશ્યકતા હોતી નથી... એટલે એ અનુસંધાન વિના પણ ઉચિત પ્રવૃત્તિ જ થાય છે. શાસ્ત્રવચનો આ અનુષ્ઠાન આ રીતે કરવાનું કહે છે માટે હું પણ એ પ્રમાણે કરીશ... આવી લાગણી વિના વચનાનુસારી અનુષ્ઠાન શક્ય નથી હોતું. આ લાગણી પણ એક પ્રકારનો સંગ (=આસક્તિ=રાગ) છે. પણ હવે, અનુષ્ઠાન આત્મસાત્ થઈ ગયું છે. એટલે આવા સંગ વિના પણ સહજપણે અનુષ્ઠાન ઉચિત રીતે થયા કરે છે. માટે એને અસંગઅનુષ્ઠાન કહે છે.

જેમ પ્રથમ ચક્રભ્રમણ દંડના વ્યાપારથી થાય છે અને તે પછી થતું ચક્રભ્રમણ કેવલ તજ્જનિત સંસ્કારથી જ થાય છે. તેમ ભિક્ષાટન વગેરે અંગેનું વચનાનુષ્ઠાન વચનના વ્યાપારથી થાય છે. પણ પછી અસંગાનુષ્ઠાન કેવલ તેનાથી (વચનવ્યાપારથી) જનિતસંસ્કારથી જ થાય છે એટલો તફાવત જાણવો. ષોડશકજીમાં કહ્યું છે - *જે ચક્રભ્રમણ દંડથી થાય છે અને દંડનો અભાવ થયે પછીથી જે ચક્રભ્રમણ થાય છે. તે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનનું જ્ઞાપક = દૃષ્ટાન્ત જાણવું.*

આશય એ છે કે દંડથી ચાકડો ઘુમાવવા માટે પ્રારંભે દંડના વ્યાપારની આવશ્યકતા હોય છે. આ વ્યાપારથી ચાકડામાં સંસ્કાર ઉત્પન્ન થઈ ગયા બાદ દંડના વ્યાપાર વિના પણ એ સંસ્કારવશાત્ ચાકડો ઘુમતો રહે છે. એમ સાધકની ઉચિત પ્રવૃત્તિ માટે પ્રારંભે જિનવચનોનો વ્યાપાર આવશ્યક હોય છે. આશય એ છે કે અનાદિકાળથી પ્રમાદ અને મોહના વ્યાપારથી પ્રવૃત્તિ કરી હોવાથી

અત્યાર સુધી એના જ સંસ્કાર હતા. અને તેથી પ્રમાદ-મોહજન્ય પ્રવૃત્તિ જ લસણગન્ધન્યાયે આત્મસાત્ થયેલી. એટલે જીવનો કોઈ વિશેષ પ્રયત્ન ન હોય તો એ મોહજન્ય પ્રવૃત્તિ જ થયા કરતી હતી. સંસારના સ્વરૂપને પિછાણી ચૂકેલો સાધક આ અનાદિની ચાલરૂપ મોહની પ્રવૃત્તિને (અનુચિત પ્રવૃત્તિને) અટકાવવાનો ને ઉચિત પ્રવૃત્તિને અપનાવવાનો એક માત્ર માર્ગ 'જિનવચનને અનુસરવું' એ દેખે છે. તેથી ભવવૈરાગ્ય અને મોક્ષાભિલાષ (=સંવેગ) આ બન્નેની પ્રબળતાને અનુસરીને, એ બન્નેને સફળ કરનાર એકમાત્ર ઉપાયભૂત જિનવચનનો પ્રત્યે પ્રબળ આકર્ષણ પેદા થાય છે. એટલે જ એ ડગલે ને પગલે 'મારા ભગવાને શું કહ્યું છે ?' એ વિચારતો થાય છે ને તદનુસાર પ્રવૃત્તિ કરતો થાય છે. આ વચનાનુષ્ઠાન છે. અલબત્ અનાદિકાલીન મોહવ્યાપારજન્ય સંસ્કારો પ્રતિબંધ કરવા ઊંચા-નીચા થયા કરે છે. પણ વિપરીત પ્રવૃત્તિ કરાવવા રૂપે એ સફળ ન થઈ જાય એ માટે જિનવચનોનું સતત આલંબન લેવું પડે છે. આ માટે જિનવચનો પ્રત્યે ભારોભાર બહુમાન આવશ્યક છે. તેમજ જિનવચનોનો અભ્યાસ, પરાવર્તન, વિમર્શ, અનુપ્રેક્ષા, ભાવના વગેરે અનિવાર્ય હોય છે. તેથી વચનાનુષ્ઠાન, મુખ્યતયા જ્ઞાનસંપન્નને હોય છે, અને તેમના નિશ્રાવર્તીને ગૌણરૂપે હોય છે. જિનવચનોને સતત સ્મરણમાં રાખીને તજ્જન્યવ્યાપારરૂપે ઉચિત અનુષ્ઠાનને (વચનાનુષ્ઠાનને) વારંવાર સાધક જે કરતો રહે છે એનાથી બે કાર્યો થાય છે. એક તો અનાદિકાલીન મોહવ્યાપારજન્ય સંસ્કારો ક્ષીણ થવા માંડે છે. અને વચનવ્યાપારજન્ય સંસ્કારો ઊભા થવા માંડે છે. પરિણામે એક એવી અવસ્થા આવે છે જે પૂર્વઅવસ્થા કરતાં સાવ વિપરીત હોય છે.

પહેલાં એવી અવસ્થા હતી કે મોહજન્ય પ્રવૃત્તિ કરવા માટે કોઈ (મોહજન્ય તેવી પ્રવૃત્તિ કરવાનું માર્ગદર્શન આપે એવા) પ્રેરક

વચનોને યાદ કરવા પડતા નહોતા... એ વગર જ તેવી અનુચિત પ્રવૃત્તિ સહજ રીતે થયા કરતી હતી, કારણ કે એના ગાઢસંસ્કાર હતા. ઉચિત પ્રવૃત્તિ કરવા માટે તો એના પ્રેરક જિનવચનોને યાદ કરવા પડતા હતાં, કારણ કે એના એવા કોઈ સંસ્કાર નહોતા.

હવે એવી અવસ્થા નિર્માણ થયેલી છે કે કોઈ જ વચનોને સાધક યાદ કરતો નથી. અને છતાં સહજ રીતે ભિક્ષાટનાદિ ઉચિત પ્રવૃત્તિ થયા કરે છે... *संपत्ते भिक्खकालम्मि असंभंतो अमुच्छिओ...* વગેરે વચનોને યાદ કરી કરીને, સાધક ભિક્ષાને અયોગ્ય કાળ, સંભ્રાન્ત અને મૂર્ચ્છાવાળું ગમન વગેરેથી યુક્ત ભિક્ષાટનાદિ સ્વરૂપ અનુચિત પ્રવૃત્તિને ટાળવાનું અત્યાર સુધી કરતો હતો, ને એ વચનોને યાદ કરી કરીને જ ભિક્ષાકાળે જ ભિક્ષાટન કરવું - અસંભ્રાન્તપણે-મૂર્છારહિતપણે ભિક્ષાટન કરવું... વગેરે રૂપ ઉચિત પ્રવૃત્તિ કરતો હતો. એવું વારંવાર કરવાથી એવા સંસ્કાર ઊભા થઈ ગયા કે જેથી હવે, આ વચનોને યાદ નથી કરતો તો પણ સહજ રીતે જ અકાળ-સંભ્રમ-મૂર્ચ્છા વગેરે ટળી જાય છે ને યોગ્યકાળ-અસંભ્રમ-અમૂર્ચ્છા વગેરે જળવાયા કરે છે. કારણ સ્પષ્ટ છે - અકાળ વગેરે અનૌચિત્ય લાવનારા સંસ્કારો ઘસાઈ ગયા છે ને યોગ્યકાળ વગેરે રૂપ ઔચિત્ય લાવનારા સંસ્કારો, અત્યાર સુધીના વચનવ્યાપારથી ઉત્પન્ન થઈ ગયા છે. (સાધક જિનવચનોને યાદ કરતો નથી - એવું જે અહીં કહ્યું છે તે અનૌચિત્યવર્જન અને ઔચિત્યપાલન માટે યાદ કરવાની જરૂર હોતી નથી એ અપેક્ષાએ જાણવું. બાકી ચિત્તને સતત ભાવિત રાખવા માટે અને વિસ્રોતસિકાગમનને ટાળવા માટે શાસ્ત્રવચનોનું પરાવર્તન તેઓને પણ હોય જ છે, એ જાણવું.)

વચનાનુષ્ઠાનકાળે, જિનવચનો પ્રત્યે બહુમાન (આકર્ષણ-રાગ) હતું. તેમજ અકાળ વગેરે ટાળવાનો અભિપ્રાય અકાળ વગેરે

પ્રત્યે કંઈક દ્વેષની છાયાવાળો અને યોગ્ય કાળ વગેરે જાળવવાનો અભિપ્રાય યોગ્યકાળ વગેરે પ્રત્યે કંઈક રાગની પરિણતિવાળો હતો. આ બધું પણ સામાયિકની કંઈક મલિનતા કરનાર તો છે જ, શ્રીયોગશતકની ૧૭મી ગાથામાં કહ્યું છે કે -

*पडिसिद्धेसु अ देसे विहिएसु य ईसिरागभावे वि ।*
*सामाइयं असुद्धं सुद्धं समयाए दोसुं पि ॥१७॥*

**અર્થ :** *"પ્રતિષિદ્ધ પર દ્વેષ અને વિહિત પર ઈષદ્ રાગ હોય તો પણ સામાયિક અશુદ્ધ છે. બન્ને પ્રત્યે સમતા આવે ત્યારે સામાયિક શુદ્ધ બને છે."*

પણ, પછી તો, મોહજન્ય સંસ્કાર ક્ષીણ થયા હોવાથી અકાળ વગેરે સહજ રીતે ટળ્યા કરે છે, માટે એ પ્રતિષિદ્ધ બાબતો અંગે દ્વેષ હોતો નથી, એમ કાળ વગેરે સહજ રીતે જળવાયા કરે છે, માટે એ વિહિત અંગે રાગ હોતો નથી. એટલે આસંગ ન હોવાથી અસંગાનુષ્ઠાન આવે છે ને શુદ્ધ સામાયિક પ્રાપ્ત થાય છે.

ચક્રભ્રમણની દૃષ્ટાન્તઘટના આ પ્રમાણે છે - વચનાનુષ્ઠાન વચનવ્યાપારજન્ય હોવાથી દંડવ્યાપારજન્ય ચક્રભ્રમણતુલ્ય છે અને અસંગાનુષ્ઠાન (વચનવ્યાપારવિના માત્ર) સંસ્કારજન્ય હોવાથી દંડરહિત માત્ર સંસ્કારજન્ય ચક્રભ્રમણ તુલ્ય છે.

[**ધર્મસંગ્રહ**નો ત્રીજો શ્લોક આ પ્રમાણે છે - *वचनादविरुद्धाद्यदनुष्ठानं यथोदितम् । मैत्र्यादिभावसम्मिश्रं तद्धर्म इति कीर्त्यते* ॥३॥ શ્લોકાર્થ : *અવિરુદ્ધ વચનને અનુસરીને, એમાં જે પ્રમાણે કહ્યું હોય તે પ્રમાણે કરાતું અને મૈત્રી વગેરે ભાવોથી પ્લાવિત એવું જે અનુષ્ઠાન, તે 'ધર્મ' કહેવાય છે.*

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે કરેલી આની ટીપ્પણમાં આવો અધિકાર છે -

**ટીપ્પણાર્થ : શંકા** – અવિરુદ્ધવચનને અનુસરીને થયેલું અનુષ્ઠાન એ 'ધર્મ' છે, આવી જો વ્યાખ્યા બાંધશો તો 'વચનાનુષ્ઠાન એ ધર્મ' એવો અર્થ મળશે, કારણ કે વચનાનુષ્ઠાન જ વચનાનુસારી હોય છે. પ્રીતિ વગેરે અનુષ્ઠાનો નહીં. (પણ પ્રીતિ વગેરે અનુષ્ઠાનો પણ 'ધર્મ' તો છે જ, કારણ કે સદનુષ્ઠાન તરીકે અને મોક્ષનાં કારણ તરીકે કહેવાયેલાં છે.) તેથી ધર્મના આ લક્ષણની પ્રીતિ, ભક્તિ અને અસંગાનુષ્ઠાનમાં અવ્યાપ્તિ થશે.

**સમાધાન** – 'વચનને અનુસરીને આ ક્રિયા થઈ રહી છે' આવા વચન-વ્યવહારવાળી ક્રિયારૂપ (અર્થાત્ વચનાનુષ્ઠાનરૂપ) ધર્મ જ અહીં લક્ષ્ય તરીકે (= વ્યાખ્યેય તરીકે) અભિપ્રેત છે. (એટલે પ્રીતિ વગેરે અનુષ્ઠાનો લક્ષ્ય જ નથી, તો એમાં લક્ષણ ન જાય એ લાભમાં જ છે, અવ્યાપ્તિદોષરૂપ નથી.)

વસ્તુતઃ પ્રીતિત્વ અને ભક્તિત્વ એ ઇચ્છામાં રહેલી વિલક્ષણ જાતિઓ છે. પ્રીતિત્વજાતિથી યુક્ત એવી ઇચ્છાથી જે જન્ય હોય તે **પ્રીતિઅનુષ્ઠાન** છે, ભક્તિત્વજાતિથી યુક્ત એવી ઇચ્છાથી જે જન્ય હોય તે **ભક્તિઅનુષ્ઠાન** છે. નિયમા વચનસ્મરણપૂર્વક જ જે પ્રવૃત્તિ થાય તે **વચનાનુષ્ઠાન** છે. આ ત્રણથી ભિન્ન જે અનુષ્ઠાન તે **અસંગાનુષ્ઠાન** જાણવું. અથવા નિર્વિકલ્પપણે સ્વરસવાહી જે પ્રવૃત્તિ થાય તે અસંગાનુષ્ઠાન જાણવું. (આ કરવાનું, આ નહીં કરવાનું... આ રીતે કરવાનું... આ રીતે નહીં કરવાનું... આવા કોઈ જ વિકલ્પ વિના, સ્વરસવાહીપણે = ચન્દનગન્ધન્યાયે સહજ રીતે જ વિધિપાલન-અવિધિત્યાગ જેમાં થયા કરે એવી અનુષ્ઠાનની પ્રવૃત્તિ એ અસંગાનુષ્ઠાન છે.)

**वेदात्प्रवृत्तिः** માં જેમ પંચમી વિભક્તિ 'પ્રયોજયત્વ' અર્થમાં છે, એમ પ્રસ્તુતમાં **वचनाद्** માં જે પંચમી વિભક્તિ છે તે પણ

પ્રયોજ્યત્વ અર્થમાં છે. એટલે આવો અર્થ મળશે કે 'જે અનુષ્ઠાનની પ્રવૃત્તિ વચનપ્રયોજ્ય હોય તે બધું ધર્મ કહેવાય' આવું ધર્મનું લક્ષણ છે. અને તેથી કોઈ પણ અનુષ્ઠાનમાં અવ્યાપ્તિદોષ આવવાને અવકાશ નથી, કારણ કે પ્રીતિ-ભક્તિ અને અસંગઅનુષ્ઠાનમાં પણ વચનપ્રયોજ્યત્વ તો અબાધિતપણે છે જ.

આશય એ છે કે પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનવાળાને પણ ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનની ઇચ્છા અવિરુદ્ધ વચનથી જ થયેલી હોય છે. પણ આ ઇચ્છા સ્વભૂમિકાવશાત્ થયેલી હોવાથી વેળા-વિધાન વગેરે શાસ્ત્રમાં જે કહ્યા હોય તે બધાની અનુષ્ઠાનમાં જાળવણી થતી નથી, કિન્તુ પોતાની ઇચ્છાને અનુસરીને એની ઓછીવત્તી જાળવણી થાય છે. અર્થાત્ અનુષ્ઠાનસેવનમાં નિયંત્રણ શાસ્ત્રવચનનું નથી, કિન્તુ ઇચ્છાનું છે, અને તે ઇચ્છા વચનજન્ય છે. એટલે વચનથી ઇચ્છા ને ઇચ્છાથી અનુષ્ઠાન થાય છે. માટે આ બન્ને અનુષ્ઠાન પણ વચનપ્રયોજ્ય તો છે જ. અસંગાનુષ્ઠાનમાં પણ નિયંત્રણ વચનનું નથી હોતું... પણ સંસ્કારોનું હોય છે. વચનને અનુસરીને પુનઃ પુનઃ અનુષ્ઠાન કરવાથી આત્મામાં સંસ્કાર ઊભા થાય. અને પછી, વચનનું સ્મરણ-અનુસરણ કશું કર્યા વગર આ સંસ્કારવશાત્ સહજ જે અનુષ્ઠાન થયા કરે છે તે અસંગાનુષ્ઠાન છે. માટે, વચન-પુનઃ પુનઃ વચનાનુષ્ઠાન-સંસ્કાર-અસંગાનુષ્ઠાન... આ ક્રમ હોવાથી અસંગાનુષ્ઠાન પણ વચનપ્રયોજ્ય તો છે જ. એટલે આ ત્રણેમાં પણ લક્ષણ જવાથી અવ્યાપ્તિદોષને કોઈ સ્થાન નથી એ જાણવું. (શાસ્ત્રવચનથી થતી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનની ઇચ્છા બે અંશથી રંગાયેલી હોય છે. નવા-નવા ગુણો-આત્મહિત કમાઇ લેવાની ઇચ્છા અને પ્રભુના પ્રભાવે પ્રાપ્ત થયેલા ગુણો-ઉચ્ચભૂમિકા... વગેરેને નજરમાં રાખવાથી પ્રગટેલી કૃતજ્ઞતા. આમાં નવું નવું આત્મહિત કમાઈ લેવાની ઇચ્છાની પ્રબળતા હોય તો અનુષ્ઠાનની ઇચ્છા એ 'પ્રીતિ' કહેવાય છે. અને

કૃતજ્ઞતા જો પ્રબળ હોય તો અનુષ્ઠાનની ઇચ્છા એ 'ભક્તિ' કહેવાય છે અને તદનુસાર અનુષ્ઠાન પ્રીતિ કે ભક્તિ રૂપ બને છે.) ધર્મસંગ્રહ ટીપ્પણનો અધિકાર પૂરો.]

આ રીતે પ્રીતિ વગેરે ચાર અનુષ્ઠાનો વિચાર્યા. આ અનુષ્ઠાનો દરમ્યાન કઈ ક્ષમા હોય ? વગેરે વાતો હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૭

પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગઅનુષ્ઠાનની વાતો આપણે જોઈ ગયા. એમ ઉપકાર, અપકાર, વિપાક, વચન અને ધર્મક્ષમા એમ પાંચ પ્રકારે ક્ષમા પણ આપણે જોઈ. હવે કયા અનુષ્ઠાનકાળે કઈ ક્ષમા હોય તે જોઈએ.

પ્રીતિઅનુષ્ઠાન અને ભક્તિઅનુષ્ઠાન સ્વરૂપ પ્રથમ બે અનુષ્ઠાન દરમિયાન ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમારૂપ પ્રથમ ત્રણ ક્ષમા હોય છે. વચન અનુષ્ઠાનકાળે વચનક્ષમા હોય છે અને અસંગ અનુષ્ઠાનકાળ ધર્મક્ષમા હોય છે.

આશય એ છે કે વચનઅનુષ્ઠાન છે એનો મતલબ જિનવચનોનું અતિ અતિ-મહત્ત્વ છે. બધું એને અનુસરીને કરાઈ રહ્યું છે. શાસ્ત્રોમાં તો 'ક્રોધ કરવો નહીં' 'ક્ષમા રાખવી' આવા વચનો પણ છે જ. એટલે વચનાનુષ્ઠાન ધરાવનાર ભાવદીક્ષિત મહાત્માને તો આ વચન જ સર્વસ્વ હોવાથી ઉપકાર-અપકાર વગેરે કશાનો વિચાર કરવાનો હોતો નથી... ને આ વચનને અનુસરીને જ ક્ષમા રાખવાની હોય છે. માટે વચનાનુષ્ઠાન વાળા જીવને વચનક્ષમા હોય છે એ વાત પૂર્ણ રીતે તર્કસંગત છે. એમ અસંગઅનુષ્ઠાનવાળાને શાસ્ત્રવચન પણ યાદ

કરવું જરૂરી હોતું નથી... બધું સહજ થઈ ગયું હોય છે. એટલે ક્ષમા રાખવા માટે પણ વચનસ્મરણ જરૂરી હોતું નથી... સહજ ક્ષમા હોય છે. માટે ધર્મક્ષમા હોય છે. એટલે ચરમ અનુષ્ઠાન વાળાને ચરમક્ષમા હોવી સંગત ઠરે છે.

વચનઅનુષ્ઠાન અને વચનક્ષમાના કાળે અતિચારો ક્યારેક જ લાગે છે ને નાના નાના જ લાગે છે એ પૂર્વના કાળમાં એટલે કે પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનકાળે અતિચારો વારે વારે લાગે છે અને સ્થૂળ-મોટા લાગે છે. વચનાનુષ્ઠાન છે એનો અર્થ જ કે બધું વચનને અનુસરીને જ કરવામાં આવે છે. એટલે એ વખતે અતિચારો ખાસ લાગે નહીં, અને કદાચ કોઈ લાગે તો પણ એ નાનો જ હોય આ વાત સ્પષ્ટ જ છે. પણ એ પૂર્વના કાળમાં... એટલે કે પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનકાળે ક્યારેક વચનને અનુસરવાનું હોય, ક્યારેક ન હોય... હોય ત્યારે પણ કોઈક અંશે અનુસરણ હોય, કેટલેક અંશે ન પણ હોય. જ્યારે જેટલા અંશે અનુસરણ નથી હોતું ત્યારે તેટલે અંશે અતિચારો લાગે છે. માટે આ બે અનુષ્ઠાન દરમિયાન અતિચારો સ્થૂળ લાગે છે અને ઘણા લાગે છે.

અસંગઅનુષ્ઠાનકાળે ધર્મક્ષમા હોય છે. એટલે કે અનુષ્ઠાન કહો કે ક્ષમા કહો. બધું સ્વભાવભૂત-સહજ બની ગયું હોય છે અને બધું સહજ હોય છે. એટલે જ એમાં ક્યારેય ગરબડ થતી ન હોવાથી નિરતિચારતા હોય છે. આ નિરતિચારતાના પ્રભાવે એક વરસ બાદ દસે પ્રકારનો ક્ષમા વગેરે રૂપ શ્રમણધર્મ, ક્રિયામલનો ત્યાગ થયો હોવાથી શુકલ જ થાય છે. 'વગેરે' શબ્દથી ધર્મમૂદુતા, શુદ્ધબ્રહ્મચર્ય વગેરે લેવાના છે.

આશય એ છે કે પંચાશકજીમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જણાવ્યું છે કે દીક્ષા જીવનના બાર મહિના વીતે એટલે સાધુ સ્વયં

શુકલ-શુકલાભિજાત્ય બને છે. એ શુકલ બને છે એટલે એના સ્વભાવરૂપ જ બની ગયેલા ક્ષમાદિ શ્રમણધર્મો પણ શુકલ કેમ ન થઈ જાય ? આ બધું શુકલ બનવામાં ક્રિયામલત્યાગ એ હેતુ છે. અહીં ક્રિયાનો કાળાતિક્રમ, ક્રમાતિક્રમ, અવજ્ઞા, અનાદર, અવિધિ, અનુત્સાહ વગેરે ક્રિયામલ જાણવા.

જેમ જેમ સંયમજીવનનો પર્યાય વધતો જાય છે તેમ તેમ ગુણશ્રેણિની પ્રવૃદ્ધિના પ્રભાવે સાધુની તેજોલેશ્યા વિશુદ્ધ થતી જાય છે. તે વધતાં વધતાં જ્યારે બાર મહિનાનો પર્યાય થાય છે ત્યારે એ અનુત્તરવાસીદેવની જે શુભલેશ્યા હોય તેના કરતાં પણ વધારે વિશુદ્ધ થઈ જાય છે. તે ક્રમ નીચે મુજબ છે.

| સાધુભગવંતનો પર્યાય | કયા દેવની તેજોલેશ્યાને ઓળંગી જાય ? |
|---|---|
| ૧ મહિનો | વ્યંતરદેવો |
| ૨ મહિના | અસુરેન્દ્ર સિવાયના ભવનપતિદેવો |
| ૩ મહિના | અસુરેન્દ્રકુમાર દેવો |
| ૪ મહિના | ગ્રહ-નક્ષત્ર-તારા-જ્યોતિષ્ દેવો |
| ૫ મહિના | સૂર્ય-ચંદ્ર જ્યોતિષ્ દેવો |
| ૬ મહિના | પહેલો-બીજો વૈમાનિક દેવલોક |
| ૭ મહિના | ત્રીજો-ચોથો વૈમાનિક દેવલોક |
| ૮ મહિના | પાંચમો-છટ્ઠો વૈમાનિક દેવલોક |
| ૯ મહિના | સાતમો-આઠમો વૈમાનિક દેવલોક |
| ૧૦ મહિના | ૯-૧૦-૧૧-૧૨મો વૈમાનિક દેવલોક |
| ૧૧ મહિના | નવ ગ્રૈવેયક |
| ૧૨ મહિના | પાંચ અનુત્તર |

કર્મસાહિત્યમાં સમ્યક્ત્વપ્રાપ્તિની ગુણશ્રેણિ વગેરે કુલ ૧૧

ગુણશ્રેણિઓ બતાવી છે. એમાંથી સંયમની જે ગુણશ્રેણિ છે તેની અહીં વાત છે. જેમ-જેમ સંયમની નિર્મળતા થાય છે તેમ તેમ આ ગુણશ્રેણિની પ્રવૃદ્ધિ થાય છે. અલબત્ એનો આયામ તો એટલો જ રહે છે. પણ ગુણશ્રેણિથી રચાતા દલિકો વધતાં જાય છે ને તેથી નિર્જરા વધતી જાય છે. અહીં તેજોલેશ્યાનો અર્થ સુખાસિકા = સુખભાવ = ચિત્તની એવી પ્રસન્ન-નિર્મળ-સુખકર અવસ્થા છે.

**શંકા** – ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતોને બાર મહિના શું ? બાર વર્ષનો પર્યાય થવા છતાં, અનુત્તરવાસીની શું ? નીચેના દેવની ચિત્તપ્રસન્નતા-નિર્મળતા પણ અનુભવાતી નથી. તો પછી ભગવતીસૂત્રમાં કહેલી તેજોલેશ્યાવૃદ્ધિની આ વાતનું શું ?

**સમાધાન** – દીક્ષા-વડીદીક્ષા થાય ત્યારથી જે દિવસો-મહિનાઓ-વર્ષો વીતે છે એ વ્યવહારથી સંયમપર્યાય તરીકે ગણાતા હોવા છતાં પ્રસ્તુતમાં તેજોલેશ્યાવૃદ્ધિના અધિકારમાં એ પર્યાય ગણવાનો નથી, પણ જ્યારે પણ સૌપ્રથમવાર છઠ્ઠા-સાતમા ગુણઠાણાને સ્પર્શે એ વખતે શ્રમણધર્મરૂપ ક્ષમાદિ ગુણો જે ભૂમિકાના હોય, એ ભૂમિકાને જાળવી રાખનાર કે આગળ વધારનાર જેટલી ક્ષણો હોય એ ક્ષણો પર્યાય તરીકે ગણાય છે. આને જ બીજી રીતે કહેવું હોય તો એ વખતે જે ગુણશ્રેણિ રચાય એમાં દલિકની અપેક્ષાએ વિઘાત ન કરનારી જેટલી ક્ષણો હોય, તે ક્ષણો પર્યાય તરીકે ગણાય છે. જે ક્ષણોમાં આ વિઘાત થાય છે એ ક્ષણો ગણાતી નથી.

આ જનમના પ્રયોજનના આકર્ષણના કારણે જે દીક્ષામાં પાપઝેરનો નાશ થતો નથી તે દીક્ષા હોળીના રાજાની ચેષ્ટાની જેમ અનર્થકારિણી છે. આશય એ છે કે આ જનમના પ્રયોજનો એટલે ભૌતિક અનુકૂળતાઓ-ભૌતિકસુખો... એનું જ આકર્ષણ રહ્યા કરે એવી દીક્ષા આત્માને નુકશાનકારી નીવડે છે. એવો દીક્ષિત આત્મા

હોળીના રાજા જેવી વિડંબણા પામે છે. ફાગણ-ચૈત્ર મહિનો વસંતઋતુમાં આવે છે. ફાગણ પુનમના દિવસે અજૈનો કોઈપણ એક વ્યક્તિને હોળીનો રાજા બનાવે છે... એનું મોઢું ને કપડાં કાળા રંગથી રંગે છે.. એને ગધેડા પર બેસાડી ગામમાં ફેરવે છે... ને આ રીતે વિડંબણા કરતાં કરતાં 'હોળીના રાજાની જય હો' એમ નારો લગાવે છે... આમાં રાજા હોવા છતાં જેમ વિડંબણા છે, એમ ભૌતિક આકર્ષણોથી લીધેલી દીક્ષા, દીક્ષા હોવા છતાં અનર્થ કરનારી છે એમ જાણવું. એટલે એવો જીવ દીક્ષા માટે અનધિકારી છે એમ સમજવું.

અધિકારી જીવની સદ્દીક્ષા તો ભાવમુંડન અને દ્રવ્યમુંડનથી યુક્ત હોય છે. આત્મભૂમિ પરથી વિષય-કષાયોને ઉખેડી નાખવા એ ભાવમુંડન છે. કેશલુંચન એ દ્રવ્યમુંડન છે. પહેલાં ભાવમુંડન કરવું જોઈએ. વૈરાગ્યને ભાવિત કરવાથી એ થાય છે. એ કરીને પછી દીક્ષા લેવાય છે ને એ વખતે ભાવમુંડનને સૂચિત કરનાર દ્રવ્યમુંડન તરીકે કેશલુંચન કરાય છે. આ બંને મુંડન સહિતની દીક્ષા એ સદ્દીક્ષા છે.

આ સદ્દીક્ષામાં પૂર્વસંયોગને છોડવામાં આવે છે, ઉપશમ પામવામાં આવે છે. વળી શરીરને પ્રથમ વયમાં અવિકૃષ્ટતપથી, બીજી વયમાં વિકૃષ્ટતપથી અને અંતિમ ચરણમાં અનશનાદિ તપથી દમવામાં આવે છે. આશય એ છે કે પૂર્વસંયોગનો ત્યાગ બે રીતે છે. માત-પિતા વગેરેનો ત્યાગ જે કરવામાં આવે છે તે દ્રવ્યત્યાગ છે અને માત-પિતા વગેરે પ્રત્યેની મમતા-સ્નેહરાગ રૂપી બંધનને જે તોડવામાં આવે તે ભાવત્યાગ છે. સદ્દીક્ષામાં આ બંને ત્યાગ કરવાના હોય છે. સદ્દીક્ષા પામેલા ભાવસાધુની નજર સામે શાસ્ત્રમાં કહેલા બે શાસ્ત્રવચનો રમતાં હોય છે. शरीरमाद्यं खलु धर्मसाधनम्

અને देहदुःखं महाफलं... આ બંનેનું સંતુલન જળવાઈ રહે એવી સુંદર વ્યવસ્થા શ્રી આચારાંગજીમાં દર્શાવેલ છે, જે અહીં ગ્રંથકારે પણ જણાવેલ છે. પ્રથમ વયમાં કે જ્યારે દીક્ષાનો પ્રારંભકાળ છે, તે ભણવાનો અવસર છે. ત્યારે અવિકૃષ્ટ તપ કરવાની સાથે સાથે શાસ્ત્ર ભણે. અવિકૃષ્ટ તપ પણ એટલો જ કરે, એવો જ કરે જે ભણવામાં સ્ખલના ન કરે. આ રીતે બધા શાસ્ત્રો ભણી લીધા... બધાનો રહસ્યાર્થ પણ પ્રાપ્ત કરી લીધો... હવે વિકૃષ્ટતપથી શરીરને પીડે, છતાં શરીર છૂટી જાય કે શિષ્યોને અધ્યાપન વગેરેમાં સ્ખલના થાય એવો વિકૃષ્ટતપ તો ન જ કરે. અને છેલ્લી ઉંમરમાં કે જ્યારે શિષ્યો તૈયાર થઈ ગયા છે, બધો શાસ્ત્રબોધ એમને અપાઈ ગયો છે, હવે શરીર જર્જરિત થઈ ગયું હોવાથી સાધનામાં પૂરું સાથ આપતું નથી... ત્યારે એ શરીરને છોડી દેવાની ઇચ્છાથી સંલેખના, ૧૫ ઉપવાસ, ૩૦ ઉપવાસ, અણસણ વગેરે નિશ્ચય તપ કરે.

આ સદ્દીક્ષા એ 'આદાનીય' એવું નામ ધરાવનારા, આ શરીરને ભેદનારા મોક્ષગામી વીરોનો દુશ્ચર માર્ગ છે. આશય એ છે કે શ્રી આચારાંગજીના પ્રથમ શ્રુતસ્કંધના ચોથા અધ્યયનમાં ભાવભિક્ષુનું સ્વરૂપ દર્શાવેલું છે. ત્યાં જણાવ્યું છે કે 'જેમનું વચન મુમુક્ષુઓ માટે આદાનીય = ગ્રહણ કરવા યોગ્ય છે તે 'આદાનીય' છે... અથવા ઔદારિક શરીરને કે કાર્મણ શરીરને તપશ્ચરણાદિ વડે જે કૃશ કરે તે 'આદાનીય' છે. આમ સાધુનું 'આદાનીય' એ યથાર્થ નામ છે. જ્યાંથી ફરીથી સંસારમાં આગમન કરવાનું નથી તે અનાગમ એટલે મોક્ષ. મોક્ષગામી, આદાનીય, દેહભેદક વીરપુરુષોનો આ ખરેખર આચરવો અત્યંત કઠિન એવો દુશ્ચર માર્ગ છે. *હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને !*

સદ્દીક્ષાને-દીક્ષાની પરિણતિને પામેલા પંડિત પુરુષો પોતાના શરીર સાથે જ લડે છે. કારણ કે તેઓ દુર્લભ વૈરીને પામીને બાહ્ય યુદ્ધથી પાછા ફરેલા હોય છે. આશય એ છે કે ભઠ્ઠામાં ભડભડતા અગ્નિ પર કોઈ લુહાર ઘા મારતો નથી. પણ એ જ અગ્નિ લોખંડમાં પેસે છે ત્યારે લોખંડ ભેગો એ પણ ટીંચાય છે. એમ આત્મા પણ શરીરમાં પ્રવેશે છે તો જ શરીર સાથે દંડાય છે. માટે શરીરના કારણે બધા દુઃખ હોવાથી શરીર એ આત્માનો વૈરી છે. પણ એને 'વૈરી' તરીકે ઓળખવું લાખો ભવોમાં દુર્લભ હોવાથી એ દુર્લભ વૈરી છે. અને એટલે જ સાધુપણામાં જ્યારે આ દુર્લભવૈરી સાથે યુદ્ધ કરવાનો અવસર મળ્યો છે, ત્યારે સાધુઓ બાહ્ય શત્રુઓ સાથેનું બાહ્ય યુદ્ધ કરતાં નથી. એમાંથી પાછા ફરીને શરીર સાથે જ યુદ્ધ માંડે છે. આ વાત પણ આચારાંગજી પ્રથમ શ્રુતસ્કંધ-પાંચમા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં જણાવેલી છે.

જીવનમાં કરાતો આરંભ-સમારંભ કે જે અનંત દુઃખદાયક છે તે જેના માટે કરાય છે તે વૈરી શરીરનું પાલન કરવું એ સાપના લાલન-પાલન કરવા જેવું છે.

જેઓનો શરીર પરનો અનુરાગ તાત્ત્વિક રીતે ગયો નથી તેઓનું એકાકીપણું પણ ક્રોધાદિથી વ્યાપ્ત હોય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. આનું કારણ સ્પષ્ટ છે કે શરીર પ્રત્યે મમતાવાળા જીવને, શરીરને પ્રતિકૂલ હોય એવી પરિસ્થિતિ અકળાવનારી બને જ. અને તેથી ગુસ્સો આવે જ. આવા જીવને ક્રોધનો સાથ હોવાથી ભાવથી એકાકીપણું આવી શકતું નથી. પછી ભલે ને દ્રવ્યથી એકાકીપણું હોય પણ ખરું.

**શંકા** – સાધુને જો શરીરરાગ નથી તો એના લાલન-પાલન માટે ભિક્ષા જવું વગેરે શા માટે કરે ?

**સમાધાન** – સામાન્ય જીવોની પ્રવૃત્તિ રાગજન્ય હોય છે ને નિવૃત્તિ દ્વેષજન્ય હોય છે. પણ ભાવભિક્ષુ અસંગ દશાને પામ્યા પછી પ્રવૃત્તિ-નિવૃત્તિજનક રાગ-દ્વેષવાળા હોતા નથી. શરીર વૈરી છે, આત્માથી ભિન્ન છે, ક્ષણભંગુર છે, અશુચિમય છે. બધા દુઃખો-પાપોનું મૂળકારણ છે... આવી બધી ભાવનાથી ભિક્ષુ શરીર પ્રત્યેની મમતા વિનાના થયેલા છે. એટલે કે અસંગઅવસ્થા પામેલા છે. છતાં શરીર એ આદ્ય ધર્મસાધન છે. શાસનની મૂડીરૂપ છે. માટે એને સાચવવાનું હોવાથી સાધુ ભિક્ષાટનાદિ કરે છે. સાધુની આ પ્રવૃત્તિ રાગજન્ય નથી હોતી, પણ સામાયિકજન્ય હોય છે.

સસંગદશા મમતાની-આસક્તિની-રાગની વાસના = સંસ્કારરૂપ હોય છે. એટલે એ વખતે જે પ્રવૃત્તિ થાય છે તે રાગજન્ય હોય છે. પણ અસંગદશા તો મુક્તિની જે ઇચ્છા છે એના અનુરોધવાળી હોય છે, એના આધારે હોય છે. એટલે કે આ મોક્ષેચ્છા સફળ થાય એ માટે જિનાજ્ઞા મુજબના ભિક્ષાટન વગેરે અનુષ્ઠાનો હોય છે. એ રાગજન્ય-મોહજન્ય ન હોવાથી સંસાર ફળક નહીં, પણ મોક્ષફળક હોય છે.

સંગ-મમતાની વાસના અનાદિકાળથી ચાલી આવતી હોવાથી અત્યંત બળવાન હોય છે. એને ઉખેડી નાખનાર કોઈ હોય તો એ તત્ત્વજ્ઞાન છે. દીક્ષા-પ્રવ્રજ્યા એ જ્ઞાનયોગની પ્રતિપત્તિરૂપ છે એવું પૂર્વે ૧૯મી બત્રીશીમાં આવી ગયું છે. એટલે અસંગાનુષ્ઠાનરૂપ અને તત્ત્વજ્ઞાનથી વણાયેલી એવી દીક્ષા મોહવાસનાને દૂર કરે છે. આમ તત્ત્વજ્ઞાન એ હેતુદીક્ષા છે. મોહવાસનાનો વિનાશ એ અનુબંધ દીક્ષા છે અને સામાયિક-સમભાવ એ સ્વરૂપ દીક્ષા છે.

તત્ત્વજ્ઞાનથી સંકળાયેલી દીક્ષા જ અનાદિકાલીન મોહવાસનાને દૂર કરી શકે છે. એ કારણે જ, જે જીવો સર્વ જીવો પર સમભાવવાળા

હોય છે એમને જ સામાયિકસ્વરૂપ દીક્ષા હોય છે. જો જીવો પર રાગ-દ્વેષ હોય, સમભાવ ન હોય તો એનો અર્થ કે હજુ અસંગદશા નથી, તત્ત્વજ્ઞાનથી સંકળાયેલી દીક્ષા નથી... અને તેથી સમભાવરૂપ સામાયિક નથી. એટલે વાસ્તવિક સામાયિક પાળવાના ઈચ્છુકે અનુકૂળ-પ્રતિકૂળ વર્તનારા જીવો પ્રત્યે રાગ-દ્વેષ છોડીને સમભાવવાળા બનવા પ્રયત્નશીલ બનવું જોઈએ. (અહીં જીવો પ્રત્યે સમભાવ જણાવ્યો છે એના પરથી પુદ્‌ગલો પ્રત્યે પણ સમભાવ હોવો જરૂરી છે એમ સમજી લેવું જરૂરી છે.)

શ્રી આચારાંગજીમાં કહ્યું છે કે का अरई ? के आणंदे ? વગેરે. એ જણાવે છે કે જેમ આકાશમાં સૂર્ય હોય ત્યારે અંધકાર કે તારાના પ્રકાશને અવકાશ હોતો નથી. એમ સાધુરૂપી આકાશમાં ભાવદીક્ષારૂપી સૂર્યની હાજરીમાં અરતિ નામના અંધકારને કે પૌદ્‌ગલિક આનંદરૂપી રતિના તારાને અવકાશ હોતો નથી. ટૂંકમાં સાધુને ભાવદીક્ષા હોય તો રતિ-અરતિ થવાનો કોઈ અવકાશ હોતો નથી.

શુદ્ધ આત્માનો સ્વભાવ સચ્ચિદાનંદમય છે. એટલે કે શુદ્ધ આત્મસ્વભાવ અસ્તિત્વ, જ્ઞાન અને આનંદમય છે. આમાં મમતા-રતિ-અરતિ વગેરે કષાય-નોકષાયને કોઈ અવકાશ હોતો નથી. આ મમતા વગેરેથી બિલકુલ અલિપ્ત એવા આ શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવો એ દીક્ષા છે. આ અનુભવ કરવો એ શુદ્ધ સ્વભાવનું આચરણ છે. માટે ભાવદીક્ષા શુદ્ધ ઉપયોગ સ્વરૂપ હોવી સિદ્ધ થાય છે.

**શંકા** – મહાત્મા જ્યારે ધ્યાનદશામાં હોય ત્યારે તો આ શુદ્ધસ્વભાવનો ઉપયોગ હોવાથી ભાવદીક્ષા અક્ષત છે. પણ જ્યારે સાધક આહાર-વિહારાદિ ક્રિયા કરી રહ્યા હોય ત્યારે તે તે ક્રિયામાં ઉપયોગ હોવાથી શુદ્ધ ઉપયોગ રહી ન શકવાના કારણે ભાવદીક્ષા પણ નહીં રહે.

**સમાધાન** – એ વખતે સાક્ષાત્ એ ઉપયોગ ન હોવા છતાં સંસ્કારરૂપે તો એ ઉપયોગ હોય જ છે ને તેથી ભાવદીક્ષા પણ હોય છે, એનો વિચ્છેદ હોતો નથી.

**શંકા** – વાસનારૂપે એ ભલે વિચ્છેદ પામેલ ન હોય, અવિચ્છિન્ન હોય, પણ એના ફળનો વિચ્છેદ તો થશે જ ને ! સંસ્કાર તો આત્મામાં ઘણા પડેલા હોય... એનું ફળ ક્યાં મળે છે ?

**સમાધાન** – ના, વાસનારૂપે અવિચ્છિન્ન એનું ફળ મળે જ છે. જેમકે जुगवं दो णत्थि उवओगा (આ.નિ. ૯૭૯) વચન મુજબ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન એ બંનેનો એક સાથે ઉપયોગ હોતો નથી, પણ બેમાંથી એકનો જ ઉપયોગ એકકાળે હોય છે, છતાં સંસ્કારરૂપે-ક્ષયોપશમરૂપે-લબ્ધિરૂપે અન્ય પણ હાજર હોવાથી જીવ એના ફળથી વંચિત રહેતો નથી. એટલે જ મતિ-શ્રુતજ્ઞાનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૬૬ સાગરોપમ કહેવાય છે. એટલે આહાર-વિહારાદિ કાળે શુદ્ધ ઉપયોગ સંસ્કાર રૂપે હોય છે. તેથી ભાવદીક્ષા પણ હોય છે. ને તેથી અસંખ્યગુણ નિર્જરા વગેરે રૂપ ફળ પણ જીવને મળતું જ હોય છે.

- આમ દિગંબરની એક અયોગ્ય માન્યતાનું નિરાકરણ આપણે જોયું. એની બીજી પણ એક અયોગ્ય માન્યતાનું નિરાકરણ આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૮

સદ્દીક્ષા શુદ્ધ ઉપયોગરૂપ છે. આ શુદ્ધ ઉપયોગ સાક્ષાત્ હાજર હોય કે સંસ્કારરૂપે હાજર હોય છે. આત્માના શુદ્ધ સ્વભાવનો-શુદ્ધ-સ્વરૂપનો ઉપયોગ એ શુદ્ધોપયોગ છે. આ બધી વાતો ગયા લેખમાં આપણે જોઈ. હવે આ લેખમાં દિગંબરોની એક માન્યતા અને નિરાકરણ જોઈને આ બત્રીશીની વિચારણા પૂરી કરીશું.

**દિગંબર :** શુભ ઉપયોગ કરતાં શુદ્ધ ઉપયોગનું ફળ પ્રધાન હોય છે. માટે બંને તુલ્ય ફળવાળા નથી. એટલે કે મોક્ષના સમાન રીતે પ્રધાન કારણ નથી.

**ગ્રંથકાર :** તો પછી તમારે શૈલેશી ચરમ ક્ષણને મોક્ષનું પ્રધાન કારણ કહેવું પડશે, શુદ્ધોપયોગને નહીં, કારણ કે એ ચરમ ક્ષણે જ સર્વસંવર સંગત થાય છે.

**દિગંબર :** શુદ્ધોપયોગ એ શૈલેશી ચરમ ક્ષણનું પ્રધાન કારણ છે, માટે મોક્ષનું પણ પ્રધાન કારણ છે જ.

**ગ્રંથકાર :** આ વાત શુભોપયોગ માટે પણ સમાન જ છે એ પણ સર્વસંવરને ઉપકારક છે.

**દિગંબર :** જે નજીકનો ઉપકારક હોય તે પ્રધાન ઉપકારક-કારણ છે. શુભોપયોગ તો દૂરનો ઉપકારક છે. શુદ્ધોપયોગ દ્વારા ઉપકારક છે. માટે પરંપરાએ ઉપકારક છે.

**ગ્રંથકાર :** આવું સન્નિહિત ઉપકારકત્વ તો દરેક શુદ્ધોપયોગમાં પણ રહેલું નથી. (આશય એ છે કે - સર્વસંવરની અવ્યવહિતપૂર્વવર્તી શુદ્ધોપયોગમાં સંનિહિતોપકારકત્વ છે, પણ એનાથી ઘણાં ઘણાં કાળ

પૂર્વમાં રહેલા શુદ્ધોપયોગો તે તે ઉત્તર કાળવર્તી શુદ્ધોપયોગ દ્વારા જ સર્વસંવરનું કારણ બનતા હોવાથી પરંપરાએ કારણ છે. વ્યવહિતકારણ છે સંનિહિત કારણ નથી. માટે તે તે શુદ્ધોપયોગને પણ પ્રધાનકારણ કહી નહીં શકાય.)

**શંકા** – છતાં શુભોપયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ વધારે સંનિહિત હોય છે.

**સમાધાન** – આપેક્ષિક તે સંનિહિત ઉપકારકત્વ તો શુભોપયોગમાં હોવામાં પણ કોઈ બાધક નથી. (આશય એ છે કે જે શુદ્ધોપયોગના ઉત્તરકાળમાં જે શુભોપયોગ આવે છે તે શુભોપયોગ તે પૂર્વકાળભાવી શુદ્ધોપયોગ કરતાં સર્વસંવરને અધિક સંનિહિત હોય છે. એટલે તે પૂર્વકાળભાવી શુદ્ધોપયોગ જો સર્વસંવરનું કારણ છે, તો તેના કરતાં વધારે સંનિહિત એવા તે શુભોપયોગને પણ સર્વસંવરનું કારણ માનવો જ પડે. આ જ રીતે અન્ય અન્ય શુભોપયોગ પણ એ કારણ છે જ, ને તેથી એ મોક્ષનું કારણ પણ છે જ.)

વળી ઉચિત ગુણવૃત્તિ સ્વરૂપ હોવાથી એને=શુભોપયોગને મોક્ષનું કારણ માનવો એ ન્યાયસંગત પણ છે. (આશય એ છે કે તે તે ભૂમિકામાં પ્રભુપૂજા, ગુરુવંદન, ગ્લાનસેવા વગેરે શુભપ્રવૃત્તિઓ અને એ દરમ્યાન વિલસતો શુભ ઉપયોગ તે અવસ્થામાં ઉત્તરોત્તર ગુણપ્રાપક ચિત્તવૃત્તિસ્વરૂપ છે અને એટલે જ તે તે અનુષ્ઠાન શાસ્ત્રવિહિત છે, માટે આવશ્યક છે. ઊલટું તે તે અવસ્થામાં તે તે અનુષ્ઠાન ન કરવું તે મૂઢતા છે. સામાયિક પરિણામમાં બાધક છે. કારણ કે પંચાશકજી (૧૧/૫) માં જણાવ્યા મુજબ સામાયિક ચારિત્ર ઉચિત પ્રવૃત્તિની પ્રધાનતાવાળું છે. તેથી શુભ પ્રવૃત્તિ અને તેમાં વણાયેલો શુભઉપયોગ મોક્ષનું કારણ છે. એમ માનવું યુક્તિસંગત જ છે.)

ધ્યાનકાળે જ શુદ્ધોપયોગ સંભવિત હોવાથી ધ્યાનયોગ જ મોક્ષનું પ્રધાનકારણ છે, અધ્યાત્મયોગ અને ભાવનાયોગ તો ધ્યાનયોગથી વ્યવહિત હોવાથી મોક્ષ પ્રત્યે અન્યથાસિદ્ધ છે, કારણ નથી, આવું જો કહેશો તો ધ્યાનયોગને પણ મોક્ષ પ્રત્યે કારણ કહી શકાશે નહીં, કારણ કે એ પણ વૃત્તિસંક્ષયયોગથી વ્યવહિત છે જ. માત્ર વૃત્તિસંક્ષયયોગને જ મોક્ષનું કારણ કહી શકાશે, કારણ કે એ જ મોક્ષને સહુથી નજીક છે. એટલે વ્યવહિત હોવા છતાં જો ધ્યાનયોગને મોક્ષનું કારણ કહો છો તો શુભોપયોગને પણ કારણ કહેવું જ જોઈએ.

બાકી તો આહારાદિકાળે પણ ધ્યાન હોવું અબાધિત જ છે, કારણ કે માત્ર ચિત્તનિરોધ જ ધ્યાનરૂપ છે એવું નથી, મન-વચન-કાયારૂપ કરણનો સુદૃઢ વ્યાપાર પણ ધ્યાનરૂપ છે જ. અને એ તો ભિક્ષાટનાદિ વ્યવહારકાળે પણ અક્ષત હોય છે. **વિશેષાવશ્યકભાષ્ય** (૩૦૭૧)માં કહ્યું છે કે -

सुदढपयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं ।
झाणं करणाण मयं ण उ चित्तणिरोहमित्तागं ॥

**અર્થ :** કરણોનું = મન-વચન-કાયાનું સુદૃઢ પ્રયત્નપૂર્વક વ્યાપારણ અથવા વિદ્યમાન (પ્રવર્તમાન) કરણોનો નિરોધ... આ બંને ધ્યાન તરીકે માન્ય છે, નહીં કે માત્ર ચિત્તનો નિરોધ. એટલે આહારાદિકાળે = ભિક્ષાટનાદિકાળે પણ જિનવચનોને દૃઢતાપૂર્વક અનુસરીને મન-વચન-કાયાને પ્રવર્તાવવા એ પણ ધ્યાનરૂપ છે જ. કારણ કે શુદ્ધોપયોગની જેમ કરણોનો આ સુદૃઢ પ્રયત્ન પણ મોહનું ઉન્મૂલન કરવામાં સહાયક છે જ. માટે ભિક્ષાટનાદિપ્રવૃત્તિ ધ્યાનરૂપ હોવાથી મોક્ષનું કારણ છે જ.

**શ્રીભગવતીસૂત્ર** (૧/૧/૧૭) માં કહ્યું છે કે - *તેમાં જે તે પ્રમત્તસંયતો છે તેઓ શુભયોગને આશ્રયીને આત્મારંભી નથી* (એટલે કે સ્વની હિંસા કરનાર નથી), *પરારંભી નથી* (એટલે કે પરની હિંસા કરનાર નથી), *ઉભયારંભી નથી* (એટલે કે સ્વ-પર ઉભયની હિંસા કરનાર નથી.) *પણ, અનારંભી છે* (એટલે અહિંસક છે.)

પડિલેહણ, ભિક્ષાટન વગેરે અનુષ્ઠાન દરમ્યાન અમુક અંશમાં પ્રમાદ હોય તો પણ એ સિવાયના અંશમાં શુભયોગ હોય છે જ. આ શુભયોગને નજરમાં રાખીને એ પ્રમત્તમુનિને પણ આ સૂત્રમાં અનારંભી-અહિંસક કહ્યા છે. અહિંસકપણું એ ચારિત્રગુણનો સ્વભાવ છે અને ચારિત્રગુણ નિજગુણ સ્થિરતા સ્વરૂપ છે. એટલે નિજગુણ એ સ્વભાવરૂપ હોવાથી પ્રમત્તમુનિનું પણ શુભયોગની અપેક્ષાએ સ્વભાવસમવસ્થાન છે. અગીતાર્થ મહાત્માને જ્ઞાનવાન-ગીતાર્થ મહાત્માના પારતંત્ર્યના પ્રભાવે ગીતાર્થતા માનવી સંગત છે. વળી શુભયોગને આશ્રીને અપ્રમત્તતાના પ્રભાવે વિશુદ્ધત્વ હોય છે. એટલે ગીતાર્થઆશ્રિત અગીતાર્થ મહાત્માને પણ શુભયોગને આશ્રીને સ્વભાવસમવસ્થાન સંગત છે.

**દિગંબર :** શુદ્ધઆત્મસ્વરૂપનું ધ્યાન-અનુસંધાન એ શુદ્ધોપયોગ છે. શુદ્ધ આત્મસ્વરૂપ સિવાયનું આખું વિશ્વ એ 'પર' છે. આ 'પર' અંગે એ વખતે પરમઉપેક્ષા હોય છે. આવો શુદ્ધોપયોગ મુનિને ધ્યાનાદિદશામાં હોય છે. ભિક્ષાટનાદિ પ્રવૃત્તિ દરમ્યાન ભિક્ષાપિંડ વગેરે રૂપ 'પર' માં ઉપયોગ જતો હોવાથી પરમઉપેક્ષા સંભવતી નથી. એટલે એ વખતે ધ્યાનમાં રૂકાવટ થાય છે. અર્થાત્ વ્યુત્થાન થાય છે.

**ગ્રંથકાર :** આ વાત બરાબર નથી. કારણ કે ધ્યાનનો પ્રતિબંધકો તો, જે મનને વિક્ષિપ્ત કરે છે એવા વિક્ષેપો છે. એટલે

કે ચિત્તની ચંચળતા-ભૌતિક ઇચ્છાઓ-વિષયવાસના વગેરે પ્રતિબંધક છે, પણ અસંભ્રાન્તપણે-અમૂર્ચ્છિતપણે જિનાજ્ઞા મુજબ ભિક્ષાટન કરવું એ કાંઈ વિક્ષેપરૂપ કે પ્રતિબંધકરૂપ છે નહીં. એમાં તો ઈર્યાસમિતિનું પાલન, ૪૨ દોષવર્જન વગેરે ખંતપૂર્વક કરાતા હોવાથી વિદ્યમાન એવા મન-વચન-કાયાના યોગનું નિયંત્રણ થાય છે જે ખુદ ધ્યાનરૂપ છે અથવા ધ્યાનમાં સાધક છે. તે પણ એટલા માટે કે શુદ્ધોપયોગની જેમ આ પણ મોહનો વિલય કરવામાં સહાયક છે જ.

જેમ યોગીપુરુષો એક ધ્યાન પત્યા પછી બીજા ધ્યાનમાં ચઢવા માટે આત્માને મૈત્રીભાવના વગેરેથી ભાવિત કરે છે. આ મૈત્રીભાવના વગેરે ધ્યાનના સાધક છે, પ્રતિબંધક નથી, એમ પ્રસ્તુતમાં જાણવું. બાકી ધ્યાન ભિન્ન જે હોય તે વ્યુત્થાનરૂપ... આવી માન્યતા ધરાવશો તો તો આ મૈત્રીભાવના વગેરેને પણ વ્યુત્થાનદશારૂપ માનવી પડશે, જે તમને પણ માન્ય નથી. એટલે એ મૈત્રીભાવના વગેરેની જેમ જિનાજ્ઞા મુજબના ભિક્ષાટન-પડિલેહણાદિ વ્યવહારો વ્યુત્થાનદશારૂપ નથી, ધ્યાનના પ્રતિબંધક નથી, પણ ઉપરથી ધ્યાનના પોષક-સહાયક છે એ વાત નિઃશંક જાણવી.

**દિગંબર :** અમારા પ્રવચનસાર વગેરે ગ્રંથોમાં એમ કહ્યું છે કે દીક્ષા એક માત્ર પરમ ઉપેક્ષા સ્વરૂપ છે... આ જ આનું શુદ્ધસ્વરૂપ છે. શુદ્ધ આત્માથી ભિન્ન એવા દેહ-ઇન્દ્રિય-લેશ્યા વગેરે રૂપ બધા ઔદયિકભાવો, મતિજ્ઞાન-યોગસ્થાન વગેરે રૂપ બધા ક્ષાયોપક્ષમિક ભાવો, કર્મના ઉદય-ક્ષયોપશમ-ઉપશમ વગેરે... આ બધા ભાવો અંગે માત્ર પરમ ઉપેક્ષા ધારણ કરવી... તેમાં બિલકુલ અસંગ-અનાસક્ત રહેવું એ પરમ ઉપેક્ષા છે... એ જ દીક્ષાનું એક માત્ર શુદ્ધ સ્વરૂપ છે. જો આ ન હોય તો સાધકને દીક્ષા હોય જ નહીં.

**ગ્રંથકાર :** અમારા પંચકલ્પભાષ્ય, વ્યવહારસૂત્ર વગેરે ગ્રંથોમાં આ પરમઉપેક્ષા સ્વરૂપ ઉપરાંત દીક્ષાના બકુશત્વ વગેરે અન્ય સ્વરૂપો પણ જણાવેલા છે. અર્થાત્ બકુશ-કુશીલ-પુલાક-નિર્ગ્રંથ અને સ્નાતક... આ પાંચે પ્રકારોમાં દીક્ષાનું અસ્તિત્વ તો માનેલું જ છે. અલબત્ આ બધા પ્રકારોમાં દીક્ષાની શુદ્ધિની તરતમતા હોય છે, પણ દીક્ષાનો સર્વથા અભાવ હોતો નથી.

બાકી પરમઉપેક્ષા-પરમ ઔદાસીન્ય કેવલજ્ઞાનસાધ્ય છે. એટલે કેવલજ્ઞાની એવા સ્નાતકોને આ સર્વશુદ્ધ દીક્ષા હોય છે. એ અમને માન્ય છે જ. પણ કેવલજ્ઞાનીઓનો હાલ અભાવ હોવાથી એ દીક્ષા પણ છે નહીં, તો શું હાલ દીક્ષાનો સર્વથા અભાવ માનશો ? અને જો એનો અભાવ માનશો તો પ્રભુવીરના શાસનનો હાલ ઉચ્છેદ માનશો ? પણ એ માની શકાતો નથી, કારણ કે વ્યવહારસૂત્રભાષ્ય વગેરેમાં એ ઉચ્છેદનું નિરાકરણ કરાયેલું છે.

**દિગંબર :** જેઓ શ્રામણ્યપરિણતિની આજીવન પ્રતિજ્ઞા કરીને પણ હજુ કષાયોનો અંશ જીવંત હોવાથી શુદ્ધોપયોગની ભૂમિકા પર આરૂઢ થઈ શકતા નથી. તેઓ તે ભૂમિકાને પામવા માટે ઉત્કંઠ હોવા છતાં ત્યાં સુધી પહોંચી શકતા ન હોવાથી તેની નજીકની ભૂમિકા પર જાણે કે રહેલા હોય છે. તેઓ શુદ્ધાત્મમાત્રવૃત્તિથી રહેલા શ્રીઅરિહંતાદિ પર અને તે અવસ્થાના પ્રતિપાદક સદ્ગુરુઓ ઉપર ભક્તિ અને બહુમાન દ્વારા શુદ્ધાત્માના અનુરાગરૂપ શુભોપયોગને ધારણ કરે છે. અને તેથી તેઓ ગૌણદીક્ષાને પામી શકે છે, મુખ્ય દીક્ષાને નહીં. મુખ્ય દીક્ષા તો તેઓ જ પામી શકે છે જેઓ વીતરાગની જેમ સંસારના સર્વ પદાર્થો પ્રત્યે પરમ ઉપેક્ષા કેળવી આત્મમાત્રમાં રમણતા કરવારૂપ શુદ્ધોપયોગને ધારણ કરે છે.

**ગ્રંથકાર :** તમારી આ વાત ગલત છે, ભ્રાન્ત છે, કારણ કે આવું માનવમાં પૂર્વે જણાવ્યું એ રીતે વર્તમાનમાં દીક્ષા અસંભવિત

બનવાથી પ્રભુવીરના શાસનનો ઉચ્છેદ માનવાનો પ્રશ્ન ઊભો જ રહે છે.

**દિગંબર :** ઉપર કહેલા શુભોપયોગવાળા સાધુને અમે દીક્ષામાત્રનો અભાવ કહેતા નથી, કારણ કે દીક્ષાશુદ્ધિનો ઉપરનો ઉત્કર્ષ ન હોવા છતાં શુદ્ધદીક્ષાના કારણોનું આલંબન તેઓને હોય છે. તેથી ગૌણ-આપવાદિક દીક્ષા તેઓને જે સંભવે છે એનાથી તીર્થનો અવ્યવચ્છેદ સંગત કરી શકાય છે.

**ગ્રંથકાર :** તમારા મત મુજબ તમારી દીક્ષા વર્તમાનમાં તો આપવાદિક ગૌણ દીક્ષા જ છે. તો પછી કમંડલ-મોરપીંછની જેમ તમારે વસ્ત્ર-પાત્ર વગેરે પણ ધારણ કરવામાં સંકોચ ન રાખવો જોઈએ, કારણ કે એનાથી આપવાદિક દીક્ષા જળવાઈ રહેવામાં કોઈ વાંધો નથી. જેમકે આહારનું ગ્રહણ કરવા છતાં આપવાદિક દીક્ષાની હાજરી તમે માનો જ છો.

**દિગંબર :** જીવ યોગ્ય સમજણ કેળવે તો આહારનું ગ્રહણ તો વગર મમતાએ પણ કરી શકે છે. એટલે ગ્રહણ મમતા વિના હોવાથી પરિગ્રહરૂપ ન બનવાના કારણે આપવાદિક દીક્ષા જળવાઈ રહે છે.

**ગ્રંથકાર :** આ રીતે વગર મમતાએ ગ્રહણ તો વસ્ત્ર-પાત્રનું પણ થઈ શકે છે ને તેથી તેનું ગ્રહણ કરવા છતાં એ પરિગ્રહરૂપ ન બનવાથી આપવાદિક દીક્ષા જળવાઈ રહેવામાં શું વાંધો છે ? આહાર અને શરીરની મૂર્ચ્છા છોડવી જ વધારે કઠિન છે. એ જો દિગંબર સાધુઓ છોડી શકે છે તો વસ્ત્ર-પાત્રની મૂર્ચ્છા છોડવામાં કોઈ પ્રશ્ન જ ન રહેવાથી એ પણ ધારણ કરવા જ જોઈએ. આ વાતનો વધારે વિસ્તાર અન્યત્ર = અધ્યાત્મમત પરીક્ષા વગેરે ગ્રંથોમાં કરવામાં આવેલો છે.

આ દીક્ષા ક્રિયારૂપે વિવિધ પ્રકારની છે જ્યારે સમતાપરિણતિ રૂપે એક જ પ્રકારની છે. આશય એ છે કે સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત... બકુશ, કુશીલ, પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક... સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે... આમ અલગ અલગ વિવક્ષાઓથી દીક્ષાઓ અનેક પ્રકારે છે. પણ સમતાપરિણતિ તો દરેકમાં જરૂરી છે. એ હોય તો જ વાસ્તવિક દીક્ષા છે, અન્યથા વેશ અને આચાર હોય શકે, સદ્દીક્ષા નહીં. એટલે કે વ્યવહારનય કહે છે કે દીક્ષા સાધુવેશ-આલયવિહારાદિ ક્રિયા સ્વરૂપ છે... નિશ્ચયનય કહે છે કે દીક્ષા જ્ઞાનાદિ દ્વારા કેળવેલી સમતાપરિણતિ સ્વરૂપ છે. પ્રમાણ કહે છે કે દીક્ષા ઉભયસ્વરૂપ છે. એટલે જ્ઞાન-ક્રિયાનું સંતુલન જળવાઈ રહે એ રીતે સ્વોચિત ક્રિયામાર્ગ સ્વીકારી એને જિનાજ્ઞા મુજબ વળગી રહી એના દ્વારા સમતા પરિણતિને ઘડવી એ સદ્દીક્ષા છે, એવું અહીં તાત્પર્ય જાણવું જોઈએ.

આ દીક્ષા બત્રીશી છે, એટલે દીક્ષા અંગેની એક વિચારણા અહીં સપ્રસંગ લઈશું. દીક્ષાયોગ્ય મોટી ઉંમર તરીકે સામાન્યથી ૭૦ વર્ષની ઉંમર જણાવેલી છે. એનાથી પણ વધારે ઉંમરની વ્યક્તિ જો વિંહાર, રોજિંદી પડિલેહણાદિ ક્રિયા વગેરે માટે સક્ષમ હોય અને પ્રબળ વૈરાગી હોય તો અપવાદપદે એને પણ દીક્ષા અપાય છે. અને તેઓ આત્મકલ્યાણની ખૂબ સુંદર સાધના કરી જીવનને સફળ પણ બનાવી દેતા હોય છે.

પણ ૭૦ વર્ષની નીચેની કે ઉપરની ઉંમરના જે વૃદ્ધો આવશ્યક વિહાર કરવા સક્ષમ ન હોવાથી વિહાર માટે પહેલેથી જ ડોળી કે વ્હીલચેરની અપેક્ષાવાળા હોય... પોતાની રોજિંદી પડિલેહણાદિ ક્રિયા માટે પણ બીજાની સેવાની અપેક્ષાવાળા હોય... એમને દીક્ષાથી લાભ કે ગેરલાભ ?

અનેક રીતે વિચારતાં જણાય છે કે આ રીતે દીક્ષા લેનાર અને દેનાર બંનેને ગેરલાભ થાય છે. માટે અશક્ત વ્યક્તિને દીક્ષા આપવી ન જોઈએ.

**શંકા** – જેમણે પોતાના પુત્ર કે પુત્રીને ઉલ્લાસથી દીક્ષા અપાવી છે ને હવે એ દીક્ષિત પુત્ર કે પુત્રીનો મોટો પરિવાર છે... જેઓ બધા આ વૃદ્ધ માતા કે પિતા દીક્ષા લે તો એમની સેવા ઉલ્લાસથી કરવા તૈયાર છે. તેઓ જિંદગીના છેલ્લા પાંચ-સાત વર્ષ સંયમની સાધના કરી લે તો શું ખોટું છે ? વળી દીક્ષિત સંતાનને પણ પોતાના પરમ ઉપકારી માત-પિતાને સંયમ આપવા દ્વારા કંઈક ઋણ ફેડ્યાનો અહેસાસ થાય, કૃતજ્ઞતાનું પાલન કર્યું અનુભવાય.

**સમાધાન** – જે વૃદ્ધો વિહાર-કાપ વગેરે સ્વકીય સાધના માટે પણ સમર્થ નથી એવા વૃદ્ધો સેવા કરનાર હાજર છે એટલા માત્રથી દીક્ષા લે તો આ દીક્ષાથી એમના આત્માને લાભ કરતાં નુકશાન વધારે થાય છે એ નીચેની વાતો પરથી જણાય છે.

(૧) જે પુત્રમુનિ વગેરે મહાત્માઓને આજ સુધી વંદન-બહુમાનાદિ કર્યા, શક્યતા મુજબ કંઈક પણ સેવાભક્તિ કર્યા... એ જ મહાત્માઓની સેવા લેવાની... એમને હવે વંદન કરવાના નહીં... પોતાની શક્તિ હતી તે બધી સંસારીઓની સેવામાં ખર્ચી... અને હવે જ્યારે સેવા લેવાનો અવસર આવ્યો ત્યારે સંસારીઓની સેવા નહીં, સંયમીઓની સેવા લેવાની, આ કેવું !

(૨) 'તમે સંયમી, અમે સંસારી...' આજ સુધી રહેલી આ લાગણી, સંયમીઓ પ્રત્યે પ્રચંડ સદ્ભાવ-બહુમાન પેદા કરતી હોય છે, જાળવી રાખતી હોય છે. પણ દીક્ષા લીધા પછી, 'અમે પણ સંયમી' આ લાગણી, વળી વાસણ ભેગા થાય એટલે ખખડાટ થવાનો જ... એ ન્યાયે કાંઈ પણ ઓછું-વત્તું થાય કે સહવર્તીઓમાં

કોઈપણ બાબતની ઢીલાશ દેખાય એટલે સંયમીઓ પ્રત્યેના બહુમાન-સદ્ભાવમાં ઘા લાગતો જ રહે. ને સાવધાની ન હોય તો દુર્ભાવ-દ્વેષ પણ થવા માંડે... કશી નવાઈ નહીં... આનાથી લાભ કે નુકસાન ?

(૩) દીક્ષા લેવા માત્રથી, બધા રત્નાધિકો નીચે હોય ને પોતે પાટ-ખુરશી પર બેસવાનું...

(૪) ડોળી-વ્હીલચેરમાં વિહારાદિ હોય... ઈર્યાસમિતિના શા સંસ્કાર પડે ? ગોચરી-પાણી જવાનું ન હોય... એષણાસમિતિના સંસ્કાર શી રીતે પડે ?, વળી સ્વાસ્થ્યના કારણે ઘણું ખરું કાંઈ ને કાંઈ દોષિત પણ લેવું પડતું હોય... આવું જ અન્ય સમિતિઓ માટે પણ જાણી શકાય છે. ભલે ને સાધુવેશ હોય... સમિતિ-ગુપ્તિ જ નથી, તો સંયમ શું ? ને સંયમ જો નથી તો, સંયમીઓની ને સંઘની લીધેલી સેવા કરજરૂપ નહીં બની જાય ?

(૫) શય્યંભવસૂરિમહારાજે 'મનકમુનિ સ્વપુત્ર છે' એ કોઈને જણાવ્યું નહીં, કારણ કે આ જાણ્યા પછી પુત્ર મુનિને કોઈ કશું કામ કરવા જ ન દે. બધા પોતે જ એમની સેવા કરવા માંડે. આ રીતે સેવા જ લેવાની હોય તો સાધના શું ? એવું મગજમાં બેસેલું...

(૬) આર્યરક્ષિતસૂરિ મહારાજે પણ પિતામુનિને ગોચરી વગેરે બધામાં જોડ્યા... કારણ કે તો જ સાધના છે. જ્યાં આવી કોઈ શક્યતા જ નથી ત્યાં સાધના શું ?

(૭) જો સેવા સારી થાય તો સેવા કરનાર પર લાગણી-મમતા-સ્નેહરાગ વધવાના... ને જો સારી નહીં થાય તો દુર્ભાવ-દ્વેષ થવાના. જો આ મમતા-રાગદ્વેષ નહીં કરવાની સાવધાની-સાધના કરવાની છે તો એ તો ઘરે રહીને પણ ક્યાં નથી થતી ?

(૮) આયંબિલ-એકાસણાં-પ્રતિક્રમણ વગેરે તો ઘરે રહીને પણ થઈ જ શકે છે... તો સંયમ લઈને વધારે સાધના કઈ થવાની ?

(૯) વૃદ્ધાવસ્થાના કારણે દોષિતગોચરી-ડોળી-વ્હીલચેર વગેરે અપવાદ જે લેવાના થાય તે બધાની વ્યવસ્થા સંયમી સંતાને જ કરવાની હોય... એટલે એ સંયમી સંતાનની નિર્દોષ સંયમની જે લાગણીઓ હોય... જે સંસ્કાર ઊભા કર્યા હોય - એના પર ઘા લાગ્યા જ કરે. દોષની જે સૂગ હોય તે ઊડી જવાની શક્યતા ઊભી થાય. ને પછી પોતાના સંયમમાં પણ ઢીલા પડે... વળી સ્વાધ્યાયના પલિમંથનો તો પાર નહીં. પોતાની આરાધનામાં અંતરાય અને વિક્ષેપનો પાર નહીં... તથા વિહારાદિની કંઈક વ્યવસ્થા વગેરે સહજતાથી ન થાય તો મહેતાજી-શ્રાવક વગેરે પાસે દીનતા કરવી પડે. મસ્કા મારવા પડે... (સાધ્વીજી મહારાજને તો શીલ માટે પણ જોખમ નહીં ?) આ બધું વારંવાર થયા પછી કોમન થઈ જાય છે. વૃદ્ધ મહાત્મા તો આયુષ્ય પૂર્ણ થવા પર વિદાય લઈ લે છે, પણ સંયમીસંતાનને પડી ગયેલા આવા સંસ્કાર પછી પ્રાયઃ રવાના થતા નથી.

(૧૦) વૃદ્ધાવસ્થાના કારણે લગભગ જયણા પણ બહુ જ ઓછી હોય છે. આંખે દેખાય ઓછું, તેથી વાપરતી વખતે ઢોળે ઘણું. એટલે કેટલીય વિરાધનાઓ... પાણી લેવા-વાપરવા વગેરેમાં, ચૂનાના પાણી લેવા વગેરેમાં સંમૂર્ચ્છિમ જીવોત્પત્તિને ટાળવાની કાળજી-જયણા યુવાન્ સાધુઓને જેટલી હોય એટલી હોય નહીં. પુષ્કળ અજયણા હોય. આ બધું જ એ સંયમી સંતાને ચલાવવું પડે ને એના કારણે એની પોતાની જયણાની પકડ પણ ઓછી થઈ જવાનું જોખમ...

(૧૧) સંથારાદીક્ષા અને આ દીક્ષા સરખી નથી.

(૧૨) શાસ્ત્રોમાં રોગીને અને વૃદ્ધને સંયમ માટે અયોગ્ય જે કહેલ છે એના કારણો વિચારતાં ઉપરોક્ત કારણો ચોક્કસ નજરમાં આવશે. ને તેથી જ એમને દીક્ષા આપવી શાસ્ત્રમાં નિષિદ્ધ છે. ને છતાં એમને જે દીક્ષા આપે અને જેઓ આ રીતે દીક્ષા લે... એ બંને શાસ્ત્રનિષિદ્ધનું આચરણ કરી રહ્યા નથી ? ને આ નિષિદ્ધનું આચરણ એમને ભવાંતરમાં ધર્મની અને સંયમની દુર્લભતા ઊભી નહીં કરે ?

(૧૩) સંયમી સંતાન આચાર્ય વગેરે રૂપ પ્રભાવક મહાત્મા હોય તો તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા... બધા તરફથી એટલા બધા માન-સન્માન મળે... અહંકારનું તીવ્ર પોષણ થવાની સંભાવના... કોક વિરલો જ બચી શકે !

(૧૪) બહુ દૂર દૂરના સગા કે જેઓ પાંચ-સાત વર્ષે પણ મળતા ન હોય તેઓ પણ તક સાધીને મળવા આવતા થાય. તે સિવાય આખી જિંદગી જેમના ઘણા વ્યવહાર સાચવ્યા છે તે બધા પણ વારે વારે મળવા આવ્યા કરે... આનાથી સ્વજનોની મમતા વધે કે ઘટે ? વળી એ વૃદ્ધ મહાત્માને શારીરિક પરિસ્થિતિના કારણે આરામ વગેરે વધારે હોય. એટલે મળવા આવનાર વ્યક્તિ સંતાનસંયમી પાસે બેસે. તેથી એમને સ્વાધ્યાયવ્યાઘાત વગેરે થાય, વાતોનો રસ ઊભો થાય, વધતો જાય તથા સ્વજનધૂનનાદિના બદલે સ્વજનમમતા વગેરે વધતા જાય.

**પ્રશ્ન :** તો એમની સંયમની પ્રબળ ભાવનાને સફળ ન કરવી ?

**ઉત્તર :** વસ્તુતઃ આ સંયમની નહીં, પણ માત્ર સંયમવેશની ભાવના છે. કારણ કે સંયમની યોગ્યતા નથી. વળી આ સંયમવેશ પણ ઉપર જણાવ્યા મુજબ આત્માને લાભકર્તા નથી. ગીતાર્થ

ગુરુભગવંતે એમને સમજાવવું જોઈએ કે આ જન્મમાં તો હવે તમારે સંયમની શક્યતા નથી. પણ આવતા ભવમાં શીઘ્ર સંયમ મળે ને સંયમની ઉત્તમ આરાધના થાય એ માટે આત્મામાં સંયમ પામવાની ને પાળવાની યોગ્યતા ઊભી રાખવી જોઈએ, વધારવી જોઈએ. એ માટેના ઉપાય અજમાવવા જોઈએ. એ ઉપાય...

સંસારની બધી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થવું જોઈએ. દેરાસર-ઉપાશ્રય અને પોતાનું ઘર... આ સિવાય કશે ન જવાનો સંકલ્પ કરવો જોઈએ. પાપોને જેટલા ઘટાડી શકાય એટલા ઘટાડવા જોઈએ અને શક્ય હોય એ પ્રમાણે સાધના વધારતાં જવું જોઈએ. સ્વજનાદિની મમતા ઘટાડતાં જવું જોઈએ. એ માટે દીકરા-દીકરી વગેરેના ધંધા-સંસાર વગેરેના બધા સમાચાર પૂછવા-સાંભળવાના બંધ કરવા જોઈએ. એટલે દેશ-દુનિયાના સમાચાર તો લેવાના ન જ હોય એ સ્પષ્ટ છે. સંયમીઓ પ્રત્યે અને સંયમ પ્રત્યે સદ્ભાવ-બહુમાન વધારતાં જવું જોઈએ. સંયમસ્વીકાર-પાલન કરવાની ભાવનાઓ કરતાં રહેવું જોઈએ. અનિત્યાદિ ભાવના દ્વારા વૈરાગ્યને દૃઢ કરતાં જવું જોઈએ. વગેરે...

આ રીતે સંયમની યોગ્યતા ઊભી રાખવી તથા વધારવી... પણ સંયમ લઈને એ યોગ્યતા ખતમ ન કરી નાખવી એ ઉચિત જણાય છે.

આના પર ગીતાર્થ બહુશ્રુત મહાત્માઓએ પુખ્ત વિચાર કરવા વિનંતી છે.

આમ, અઠ્ઠાવીસમી દીક્ષાબત્રીશીની વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી ઓગણત્રીશમી વિનયબત્રીશીની વિચારણા શરૂ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૪૯

અટ્ઠાવીશમી બત્રીશીમાં દીક્ષાનું નિરૂપણ કર્યું અને એ દીક્ષા વિનયગર્ભિત હોય તો જ સફળ બને છે, તેથી હવે આ ઓગણત્રીશમી બત્રીશીમાં વિનયનું નિરૂપણ કરે છે. આશય એ છે કે विनयमूलो धम्मो... ધર્મ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એમ બે પ્રકારે છે. એટલે विद्या विनयेन शोभते વગેરે વચનો શ્રુતધર્મને વિનયગર્ભિત હોવો જણાવે છે અને ચારિત્રધર્મ પણ વિનયગર્ભિત હોવો જ સફળ હોય છે. એટલે સદ્દીક્ષાના નિરૂપણ પછી હવે વિનયનું નિરૂપણ કરવામાં આવે છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મોનું શીઘ્ર વિનયન કરનાર = અપનયન કરનાર = દૂર કરનાર હોવાથી વિદ્વાનોને વિનય માન્ય છે. એ, અપવર્ગ નામના ફળથી પૂર્ણ એવા ધર્મવૃક્ષનું મૂળ છે. આશય એ છે કે વિનય તરીકે જે જ્ઞાન વગેરે અભિપ્રેત છે તે જ્ઞાન વગેરે જ્ઞાનાવરણીયાદિ કર્મોને શીઘ્ર દૂર કરે છે. વિ ઉપસર્ગ સાથેના ની ધાતુનો પણ અર્થ દૂર કરવું એ છે. તેથી જ્ઞાન વગેરે 'વિનય' છે... એમ વિદ્વાનોને માન્ય છે. એટલે કે कर्मविनयनाद् विनयः એવો વ્યુત્પત્તિથી મળતો અર્થ સાન્વર્થ પણ છે. અર્થાત્ कर्मविनयनत्व એ વિનય શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત પણ છે અને પ્રવૃત્તિનિમિત્ત પણ છે.

આ વિનય એ મૂળ છે અને એમાંથી પાંગરતું ધર્મવૃક્ષ મોક્ષાત્મક ફળ આપીને પરિપૂર્ણ બને છે. શ્રી પ્રશમરતિ ગ્રંથમાં વિનયથી મોક્ષ સુધીનો આવો ક્રમ બતાવ્યો છે - વિનય, ગુરુ શુશ્રૂષા, શ્રુતજ્ઞાન વિરતિ, આશ્રવનિરોધ (સંવર), તપ, નિર્જરા, ક્રિયાનિવૃત્તિ, અયોગીપણું, ભવપરંપરાનો ક્ષય અને મોક્ષ.

આ વિનયના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચાર એમ પાંચ પ્રકાર છે. આ જ્ઞાન, દર્શન વગેરે સત્તામાં રહેલા પૂર્વબદ્ધ કર્મોને દૂર કરે છે અને નવા કર્મોને બંધાતા અટકાવે છે. આમ બે રીતે કર્મોનું વિનયન કરતા હોવાથી આ જ્ઞાન, દર્શન વગેરે 'વિનય' છે.

જો કે શ્રી દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં (૧) લોકોપચાર વિનય (૨) અર્થવિનય (૩) કામવિનય (૪) ભયવિનય અને (૫) મોક્ષવિનય એમ પાંચ પ્રકારે વિનય બતાવેલ છે. પણ આમાંના-પ્રથમ ચાર વિનયમાં કર્મનું વિનયન કરે તે વિનય... આવી વિનયની વ્યાખ્યા જતી ન હોવાથી ગ્રંથકારે માત્ર પાંચમા મોક્ષવિનયના જ અહીં ભેદો બતાવેલા છે. વળી ગ્રંથ મોક્ષના ઉદ્દેશથી હોવાથી પણ ગ્રંથકારે માત્ર મોક્ષવિનયના જ જ્ઞાનવિનય વગેરે પાંચ પ્રકારો કહેલ છે. એમાં આઠ પ્રકારનો જ્ઞાનાચાર એ જ્ઞાનવિનય છે. એમ આઠ પ્રકારનો દર્શનાચાર એ દર્શનવિનય છે. આઠ પ્રકારનો ચારિત્રાચાર એ ચારિત્રવિનય છે અને બાર પ્રકારનો તપ એ તપવિનય છે.

જ્ઞાનવિનય વગેરે પ્રથમ ચાર વિનયના આ ૩૬ પેટાભેદ પ્રસિદ્ધ છે. માટે ગ્રંથકારે એનું નિરૂપણ કર્યું નથી. એટલે હવે પછીની ગાથાઓમાં ગ્રંથકાર પાંચમા ઉપચાર વિનયના ભેદ-પ્રભેદની વાત કરશે...

ઉપચારવિનયના બે ભેદ છે. (૧) ઉચિતયોગ અને (૨) આશાતનાનો પરિહાર. આમાં ઉચિતયોગ એટલે પ્રતિરૂપયોગ. એના ત્રણ પેટાભેદ છે. કાયિકપ્રતિરૂપ યોગઉપચાર વિનય, વાચિક પ્રતિરૂપ યોગઉપચાર વિનય અને માનસપ્રતિરૂપ યોગઉપચાર વિનય. એમાં વિનય કરવા પાત્ર ઉપાસ્ય તત્ત્વ પ્રત્યેની ઉચિત કાયિકપ્રવૃત્તિઓ

એ કાયિકપ્રતિરૂપ યોગઉપચાર વિનય છે. એ જ રીતે શેષ બે પ્રકારો પણ જાણવા.

કાયિકપ્રતિરૂપ યોગઉપચારવિનયના ૮ પ્રકાર છે.

(૧) અભિગ્રહ (૨) આસનત્યાગ (૩) અભ્યુત્થાન (૪) અંજલિ (૫) વંદન (૬) શુશ્રૂષા (૭) પશ્ચાદ્ગમન અને (૮) સન્મુખગમન... (૧) ગુરુ ભગવંતના કાર્યો કરી આપવાનો નિયમ લેવો એ **અભિગ્રહ** છે. (૨) ગુરુ ભગવંત પધારે ત્યારે પોતે આસનનો ત્યાગ કરવો અને એમને બેસવા માટે પીઠ-બાજોઠ-પાટ વગેરે સાધન લાવી આપવા એ **આસનત્યાગ** છે. (૩) પોતાના આસન પર બેસેલા શિષ્યને, પધારેલા ગુરુભગવંત વગેરે વિનયપાત્ર મહાત્માના જેવા દર્શન થાય કે તરત પોતે ઊભા થઈ જવું જોઈએ. આ **અભ્યુત્થાન** વિનય છે. (૪) ગુરુદેવ વગેરે વડીલને પ્રશ્ન પૂછવાના અવસરે બે હાથ જોડી અંજલિ કરવી **અંજલિ** છે. (૫) વંદનના અવસરે વંદન કરવા એ **વંદન** નામનો પાંચમો વિનય છે. (૬) વિધિસહિત ગુરુથી બહુ દૂર પણ નહીં અને બહુ નજીક પણ નહીં એ રીતે રહીને ઉપાસના કરવી એ **શુશ્રૂષાવિનય** છે. (૭) ગુરુભગવંત વગેરે વડીલ બહાર જઈ રહ્યા હોય ત્યારે એમને વળાવવા જવું એ **પશ્ચાદ્ગતિ** વિનય છે અને (૮) ગુરુભગવંત વગેરે વડીલ બહારથી આવી રહ્યા હોય ત્યારે એમની સામે જવું એ **સન્મુખગતિ** વિનય છે.

શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ વગેરે ગ્રંથોમાં આ આઠ પ્રકાર અભ્યુત્થાન, અંજલિ, આસનદાન, અભિગ્રહ, વંદન, શુશ્રૂષા, સન્મુખગમન અને પશ્ચાદ્ગમન એવા ક્રમે દર્શાવ્યા છે એ જાણવું.

આમાં શુશ્રૂષાવિનયમાં જો બહુ દૂર બેસવામાં આવે તો ધારેલી સેવાના અવસરની જાણકારી જ ન મળવાથી એનાથી વંચિત

રહેવાનું થાય, માટે અદૂર જગ્યાએ બેસવાનું છે. વળી બહુ નજીક બેસવામાં થૂંક-વાછૂટ વગેરે દ્વારા ગુરુભગવંતની આશાતના થવાની સંભાવના પેદા થાય છે. માટે બહુ નજીક પણ બેસવાનું હોતું નથી.

વાચિક ઉપચાર વિનય ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે. (૧) હિતકર બોલવું (૨) પરિમિત બોલવું (૩) અપરુષ વચન બોલવા અને (૪) વિચારીને બોલવું.

અર્થાત્ (૧) પરિણામ સુંદર આવે એ રીતે હિતકર વચન બોલવું એ પ્રથમ વાચિક ઉપચાર વિનય છે. (૨) અક્ષર-પદ-વાક્ય - વગેરે પરિમિત બોલવાં એ બીજો વાચિક ઉપચાર વિનય છે. (૩) અનિષ્ઠુરપણે બોલવું એ ત્રીજો વાચિક ઉપચાર વિનય છે અને (૪) સારી રીતે વિચાર કરીને બોલવું એ ચોથો વાચિક ઉપચાર વિનય છે.

બોલતાં પૂર્વે વચનની હિતકરતા-અહિતકરતા, પરિમિતતા-અપરિમિતતા, નિષ્ઠુરતા-અનિષ્ઠુરતા (એમ સાવદ્યતા-નિરવદ્યતા વગેરેનો) સારી રીતે વિચાર કરીને જે રીતે અહિતકરતા, અપરિમિતતા, નિષ્ઠુરતા વગેરેનો પરિહાર થાય અને હિતકર-પરિમિત વચન અનિષ્ઠુરપણે બોલાય એ રીતે બોલનાર ચારેય વાચિક વિનયને જાળવે છે.

માનસ પ્રતિરૂપ યોગસ્વરૂપ ઉપચાર વિનય બે પ્રકારે છે. (૧) ધર્મધ્યાનાદિ શુદ્ધ પ્રવૃત્તિ કરવાથી તથા (૨) આર્તધ્યાન વગેરે ગલત પ્રવૃત્તિને છોડવાથી. તે તે અવસરે મનને શુભધ્યાનમાં રોકી રાખવું એ પ્રથમ માનસઉપચાર વિનય છે. અને અશુભધ્યાનમાંથી મનને બહાર કાઢવું-બહાર રાખવું એ બીજો માનસ ઉપચાર વિનય છે.

આ સઘળો પ્રતિરૂપ વિનય પ્રાયઃ છદ્મસ્થજીવોને હોય છે અને તે સ્વભિન્ન વડીલને અનુસરવાથી થતો હોય છે. અહીં પ્રાયઃ શબ્દનું ગ્રહણ એટલા માટે કર્યું છે કે જે કેવલીભગવંતોને કેવળજ્ઞાન થઈ ગયું હોવા છતાં હજુ જાહેર થયું નથી તેઓ પોતાના વડીલો પ્રત્યેનો વિનય પૂર્વવત્ કરતા જ હોય છે. પણ એ સિવાય તો તેઓને અપ્રતિરૂપ વિનય જ હોય છે, એટલે કે કાયા વગેરેથી ઉચિત પ્રવૃત્ત્યાત્મક પ્રતિરૂપ વિનય ન કરવો, અપ્રતિરૂપતા જાળવવી એ જ વિનય હોય છે, કારણ કે એનાથી જ તેમના કર્મોનું વિનયન થાય છે.

'આ કેવલજ્ઞાની છે' એવી ખબર પડી ગયા પછી તો કોઈ પણ છદ્મસ્થ, ભલે ને આજ સુધી ગમે તેવા વડીલ-પૂજ્ય હતા, તેઓ કેવલીને પ્રતિરૂપ વિનય કરવા ન જ દે એ સ્પષ્ટ છે. ને છતાં એ કેવલીભગવંતના કર્મો પણ દૂર થાય તો છે જ. માટે જણાય છે કે એમને અપ્રતિરૂપ વિનય હોય છે. શ્રી દશવૈકાલિક નિર્યુક્તિમાં જણાવ્યું છે કે પ્રતિરૂપ વિનય ખરેખર બીજાઓને અનુસરવારૂપ છે. કેવલીભગવંતોને તો અપ્રતિરૂપ વિનય જાણવો જોઈએ.

વિનયના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચારવિનય એમ પાંચ પ્રકારમાંથી છેલ્લા ઉપચારવિનયના પ્રતિરૂપયોગવિનય અને અનાશાતના વિનય એમ બે પ્રકાર જણાવેલા. એમાંથી પ્રતિરૂપયોગ વિનયના ત્રણ પ્રકાર કહેવાઈ ગયા. હવે આશાતના ત્યાગરૂપ અનાશાતના વિનયના બાવન ભેદ વિચારીએ.

શ્રીઅરિહંત, સિદ્ધ, કુલ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની અને ગુણી... આ તેરનો ચાર-ચાર પ્રકારે અનાશાતના વિનય છે.

(૧) શ્રી અરિહંત એટલે તીર્થંકર ભગવંતો. (૨) જેમનો આઠે પ્રકારનો કર્મમલ ક્ષીણ થઈ ગયો છે તે સિદ્ધો. (૩) નાગેન્દ્ર વગેરે કુલ છે. (૪) જેઓ જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર અને વીર્યાચાર... એમ પાંચ આચારનું સ્વયં પાલન કરે છે અને એની શુદ્ધ પ્રરૂપણા કરે છે (એ પ્રરૂપણા દ્વારા બીજાઓ પાસે પંચાચારનું પાલન કરાવે છે) તે આચાર્ય છે. (૫) સ્વાધ્યાય કરાવે તે ઉપાધ્યાય છે. (૬) જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનામાં સીદાતા ભાવુકોને જે સ્થિર કરે તે સ્થવિર. (૭) કોટિક વગેરે ગણ છે. (૮) સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા આ ચારનો સમુદાય એ સંઘ છે. (૯) 'આત્મા છે' વગેરે રૂપે આત્મા વગેરેનું અસ્તિત્વ કહેવું એ ક્રિયા છે. (૧૦) શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એમ બે રૂપે ધર્મ છે. (૧૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે પાંચ જ્ઞાન છે. (૧૨) મતિજ્ઞાન વગેરે જ્ઞાન ધરાવનાર આત્માઓ જ્ઞાની છે. (૧૩) ગણના અધિપતિ એ ગણી છે.

શ્રી અરિહંત વગેરે આ તેર પદોની અનાશાતના, ભક્તિ, બહુમાન અને પ્રશંસા... આમ ચાર ચાર પ્રકારે ઔપચારિક વિનય હોય છે. તેથી કુલ બાવન ભેદે આ ઔપચારિક વિનય છે.

આમાં (૧) કોઈપણ રીતે સંભવિત હોય એવી દરેક પ્રકારની હીલના-અવજ્ઞા-આશાતનાનો પરિહાર કરવો એ **અનાશાતના** છે.

(૨) ઉચિત ઉપચાર કરવો... જેમકે ઊભા થવું... સામે જવું, આસન પ્રદાન કરવું... વગેરે એ **ભક્તિ** છે.

(૩) એમના પ્રત્યે આંતરિક અહોભાવ-પ્રીતિ એ **બહુમાન** છે.

(૪) તેમના વાસ્તવિક ગુણોનું વર્ણન કરવું... ઉપકારોનું વર્ણન કરવું એ **પ્રશંસા-વર્ણન** નામે ચોથો ઉપચારવિનય છે.

આ શ્રી અરિહંત વગેરે ૧૩ પદોમાંથી એકપણ પદની આશાતના કરવામાં આવે તો એ વ્યવહારથી એક જ પદની આશાતના રૂપ હોવા છતાં તત્ત્વથી = નિશ્ચયથી બધા પદોની આશાતનારૂપ છે, કારણ કે તેઓમાં રહેલા જ્ઞાનાદિ ગુણો પરસ્પર સંકળાયેલા છે. એક શ્રી અરિહંતપદમાં રહેલું જે શુદ્ધજ્ઞાન છે તે જ સિદ્ધ વગેરે અન્ય પદોમાં પણ રહેલ છે. આ જ રીતે સમ્યગ્દર્શન વગેરે ગુણો પણ પરસ્પર સંકળાયેલા છે. આમ એક પદની હીલના સર્વપદની હીલના રૂપ ઠરતી હોવાથી એના વિપાક ખૂબ દારૂણ હોય છે અને તેથી આત્માર્થી જીવોએ, કોઈ પણ પદની આશાતના ન થઈ જાય એવી કાળજી લેવી જોઈએ.

અલ્પશ્રુતવાળા હોવા છતાં જેઓ આચારસંપન્ન છે એવા આચાર્યગુરુની હીલના, બળતણને અગ્નિ જેમ ભસ્મસાત્ કરી દે છે એમ સ્વગુણોને ભસ્મસાત્ કરી દે છે. આશય એ છે કે યોગ્ય મહાત્માની આચાર્યપદે સ્થાપના જે થાય છે તે એ મહાત્મામાં યોગ્યતા રૂપે રહેલ બહુશ્રુતગીતાર્થતા, ભીમ-કાન્ત વગેરે ગુણો, વિશિષ્ટ પ્રકારના સૌભાગ્ય-આદેય-રૂપ વગેરે વિશિષ્ટ પુણ્યોદય, દીર્ઘપર્યાય, ઉચ્ચ જાતિ-કુલ... વગેરે અનેકવિધ વિશિષ્ટતાઓના કારણે થાય છે. વર્તમાન આચાર્ય, જ્યારે પોતાના ઉત્તરાધિકારી સ્થાપવાનો પ્રસંગ આવે ત્યારે આવા ૩૬ ગુણોથી શોભતા મહાત્માની આચાર્યપદે સ્થાપના કરે છે. પણ જ્યારે, આવશ્યક બધા જ ગુણોનો સરવાળો એક મહાત્મામાં ન હોય ત્યારે અમુક ગુણહીન મહાત્માની પણ આચાર્યપદ માટે વરણી કરવામાં આવે છે. એમાં સૌભાગ્ય વગેરે પુણ્યનો ઉદય ન હોય એવા મહાત્માને ભવિષ્યમાં એ થાય કે ન થાય એ સામાન્યથી આપણા હાથમાં હોતું નથી. તેથી સૌભાગ્યાદિ પુણ્યના ઉદયથી વિકલ એવા મહાત્મા બહુશ્રુત-ગીતાર્થ

હોય-દીર્ઘપર્યાયી હોય તો પણ આચાર્યપદ માટે એમની પસંદગી થતી નથી. પણ મેધાવી મહાત્મા આજે ભલે આગમના જ્ઞાતા નથી, ભવિષ્યમાં ભણી-ગણીને એ બહુશ્રુત બની જ શકે છે એટલે એવા મહાત્મા જો સૌભાગ્યાદિ વિશિષ્ટ પુણ્યોદય વગેરે અન્ય ગુણસંપદ્ ધરાવતા હોય તો અપવાદપદે કારણાન્તરને = અન્ય કારણોને = ગીતાર્થબહુશ્રુતતાથી અન્ય એવા વિશિષ્ટ સૌભાગ્યાદિ કારણને આગળ કરીને આચાર્યપદે સ્થાપિત કરાય છે. (તેઓ પણ બીજા ગીતાર્થ મહાત્માઓ પાસે યથાઅવસર ભણીને શીઘ્ર બહુશ્રુતગીતાર્થ બની જાય છે. પણ જ્યાં સુધી આવા ગીતાર્થ ન બન્યા હોય ત્યાં સુધી) કોઈ અન્ય મહાત્મા 'આ મહાત્મા તો આગમ ભણેલા નથી, અગીતાર્થ છે' અથવા 'પર્યાયથી અમારા કરતાં નાના છે' વગેરે રૂપે એ નવા આચાર્ય મહારાજની હીલના કરે તો હીલના કરનાર એ મહાત્મા પોતાનામાં રહેલા સમ્યગ્ચારિત્ર, જ્ઞાન, દર્શન વગેરે ગુણોને ભસ્મસાત્ કરી નાખે છે. એટલે કે સ્વગુણરૂપ ઈંધન માટે ગુરુની આશાતના એ અગ્નિસમાન છે.

શ્રી દશવૈકાલિકસૂત્રના નવમા અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં આ જ વાતને દૃઢ કરવા નીચેના દૃષ્ટાંતો આપ્યા છે. શક્તિનો અગ્રભાગ, અગ્નિ, સાપ અને સિંહનો ક્રોધ. જેનો રામાયણ-મહાભારતના યુદ્ધમાં ઉપયોગ થયેલો એ શક્તિ નામનું શસ્ત્ર એવું છે જેનો અગ્રભાગ ખૂબ જ તીક્ષ્ણ હોય છે અને તેથી એ મોત સુધીનું દુઃખ આપી શકે છે. શક્તિનો આ અગ્રભાગ તથા અગ્નિ વગેરે વધુમાં વધુ એક જ મોત કરી શકે છે... જ્યારે ગુરુની હીલના તો શ્રી દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યા મુજબ અનંત દુઃખજનિકા હોવાથી એના કરતાં પણ વધારે ભયંકર છે.

જેમની પાસે ધર્મફલક સિદ્ધાન્તસૂત્રોને ભણવામાં આવે એમનો

સતત = નિરંતરપણે કાયા, વચન અને મનની શુદ્ધિપૂર્વક હમેંશા ઉત્તમ વિનય કરવો જોઈએ. આ વિનય નિરંતર કરવો જોઈએ. એટલે કે માત્ર સૂત્રગ્રહણકાળે જ કરવાનો એમ નહીં, કારણ કે એવું કરવામાં કુશલાનુબંધનો વ્યવચ્છેદ થઈ જાય. આશય એ છે કે જે એકાદ કલાક પાઠ લેવામાં આવે ત્યારે વિનય કરે, એ સિવાય નહીં, અથવા છ-બાર મહિના પાઠ ચાલે ત્યાં સુધી વિનયપૂર્વક વર્તે પણ પછી નહીં, આવું કરનારને કુશળઅનુબંધ = શુભની પરંપરા નાશ પામે છે, આગળ ચાલતી નથી. એટલે કે જે જ્ઞાન મેળવ્યું છે એનાથી પણ શુભની પરંપરા ચાલતી નથી.

ધર્મસૂત્ર ભણાવનારા હમેંશા વિનયને યોગ્ય હોવાથી ચારિત્ર પર્યાયમાં નાના હોય તો પણ શુદ્ધજ્ઞાનગુણથી અધિક હોવાના કારણે જ્ઞાન આપવાના સામર્થ્યને નજરમાં રાખીને આવશ્યકાદિમાં રત્નાધિક કહેવાયેલા છે.

જેમ ચારિત્ર એ રત્ન છે એમ જ્ઞાન પણ રત્ન છે જ. એટલે ચારિત્રમાં જેઓ મોટા હોય તેઓ જેમ રત્નાધિક છે એમ જ્ઞાનમાં જેઓ મોટા છે (અને તેથી જ્ઞાનપ્રદાનનું સામર્થ્ય ધરાવે છે). તેઓ પણ જ્ઞાનરત્નની અપેક્ષાએ રત્નાધિક છે જ એ સ્પષ્ટ છે. એટલે ચારિત્રમાં મોટા એવા પણ ભણનારા મહાત્મા, ભણવાના અવસરે જ્ઞાનથી મોટા એવા ભણાવનારા મહાત્માને વંદન કરે છે. આ જ્ઞાનીના વિનય દ્વારા જ્ઞાનનો વિનય છે. આ વાતનો વિસ્તાર ગ્રંથકારે પોતાના **સામાચારી પ્રકરણ** નામના ગ્રંથમાં (ગાથા ૮૪ થી ૮૬માં કર્યો છે.)

જેઓને સમ્યગ્જ્ઞાન નથી એવા પણ લોકો આટલું સમજતા હોય છે કે શિલ્પશાસ્ત્ર શીખવા હોય તો શિલ્પાચાર્યનો વિનય કરવો જોઈએ. એટલે કે માત્ર આ ભવમાં ઉપયોગી એવા શિલ્પશાસ્ત્ર માટે

લોકો જો શિલ્પાચાર્યનો વિનય કરે છે તો જે ભવોભવ ઉપયોગી બનનાર છે એવા ધર્મશાસ્ત્ર ભણવા માટે લોકોત્તર-સમ્યગ્જ્ઞાન પામેલા મહાત્મા ધર્માચાર્યનો વિનય શા માટે ન કરે ?

જ્ઞાનાદિનું ગ્રહણ કરવાનું હોય તો વિનયપૂર્વક જ કરવું આવો નિયમ હોવાથી જ જ્ઞાન ભણવા માટે, પ્રગટદોષસેવી પાસત્થાદિનો પણ અપવાદે વિનય કરવાનો કહ્યો છે.

આ વાતનો વિસ્તાર આગામી લેખમાં વિચારીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૦

જ્ઞાન ભણવાનું હોય તો પ્રગટદોષ સેવનાર પાસત્થાદિનો પણ અપવાદ પદે વિનય કરવાનો શાસ્ત્રમાં કહ્યો છે. આ વાતને હવે વિચારીએ.

શ્રી બૃહત્કલ્પભાષ્ય, શ્રી નિશીથભાષ્ય અને આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે જેમનો દોષ લોકમાં પ્રસિદ્ધ થઈ ગયો છે એવા પાસત્થા વગેરે જો બહુશ્રુત હોય તો આવશ્યકતા મુજબ 'મત્થએણ વંદામિ' એવું કહેવા રૂપ વાચિક નમસ્કાર, અંજલિબદ્ધ પ્રણામ વગેરે વિનય કરવાપૂર્વક એમની પાસે ભણવું જોઈએ. વળી એ શિથિલાચારી સાધુની રાજકીય લાગવગ વગેરે ઘણી ઘણી પહોંચ હોય તો એનો લાભ ઊઠાવી શાસનના, અન્યથી નહીં થઈ શકનારા એવા પણ કામ કરાવી લેવા જોઈએ. પણ જો સુવિહિત સાધુ માનકષાયને આગળ કરી 'આવા શિથિલાચારીને હું શા માટે વંદન કરું ?' એવું વિચારી વંદનાદિ ન કરે તો એના દ્વારા શક્ય શાસનના મહત્ત્વના કામો અટકી પડે. અને એનો અહંકાર ઘવાવાથી એ જો વીફરે અને પોતાની લાગવગથી તે

સાધુને કે આખા સાધુ સમુદાયને કે આખા સંઘને દેશનિકાલ વગેરે સજા કરાવે તો પ્રવચનની ભક્તિના બદલે મોટી આશાતના થઈ જાય. આ થવામાં પેલો અવિનય કારણ હોય છે. માટે આવશ્યકતા મુજબ શિથિલાચારીનો પણ વિનય કરવો જોઈએ.

**શંકા** – પાસત્થાદિના જ્ઞાનગુણને આગળ કરીને વંદન કરવું એટલે એ ભાવવંદન થયું કહેવાય. જ્યારે શ્રીહરિભદ્રસૂરિ મહારાજે ઉપદેશપદ ગ્રંથમાં અગ્રહિલગ્રહિલનૃપન્યાયે દ્રવ્યવંદન કરવાનું જ કહ્યું છે. આશય એ છે કે - પૂર્ણ નામે રાજા છે. એનો બુદ્ધિ નામે મંત્રી છે. એક વખત નૈમિત્તિકે આગાહી કરી કે, 'આ વખતે કુવૃષ્ટિ થશે અને એનું પાણી જે પીશે એ ગાંડા થઈ જશે' એટલે રાજાએ ઉદ્‌ઘોષણા કરાવી 'બધાએ સારા પાણીનો સંગ્રહ કરવો. આ કુવૃષ્ટિનું પાણી કોઈએ પીવું નહીં' નૈમિત્તિકના વચન મુજબ કુવૃષ્ટિ થઈ, લોકોએ એનું પાણી પીધું ને ગાંડા થઈ ગયા. નિર્વસ્ત્ર થઈ નગરમાં ટોળે ફરે છે. રાજા અને મંત્રી પૂર્વસંગ્રહીત ચોક્ખું પાણી વાપરતા હોવાથી ગાંડા થયા નથી અને તેથી નિર્વસ્ત્ર થતા નથી. નગ્ન ગાંડા લોકો આ બેને જ ગાંડા માની મારવા દોડે છે. મંત્રી રાજાને કહે છે : આપણે ગાંડા ન હોવા છતાં ગાંડપણનો દેખાવ કરવો પડશે, નહીંતર આ બધા આપણને મારશે. રાજા અને મંત્રીએ પણ વસ્ત્રો ફગાવી દીધા અને લવારા કરવા માંડ્યા. હવે લોકો એમને ડાહ્યા માનીને મારવા ધસતા નથી.

જેને વાસ્તવમાં વળગાડ થયો નથી તે અગ્રહિલ. અગ્રહિલ હોવા છતાં ગ્રહિલ હોવાનો દેખાવ કરનાર રાજાનું દૃષ્ટાંત એ અગ્રહિલ ગ્રહિલનૃપન્યાય. આ દૃષ્ટાંત મુજબ સુવિહિત સાધુઓએ આ પંચમકાળમાં શિથિલાચારી એવા ગાંડા લોકોની સાથે સ્વયં પણ જાણે કે ગાંડા હોવાનો દેખાવ કરવો પડે અને શિથિલાચારીને વંદનાદિ રૂપે

માન-સન્માન આપવા પડે. નહીંતર તેઓ કદાચ સુસાધુઓને હેરાન કરે. આવી રીતે આ જે વંદન થાય છે એ દ્રવ્યવંદન છે. અર્થાત્ શિથિલાચારીને કારણે વંદન કરવું પડે તો પણ એ દ્રવ્ય વંદન કરવું એવું શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉપદેશપદ ગ્રંથમાં જણાવેલ છે. જ્યારે ગ્રંથકાર ઉપાધ્યાયજી મહારાજ અહીં તેમના જ્ઞાનગુણને આગળ કરીને વંદન કરવાનું કહેતા હોવાથી આ ભાવવંદન છે. માટે બંનેની વાતમાં વિરોધ આવે છે.

**સમાધાન** – શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ દ્રવ્યવંદન છે એવું જે કહ્યું છે તે પ્રાયિક વાત જાણવી. અહીં આવો ભાવ જાણવો.

શિથિલાચારીને વંદન કરવાના પુષ્ટ આલંબનરૂપ કારણો બે પ્રકારે હોય છે (૧) સ્વારસિક અને (૨) અસ્વારસિક. સ્વારસિક કારણે ભાવવંદન હોય છે અને અસ્વારસિક કારણે દ્રવ્યવંદન હોય છે એમ ગ્રંથકારે વિભાગ પાડી આપ્યો છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જે દ્રવ્યવંદન કહ્યા છે તે અસ્વારસિક કારણને નજરમાં રાખીને કહેલ છે એમ ગ્રંથકારનું કહેવું છે.

અહીં આવો આશય જણાય છે - જે સ્વયં શિથિલાચારી હોવા છતાં શાસન પ્રત્યે ઉછળતી ભક્તિવાળા હોય અને તેથી જ પોતાના વર્ચસ્વ લાગવગ વગેરે દ્વારા શાસનનાં વિશિષ્ટ કાર્યો કરી-કરાવી આપવામાં સદા તત્પર હોય, સુવિહિત સાધુઓ પ્રત્યે આદર ધરાવનારા હોય, પણ નિંદા વગેરે કરનારા તો ન જ હોય, વિશિષ્ટ બોધ ધરાવનારા હોય, સુવિહિત સાધુઓને પણ ભણાવવા માટે સદા તત્પર હોય... આવા પાસત્થાદિમાં રહેલા જ્ઞાનાદિ ગુણો જ 'માર્ગાનુસારી' હોય શકે છે ને એમના ગુણો પ્રત્યે જ બહુમાનાદિ જાગવાથી ભાવવંદન થઈ શકે છે. પણ જેઓ સ્વયં શિથિલાચારી હોવા સાથે અહંકારી છે, સુવિહિત સાધુઓ પ્રત્યે દ્વેષ રાખનારા છે

અને તેથી એમની નિંદા કરનારા છે, શાસનના કાર્યો કરી/કરાવી આપવામાં સ્વારસિક રુચિવાળા નથી, એમના અહંકારનું વંદનાદિ દ્વારા પોષણ ન કરીએ તો છંછેડાઈને સુસાધુ વગેરે રૂપ ચતુર્વિધ સંઘને હેરાન કરનારા છે... વગેરે આવા પાસત્થાદિના ગુણો 'માર્ગાનુસારી' શી રીતે હોય શકે ? અને તેમના પ્રત્યે બહુમાનાદિ પણ શી રીતે જાગી શકે ? અને તેથી કોઈ એવા કારણે એમના વંદનાદિ કરવા પડે તો પણ એ અસ્વારસિક (કારણે) હોવાથી દ્રવ્યવંદન જ હોય છે જેનો શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉલ્લેખ કરેલો છે. અને જ્યાં બહુમાનાદિ જાગી શકે છે ત્યાં જ્ઞાનાદિ કારણે વંદન કરવાનું આવે તો એ ભાવવંદન હોય શકે છે એમ ગ્રંથકારનું કહેવું છે.

**શંકા** – પણ જો આ વંદન બહુમાનપૂર્વક કરવાનું છે ને તેથી ભાવવંદન છે... તો 'માત્ર વાચિક નમસ્કારથી ચાલે તો એટલું જ કરવું' વગેરે વાતો શા માટે ? સર્વત્ર દ્વાદશાવર્ત વંદન કેમ નહીં ?

**સમાધાન** – જ્ઞાનાદિનું પ્રયોજન છે, માટે ભાવવંદન છે. છતાં તે પાસત્થાદિમાં રહેલ શિથિલતાનું સમર્થન ન થઈ જાય એની પણ કાળજી રાખવાનો અભિપ્રાય છે. એટલે વચલા માર્ગ તરીકે આ વાચિક નમસ્કાર વગેરે વાતો છે એવું વિચારતાં સમજાય છે. બાકી બહુશ્રુત ગીતાર્થો પ્રમાણ છે.

હવે પછીની ગાથાઓમાં ગ્રંથકાર વિનયની મહત્તા દર્શાવે છે. વિનય વિના શ્રી જૈનપ્રવચનની ઉન્નતિ થઈ શકતી નથી. विद्या विनयेन शोभते... વિનય વિનાનું જ્ઞાન શોભા વિનાનું છે. એ જ રીતે વિનય વિનાના તપ વગેરે પણ શોભા વિનાના છે. શોભા વિનાના જ્ઞાનાદિથી પ્રવચનની ઉન્નતિ ન જ થઈ શકે એ સ્પષ્ટ છે.

કોમળ ઉપાયો દ્વારા વિનય શિખવાડાતો જે શિષ્ય ગુસ્સો કરે છે, તે સામેથી આવતી ઉત્તમ લક્ષ્મીને લાકડી વડે ભગાડી રહ્યો છે. ત્રણે લોકમાં વિનયી જીવો સુખી જોવા મળે છે અને ત્રણ લોકમાં અવિનીત જીવો દુઃખી જોવા મળે છે. સેચનક હાથી સામેથી આલાનસ્થંભે આવી ગયો તો શ્રેણિક મહારાજા પાસેથી ઘણા સુખ-સગવડ-આદર વગેરે પામ્યો. ઐરાવણ હાથી બનેલો ગૈરિક તાપસ ઉદ્ધત-અવિનીત બનવા ગયો તો શક્રેન્દ્ર દ્વારા દંડ પામ્યો.

શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે જ્ઞાનાદિના વિનયથી જ પૂજ્ય બનાય છે કારણ કે 'હું પૂજ્ય બનું' એવી ઇચ્છામાત્રથી પૂજ્ય બનાતું નથી, પણ ગુણો કેળવવાથી પૂજ્ય બનાય છે. વળી એ જ શાસ્ત્રમાં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિ એમ ચાર પ્રકારે સમાધિ કહેલી છે. વળી આ ચારેના ૪-૪ પ્રકાર હોવાથી સમાધિના કુલ ૧૬ પ્રકાર છે. આમાં ચિત્તનું સમાધાન કે આત્મકલ્યાણ એ સમાધિ તરીકે અભિપ્રેત છે.

વિનયસમાધિના ૪ ભેદ. (૧) વિનીત થઈને ગુરુના અનુશાસનને સાંભળવા ઇચ્છે (૨) અનુશાસનરૂપે જે કહેવાયેલું હોય તેને યથાર્થ રૂપે જાણે (૩) જાણેલી વાતોને યોગ્ય રીતે આચરે (૪) યથાર્થપણે આચર્યાનો મદ ન કરે. આ ચારે ક્રમિક છે એ જણાય છે. આ ચારે સ્ટેપમાં વિનય જાળવી રાખનાર ચારે સ્ટેપમાં આત્મકલ્યાણ સાધી શકે છે.

શ્રુતસમાધિના ૪ ભેદ... (૧) 'મને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થશે' એવા ભાવથી સદાગમને ભણે. એ જ રીતે (૨) 'હું એકાગ્રતા કેળવી શકીશ' એવા ભાવથી (૩) 'હું મારા આત્માને ભાવિત કરીને ધર્મમાં સ્થાપીશ' એવા ભાવથી અને (૪) 'બીજા ભવ્યજીવોને ધમમાં સ્થાપીશ...' આવા ભાવથી સમ્યગ્ આગમને ભણે. અહીં

આવો આશય છે (૧) શાસ્ત્રોમાં ગીતાર્થોનો અને ગીતાર્થ નિશ્રિતોનો જ વિહાર કહ્યો છે. અર્થાત્ સંયમધર્મના પાલન માટે ગીતાર્થતા = બહુશ્રુતતા આવશ્યક છે. એ મેળવવાના ઉદ્દેશથી ધર્મશાસ્ત્રો ભણવા એ પહેલી શ્રુતસમાધિ છે. હું હોંશિયાર દેખાઉં... મારો વટ પડે... વગેરે ઉદ્દેશ ન હોવાથી આ રીતે ભણવાથી વાસ્તવિક આત્મહિત થાય છે. એટલે એ શ્રુતસમાધિ છે. (૨) પહેલી શ્રુતસમાધિમાં વાચના સ્વાધ્યાયની મુખ્યતા છે. પૃચ્છના-પરાવર્તના સ્વાધ્યાય વાત-વિકથા-કુતુહૂલ વગેરેના રસને તોડ્યા વિના શક્ય નથી. તેથી એ એકાગ્રતાથી થાય છે અને એ કરવાથી એકાગ્રતા ઉત્તરોત્તર વધતી જાય છે.

(૩) અનુપ્રેક્ષા સ્વાધ્યાયથી આત્મા ભાવિત થતો જાય છે. અનાદિકાળથી જીવની હાલત એવી હોય છે કે જે ભાવિત થયેલું છે. એના કરતાં ધર્મસાધના બિલકુલ વિપરીત હોય છે. પણ હવે જે ભાવિત કર્યું છે એને જ ધર્મરૂપે આચરવાનું છે. એટલે આત્મામાં ધર્મ સ્થિર થઈ જાય છે એનો જ અર્થ આત્મા ધર્મમાં સ્થાપિત થઈ જાય છે.

(૪) ધર્મકથા નામના સ્વાધ્યાય દ્વારા બીજા ભાવુકોને ધર્મમાં જોડીશ. આ ચોથી શ્રુતસમાધિ છે. આ ચારેમાં શ્રુત દ્વારા સમાધિ મળતી હોવાથી એ શ્રુતસમાધિ છે. તપસમાધિ અને આચારસમાધિના ૪-૪ ભેદ. (૧) આ લોકમાં લબ્ધિ વગેરેની કામના વિના (૨) પરલોકમાં ઇન્દ્ર-ચક્રવર્તી વગેરે પદવીની કામના વિના (૩) કીર્તિ-પ્રશંસા વગેરેની આશંસા વિના તપ કરવો જોઈએ અને (૪) નિષ્કામભાવે કર્મનિર્જરા માટે તપ કરવો જોઈએ. આ ચાર તપસમાધિ છે. આ ૪ ભેદે સંયમના મૂળ-ઉત્તર-ગુણમય આચારોનું પાલન કરવું એ આચારસમાધિ છે.

આ રીતે ૧૬ સમાધિથી યુક્ત બનેલા ચિત્તમાં વિનયનું 'સ્પર્શ' નામે ફળ ઉત્પન્ન થાય છે. આ સ્પર્શજ્ઞાન એ જ તત્ત્વપ્રાપ્તિ છે. બાકીનું જ્ઞાન તો માત્ર ઉપર છલ્લો બોધ જ હોય છે. આશય એ છે કે ચિત્તના = અંતઃકરણના ખૂણે ખૂણે - પ્રદેશે પ્રદેશે વિષયો આહ્લાદક છે-સુખદ છે... વગેરે રૂપે મિથ્યાજ્ઞાન ભાવિત થયેલું છે. એની હાજરીમાં 'વિષયો વિષ કરતાં ભયંકર છે' વગેરે સમ્યગ્જ્ઞાન માત્ર ઉપરછલ્લા બોધરૂપે જ રહે છે, અંતઃકરણ એનાથી ભાવિત થઈ શકતું નથી. પણ જ્યારે મિથ્યાજ્ઞાનની ભાવિતતા દૂર થઈ પ્રદેશે પ્રદેશે સમ્યગ્જ્ઞાન ભાવિત થાય ત્યારે એ 'સ્પર્શ' નામે જ્ઞાન કહેવાય છે. આ સ્પર્શજ્ઞાન એ વિનયનું ફળ છે, પણ આવું વિનયનું ફળ વિનયસમાધિ વગેરે સમાધિથી સમાહિત ચિત્તમાં જ પેદા થઈ શકે છે.

સ્પર્શજ્ઞાનનો મહિમા-તાંબાના કણેકણમાં પહોંચી જવું એ સર્વાંશે અનુવેધ છે. સિદ્ધ થયેલ સુવર્ણરસ આવા અનુવેધના પ્રભાવે તાંબાને સુવર્ણ બનાવી દે છે. એ જ રીતે અંતઃકરણના પ્રદેશે પ્રદેશે ભાવિત થયેલ હોવાથી તન્મયીભાવ પામેલું સ્પર્શજ્ઞાન શીઘ્ર ફળ આપનાર બને છે અને આત્મા પરમાત્મા બની જાય છે. તેથી વિનયમાં સદા તત્પર રહેવું એવો અહીં ઉપદેશ ધ્વનિત થાય છે.

વળી સર્વમાં અનુગમનની શક્તિના કારણે વિનય મુખ્ય છે. જેમ કે સર્વ મિષ્ટાન્નમાં પડતો શેરડીજન્ય મધુરરસ... આશય એ છે કે મિઠાઈ કોઈપણ હોય એમાં ગળપણ તો જોઈએ જ. બદામ-પીસ્તા હોય-ન હોય ચાલે. પણ ગળપણ તો જોઈએ જ. આ ગળપણની સર્વ મિઠાઈઓમાં અનુગમશક્તિ છે. એ રીતે અનુષ્ઠાન કોઈપણ હોય, તપ-ત્યાગ-પ્રભાવકતા-શિષ્ય પરિવાર વગેરે હોય કે ન હોય, ચાલે... પણ વિનય તો જોઈએ જ. આ એની સર્વાનુગમશક્તિ છે એના કારણે એ મુખ્ય છે.

પ્રચંડ એવા સૂર્યમંડલમાંથી પ્રસરેલા કિરણોના સમૂહથી અંધકાર જેમ ક્ષય પામે છે તેમ સર્વ અનુષ્ઠાનોમાં પ્રસરતા વિનયથી દોષો નાશ પામે છે. જેમ સાધનની સન્નિધિ વિના મહાનિધાનનું ગ્રહણ નુકશાન માટે થાય છે એમ વિનય વિના શ્રુતનું ગ્રહણ પણ અતિદોષ માટે થાય છે. આ વાત આ રીતે સમજવી. મહાનિધાન હોય એટલે એના અધિષ્ઠાયક દેવ પ્રાયઃ હોય જ. એટલે જમીનમાં દટાયેલ મહાનિધાનને, ધૂપ-દીપ વગેરે યોગ્ય સાધન-સાધના વિના ગ્રહણ કરવામાં આવે તો એ અધિષ્ઠાયક કોપાયમાન થઈ અનેક આફતો ઊભી કરે છે. શ્રુત પણ મહાનિધાન છે. વિનય એનું ગ્રહણ કરવા માટેનું સાધન-સાધના છે. એટલે વિનય વિના શ્રુતનું ગ્રહણ કરવું એ દોષ માટે થાય છે.

'સર્વત્ર વિનયની મુખ્યતા છે' આ વાતને પર્ષદામાં પ્રકાશિત કરવા માટે શ્રી તીર્થંકર ભગવાન કૃતાર્થ હોવા છતાં તીર્થને નમસ્કાર કરીને ધર્મકથા-દેશના આપે છે.

શુદ્ધોંછ = નિર્દોષભિક્ષા વગેરેમાં તત્પર એવા પણ જે જીવો વિનયનો ઉચ્છેદ કરે છે તેઓ તો અગ્રેસર થઈને મોક્ષમાર્ગનો વિલોપ કરે છે. આશય એ છે કે ધર્મ એ મોક્ષમાર્ગ છે અને ધર્મ વિનયમૂલક છે. વિનય મૂલો ધમ્મો. એટલે વિનયનો ઉચ્છેદ કરનારો ધર્મરૂપી મોક્ષમાર્ગનો પણ ઉચ્છેદ કરે છે. વળી મોક્ષમાર્ગરૂપ જે કોઈ અનુષ્ઠાન વગેરે છે એ બધામાં વિનય મુખ્ય છે. આ વાત પૂર્વે આવી ગઈ છે. એટલે વિનય જ જો નથી તો બધા અનુષ્ઠાનો અસાર થઈ જવાથી મોક્ષમાર્ગ શી રીતે ટકે ? મોક્ષમાર્ગના બીજા વિલોપકો નિર્દોષભિક્ષા વગેરે રૂપ તે તે અંશનો વિલોપ કરનાર હોય છે. જ્યારે વિનયનો લોપક તો સમૂલા મોક્ષમાર્ગનો જ વિલોપ કરનાર હોવાથી મોક્ષમાર્ગના વિલોપકોમાં અગ્રેસર છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને પુરુષ... આ પાંચેનો વિચાર કરીને તથા પોતાના શક્તિ-સંયોગ વગેરેનો વિચાર કરીને જે સાધક યથાયોગ્ય વિનય આચરે છે તેને સ્વયંવરા એવી મોક્ષાત્મક પરમાનંદસંપત્તિ શીઘ્ર પ્રાપ્ત થાય છે. સામેથી આવીને વરે છે.

વિનયનો આવો બધો અનુપમ મહિમા જાણીને સહુ કોઈ આત્માર્થી જીવે સર્વત્ર યથાયોગ્ય વિનય આચરવો જોઈએ, ક્યાંય વિનય ચૂકાઈ ન જાય એ માટે સાવધ રહેવું જોઈએ. લૌકિકશાસ્ત્ર એવા રઘુવંશકાવ્યમાં પણ જણાવ્યું છે કે - **प्रतिबध्नाति हि श्रेयः पूज्यपूजाव्यतिक्रमः...** પૂજ્ય પુરુષોની પૂજારૂપ વિનયનું જો ઉલ્લંઘન કરવામાં આવે તો પોતાના કલ્યાણનો પ્રતિબંધ થાય છે. માટે વિનયતત્પર બનવું એ આ બત્રીશીનો ઉપદેશ જાણવો.

આ રીતે ૨૯મી વિનયબત્રીશી પૂર્ણ થઈ. હવે આગામી લેખથી ૩૦મી કેવલિભુક્તિવ્યવસ્થાપનબત્રીશીની વિચારણા શરૂ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૧

ઓગણત્રીશમી બત્રીશીમાં 'વિનય'ની વિચારણા કરી. 'વિનય' શબ્દનો અર્થ છે - વિનય = અપનયન કર્મોને દૂર કરવા તે. એટલે વિનયશીલ મહાત્માના કર્મો દૂર થતાં થતાં કર્મલઘુતા થાય છે અને એ જીવ ક્ષપકશ્રેણિ માંડીને કેવળજ્ઞાન પામે છે. કેવળજ્ઞાની મહાત્માને પણ અઘાતી કર્મો વિદ્યમાન હોવાથી ભોજન હોય છે. પણ 'ભોજન કરવાનું ઊભું હોય તો કૃતકૃત્યતા ન કહેવાય' એવું દિગંબર માને છે. એટલે દિગંબરના આ ભ્રમને દૂર

કરવા માટે ગ્રંથકાર આ બત્રીશીની રચના કરી રહ્યા છે- એમાં સૌ પ્રથમ દિગંબરો દ્વારા અપાઈ રહેલી યુક્તિઓને ગ્રંથકાર જણાવે છે -

(૧) દોષોની વિદ્યમાનતા એ છદ્મસ્થપણાનું સૂચન છે. દોષો બધી રીતે દૂર થઈ જાય પછી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એટલે દોષો દૂર થઈ ગયા હોવાથી ભૂખરૂપ દોષ પણ કેવલીને હોતો નથી. ભૂખ જ ન હોય તો કવલાહાર શી રીતે હોય ? ન જ હોય. (૨) કેવલી કૃતકૃત્ય હોય છે. કવલભોજન કરવામાં આ કૃતકૃત્યતાની હાનિ થઈ જાય છે. કવલાહાર દ્વારા ભોજન કરવું એ પણ એક કૃત્ય છે. એ જો બાકી રહ્યું છે તો કૃતકૃત્યતા ટકી ન જ શકે એ સ્પષ્ટ છે. (૩) કેવલીને આહારસંજ્ઞા હોતી નથી અને આહારસંજ્ઞા એ આહારનું કારણ છે. એટલે કારણ હાજર નથી તો કાર્ય શી રીતે હોય ? (૪) અનંતસુખની સંગતિ છે = વિદ્યમાનતા છે. એટલે કેવલી ભગવંત જો કોળિયાનો આહાર લેતા હોય તો એના કારણ તરીકે ક્ષુધાવેદનીયકર્મના ઉદયને અવશ્ય માનવો પડે છે. આ ઉદય અનંત સુખનો વિરોધી છે. એટલે અનંત સુખ જો છે તો ઉદય ન જ હોય અને ઉદયાત્મક કારણ જો નથી તો કવલભોજિત્વરૂપ કાર્ય ન જ હોય ને.

(૫) બળેલું દોરડું અન્યને બાંધવારૂપ સ્વકાર્ય જેમ કરી શકતું નથી, એમ દગ્ધરજ્જુ સમાન ક્ષુધાવેદનીયકર્મ સ્વકાર્યરૂપ ક્ષુધાને પેદા કરી શકતું નથી. ભૂખ જ નથી તો ભોજન શી રીતે ? (શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આવશ્યકનિર્યુક્તિની વૃત્તિમાં કેવલીનું વેદનીય કર્મ દગ્ધરજ્જુ સમાન હોવું કહ્યું છે.) (૬) મતિજ્ઞાનાવરણીય કર્મ ન હોવાથી એનો ક્ષયોપશમ ન હોવાના કારણે કેવળજ્ઞાની અતીન્દ્રિય હોય છે. કેવલીને જો ભોજન હોય તો પહેલા ભૂખરૂપ શારીરિક દુઃખ માનવું પડે છે. તે પછી ભોજનના આસ્વાદ-તૃપ્તિ વગેરેરૂપ શારીરિક સુખ માનવું

પડે છે. આ શારીરિક સુખ-દુઃખ ઇન્દ્રિયાધીન હોવાથી અતીન્દ્રિય એવા કેવલીને સંભવી શકતા નથી. તો પછી કવલભોજન હોય શી રીતે શકે ?

(૭) અને પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ મોહનીયકર્મના ઉદયથી થાય છે. તેથી મોહરહિત એવા કેવલીને આહારાદિરૂપ પરદ્રવ્ય અંગેની કવલાહાર વગેરે રૂપ પ્રવૃત્તિ સંભવી શકતી નથી. (સામાન્યથી જીવો માટે ઇચ્છા, ઇષ્ટસાધનતા વગેરેનું જ્ઞાન અને પ્રવૃત્તિ... આ ક્રમ હોવાથી પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ ઇચ્છા (= રાગ) જન્ય હોય છે. તેથી વીતરાગ એવા કેવલીને એ ન હોય એમ દિગંબરનું કહેવું છે.) (૮) કેવલીભગવંતોને શાતાવેદનીય કર્મની ઉદીરણા હોતી નથી, કારણ કે શાતા, અશાતા અને મનુષ્ય આયુષ્ય... આ ત્રણની ઉદીરણા સાતમા ગુણઠાણાથી જ અટકી ગઈ હોય છે. એટલે જો કેવલીભગવંત કવલાહાર કરે તો એનાથી તજ્જન્ય શાતાવેદનીયની ઉદીરણા માનવાનો પ્રશ્ન ઊભો થાય. અને (૯) ચાર વિકથાઓમાં આહારકથાનો પણ સમાવેશ છે. એટલે આહારની કથા પણ જો વિકથારૂપ હોવાથી અત્યંત પ્રમાદજનક છે, તો આહાર તો નિર્વિવાદપણે તેવો હોય જ. અર્થાત્ કવલાહાર પ્રમાદજનન કરે જ, જે કેવલીને સંભવિત ન હોવાથી કવલાહાર પણ સંભવિત રહેતો નથી.

(૧૦) કવલાહારરૂપે ભોજન કરવાથી નિદ્રા આદિની ઉત્પત્તિ થાય છે. 'આદિ' - શબ્દથી રાસનપ્રત્યક્ષરૂપ મતિજ્ઞાન તથા ઈર્યાપથનો સમાવેશ છે. કવલાહાર રૂપે જીભ પર રસાત્મક વિષય આવવાથી એનું રાસનપ્રત્યક્ષ થવારૂપ મતિજ્ઞાન થાય છે. જેનો કેવલીભગવંતોમાં નિષેધ કરાયેલો છે. જેમ વ્યાપક એવા વહ્નિનો અભાવ હોય તો તેને વ્યાપ્ય એવા ધૂમનો અભાવ હોય જ છે. એમ

કેવલીભગવંતોને નિદ્રાનો અભાવ હોવાથી નિદ્રાદિને વ્યાપ્ય એવું ભોજન પણ સંભવતું નથી. (૧૧) તથા ભોજન કરવામાં આવે તો આ ભોજનક્રિયા દરમ્યાન ધ્યાન અને તપ અખંડપણે રહી શકતા નથી. જ્યારે કેવલીને ધ્યાન અને તપ સદાતન = હમેંશા ટકનારા કહ્યા છે. અને (૧૨) કેવળી ભગવંતોને પરમૌદારિક શરીર હોય છે. આપણું ચાલુ ઔદારિક શરીર ભોજન વિના લાંબો કાળ ટકી શકતું નથી, પણ કેવલીને આ પ્રશ્ન હોતો નથી. કારણ કે એમને પરમૌદારિક શરીર હોય છે જે વગર ભોજને પણ ચિરકાળ સુધી ટકી શકવાના સ્વભાવવાળું હોય છે. અને તેથી 'શરીર ટકાવી રાખવા માટે કેવળી પણ ભોજન કરે છે' એવી કલ્પના કરી શકાતી નથી.

(૧૩) વાદ અને સ્વાદ... આ બે એક સાથે થઈ શકતા નથી. એટલે કેવલી ભગવંત જો ભોજન કરવા બેસે તો એ વખતે ધર્મદેશના ન આપી શકવાથી, ધર્મદેશના દ્વારા થનાર પરોપકાર થઈ શકતો નથી. પણ ભગવાનનો તો હમેંશા પરોપકાર કરતા રહેવાનો સ્વભાવ છે. એટલે માનવું પડે કે આ સ્વભાવની વિરોધી પ્રવૃત્તિરૂપ ભોજન કેવલીભગવાન્ કરતા નથી. અને (૧૪) ભોજન કરનારને મળ-મૂત્ર તો અવશ્ય થવાના જ, મળ-મૂત્ર જુગુપ્સનીય છે. તેથી એને ટાળવા માટે કેવલી ભોજન કરતા નથી, અને (૧૫) ભોજન એ વ્યાધિનું કારણ હોવાથી વ્યાધિને ટાળવા કેવલી ભોજન લેતા નથી. આ પ્રમાણે દિગંબરો કહે છે.

કેવલીભગવંતને કવલાહાર = કોળિયા દ્વારા કરાતું ભોજન હોય નહીં આવા સ્વમતને સાબિત કરવા માટે દિગંબરે આપેલી પંદર દલીલોનું હવે ગ્રંથકાર ક્રમશઃ નિરાકરણ કરે છે.

દિગંબરે જે ૧૫ દલીલો આપી છે તે તે નંબર સાથે તે તે દલીલોનું નિરાકરણ નીચે મુજબ જાણવું.

જ્યાં સુધી દોષ છે ત્યાં સુધી છદ્મસ્થતા છે. સંપૂર્ણ દોષમુક્તિ થાય તો જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ માન્યતા શ્વેતાંબર અને દિગંબર બંનેની એકસમાન છે. પણ આ દોષોમાં દિગંબરો ભૂખ-તરસ વગેરેનો પણ સમાવેશ કરે છે. અને તેથી, કેવલી નિર્દોષ હોવાથી ભૂખ-તરસ ન હોવાના કારણે ભોજન કરતા નથી, એમ દિગંબરો કહે છે. શ્વેતાંબરો એમ કહે છે કે કેવલજ્ઞાન ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. એટલે, ઘાતીકર્મજન્ય જે હોય તે જ કેવલજ્ઞાનમાં પ્રતિબંધક રૂપ બની શકે છે અને તેથી એ જ દોષરૂપ બને છે. ભૂખ-તરસ વગેરે તો અઘાતી એવા વેદનીયકર્મજન્ય છે. તેથી એ પ્રસ્તુતમાં દોષરૂપ જ ન હોવાથી નિર્દોષ એવા કેવલીને શા માટે ન હોય ? નહીંતર તો અઘાતીકર્મજન્ય મનુષ્યગતિ વગેરે પણ દોષરૂપ બની જવાથી કેવલીને નિર્દોષ ન માની શકવાની આપત્તિ આવે.

(૨) **દિગંબર :** કેવલજ્ઞાનીને અવ્યાબાધ સુખ હોય છે. અવ્યાબાધ એટલે વ્યાબાધ = પીડા... એનાથી રહિત એવું નિરતિશયસુખ હોય છે. હવે કેવલીને ભૂખ જો માનીએ તો ભૂખ એ સ્વયં પીડારૂપ હોવાથી અવ્યાબાધ સુખ ટકી શકે નહીં. આમ, ભૂખ અવ્યાબાધસુખાત્મક ગુણ માટે દોષરૂપ હોવાથી 'દોષ' રૂપ છે જ. પછી, દોષમુક્ત એવા કેવલીને તે શી રીતે હોય શકે ?

**શ્વેતાંબર :** આ રીતે તમારે કેવલીમાં મનુષ્યત્વ પણ માની શકાશે નહીં. કારણ કે એ પણ સિદ્ધત્વગુણને દૂષિત કરનાર હોવાથી તમારા મતે 'દોષ' રૂપ બની જ જાય છે. પણ ભવસ્થકેવલીમાં મનુષ્યત્વ તો હોય જ છે. તેથી માનવું પડે કે મનુષ્યત્વ એ દોષરૂપ નથી. અને તેથી એ પણ માનવું પડે કે 'ગુણને દૂષિત કરે એ દોષ' એવી વ્યાખ્યા અહીં લેવાની નથી.

**દિગંબર :** તો પછી દોષની વ્યાખ્યા અહીં કઈ લેવાની છે ?

**શ્વેતાંબર :** 'જે કેવલજ્ઞાનનો પ્રતિબંધ કરે એ દોષ' આવી વ્યાખ્યા લેવાની છે. આવી વ્યાખ્યા ઘાતીકર્મજન્ય અજ્ઞાન વગેરેમાં જ રહેલી હોવાથી અજ્ઞાન વગેરે દોષરૂપ છે. પણ મનુષ્યત્વ કે ભૂખ વગેરે કેવલજ્ઞાનના પ્રતિબંધક નથી. તેથી દોષરૂપ ન હોવાથી ભવસ્થ કેવલીને હોવામાં કોઈ વાંધો નથી. ને ભૂખ જો છે તો એને શમાવવા ભોજન પણ હોય જ ને !

(૨) **દિગંબર :** કેવલી ભગવંત કૃતકૃત્ય હોય છે. પણ જો એમને ભોજનાદિ પ્રવૃત્તિ કરવાની હોય તો આ કૃતકૃત્યતા ઊભી શી રીતે રહી શકે ?

**શ્વેતાંબર :** કૃતકૃત્યતા બે પ્રકારે હોય છે. આંશિક અને સર્વથા. આમાંથી સર્વથા કૃતકૃત્યતા સિદ્ધભગવંતોમાં જ સંભવે છે, કારણ કે એમને જ હવે કશું અસિદ્ધ હોતું નથી. સયોગીકેવલીને તો મોક્ષ મેળવવાની રાગાત્મક એવી ઇચ્છા (ઉપાદિત્સા) ન હોવા છતાં, ઉપાદેય એવો મોક્ષ હજુ મેળવવાનો બાકી જ હોય છે, અસિદ્ધ જ હોય છે. માટે સર્વથા કૃતકૃત્યતા હોતી નથી.

**દિગંબર :** તો શું એમને કૃતકૃત્યતા હોતી જ નથી ?

**શ્વેતાંબર :** ના, આંશિક કૃતકૃત્યતા હોય છે. ઘાતીકર્મનો ક્ષય થઈ ગયો છે, માટે કૃતકૃત્યતા છે, અને વેદનીય વગેરે અઘાતીકર્મો-ભવોપગ્રાહી કર્મો હજુ ઊભા છે, માટે કૃતકૃત્યતા નથી પણ. છતાં મુખ્ય સાધના ઘાતીકર્મોનો ક્ષય કરીને વીતરાગતા-કેવલજ્ઞાન હાંસલ કરવાની હોય છે... એ દૃષ્ટિએ કેવલીભગવંતો કૃતકૃત્ય હોવામાં કોઈ વાંધો નથી. રાગાદિના અભાવથી આવેલી આવી કૃતકૃત્યતા તો કેવલીને ભોજન માનવામાં પણ નિરાબાધ જ છે, કારણ કે વગર રાગે જેમ વિહારાદિ પ્રવૃત્તિ થઈ શકે છે એમ ભોજન પણ થઈ જ શકે છે.

(૩) **દિગંબર :** આહારસંજ્ઞા ન હોવાથી કેવલીઓને આહાર હોતો નથી.

**શ્વેતાંબર :** (૩) સંજ્ઞા એ એક પ્રકારનું જ્ઞાન છે... માટે ચૈતન્યરૂપ છે. જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જન્ય હોય છે. આ ક્ષયોપશમ જ્યારે મોહનીયના ઉદયથી સહકૃત હોય છે ત્યારે 'સંજ્ઞા' કહેવાય છે. માટે 'સંજ્ઞા' શબ્દનો પદાર્થ અહીં મોહાભિવ્યક્તચૈતન્યરૂપે કહ્યો છે. તેથી આહારસંજ્ઞા એ આહારની તૃષ્ણારૂપ છે. આવી તૃષ્ણારૂપ આહારસંજ્ઞા તો છઠ્ઠે-સાતમે ગુણઠાણે રહેલા ભાવસાધુને પણ હોતી નથી. અને છતાં જો ભાવસાધુ ભોજન કરે છે તો તેરમે ગુણઠાણે રહેલા સર્વજ્ઞભગવંતને આહારસંજ્ઞા ભલે ને નથી, ભોજન હોવામાં શું વાંધો છે ? કારણ કે આહારસંજ્ઞા આહાર પ્રત્યે હેતુ જ નથી.

આશય એ છે કે આહાર ત્રણ પ્રકારે છે. ઉત્પત્તિકાલીન આહાર તે ઓજાહાર, પ્રતિસમય ત્વચા-રોમ દ્વારા લેવાતો આહાર તે લોમાહાર... અને ભોજનરૂપે લેવાતો આહાર તે કવલાહાર. આહારસામાન્ય પ્રત્યે એટલે કે સામાન્યથી આમાંના કોઈપણ આહાર પ્રત્યે આહારસંજ્ઞા કારણ નથી એ સ્પષ્ટ જ છે.

**દિગંબર :** કવલાહાર જે વિશેષપ્રકારનો આહાર છે એના પ્રત્યે આહારસંજ્ઞા હેતુ છે. તેથી કેવલીને આહારસંજ્ઞા ન હોવાથી કવલાહાર = ભોજન પણ હોતું નથી.

**શ્વેતાંબર :** આહારસંજ્ઞા તો અપ્રમત્તસાધુને પણ હોતી નથી... અને છતાં એમને આહાર હોવાથી વ્યતિરેક વ્યભિચાર આવશે. (શ્વેતાંબરો એમ માને છે કે સાતમે ગુણઠાણે ભોજન પ્રવૃત્તિનો પ્રારંભ હોતો નથી. પણ છટ્ઠે ગુણઠાણે ચાલુ થયેલી ભોજનપ્રવૃત્તિ

દરમિયાન જીવ સાતમે જઈ શકે છે. એટલે એ રીતે સાતમે પણ ભોજન સંભવિત છે.)

**દિગંબર :** સાતમે રહેલા અપ્રમત્ત સાધુથી માંડીને ઉપરના ગુણઠાણાઓમાં ભોજન હોતું જ નથી. માટે વ્યતિરેક વ્યભિચાર નથી. તેથી આહારસંજ્ઞા કવલાહાર પ્રત્યે કારણ હોવામાં કોઈ દોષ નથી.

**શ્વેતાંબર :** તમારા મત મુજબ તો અપ્રમત્તાદિ મહાત્માઓ ભોજનની જેમ ભિક્ષાટન વગેરે પણ નથી કરતા. અર્થાત્ ભિક્ષાટનાદિ પ્રમત્ત સાધુઓ સુધી જ હોય છે. ને તેઓને તો આહારસંજ્ઞા હોય જ છે. આનો અર્થ એ થાય કે આહારસંજ્ઞા ભિક્ષાટન પ્રત્યે અને ભોજન પ્રત્યે કારણ છે. અર્થાત્ પ્રમત્ત સાધુઓ જે ભિક્ષાટન કરે છે તે આહારસંજ્ઞાના ઉદયથી કરે છે. વળી આહારસંજ્ઞા તો અતિચાર લગાડનાર છે. તેથી ભિક્ષાટનમાં અતિચાર લાગી જ જવાથી સાધુઓને નિરતિચાર-નિર્દોષ આહાર ક્યારેય મળી નહીં શકે. પણ એ મળે તો છે જ. તેથી નક્કી થાય છે કે આહારસંજ્ઞા ભિક્ષાટન કે ભોજન પ્રત્યે કારણ નથી અને તો પછી આહારસંજ્ઞા વિનાના કેવલીભગવંતોને ભોજન હોવામાં કોઈ વાંધો નથી.

(૪) **દિગંબર :** કેવલીભગવંતને અનંત સુખ હોય છે. એનો અર્થ એમાં બાધા પહોંચાડનાર ક્ષુધાવેદનીયકર્મનો ઉદય હોતો નથી. જો એ જ નથી, તો ભોજન પણ શી રીતે હોય ?

**શ્વેતાંબર :** કેવલી ભગવંતને જ્ઞાનાદિ ગુણમય બની ગયેલ અનંત સુખ હોય છે. એટલે જે જે બાબતો આ જ્ઞાનાદિ ગુણોને બાધા પહોંચાડી શકતી નથી, એ અનંત સુખને પણ બાધા પહોંચાડી શકતી નથી. અજ્ઞાન વગેરે જ્ઞાનને અસર કરી શકે, પણ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય થઈ ગયો હોવાથી અજ્ઞાનાદિ રવાના

થયા હોવાના કારણે તજ્જન્ય દુઃખો પણ રવાના થઈ ગયા હોય છે. માટે એની કોઈ અસર હોતી નથી. અર્થાત્ ભૂખ લાગે કે ભોજન કરે એટલા માત્રથી જ્ઞાનાદિ ગુણોને કોઈ ધક્કો લાગતો નથી.

**દિગંબર :** છતાં ક્ષુધાવેદનીય કર્મનો ઉદય પરિણામે કાંઈક ને કંઈક દુઃખ તો આપે જ છે. માટે એ અનંત સુખને અસર કરશે જ.

**શ્વેતાંબર :** એમ તો દરેક કર્મો પરિણામે કંઈકને કંઈક દુઃખ તો પહોંચાડે જ છે. એટલા માત્રથી કેવલીનું અનંત સુખ બાધા પામી જતું હોય તો તો તમારે કેવલીભગવંતને મનુષ્યગતિનામકર્મનો ઉદય વગેરે પણ માની શકાશે નહીં. પણ એનો ઉદય હોવા છતાં તમે કેવલીને અનંતસુખ જેમ માનો છે તેમ ક્ષુધાવેદનીયનો ઉદય હોવા છતાં અનંતસુખ હોવામાં કોઈ વાંધો નથી અને તેથી ક્ષુધા લાગવાથી એના શમન માટે ભોજન પણ માનવું પડશે.

**દિગંબર :** તો પછી ક્ષુધાવેદનીયકર્મોદયજન્ય દુઃખ શું અકિંચિત્કર છે ?

**શ્વેતાંબર :** ભવસ્થકેવલીને ઘાતીકર્મક્ષયજન્ય જે અનંતસુખ હોય છે એની અપેક્ષાએ એ અકિંચિત્કર હોવા છતાં, સિદ્ધાવસ્થામાં જે પરિપૂર્ણ સુખ હોય છે એને તો એ રોકે જ છે... માત્ર એ જ નહીં, મનુષ્યગતિનામકર્મ વગેરે બાકીના અઘાતીકર્મો પણ એને રોકે જ છે. એટલે સર્વકર્મનો ક્ષય જ્યાં છે એ સિદ્ધાવસ્થામાં જ પરિપૂર્ણ સુખ સંભવે છે.

આમ દિગંબરોએ આપેલી પ્રથમ ચાર દલીલોનું નિરાકરણ આપણે જોયું. હવે પાંચમી દલીલ વગેરેનું નિરાકરણ આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

# લેખાંક ૧૫૨

દિગંબરોએ આપેલ ચાર દલીલોનું નિરાકરણ ગયા લેખમાં જોયું. હવે પાંચમી વગેરે દલીલોનું નિરાકરણ આ લેખમાં જોઈશું.

(૫) **દિગંબર :** દગ્ધરજ્જુ એટલે બળેલું દોરડું. એ કશાકને બાંધવા વગેરે રૂપ સ્વકાર્ય કરી શકતું નથી. એમ ભવસ્થકેવલીનું વેદનીયકર્મ દગ્ધરજ્જુસમાન હોવાથી ભૂખ લગાડવી વગેરે રૂપ સ્વકાર્ય કરી શકતું નથી. ભૂખ જ નથી, તો ભોજન શા માટે હોય ?

**શ્વેતાંબર :** તમે વેદનીયકર્મને દગ્ધરજ્જુસમ = સ્વકાર્ય કરવામાં અસમર્થ જે કહો છો તે વેદનીય મૂળકર્મને કે એની કોઈ ઉત્તરપ્રકૃતિને ? મૂળપ્રકૃતિને તો કહી શકાતી નથી, કારણ કે તો પછી જિનનામકર્મ વગેરે રૂપ પુણ્યપ્રકૃતિના તીવ્રવિપાકથી જે પ્રબળ શાતા મળે છે તે અસંગત થઈ જાય. એટલે વેદનીયમૂળપ્રકૃતિ કે શાતાવેદનીય ઉત્તરપ્રકૃતિને તો દગ્ધરજ્જુસમ કહી શકાતી નથી.

**દિગંબર :** તો પછી અમે અશાતાવેદનીયને દગ્ધરજ્જુસમ કહીશું...

**શ્વેતાંબર :** શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્ર તમને પણ માન્ય છે. એમાં एकादश जिने ॥९-११॥ સૂત્ર દ્વારા કેવલીભગવંતને પણ પરીષહોની વિદ્યમાનતા જણાવેલી છે. એનો અર્થ જ છે કે અશાતાવેદનીય પણ ઉપક્ષીણ થયું ન હોવાથી પરીષહજનનરૂપ સ્વકાર્ય કરવામાં સમર્થ હોવાથી દગ્ધરજ્જુસમ નથી.

**દિગંબર :** ક્ષપકશ્રેણીમાં અપૂર્વકરણ ગુણઠાણાથી રસઘાત શરૂ થઈ જાય છે. એટલે કેવલી બનવા સુધીમાં તો હજારો-લાખો

રસઘાત થઈ ચૂક્યા હોવાથી પાપપ્રકૃતિઓ નીરસ = રસ વિનાની થઈ ગઈ હોય છે. જો રસ જ નથી તો સ્વકાર્ય શી રીતે કરી શકે?

**શ્વેતાંબર :** એમ તો અપૂર્વકરણાદિમાં સ્થિતિઘાત પણ હજારો થાય છે. તો શું પાપપ્રકૃતિઓ નિઃસ્થિતિક = સ્થિતિશૂન્ય પણ માનશો ? નીરસ અને નિઃસ્થિતિક પ્રકૃતિ તો માત્ર વીતરાગને બંધાતી શાતાવેદનીય જ હોય છે. અત્યંત અલ્પરસ એ નીરસત્વ અને અત્યંત અલ્પસ્થિતિ એ નિઃસ્થિતિકત્વ... આવી વિવક્ષા લેવાની હોય તો એવું નીરસત્વ અને નિઃસ્થિતિકત્વ અપૂર્વકરણાદિમાં બધ્યમાન પાપપ્રકૃતિઓમાં જ હોય છે, સમાગત પ્રકૃતિઓમાં નહીં.

**દિગંબર :** જો ભવોપગ્રાહી કર્મો સ્વકાર્ય કરવામાં અસમર્થ નથી = સમર્થ છે, તો આવશ્યકની વૃત્તિ વગેરેમાં કેવલીઓને એ દગ્ધરજ્જુસમ હોય છે એવું શા માટે કહ્યું છે ?

**શ્વેતાંબર :** ક્ષપકશ્રેણિ-સ્થિતિઘાતના પ્રભાવે કેવલીભગવંતોને, શેષ જીવાપેક્ષયા અત્યંત અલ્પસ્થિતિસત્તા જે શેષ રહી હોય છે એની અપેક્ષાએ ભવોપગ્રાહી કર્મોને દગ્ધરજ્જુસમાન કહી છે એમ આ વચનની સંગતિ કરવી જોઈએ. પણ રસની અપેક્ષાએ ન કરવી. કારણ કે એમ કરવામાં શ્રી સૂત્રકૃતાંગની વૃત્તિનો વિરોધ થાય છે. આશય એ છે કે શ્રી સૂત્રકૃતાંગજીની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે : सातासातयोश्चान्तर्मुहूर्तपरिवर्तमानतया यथा सातोदय एवमसातोदयोऽपि, इत्यनन्तवीर्यत्वे सत्यपि शरीरबलापचयः क्षुद्वेदनीयोद्भवा पीडा च भवत्येव। **અર્થ :** *શાતા અને અશાતાવેદનીયકર્મ અંતર્મુહૂર્તે પરાવર્તમાન હોવાથી કેવલીને જેમ શાતાનો ઉદય (અને એનું કાર્ય) હોય છે એમ અશાતાનો ઉદય (અને એનું કાર્ય) પણ હોય જ છે. એટલે અનંતવીર્ય હોવા છતાં પણ શરીરબળમાં ઘટાડો અને ક્ષુધાવેદનીયજન્ય પીડા થાય જ છે.*

એટલે કેવલીના ભવોપગ્રાહી કર્મો રસની અપેક્ષાએ દગ્ધરજ્જુસમાન હોવાથી સ્વકાર્ય કરી શકતા નથી એવો અર્થ લેવામાં શ્રીસૂત્રકૃતાંગજીની વૃત્તિમાં જ બળહાનિ અને ક્ષુધાજન્ય પીડા કહી છે એનો વિરોધ સ્પષ્ટ છે જ.

**દિગંબર :** 'અશાતા વગેરે પ્રકૃતિઓ દુઃખદ હોતી નથી' આવું આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં જે કહ્યું છે એનું શું ?

**શ્વેતાંબર :** છદ્મસ્થ જીવોને બે પ્રકારે દુઃખ હોય છે. ઘાતી કર્મજન્ય અતિપ્રચુરદુઃખ અને સાથે અઘાતીકર્મજન્ય ક્ષુધા વગેરેના દુઃખ. કેવલીભગવંતોને આમાંથી ઘાતીકર્મજન્ય જે અતિપ્રચુર દુઃખો હતા તેનો વિલય થઈ ગયો હોવાથી હવે બાકી રહેલા ક્ષુધા વગેરે દુઃખો અતિ અલ્પ હોવાના કારણે એની અવિવક્ષા કરીને એ પ્રકૃતિઓને અદુઃખદ કહી છે. (અથવા ઘાતીકર્મક્ષયજન્ય અનંતસુખની સામે આ દુઃખ અતિઅલ્પ હોવાથી અવિવક્ષા કરીને અદુઃખદ કહેલ છે. અથવા અશાતાવેદનીયકર્મ કષ્ટ-પીડા આપે છે. પણ છદ્મસ્થ જીવોને જે કષ્ટમાં કમાણી દેખાય છે એ કષ્ટ અરતિ ન ભળવાથી જીવને દુઃખદ બનતું નથી, એમ કેવલીભગવંતોને વીતરાગતાના કારણે અરતિનો અભાવ જ થઈ ગયો હોવાથી ગમે તેવું કષ્ટપ્રદ અશાતાકર્મ પણ દુઃખપ્રદ બની શકતું નથી.) અન્યથા = જો આવી કોઈ સંગતિ ન કરીએ. અને અદુઃખદનો અર્થ સ્વકાર્યઅજનકત્વ જ કરવાનો હોય તો ભવોપગ્રાહી કર્મો જીવને ભવમાં જકડી રાખવાનું સ્વકાર્ય ન કરી શકવાથી 'ભવોપગ્રાહી' જ રહી નહીં શકે... આ વાત પ્રાજ્ઞ જીવોએ શાંતિથી વિચારવા જેવી છે. એટલે વર્તમાનભવમાં જકડી રાખે છે, માટે ભવોપગ્રાહી... અને અન્યભવજનન કરી શખતા નથી માટે દગ્ધરજ્જુસમ... આ રીતે આ વાતો સમજવી જોઈએ.

(૬) **દિગંબર :** કેવલીભગવંતો અતીન્દ્રિય હોય છે... એટલે કે એમને ઈન્દ્રિયજન્ય તે તે રાસનપ્રત્યક્ષ વગેરે મતિજ્ઞાન હોતું નથી. આ વાત તમને પણ માન્ય છે. એટલે જો ભોજન માનવાનું હોય તો એના સ્વાદનું પ્રત્યક્ષ અને સુખ માનવું પડે, જે માની શકાય એમ ન હોવાથી ભોજન માની શકાતું નથી.

**શ્વેતાંબર :** ઈન્દ્રિય અને વિષયના સંપર્કથી થતું અમુક પ્રકારનું સુખ-દુઃખ ઇન્દ્રિયજન્ય હોય છે ને તેથી અતીન્દ્રિય એવા કેવલીને એ હોતું નથી. પણ સુખ-દુઃખ તો આ સિવાય પણ થતાં હોય છે- જેમકે બહિરિન્દ્રિયનો વ્યાપાર ન હોય ત્યારે પણ મનના શુભ-અશુભચિંતનથી સુખ-દુઃખ થતાં અનુભવાય છે. વળી આવા ચિંતન વિના પણ દોષના ઉપશમ-ઉદ્રેકથી સુખ-દુઃખ અનુભવાય છે. આ બધાથી સિદ્ધ એ થાય છે કે બધા જ સુખ-દુઃખ કાંઈ ઇન્દ્રિયજન્ય હોતા નથી. એટલે અતીન્દ્રિય એવા પણ કેવલીભગવંતને શાતા-અશાતાજન્ય સુખ-દુઃખ હોવામાં કોઈ વાંધો નથી.

બાકી તો ઇષ્ટ-અનિષ્ટવિષયનો સંપર્ક થવા માત્રથી સુખ-દુઃખ થાય છે. એમાં તે તે ઇન્દ્રિયજન્ય મતિજ્ઞાન આવશ્યક હોતું નથી કે જેથી કેવલજ્ઞાનીને રાસનપ્રત્યક્ષ વગેરે મતિજ્ઞાન થવાથી આપત્તિ આવે. એટલે જ વગર સ્પર્શનપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાને તૃણસ્પર્શ વગેરે પરીષહો કેવલીભગવંતોને હોવા સંગત ઠરવાથી એ પરીષહોને જણાવનાર અમારા સાંપ્રદાયિક-શ્વેતાંબર કથનો સંગત રહે છે.

(૭) **દિગંબર :** આહારાદિ પ્રવૃત્તિ મોહજન્ય હોય છે, કારણ કે પરદ્રવ્ય અંગે જે જે પ્રવૃત્તિ બુદ્ધિપૂર્વકની હોય છે તે તે મોહજન્ય હોય છે (જેમકે છદ્મસ્થની ભોગસંબંધિત પુદ્ગલવિષયક પ્રવૃત્તિ). આવો નિયમ છે. (અનભિસંધિજ વીરજન્ય રક્તપરિભ્રમણાદિ પ્રવૃત્તિ પણ પુદ્ગલવિષયક હોય છે. પણ એ તો ક્ષીણમોહ એવા કેવલીને

પણ હોય છે. એટલે એની બાદબાકી કરવા માટે 'બુદ્ધિપૂર્વકની' એમ જણાવ્યું છે. છદ્મસ્થ એવા પણ અપ્રમત્ત મહાત્માઓ શુદ્ધઆત્મસ્વરૂપનું જે ધ્યાન ધરે છે તે બુદ્ધિપૂર્વક હોવા છતાં મોહજન્ય નથી હોતું- ઉપરથી મોહનાશક હોય છે, તેની બાદબાકી કરવા માટે 'પરદ્રવ્ય વિષયક' એમ જણાવ્યું છે, તે જાણવું.) ભોજનની પ્રવૃત્તિ બુદ્ધિપૂર્વક થાય છે, ને પુદ્ગલવિષયક હોય છે. એ સ્પષ્ટ છે માટે તે મોહજન્ય હોવાથી ક્ષીણમોહ એવા કેવલી ભગવંતોને હોતી નથી.

**શ્વેતાંબર :** આ નિયમ મુજબ તો ભગવાન્‌ની દેશનાદિ પ્રવૃત્તિ પણ મોહજન્ય બની જવાથી ક્ષીણમોહ પ્રભુને માની શકાશે નહીં. કારણ કે એ પ્રવૃત્તિ પણ શબ્દપુદ્ગલાત્મક પરદ્રવ્યવિષયક છે અને બુદ્ધિપૂર્વક હોય છે. અહીં આદિ શબ્દથી વિહારની પ્રવૃત્તિ સમજવી જોઈએ.

**દિગંબર :** "મોહજન્ય માનવી પડવાથી દેશનાદિપ્રવૃત્તિ પણ ભગવાન્‌ને માની શકાશે નહીં" આવી તમે જે આપત્તિ આપી તે અમારે ઈષ્ટાપત્તિ જ છે. અર્થાત્ ભગવાન્ દેશના આપતા નથી એ વાત અમે સ્વીકારીએ જ છીએ, કારણ કે ભગવાન્‌ને ઈચ્છા હોતી નથી. ઈચ્છા જ નથી, તો ઈચ્છાજન્ય એવી પ્રવૃત્તિ પણ ન જ હોય ને ?

**શ્વેતાંબર :** ભગવાન્ જો દેશના આપતા નથી, તો તેઓની દેશના શી રીતે પ્રવર્તે છે ? અને તે પણ અમુક ચોક્કસ દેશમાં જ... અને ચોક્કસકાળમાં જ... આવી ચોકસાઈ શી રીતે આવે છે ?

**દિગંબર :** જિનનામકર્મના ઉદયથી પરહિતકરણાદિ સ્વભાવ જે થયો હોય છે એનાથી જ ચોક્કસ દેશ-કાળવાળી દેશના ભગવાન્ આપે છે. (સામાન્યકેવળી માટે જિનનામ કર્મના સ્થાને અન્ય એવું કોઈ નામકર્મ લઈ શકાય.)

**શ્વેતાંબર :** જીવપ્રયત્ન વિના જ સ્વભાવથી કેવલીભગવંતની દેશના પ્રવૃત્તિ જો માનવાની હોય તો એ રીતે જ સ્વભાવથી જ ભોજન પ્રવૃત્તિ પણ માની જ શકાય છે ને !

**દિગંબર :** જ્યારે કોઈપણ જીવ ભોજન કરે છે ત્યારે મુખમાં કવલપ્રક્ષેપ કરવો, કોળિયાને ચાવવો, ગળેથી ઉતારવો આવો બધો એ જીવનો પ્રયત્ન પ્રત્યક્ષ જ દેખાય છે. એટલે જીવપ્રયત્ન વિના જ ભોજન માનવામાં દૃષ્ટબાધા હોવાથી એ માની શકાતું નથી.

**શ્વેતાંબર :** આ વાત તો દેશનાદિ પ્રવૃત્તિમાં પણ સમાન જ છે. કોઈ પણ ઉપદેશક જ્યારે દેશના આપે છે ત્યારે તાળું-ઓષ્ઠ વગેરેના વ્યાપારનો એનો પ્રયત્ન પ્રત્યક્ષ જ દેખાય છે. તેથી જીવનપ્રયત્ન વિના જ દેશના માનવામાં દૃષ્ટબાધા સમાન રીતે હોવાથી એ પણ શી રીતે માની શકાશે ?

**દિગંબર :** જેમાં કવલપ્રક્ષેપાદિ કે તાલ્વૌષ્ઠાદિસંલગ્ન કોઈપણ જીવ-વ્યાપાર સંકળાયેલો હોય એવી તો કોઈપણ ચેષ્ટાપ્રવૃત્તિ પ્રયત્નજન્ય જ હોય છે, પ્રયત્ન વિના આવી કોઈપણ ચેષ્ટા થઈ જ શકતી નથી... આવું તો અમે પણ માનીએ જ છીએ. પણ પ્રભુની દેશના તો પ્રભુના તાલ્વાદિસંલગ્ન કોઈપણ પ્રકારના વ્યાપાર વિના જ ધ્વનિમયી પ્રવર્તે છે. એટલે કે ન...મો...અ...રિ...હં...તા... ણં... આવા કોઈપણ પ્રકારના અક્ષરો એમાં હોતા જ નથી. માત્ર અવાજ જ હોય છે. જે દેશના અક્ષરમયી હોય છે. (જે આપણે છદ્મસ્થ ઉપદેશકોની સાંભળીએ છીએ) તેમાં જ વક્તાના પ્રયત્નનું જન્યત્વ હોવાથી ઇચ્છાજન્યત્વાદિનો નિયમ મનાયેલો છે. એટલે અક્ષરમયી દેશના અને ભોજનાદિ પ્રયત્નજન્ય-ઇચ્છાજન્ય હોવા છતાં ધ્વનિમયીદેશના કે જે પ્રભુના મસ્તકમાંથી નીકળે છે તે પ્રયત્નજન્ય કે ઇચ્છાજન્ય ન હોવાથી સમાનતા નથી.

રત્નકરંડકશ્રાવકાચાર નામના ગ્રંથમાં શ્રી સમંતભદ્રાચાર્યે કહ્યું છે કે - ભગવાન્ ઇચ્છા વગર જ સજ્જનોના હિત ને પરોપકાર માટે ઉપદેશે છે. સંગીતજ્ઞના હસ્તસ્પર્શથી અવાજ કરતાં ઢોલને, પ્રયત્ન કે ઇચ્છાની કોઈ અપેક્ષા હોતી નથી.

**શ્વેતાંબર :** ઢોલમાંથી ધ્વનિરૂપે નીકળતા અવાજથી શ્રોતાને કશો બોધ થતો નથી, એમ પ્રભુની દેશનાથી પણ, તે અક્ષરમય ન હોવાથી શ્રોતાને કશો બોધ થશે નહીં.

( **દિગંબર :** પ્રભુના વચનાતિશયના પ્રભાવે અર્ધમાગધી ભાષાના શબ્દો શ્રોતાને પોતપોતાની ભાષામાં પરિણમે છે એવું તમે માનો છો... તો અમે એમ માનીએ છીએ કે વચનાતિશયના પ્રભાવે ધ્વનિમય દેશના પોતપોતાની ભાષાના શબ્દોરૂપે પરિણમે છે અને બોધ કરાવે છે.)

**શ્વેતાંબર :** અર્ધમાગધીભાષાના શબ્દો હોય કે શ્રોતાની ગુજરાતી વગેરે ભાષાના શબ્દો હોય... શબ્દ તરીકે બધા સજાતીય છે. આ સજાતીયતાના કારણે શબ્દ, અન્ય શબ્દરૂપે પરિણમે એવી કલ્પના કરવી ઉચિત છે. પણ ધ્વનિમાં આવી સજાતીયતા નથી. અને તેથી, 'ઘડો શબ્દરૂપે પરિણમે છે' આવી કલ્પના કરવી જેમ અત્યંત અનુચિત છે એમ 'ધ્વનિ શબ્દરૂપે પરિણમે છે' એવી કલ્પના પણ અત્યંત અનુચિત છે.

( **દિગંબર :** અર્ધમાગધીભાષાના શબ્દોમાંથી અર્ધમાગધી ભાષાપણું વિસર્જન કરી ગુજરાતી ભાષાપણું ઊભું કરવું... આ પ્રક્રિયામાં વિસર્જન અને સર્જન એમ બે અંશો છે. જ્યારે ધ્વનિમાં ગુજરાતીભાષાપણું ઊભું કરવામાં માત્ર સર્જનની એક જ પ્રક્રિયા છે. એટલે ધ્વનિ શ્રોતાની ભાષારૂપે પરિણમે છે એવી કલ્પના જ વધારે ન્યાયોચિત છે.)

**શ્વેતાંબર :** અયોગીપણું તો ૧૪મે ગુણઠાણે છે. એટલે ૧૩મા ગુણઠાણે સયોગીઅવસ્થામાં મન, વચન અને કાયા... ત્રણેના યોગ વિદ્યમાન છે. એમાં વચનયોગ તરીકે મુખ્યતયા ધર્મદેશના જ હોય છે. એટલે દેશના ભલેને ધ્વનિમયી હોય, તો પણ એમાં પુરુષના પ્રયત્નનું અનુસરણ માનવું આવશ્યક છે જ. જીવના વચનવ્યાપાર વિના તો વચનયોગ સંભવી ન જ શકે ને ! વળી જીવનો-પુરુષનો કશો જ વ્યાપાર ન હોય તો તો એ અપૌરુષેય બની જાય. અને તેથી વેદને અપૌરુષેય માનનાર મીમાંસકને જીતવો દુર્જય બની જશે. આશય એ છે કે 'આગમ આપ્તપુરુષે કહેલું હોવાથી જ પ્રમાણભૂત હોય છે. એટલે તમે જો આગમને અપૌરુષેય માનશો તો એ પ્રમાણભૂત જ નહીં રહે' આવી દલીલ આપીને એ અપૌરુષેયવાદીને પરાજિત કરાતો હોય છે. પણ હવે ભગવાન્‌ના વચનોને જો અપૌરુષેય માનવાના હોય તો આ દલીલ કરી ન શકાવાથી એ વાદી દુર્જય બની જશે એ સ્પષ્ટ છે. માટે દેશનાને ધ્વનિમય માનવી વગેરે વાતો વજુદ વિનાની છે.

દિગંબરે 'કેવલીભગવંતોને કવલાહાર હોય નહીં' આવા સ્વમતની પુષ્ટિ માટે આપેલી પાંચમી, છઠ્ઠી અને સાતમી દલીલનું ગ્રંથકારે કરેલું નિરાકરણ આ લેખમાં આપણે વિચાર્યું. સાતમી દલીલ અંગે હજુ થોડી વિચારણા બાકી છે જે આપણે આગામી લેખના પ્રારંભે જોઈશું.

❖ ❖ ❖

# લેખાંક ૧૫૩

કેવલિભુક્તિવ્યવસ્થાપન-દ્વાત્રિંશિકામાં (૩૦મી બત્રીશીમાં) ગ્રંથકાર, ભવસ્થકેવલીઓને કવલાહાર હોય છે. આ કવલાહાર પરદ્રવ્યપ્રવૃત્તિરૂપ હોવા છતાં મોહજન્ય કે રાગજન્ય હોતો નથી. એટલે એનાથી પ્રભુની વીતરાગતા કે સર્વજ્ઞતાને કોઈ બાધા પહોંચતી ન હોવાથી એ દોષરૂપ નથી. આવી શ્વેતાંબરમત માન્યતાને ગ્રંથકાર પ્રસ્તુત બત્રીશીમાં પ્રસ્થાપિત કરવા માગે છે. પણ દિગંબરમત કેવલીભગવંતોને કવલાહાર માનતો નથી. પોતાની આ માન્યતાના સમર્થનમાં દિગંબરે પંદર દલીલો આપી છે જેનું ગ્રંથકાર નિરાકરણ કરી રહ્યા છે. એમાં, સાતમી દલીલનું થોડું નિરાકરણ ગયા લેખમાં આપણે જોયેલું. એનું શેષ નિરાકરણ અને પછીની દલીલોનું નિરાકરણ હવે વિચારીએ.

**દિગંબર :** અમે મિત્રભાવે પૂછીએ છીએ કે બુદ્ધિપૂર્વકની તો દરેક પ્રવૃત્તિ પ્રત્યે ઇચ્છા કારણ હોય છે. ઇચ્છા રાગરૂપ હોવાથી વીતરાગ એવા કેવલીભગવંતને હોતી નથી. એટલે ઇચ્છાત્મક કારણ જ નથી તો આહારાદિની પ્રવૃત્તિરૂપ કે દેશનાદિની પ્રવૃત્તિરૂપ કાર્ય સંભવે જ શી રીતે ?

**શ્વેતાંબર :** 'આનાથી મારું ઇષ્ટ થશે' આવી બુદ્ધિ એ ઇષ્ટસાધનતાધી છે. આવી બુદ્ધિ થાય તો જીવ પ્રવૃત્તિ કરે છે. આ બુદ્ધિપૂર્વક થયેલી પ્રવૃત્તિ છે. 'આ ઘટ છે' વગેરે બુદ્ધિ થવામાત્રથી કોઈ પ્રવૃત્તિ કરતું નથી. એટલે કે એવી બુદ્ધિ તો અતિપ્રસક્ત છે. માટે એ અહીં લેવાની નથી. અહીં તો ઇષ્ટસાધનતાબુદ્ધિ જ લેવાની છે. આવી બુદ્ધિપૂર્વક થયેલી પ્રવૃત્તિ એ ઇચ્છાજન્ય (= રાગજન્ય) હોવાથી વીતરાગને હોતી નથી. એ વાત બરાબર છે. પણ બધી જ

પ્રવૃત્તિઓ બુદ્ધિપૂર્વકની જ હોય ને તેથી ઈચ્છાજન્ય જ હોય એવો કોઈ નિયમ નથી. કારણ કે જીવનયોનિભૂત (= જીવનને ટકાવી રાખનાર શ્વાસોશ્વાસ, રક્તપરિભ્રમણ વગેરે) પ્રવૃત્તિઓ વગર બુદ્ધિએ અને વગર ઈચ્છાએ નિદ્રાદિકાળે પણ ચાલ્યા જ કરે છે. માટે આ પ્રવૃત્તિઓ અબુદ્ધિપૂર્વકની હોય છે. અને યોગજન્ય હોય છે. એટલે જેમ, મૃત્પિંડથી ઘડો થાય છે એ વાત નિશ્ચિત છે, પણ એ નીલઘટ જ હોય એવો કાંઈ નિયમ નથી. એ તો નીલ હોય પણ, ને ન હોય પણ. તેથી પિંડાત્મક કારણજન્ય માત્ર ઘટ કહેવાય છે, નીલઘટ નહીં. એટલે કે પિંડત્વાવચ્છિન્નકારણતાનિરૂપિત કાર્યતાનો અવચ્છેદક 'ઘટત્વ' છે, નીલઘટત્વ નથી.

એમ, યોગત્વાવચ્છિન્ન કારણતાનિરૂપિત કાર્યતાના અવચ્છેદક તરીકે પ્રવૃત્તિત્વ જ સિદ્ધ થાય છે, બુદ્ધિપૂર્વકત્વથી કે ઈચ્છા (રાગ) પૂર્વકત્વથી વિશિષ્ટ પ્રવૃત્તિત્વ નહીં (અર્થાત્ પ્રવૃત્તિરૂપે જ પ્રવૃત્તિ કાર્ય છે, બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિરૂપે કે ઈચ્છાપૂર્વક પ્રવૃત્તિરૂપે નહીં.) એટલે અબુદ્ધિપૂર્વકની શ્વાસોશ્વાસાદિ પ્રવૃત્તિ જેમ મનુષ્યઆયુષ્યકર્મ વગેરે રૂપ ભવોપગ્રાહી કર્મના પ્રભાવે થાય છે એમ કવલાહાર, દેશના વગેરે પ્રવૃત્તિઓ પણ બુદ્ધિપૂર્વકની ન હોવા છતાં ભવોપગ્રાહી કર્મના પ્રભાવે થવામાં કોઈ વાંધો નથી.

**દિગંબર :** યોગાત્મક કારણના પ્રભાવે કાર્યમાં જો માત્ર 'પ્રવૃત્તિત્વ' ધર્મ જ આવે છે તો એમાં 'બુદ્ધિપૂર્વકત્વ' - 'ઈચ્છાજન્યત્વ (ઈચ્છાપૂર્વકત્વ)' વગેરે ધર્મો કઈ રીતે આવશે ?

**શ્વેતાંબર :** આ બધા ધર્મો અર્થસમાજસિદ્ધ છે. આશય એ છે કે જેમ પિંડાત્મક કારણના પ્રભાવે તો કાર્યમાં માત્ર 'ઘટત્વ' ધર્મ જ આવે છે. નીલવર્ણ કે પીતવર્ણ... સુરભિગંધ કે દુરભિગંધ... વગેરે ધર્મ તો પિંડાદિ કારણસામગ્રીની સાથે રહેલા નીલવર્ણ વગેરે રૂપ

પરિબળો (=અર્થસમાજ)ના પ્રભાવે આવે છે, એટલે કે અર્થસમાજ સિદ્ધ છે.

**શંકા** – નીલપિંડત્વાવચ્છિન્નકારણતાનિરૂપિત કાર્યતાના અવચ્છેદક તરીતે નીલઘટત્વ (=નીલત્વવિશિષ્ટઘટત્વ) માની લઈએ તો ? એટલે કે નીલપિંડાત્મક કારણના પ્રભાવે કાર્યમાં નીલત્વ અને ઘટત્વ ધર્મો આવે છે એમ માની લઈએ તો ?

**સમાધાન** – આ રીતે તો પીતપિંડના પ્રભાવે પીતઘટત્વ વગેરે પણ માનવું પડવાથી અનેક કાર્ય-કારણભાવ માનવાનું ગૌરવ થાય છે. એ ટાળવા માટે કાર્યકારણભાવ તો પિંડ અને ઘટ વચ્ચે જ માનવામાં આવે છે. (અર્થાત્ કાર્યતાવચ્છેદક 'ઘટત્વ' જ મનાય છે. નીલત્વ વિશિષ્ટ ઘટત્વ નહીં.) નીલત્વ તો અર્થસમાજસિદ્ધ મનાય છે. અર્થસમાજસિદ્ધ ધર્મને કાર્યતાનો અવચ્છેદક મનાતો નથી.

પ્રસ્તુતમાં, પ્રવૃત્તિરૂપે કોઈપણ પ્રવૃત્તિ યોગજન્ય હોય છે. એટલે કે પ્રવૃત્તિત્વ એ કાર્યતાવચ્છેદક છે. 'બુદ્ધિપૂર્વકત્વ' વગેરે ધર્મો તો અર્થસમાજસિદ્ધ છે. એ કાર્યતાવચ્છેદક ન હોવાથી દરેક પ્રવૃત્તિમાં હોય જ એવો નિયમ ન રહેવાથી કેવલીની ભોજનાદિ કે દેશનાદિ પ્રવૃત્તિ એ વિના થઈ શકવામાં પણ કશો વાંધો નથી. અમે (=ગ્રંથકારશ્રીએ) અધ્યાત્મમતપરીક્ષાગ્રંથમાં કહ્યું જ છે કે 'પરદ્રવ્ય અંગેની પ્રવૃત્તિ મોહથી થયેલી કે મોહને ઉત્પન્ન કરનારી હોતી નથી. પ્રવૃત્તિ તો યોગથી જ થાય છે. (ભૌતિક) ફળની આકાંક્ષા રાગ-દ્વેષ (=મોહ)જન્ય હોય છે. આ બાબતનો વિશેષ વિસ્તાર 'સ્યાદ્વાદકલ્પલતા' વગેરે ગ્રંથમાં છે.

**શંકા** – જો ઇચ્છા-બુદ્ધિ કશું જ ન હોય, ને માત્ર યોગથી કેવલીની પ્રવૃત્તિ થાય છે... તો તો એ આડેધડ ગમે તે પણ થવી જોઈએ.

**સમાધાન** – આ તો બુદ્ધિપૂર્વક જે પ્રવૃત્તિ હોય તે રાગજન્ય જ હોય એવો દિગંબરનો આગ્રહ હોવાથી આ પ્રમાણે કહ્યું છે. બાકી કેવલીભગવંતો, પોતાના યથાખ્યાત ચારિત્રને અનુરૂપ જે ઔચિત્ય... આ ઔચિત્યપૂર્વક દેશનાદિ પ્રવૃત્તિ કરતા હોય છે. આ ઔચિત્ય પાલનમાં રાગનો સૂક્ષ્મતમ પણ અંશ હોતો નથી.

(૮) **દિગંબર :** ભોજનથી = કવલાહારથી શાતાવેદનીય કર્મની ઉદીરણા થઈ જશે, કારણ કે ભોજનપ્રવૃત્તિથી શાતા ઉત્પન્ન થાય છે.

**શ્વેતાંબર :** આ રીતે તો દેશનાથી અશાતાવેદનીયની ઉદીરણા થાય છે એવું પણ તમારે માનવું પડશે, કારણ કે તેનાથી પણ = દેશનાથી પણ પરિશ્રમાત્મક દુઃખ સંભવે છે.

**દિગંબર :** પણ ધ્વનિમય દેશના આપવામાં કેવલીભગવંતનો કોઈ વ્યાપાર = પ્રયત્ન હોતો જ નથી, તો પરિશ્રમ કેવી રીતે લાગે ?

**શ્વેતાંબર :** કેવલીભગવંતની દેશના અક્ષરમય હોય છે, ને એ પ્રયત્નજન્ય જ હોય છે એ વાત અમે પૂર્વે સ્થાપિત કરી જ દીધી છે.

વળી, દરેક કરણો તે તે ચોક્કસ પ્રકારના વીર્યસ્વરૂપ છે. એટલે ઉદીરણાકરણ પણ એવું હોવાથી વીર્યવિશેષસ્વરૂપ છે. આ વીર્યવિશેષ એ આંતરશક્તિરૂપ હોવાથી સ્વયં અવ્યક્ત છે... પણ બાહ્યપ્રમાદથી એ વ્યક્ત થાય છે. એટલે કે એ પ્રમાદ વ્યંગ્ય છે. તેના આ સ્વરૂપને તું જાણતો નથી. અને માત્ર બાહ્યયોગવ્યાપારને જોઈને ખેદ પામે છે. એટલે કે યોગજન્ય બાહ્યપ્રવૃત્તિ હોય તો ઉદીરણા થાય આવું માનીને તું હેરાન થાય છે. (કારણ કે એવું માનવામાં) અપ્રમત્તને મનોયોગથી પણ સુખની ઉદીરણા થવાની આપત્તિ આવે. અપ્રમત્તમહાત્માઓ જ્યારે આત્માના શુદ્ધસ્વરૂપનું

ચિંતન-ધ્યાન કરતા હોય છે ત્યારે સુખનો અનુભવ પણ કરતા હોય છે. તમે તો સુખનો અનુભવ હોય તો શાતાની ઉદીરણા હોય... આવું માનો છો. એટલે એ મનોયોગથી શાતાની ઉદીરણા તમારે માનવી જ પડે.

**દિગંબર :** અપ્રમત્તમુનિનું સુખ જ્ઞાનરૂપ હોય છે, તેથી એ વખતે શાતાની ઉદીરણાનો પ્રશ્ન જ રહેતો નથી.

**શ્વેતાંબર :** તો તો કેવલીભગવંત પણ અપ્રમત્ત હોવાથી સુખાન્તર = એમનું ભુક્તિજન્ય સુખ જ્ઞાનરૂપ હોવાના કારણે શાતાની ઉદીરણાનો પ્રશ્ન જ ક્યાં ? અથવા, સુખાન્તર એટલે પ્રમત્તજીવોનું સુખ. સુખ ચાહે અપ્રમત્તનું હોય કે પ્રમત્તનું... સુખરૂપે એ સમાન જ છે. તેથી અપ્રમત્તનું સુખ જો જ્ઞાનરૂપ છે તો પ્રમત્તનું સુખ પણ જ્ઞાનરૂપ જ બની જશે. અને તો પછી એને પણ શાતાવેદની ઉદીરણા નહીં માની શકાય.

**દિગંબર :** પ્રમત્તજીવોને તો 'હું સુખી છું' એવો અનુભવ હોય છે. માટે એને જ્ઞાનરૂપ ન માની શકાય.

**શ્વેતાંબર :** 'હું સુખી છું' એવો અનુભવ તો અપ્રમત્તને પણ અક્ષત જ છે. તેથી એ જ્ઞાનરૂપ નથી, પણ સુખરૂપ જ છે. પણ સુખનો અનુભવ શાતાવેદનીયની ઉદીરણાથી જ થાય, આવો નિયમ તમે જે માનો છો તે ગલત છે. શાતાવેદનીયની ઉદીરણા વિના, માત્ર ઉદયથી પણ સુખાનુભવ થઈ શકે છે. એટલે કેવલી ભગવંતને પણ શાતાવેદનીયના માત્ર ઉદયથી ભુક્તિજન્ય સુખ અને અશાતાના માત્ર ઉદયથી ક્ષુધાજન્ય દુઃખ હોવામાં કોઈ વાંધો નથી. શાતા-અશાતાની ઉદીરણા માની લેવી પડવાની આપત્તિ નથી.

(૯) **દિગંબર :** આહારકથાથી પણ અત્યંત પ્રમાદ ઉત્પન્ન થાય છે, તો સાક્ષાત્ આહાર કરવાથી તો સુતરાં પ્રમાદ થાય જ.

**શ્વેતાંબર :** આહારકથાથી પ્રમાદ થાય જ એવો એકાન્ત નથી. આહારકથાથી જો પ્રતિબંધ થાય = આહારની લાલસા થાય = આહાર કરવાની ઇચ્છાના સંસ્કારમાં (=આહારસંજ્ઞામાં) તેવા પ્રકારની પ્રવૃદ્ધિ થાય તો પ્રમાદ થાય છે, નહીં કે એ સિવાય પણ.

**દિગંબર :** આહારકથા એ ચાર પ્રકારની વિકથાઓમાંની એક વિકથા છે. વિકથા હોવા છતાં 'પ્રમાદ' નથી આવું શી રીતે બને ?-

**શ્વેતાંબર :** ૯મી કથા બત્રીશીમાં કથા, વિકથા અને અકથાનું નિરૂપણ કર્યું છે. એમાં આ પણ જણાવ્યું છે કે વક્તા કે શ્રોતાના પરિણામભેદે અકથા-વિકથાનો વિપરિણામ = વિલક્ષણ પરિણામ થાય છે જેના કારણે એ અકથા કે વિકથા 'અકથા' કે 'વિકથા' રૂપ રહેતી નથી. જેમકે ગુરુભગવંત શિષ્યને ગોચરીસંબંધી દોષોની કે ભક્ષ્યાભક્ષ્યની સમજણ આપવા માટે ભોજનસંબંધી વાતો કરે છે ત્યારે એ આહારકથા હોવા છતાં 'વિકથા' હોતી નથી ને તેથી પ્રમાદજનક હોતી નથી. અને પ્રતિબંધનો = આહારની લાલસાનો અભાવ હોવાથી, ઉત્તમ સાધુને પણ, ભોજન કરવાં છતાં પ્રમાદ થતો નથી. તો કેવલીભગવંતને પ્રમાદ થવાની વાત પણ ક્યાં ?

**દિગંબર :** બધી જ બાહ્યપ્રવૃત્તિઓ અટકી જાય પછી જ અપ્રમત્તતા આવે છે... એટલે ભોજનપ્રવૃત્તિ દરમ્યાન અપ્રમત્તતા આવી ન શકવાથી પ્રમાદ હોય જ !

**શ્વેતાંબર :** આ વાત યોગ્ય નથી. ભોજન વગેરે બાહ્ય પ્રવૃત્તિ શરૂ ભલે છઠ્ઠા પ્રમત્તગુણસ્થાનકે થઈ હોય... એ કરતાં કરતાં અનાસક્તિના પ્રભાવે જીવ સાતમા અપ્રમત્તગુણઠાણે જઈ શકે છે

અને ત્યાં સાતમા ગુણઠાણે જ એ પ્રવૃત્તિની સમાપ્તિ થાય એમાં કોઈ બાધક નથી. (કુરગડુ જેવા મહાત્માને તો ભોજન કરતાં કરતાં અપ્રમત્તતાનો એવો પ્રકર્ષ થયો છે કે ઠેઠ કેવલજ્ઞાન પામી ગયા.)

**દિગંબર :** (૧૦) ભોજનથી કેવલીને નિદ્રા આવશે.

**શ્વેતાંબર :** ભોજન વગેરે નિદ્રાના બાહ્ય કારણો છે. દર્શનાવરણીયકર્મનો ઉદય એ નિદ્રાનું અંતરંગ કારણ છે. એટલે જેમ માટીનો પિંડ હાજર ન હોય તો કારણસામગ્રી પરિપૂર્ણ ન હોવાથી દંડ હોવા છતાં ઘડો બનતો નથી. એમ પ્રસ્તુતમાં માત્ર ભોજનથી નિદ્રા આવવા રૂપ કાર્ય થઈ શકતું નથી.

**દિગંબર :** ભોજનવાનગીનો જીભને સંપર્ક થવાથી રાસન પ્રત્યક્ષાત્મક મતિજ્ઞાન માનવું પડશે.

**શ્વેતાંબર :** સમવસરણમાં પુષ્પવૃષ્ટિ થાય છે. એની પરાગરજનો નાકને સંપર્ક થવાથી તમારી દલીલ મુજબ ઘ્રાણજપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાન તમારે માનવું પડશે. એ જો નથી માનતા, તો કવલાહાર હોવા છતાં રાસનપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાન થવાની આપત્તિ ન આપી શકાય.

**દિગંબર :** કેવલીભગવંત જો ભોજનપ્રવૃત્તિ કરે તો એમને ઇરિયાવહી પ્રતિક્રમણ કરવાનો પ્રશ્ન ઊભો થાય.

**શ્વેતાંબર :** આ પ્રશ્ન તો ગમનાદિપ્રવૃત્તિથી પણ સમાન રીતે ઊભો થશે જ, કારણ કે ભોજન અને ગમનાદિ પ્રવૃત્તિ... બંનેમાં એ એકસરખી રીતે લાગુ પડે છે.

**દિગંબર :** કેવલીભગવંતની ગમનાદિ પ્રવૃત્તિ અમે માનીએ છીએ, પણ એ પ્રવૃત્તિ એમના કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના સ્વાભાવિક રીતે થાય છે. એટલે એમાં સમાનતા નથી.

**શ્વેતાંબર :** ગમનાદિ માટે પગ ઉપાડવો વગેરે પ્રત્યક્ષથી દેખાય જ છે. આ બાધક હોવાથી એમની ગતિ એમના કોઈપણ પ્રયત્ન વિના હોય છે એવી કલ્પના શી રીતે થાય ?

(૧૧) **દિગંબર :** કેવલી ભગવંત જો ભોજન કરવા બેસશે તો ધ્યાન અને તપ ખંડિત થઈ જશે.

**શ્વેતાંબર :** કેવલીભગવંત જ્યારે આયુષ્ય પૂર્ણ થવાનું હોય ત્યારે જ શરીરત્યાગ કરવા માટે માસક્ષમણાદિ જેવી તપશ્ચર્યા કરે છે. એ સિવાય તેઓને તપ હોતો જ નથી તો ભોજનથી વ્યાઘાત શાનો ?-

વળી, કેવલીભગવંતને શુક્લધ્યાનના ત્રીજા-ચોથા પાયારૂપ ધ્યાન હોય છે. પણ એ આયુષ્યના અંતિમ ભાગે યોગનિરોધકાળે અને અયોગીકાળે હોય છે. એ કાળમાં ભોજન ન હોવાથી એ ખંડિત થવાનો પ્રશ્ન રહેતો નથી. એ પૂર્વકાળમાં ભોજન હોય છે, પણ આ ધ્યાન હોતું નથી. માટે ખંડિત થવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે ભોજન હોવા છતાં ધ્યાન-તપ અક્ષત રહે છે.

**દિગંબર :** અમે આ તપ કે ધ્યાનની વાત નથી કરી રહ્યા, પણ પોતાના શુદ્ધ આત્મસ્વભાવમાં રમ્યા કરવું એ સ્વભાવસમ-વસ્થાનરૂપ ધ્યાનની અને તપની વાત કરી રહ્યા છીએ. આ તો યોગનિરોધાદિની પૂર્વે પણ હોય જ છે ને ? ભોજનકાળે પરદ્રવ્યપ્રવૃત્તિ હોવાથી સ્વભાવમાં સમવસ્થાનરૂપ તપ અને ધ્યાનની હાનિ થાય જ ને !

**શ્વેતાંબર :** કેવલીભગવંતની ગમનાદિપ્રવૃત્તિ તમે પણ માની છે. એમાં પણ પગ ઉપાડવા વગેરે રૂપ પરદ્રવ્યપ્રવૃત્તિ હોય જ છે. પણ અનાસંગભાવના કારણે એનાથી જેમ સ્વભાવસમવસ્થાનરૂપ તપ અને ધ્યાનનો કોઈ વ્યાઘાત થતો નથી એમ ભોજન પ્રવૃત્તિથી પણ ધ્યાનનો વ્યાઘાત થતો નથી.

આમ સ્વમતની પુષ્ટિ માટે દિગંબરે આપેલ સાતમી દલીલનું અવશિષ્ટ નિરાકરણ, તેમજ આઠમી, નવમી, દશમી અને અગ્યારમી દલીલનું નિરાકરણ આપણે આ લેખમાં જોયું. હવે, આગામી લેખમાં બાકીની બારમીથી પંદરમી દલીલનું નિરાકારણ વિચારીને 'કેવલીને કવલાહાર હોવામાં કોઈ બાધક નથી' એવો તત્ત્વનિર્ણય આપણે કરીશું અને પ્રસ્તુત બત્રીશીનું વિવરણ પૂર્ણ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૪

કેવલીભગવંતોને કવલાહાર = ભોજન હોય નહીં, આવા સ્વમતની પુષ્ટિ માટે દિગંબરોએ જે ૧૫ દલીલો આપી છે એમાંની પ્રથમ ૧૧ દલીલો અને એના નિરાકરણ આપણે વિચારી ગયા છીએ. હવે બાકીની ચાર દલીલો અને એના નિરાકરણ આ લેખમાં વિચારીને આપણે પ્રસ્તુત ત્રીશમી બત્રીશીની વિચારણા પૂરી કરીશું.

**દિગંબર** (૧૨) : કેવલીભગવંતોને પરમૌદારિકશરીર હોય છે જે વગર ભોજને પણ ટકી શકે છે. પછી ભોજન માનવાની શી જરૂર ?

**શ્વેતાંબર :** તમે આ જે પરમૌદારિકશરીર કહો છો તે શાસ્ત્રોમાં કહેલ ઔદારિક વગેરે પાંચ શરીરોથી ભિન્ન છે કે અભિન્ન ?

**દિગંબર :** ભિન્ન છે.

**શ્વેતાંબર :** તો એ માનવામાં પ્રમાણ શું છે ? આપણે પાંચ

શરીરો જે માનીએ છીએ તે તો આગમપ્રમાણથી (શાસ્ત્રોમાં કહ્યા હોવાથી) માનીએ છીએ. પણ પરમૌદારિકશરીર તો શાસ્ત્રમાં કહ્યું નથી. માટે એ માનવામાં કોઈ પ્રમાણ નથી.

**દિગંબર :** તો પછી એને ઔદારિકશરીરથી અભિન્ન માનીશું.

**શ્વેતાંબર :** એટલે કે ભલે ચઢિયાતારૂપ વગેરે વાળું એ હોય, પણ છે તો ઔદારિક જ. અને તો પછી ભોજન વિના એ ટકી શકે નહીં. કારણ કે ઔદારિકશરીરની લાંબી સ્થિતિ ભોજનથી પ્રયોજ્ય હોવાનો નિયમ છે.

**દિગંબર :** શરીરના ઉપાદાનકારણરૂપ પુદ્‌ગલો જો પુષ્ટ હોય તો એ દીર્ઘકાળ ટકવાનું જ છે ને ! પછી ભોજનની શી જરૂર ?

**શ્વેતાંબર :** શરીરપુદ્‌ગલો એ એક ચોક્કસ પ્રકારના પુદ્‌ગલો (પુદ્‌ગલ વિશેષ) છે. આ ચોક્કસ પ્રકારના પુદ્‌ગલોની પુષ્ટિ કરવી રૂપે જ તો ભોજન ઉપયોગી છે. એનાથી પુષ્ટ થયેલા પુદ્‌ગલો શરીરને ટકાવી રાખે છે. માટે જ અહીં શરીરની સ્થિતિને ભોજનજન્ય ન કહેતાં ભોજનપ્રયોજ્ય કહેલ છે. વનસ્પતિ વગેરેને સામાન્યથી કવલભોજન ન હોવા છતાં ધરતીમાંથી મળી રહેલા જળ વગેરેનું ગ્રહણ કરવા દ્વારા જ ચિરકાલીન જાળવણી થાય છે. છતાં, શરીરવિશેષ = માનવશરીર ટકવામાં વિચિત્ર પુદ્‌ગલોનું ગ્રહણ (= કવલાહાર) પણ કારણ હોવાથી તેના વિના કેવલીભગવંતનું શરીર ટકવું કોઈ રીતે સંભવતું નથી. લોમાહારથી પણ શરીરમાં પુદ્‌ગલઉપચય થાય છે. પણ શરીરને દીર્ઘકાળ ટકાવી રાખવા માટે એ પર્યાપ્ત હોતો નથી. એવો પર્યાપ્ત ઉપચય તો કવલાહારથી જ શક્ય બને છે.

**દિગંબર :** 'માનવશરીર કવલાહાર વિના ટકે નહીં' આવા

નિયમમાં એક વિશેષણ જરૂરી છે. 'માનવશરીર' નહીં, પણ 'પરમૌદારિકભિન્ન એવું માનવશરીર કવલાહાર વિના લાંબું ટકી શકતું નથી,' આવો નિયમ છે તેથી કેવલીને કવલાહારની કોઈ જરૂર નથી.

**શ્વેતાંબર :** ઔદારિકથી ભિન્ન એવા પરમૌદારિકશરીરમાં કોઈ પ્રમાણ નથી એ આપણે જોઈ ગયા છીએ. ઔદારિકથી અભિન્ન એવું પરમૌદારિક લેવામાં તો 'પરમૌદારિકભિન્ન...' એવું વિશેષણ 'ઔદારિકભિન્ન' એવા અર્થવાળું હોવાથી અસંગત બની જાય છે. એટલે, જે કૈવલ્યકાલીન ન હોય એવું શરીર તે પરમૌદારિકભિન્ન શરીર એવું માનવાનું રહે. એટલે કે આ વિશેષણ 'છદ્મસ્થશરીર' એવા અર્થમાં ફલિત થાય છે. પણ, કવલાહાર વિના લાંબું ન ટકવાના નિયમમાં આવું વિશેષણ જોડવા માટે પ્રમાણ ન હોવાથી એ અપ્રામાણિક છે.

આશય એ છે કે કેવલજ્ઞાન પામી જવાથી શરીરના ધર્મો જેવા કે સંસ્થાન, શ્યામાદિવર્ણ, અવગાહન, વગેરે બદલાઈ જતા નથી, માત્ર છદ્મસ્થશરીરમાં ભોજનથી ટકવાપણાંનો જે ધર્મ છે, તે જ બદલાઈ જાય છે આવી, શાસ્ત્રોમાં ક્યાંય નહીં કહેલી કલ્પના, પોતાના કદાગ્રહને સાબિત કરવાના પ્રયાસથી અધિક કાંઈ નથી. માટે એ કરી શકાતી નથી. તેથી કવલાહાર દ્વારા દીર્ઘકાળ ટકવાના નિયમમાં છદ્મસ્થકાલીનત્વ એવું શરીરનું વિશેષણ અપ્રામાણિક છે. માટે એ અમાન્ય છે. એટલે કેવલીભગવંતનું ઔદારિકશરીર પણ કવલાહાર વિના લાંબો કાળ ટકી શકતું ન હોવાથી કવલાહાર માનવો જરૂરી છે.

**શ્વેતાંબર :** માત્ર આયુષ્યકર્મના પ્રભાવે કોઈ લાંબું જીવી શકતું નથી. લાંબું જીવવા માટે સાથે સાથે આવશ્યક ભોજન વગેરે

પણ જોઈએ છે. એટલે જણાય છે કે શરીરને ટકાવી રાખનાર કર્મ ભોજનાદિ ફળનું સંપાદન કરી આપનાર જાગતા વિપાકવાળા કર્મ સાથે જોડાયેલ છે આવું દેખાય છે. એટલે અમારો તમને પ્રશ્ન છે કે ભોજનસંપાદક આ કર્મનો કેવલીમાં અભાવ હોય છે કે સદ્ભાવ? જો સદ્ભાવ કહેશો તો તો એ કર્મ જ કેવલીને ભોજન કરાવવા દ્વારા ચરિતાર્થ થવાનું હોવાથી કેવલીને કવલાહાર માનવો જ પડશે. એટલે જો અભાવ માનશો તો એનો અર્થ થશે કે કેવલીનું શરીર પણ લાંબું ટકી શકે નહીં. પણ એ ટકે તો છે. માટે દૃષ્ટ બાધા. અથવા બીજી રીતે વિચારીએ - ભોજનાદિમાં 'આદિ' શબ્દથી શ્વાસોશ્વાસ લેવાના છે. કેવલીને એનો નિષેધ તો તમે પણ કરતા નથી. પણ કેવલીને વિવક્ષિત કર્મના ઉદયનો નિષેધ કરવામાં તો એનાથી સંપાદ્ય શ્વાસોશ્વાસનો પણ નિષેધ થઈ જવાથી તમારે દૃષ્ટબાધા આપવી સ્પષ્ટ જ છે. અથવા અહીં **'સંબંધે'** શબ્દ જે છે એનો અર્થ વ્યાપ્તિ (વ્યાપ્ય-વ્યાપકભાવ) સંબંધથી જોડાયેલ એવો લઈએ તો આવો અર્થ મળે કે જ્યાં જ્યાં શરીરને ટકાવી રાખનાર કર્મ હોય ત્યાં ત્યાં ભોજનાદિનું સંપાદક કર્મ હોય. એટલે ભોજનાદિના સંપાદક કર્મનો અભાવ એ વ્યાપકાભાવ રૂપ બનવાથી કેવલીમાં શરીરને ટકાવી રાખનાર કર્મના અભાવને પણ સિદ્ધ કરી જ દે, જેમાં દૃષ્ટબાધા સ્પષ્ટ છે, કારણ કે કેવલીનું શરીર લાંબું ટકે જ છે.

તેથી કેવલીમાં ભોજનસંપાદકકર્મનો અભાવ માનવામાં, 'શરીરસ્થાપક અદૃષ્ટ હોય ત્યાં ભોજન-સંપાદકઅદૃષ્ટ પણ હોય જ' એવી દૃષ્ટ હકીકતની બાધા સ્પષ્ટ રીતે રાક્ષસી જેવી ઊભી થાય જ છે અને તેથી આ રાક્ષસીના ભયથી પણ વગર કવલાહારે શરીર ટકવાની કલ્પના કરવી તમારા માટે હિતાવહ નથી.

( **દિગંબર :** કેવલીભગવંતને ભોજનાદિકર્મ એકદમ મંદ થઈ

ગયું હોય છે. એટલે એ ભોજનાદિ પ્રવૃત્તિનું સંપાદક બની શકતું નથી.)

**શ્વેતાંબર :** 'હું વીતરાગ છું, રાગ-દ્વેષ મને સ્પર્શી શકે નહીં... પુદ્ગલ પરિવર્તનશીલ છે... ઘડીમાં ઇષ્ટ, ઘડીમાં અનિષ્ટ... એમાં શું રાગ-દ્વેષ કરવા ?' આ રાગાદિને પ્રતિકૂળ-રાગાદિની વિરોધી ભાવના છે. એનાથી રાગાદિ ઘસાતા જાય છે. રાગાદિનો આ ઘસારો થવાથી જીવની પરિણતિ નિર્મળ થાય છે જેના પ્રભાવે રાગાદિજનક કર્મોનો પાવર તૂટવાથી એ કર્મો મંદ થાય છે-ક્ષીણ થાય છે. પણ આ રીતે, 'હું અણાહારી છું... ભોજન એ મારો સ્વભાવ નથી...' વગેરે રૂપ અભોજનભાવનાથી ભોજન ઓછું થતું જાય અને તેથી ભોજનસંપાદક કર્મો ક્ષીણ થતા જાય એવું બનતું નથી. કારણ કે આવી ભાવનાથી ભૂખ દૂર થતી નથી. એટલે કે ભૂખ નિવર્ત્ય નથી = દૂર થવા યોગ્ય નથી.

**દિગંબર :** અભોજનભાવનાની તરતમતાને અનુસરીને ક્ષુધાનાં ઘટાડાની તરતમતા પણ જોવા મળે જ છે.

**શ્વેતાંબર :** ના, અભોજનભાવનાથી માત્ર ભોજનવિષયક લાલસા જ ઘટે છે, ભોજન કે ભૂખ નહીં. જેમકે 'હું અશરીરી છું... શરીર જડ છે, હું ચેતન છું...' વગેરે અશરીરભાવનાથી શરીર પ્રત્યેની મમતા જ ઘટે છે, શરીર નહીં. નહીંતર તો (તમારી માન્યતા મુજબ) અત્યંત ઉત્કૃષ્ટ રીતે અભોજનભાવનાથી ભાવિત થનારની જો ભોજનથી નિવૃત્તિ થઈ જતી હોય તો એ રીતે અત્યંત ઉત્કૃષ્ટ રીતે અશરીરભાવનાથી ભાવિત થનારની શરીરથી નિવૃત્તિ પણ થઈ જવી જોઈએ જે તમારી માન્યતામાં બહુ મોટું સંકટ છે.

**દિગંબર :** અભોજનભાવનાથી ભોજનની લાલસા દૂર થાય

છે. આ લાલસા રૂપ મોહ જ, ભોજનનું સંપાદન થવામાં મુખ્યસામગ્રી રૂપ હોય છે. એટલે એ સામગ્રી વિના ભોજનાદિઅદષ્ટ ભોજનના સંપાદનરૂપ સ્વકાર્ય કરવામાં સમર્થ રહેતું નથી. આ જ એની મંદતા છે. અશરીરભાવનાથી શરીરની મૂર્ચ્છા તૂટે છે. આ મૂર્ચ્છારૂપ મોહ જ શરીરની આળ-પંપાળ વગેરે રૂપ બાહ્ય યોગક્રિયામાં મુખ્ય સામગ્રીરૂપ હોય છે. એટલે એના વિના શરીરસ્થાપક અદષ્ટ આવી બાહ્યયોગક્રિયા કરાવી શકતું ન હોવાથી એ બાહ્ય યોગક્રિયા રુંધાઈ જ જાય છે. પણ શરીર તો આ વિપરીત ભાવના કરતાં પણ પહેલાં જ બની ગયું હોવાથી બાધા પમાડી શકતું નથી. એટલે કે શરીરની નિવૃત્તિ થતી નથી. માટે તમે જણાવેલ કોઈ સંકટ અમને આવતું નથી.

**શ્વેતાંબર :** આવી દલીલ યોગ્ય નથી. વિપરીત ભાવનાથી જેમ રાગાદિ નિવર્ત્ય છે તો પ્રકૃષ્ટયોગવાળા પરમાત્મામાંથી રાગાદિ જનક અદષ્ટ નિર્મૂળ નાશ પામી જાય છે, એમ વિપરીત ભાવનાથી જો ભોજનાદિ નિવર્ત્ય હોય તો પ્રકૃષ્ટયોગસાધનાવાળા પરમાત્મામાંથી ભોજનાદિ સંપાદક અદષ્ટ પણ નિર્મૂળ નાશ પામી જવું જોઈએ. (પણ, માત્ર મંદ બની જાય એવું ન થવું જોઈએ.) કારણ કે બંને અદષ્ટમાં કોઈ ફરક નથી.

**દિગંબર :** રાગાદિજનક અદષ્ટ ઘાતી છે, ભોજનાદિજનક અદષ્ટ ઘાતી છે. આ ફરક છે જ ને ! તેથી પ્રથમ અદષ્ટ નિર્મૂળ નાશ પામવા છતાં, બીજું નાશ પામતું નથી.

**શ્વેતાંબર :** અઘાતીકર્મો તો ભવોપગ્રાહી છે, તેથી પોતાનો વિપાક દર્શાવ્યા વિના નિવૃત્ત થઈ શકતા નથી, જેમકે આયુષ્ય કર્મ. એટલે ભોજનકર્મ પણ ભોજન કરાવ્યા વિના દૂર થઈ શકતું નથી. માટે આ બધી વાત કસ વિનાની છે.

**દિગંબર :** માણસ ખાવામાં વિવેક ન રાખે તો પરિણામે જઠરાગ્નિ મંદ પડી જાય છે. પછી ભોજન પણ બહુ અલ્પ લેવાય છે જે સૂચવે છે કે ભોજનસંપાક અદૃષ્ટ મંદ પડી ગયું છે.

**શ્વેતાંબર :** આ મંદત્વ ચિરકાળ માટે = આજીવન લાખો પૂર્વકાળ માટે ભોજનનો વિચ્છેદ કરે છે કે અમુક ચોક્કસ કાળ માટે ? પ્રથમ વિકલ્પ સંભવતો નથી. કારણ કે અવિવેકાદિરૂપ દોષ, નિર્દોષ એવા ભગવાનમાં સંભવતા નથી. ઉચિતભોજન કર્યું એનાથી જઠરાગ્નિ અમુક કાળ માટે શાંત થઈ ગયો... અને તેથી એટલા કાળ માટે ભોજનનો અભાવ રહેશે, આવો બીજો વિકલ્પ જો માનવાનો હોય તો એ અમુક કાળ પછી જઠરાગ્નિ પ્રદીપ્ત થશે, ભૂખ લાગશે ને કેવલીભગવાન્ પણ ભોજન કરશે જ. એટલે આવું મંદત્વ તો કાળાન્તરે ભોજનને ખેંચી લાવનાર જ છે.

**દિગંબર (૧૩) :** ભગવાન્ ભોજનકાળ દરમ્યાન ઉપદેશ આપી ન શકવાથી એટલો પરોપકાર ઓછો થશે.

**શ્વેતાંબર :** કેવલીભગવાન્ સવાર, બપોર, સાંજ... એમ દરેક વખતે કોઈ ભોજન કરતા નથી કે જેથી પરોપકારને ઘા લાગે. ભગવાન્ તો માત્ર ત્રીજા પ્રહરમાં અને તે પણ એક મુહૂર્ત જેટલા કાળ માટે જ ભોજન કરતા હોય છે. આમ ભોજનનો અવસર નિયત હોવાથી એ સિવાયના કાળમાં પ્રભુ અનાપ-સનાપ પરોપકાર કરી શકે છે, પછી પરોપકારહાનિની ગંધ પણ ક્યાં ?

**દિગંબર (૧૪) :** પ્રભુ ભોજન કરશે તો મળોત્સર્ગ પણ આવશ્યક બનશે. જેથી પ્રભુને વિષ્ઠા-પેશાબ વગેરેની જુગુપ્સા થશે.

**શ્વેતાંબર :** ભગવાન્‌ને તો જુગુપ્સામોહનીય કર્મ જ ક્ષીણ થઈ ચૂક્યું છે. પછી જુગુપ્સા થવાનો પ્રશ્ન જ ક્યાં છે ?

**દિગંબર :** ભગવાન્ ક્ષીણમોહ છે, લોકો નહીં. એટલે એ મળ-મૂત્રથી લોકોને જુગુપ્સા થશે જ.

**શ્વેતાંબર :** (તમે ભગવાન્‌ને નગ્ન માનો છો) આ નગ્નતા પણ લોકોને જુગુપ્સા જનક બનશે જ.

**દિગંબર :** ભગવાન્‌નો એવો અતિશય હોય છે કે લોકોને નગ્નતા દેખાતી નથી.

**શ્વેતાંબર :** ભગવાન્‌નો તો એવો પણ અતિશય હોય છે કે લોકોને નિહારાદિ દેખાય નહીં. પછી જુગુપ્સાનો પ્રશ્ન જ ક્યાં ?

**દિગંબર :** પણ સામાન્યકેવલીને તો આવો કોઈ અતિશય હોતો નથી...

**શ્વેતાંબર :** સામાન્યકેવલી નિહારક્રિયા એકાંતમાં કરતા હોવાથી કોઈ જોઈ શકતું નથી. પછી જુગુપ્સા ક્યાં ?

**દિગંબર (૧૫) :** જો ભગવાન્ ભોજન કરશે તો ક્યારેક એમને રોગ થશે, કારણ કે મોટા ભાગના રોગ ખાવાના કારણે જ થતા હોય છે.

**શ્વેતાંબર :** ભગવાન્‌નું પુણ્ય એવું હોય છે કે જે એમના માટે હિતમિત આહારરૂપ હોય એ જ, આ પુણ્યથી સ્વાભાવિક રીતે એમને મળી જતો હોય છે. એટલે એનાથી વ્યાધિની કોઈપણ ઉત્પત્તિ થતી નથી. આમ કેવલીભગવંતોને કવલાહાર હોવામાં દિગંબરો વડે જે ૧૫ બાધકો ઉપસ્થિત કરાયેલા હતા તે બધાનું ગ્રંથકારે નિરાકરણ કર્યું. વળી આવા બીજા પણ કોઈ બાધકો ઉપસ્થિત કરવામાં આવે તો, અહીં ગ્રંથકારે જે પ્રકારના તર્કોથી આ ૧૫ બાધકોનું નિરાકરણ કર્યું છે એવા જ પ્રકારના તર્કોથી એ બીજા બાધકોનું નિરાકરણ પણ શક્ય જ છે. માટે કેવલીભગવંતોને કવલાહાર હોવામાં કોઈ બાધક

દેખતા ન હોવાથી કેવલીભગવંતોને કવલાહાર હોવો નિર્બાધપણે સાબિત થઈ જાય છે. આ વિષયની અનેક વિચારણાઓ ગ્રંથકારે પોતાના અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથમાં કરી છે ને એ દ્વારા દિગંબરના મતિભ્રમને દૂર કર્યો છે. એટલે આ બાબતમાં સાચું તત્ત્વ શું છે ? એના જિજ્ઞાસુએ અધ્યાત્મમત પરીક્ષા ગ્રંથ સૂક્ષ્મબુદ્ધિથી અવગાહવો એવી ગ્રંથકારે ભલામણ કરી છે.

આમ, ભગવાન્‌ને કવલાહાર માનવામાં કોઈ બાધક નથી એવું, ગ્રંથકારે અનેક દલીલો સહિત સાબિત કર્યું. તેમ છતાં, 'ભગવાન્ ભોજન કરે ?' આ કેટલું લજ્જાસ્પદ લાગે... આમ વિચારીને જેઓ કવલાહાર માનવા તૈયાર નથી, તે દિગંબરોને ગ્રંથકાર કહે છે કે 'ભગવાન્‌ને શરીર હોય ? ને તેથી એની સારસંભાળ કરવાની હોય ? કેટલું લજ્જાસ્પદ લાગે !' એમ વિચારીને તેઓએ શરીર વિનાના નિત્યમુક્ત સદાશિવની = ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ. અર્થાત્ ભગવાન્‌ને શરીર (અને એની કાળજી) હોવામાં તમને લજ્જાસ્પદ કશું લાગતું નથી અને તેથી શરીરી એવા ભગવાન્‌ને તમે ભજો છો, તો ભગવાન્‌ને ભોજન હોવામાં પણ કશું લજ્જાસ્પદ છે નહીં... માટે ભગવાન્‌ને શરીરની જેમ કવલાહાર પણ માનવો જોઈએ.

મોહનીયકર્મજન્ય દોષો લજ્જાસ્પદ હોય છે, પરમાત્મપણાનાં બાધક હોય છે... પણ ભવોપગ્રાહીકર્મજન્ય દેહધારણ, ભૂખ, ભોજન વગેરે શુદ્ધ આત્મસ્વરૂપના બાધક હોવાથી દોષરૂપ હોવા છતાં, નથી લજ્જાસ્પદ કે નથી પરમાત્મપણાંના બાધક. એટલે ઘાતીકર્મજન્ય દોષોની અપેક્ષાએ આ દોષો નાના છે. છતાં એને પણ ઘાતીકર્મજન્ય દોષની જેવા મોટા ચીતરીને આપ્ત એવા ભગવાન્ આવા દોષોથી ગ્રસ્ત છે... એમ દૂષિત ઠેરવતાં દિગંબરો નિર્દોષને દોષિત ઠેરવતા હોવાથી પાપ બાંધે છે.

સૂર્ય સામે ધૂળ ઊડાડવા દ્વારા સૂર્યને કશી હાનિ પહોંચાડી શકાતી નથી, કારણ કે એ ધૂળ સૂર્ય સુધી પહોંચી શકતી જ નથી. એ રીતે ભગવાન્ સંપૂર્ણ નિષ્કલંક-નિર્દોષ હોવાથી, એમની સામે કલંક ઊઠાવવા એ માત્ર કાલ્પનિક જ સંભવી શકે છે. કાલ્પનિક દોષો વાસ્તવિક ભગવાન્‌ને સ્પર્શી ન જ શકે એ સ્પષ્ટ છે.

આ રીતે દિગંબરોનો વિનિગ્રહ કરવાથી પરમાનંદને પામેલા શ્વેતાંબરો વડે શોભા પામતું જૈનશાસન જય પામે છે.

**શંકા** – તો શું જૈનશાસન દિગંબરોથી શોભા ન પામે ? જય ન પામે ?

**સમાધાન** – આ બત્રીશીમાં જોયા મુજબ, દિગંબરોની વાતો તો એવી છે કે જેથી પરાજય જ થાય. તો પછી એનાથી શોભા કે જય તો શી રીતે મળે ?

આ રીતે ત્રીશમી કેવલિભુક્તિવ્યવસ્થાપન બત્રીશી પૂર્ણ થઈ. હવે આગામી લેખથી એકત્રીશમી મુક્તિદ્વાત્રિંશિકાની વિચારણા શરૂ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૫

કેવલીભગવંત કવલાહાર કરતાં હોવા છતાં કૃતાર્થ હોય છે (એટલે કે કવલાહાર એમના કૃતાર્થપણાને અસર નથી કરી શકતો) એ વાત આપણે પૂર્વની ૨૯મી બત્રીશીમાં જોઈ. અલબત્ ભવસ્થકેવલીને ઘાતીકર્મોનો ક્ષય હોવા છતાં અઘાતીકર્મો હજુ ઉદયમાં તથા સત્તામાં હોય છે અને તેથી ઘાતીકર્મક્ષયજન્ય આંશિકકૃતાર્થતા હોવાથી સર્વથા કૃતાર્થતા હોતી

નથી. સર્વથા કૃતાર્થપણું તો કેવલીભગવંતને મોક્ષમાં હોય છે. એટલે આ ૩૦મી બત્રીશીમાં મોક્ષની વાત કરવાની છે.

વર્તમાનમાં જોવા મળતા ધર્મો બે પ્રકારના જણાય છે. ભારતની આર્યભૂમિમાં ઉદ્ભવ પામેલા ધર્મો... અને ભારતબહાર ઉદ્ભવ પામેલા ધર્મો.

ખ્રિસ્તી, યહુદી, મુસ્લિમ, પારસી... વગેરે ધર્મો ભારતની બહાર ઉદ્ભવ પામેલા છે. આ બધા ધર્મો આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ, પરલોક વગેરે માને છે. દયા-પરોપકાર-ઉદારતા-માનવતા વગેરે ગુણો વિકસાવવા... સદાચારમય શાંત જીવનનું લક્ષ્ય તેઓનું હોય છે. પણ 'આત્મા અનાદિકાળથી અશુદ્ધ છે... બધી અશુદ્ધિઓ દૂર કરી આત્માને સંપૂર્ણ શુદ્ધ કરી શકાય છે. અને આ કરવું એ જ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય છે.' આવી કોઈ વાત આમાંના કોઈ જ ધર્મમાં નથી. જૈન, વૈદિક, બૌદ્ધ, સાંખ્ય, ન્યાય-વૈશેષિક વગેરે ભારતમાં ઉદ્ભવ પામેલા દર્શનો છે. આ બધા જ દર્શનોનો પાયો એકસરખો છે. બધા જ આત્માને અનાદિ માને છે, અનાદિકાળથી આત્મામાં કોઈ અશુદ્ધિ રહેલી માને છે. એ અશુદ્ધિના કારણે જીવનો સંસાર છે એમ માને છે. આ અશુદ્ધિને દૂર કરી શકાય છે. એ દૂર થાય એટલે આત્માનું શુદ્ધસ્વરૂપ પ્રકટ થાય છે જે મોક્ષ છે. જૈન વગેરે બધા જ આસ્તિક ધર્મો મોક્ષ માને છે ને મોક્ષ પામવાનો પુરુષાર્થ કરવો એ જ માનવભવનું મુખ્ય કર્તવ્ય છે એવું માને છે.

અલબત્ આત્માનું સ્વરૂપ, અનાદિકાળથી આત્માને જે અશુદ્ધિ વળગેલી છે એનું સ્વરૂપ, એને દૂર કરવાના ઉપાયરૂપ મોક્ષમાર્ગનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ... આ બધામાં આ જૈન વગેરે દર્શનોની માન્યતા અલગ અલગ છે. છતાં પ્રસ્તુત બત્રીશીમાં ગ્રંથકારે જુદા

જુદા દર્શનોની મોક્ષ અંગે જે માન્યતાઓ છે તે જણાવે છે, તે તે માન્યતા કેમ યોગ્ય નથી, એ જણાવે છે... ને જૈનદર્શને જેવો મોક્ષ માન્યો છે એ જણાવીને એ કેમ યોગ્ય છે તે દર્શાવવાનો સફળ પ્રયાસ કર્યો છે, કારણ કે આ મુક્તિદ્વાત્રિંશિકા છે (માટે માત્ર મુક્તિ અંગેની જ ચર્ચાઓ કરી છે.)

ગ્રંથકારે સૌપ્રથમ નવ્યનૈયાયિકને માન્ય મોક્ષ અંગેનું નિરૂપણ કર્યું છે અને પછી એ અયોગ્ય કેમ છે ? એ દર્શાવ્યું છે.

સંસારમાં જુના જુના દુઃખોનો ધ્વંસ થાય છે અને નવા નવા દુઃખો ઉત્પન્ન થયા કરે છે. આ પરંપરા અનાદિકાળથી ચાલે છે. આ પરંપરામાં એક દુઃખધ્વંસ એવો થાય છે કે હવે પછી ક્યારેય નવું કોઈપણ દુઃખ પેદા થવાનું હોતું નથી. અને તેથી જ હવે પછી નવો દુઃખધ્વંસ પણ કોઈ થવાનો હોતો નથી. એટલે છેલ્લો જે દુઃખધ્વંસ થયો એ ચરમદુઃખધ્વંસ હોય છે, એ જ જીવનો મોક્ષ છે.

**શંકા** – 'ભવિષ્યમાં મારો પણ ચરમદુઃખધ્વંસરૂપ મોક્ષ થશે...' આવો જીવને નિર્ણય શી રીતે થાય ? અને એ ન થાય તો એના માટે પુરુષાર્થ કોણ કરે ?

**સમાધાન** – એક કાળ એવો આવશે કે જ્યારે મહાપ્રલય થશે. એટલે કે કાર્યમાત્રનો ધ્વંસ થશે. સર્વજીવોના સર્વ અદષ્ટ પણ કાર્યાત્મક હોવાથી નાશ પામશે. એટલે હવે કોઈ જીવને કોઈ જ પાપ વિદ્યમાન ન હોવાથી બધા જીવોનો મોક્ષ થઈ જશે. જો બધા જીવોનો મોક્ષ થવાનો છે તો મારો પણ મોક્ષ થવાનો છે. તેથી હું મોક્ષ માટે પુરુષાર્થ કરું. એમ વિચારી જીવ મોક્ષ માટે પુરુષાર્થ કરી શકે છે.

**ગ્રંથકાર :** તમે કહ્યો એવો મહાપ્રલય માનવામાં કોઈ પ્રમાણ નથી. તમે જે અનુમાનપ્રમાણ આપો છો તેમાં કોઈ અનુકૂળ તર્ક

નથી. વળી જીવ કશું ન કરે તો પણ મહાપ્રલયકાળે એનો મોક્ષ થઈ જ જવાનો જો હોય, તો કષ્ટમય દીક્ષાઅનુષ્ઠાન વગેરે જીવ કરે જ શા માટે ?

**નૈયાયિક :** પણ જો મહાપ્રલય ન હોય તો જીવને 'મારો મોક્ષ થઈ શકે છે' એવો નિશ્ચય જ ન થઈ શકવાથી એ દીક્ષા વગેરે રૂપ કષ્ટદાયક અનુષ્ઠાન કરે જ નહીં ને ! પણ જીવો એ કરતા જોવા મળે જ છે જે સૂચવે છે કે તે તે જીવને સ્વમોક્ષનો નિશ્ચય થઈ ગયો છે. તેથી આ નિશ્ચય જ મહાપ્રલયને સાબિત કરી આપનાર પ્રમાણ છે.

**ગ્રંથકાર :** અરે ! આ તર્ક તો એવું સાબિત કરી આપે છે કે તમે કહો છો એવો મહાપ્રલય કે સર્વજીવમોક્ષ છે જ નહીં. જીવ અતિકષ્ટદાયક પુરુષાર્થ પણ મોક્ષ માટે જે કરે છે તે સૂચવે જ છે કે જીવના વગર પુરુષાર્થે, માત્ર મહાપ્રલયના પ્રભાવે જીવનો મોક્ષ થઈ જવો શક્ય નથી. જો એ શક્ય હોય તો જીવ પુરુષાર્થ કરે જ નહીં !

**નૈયાયિક :** તો પછી 'મારો મોક્ષ થઈ શકે છે' આવો જીવને નિશ્ચય શી રીતે થશે ? અને એ જો નહીં થાય તો જીવ પુરુષાર્થ જ શી રીતે કરે ?

**ગ્રંથકાર :** પોતાના આત્મામાં શમ-દમાદિ વિશિષ્ટ ભાવોના સંવેદન પરથી પોતાની મોક્ષગમનની યોગ્યતાનો નિશ્ચય થઈ શકે છે જે પુરુષાર્થનો પ્રેરક-જનક બની શકે છે.

આશય એ છે કે 'હું મોક્ષગમનને યોગ્ય (=ભવ્ય) હોઈશ ? કે અભવ્ય ?' આવી શંકા જ જીવને પોતાનામાં ભવ્યતાનો-મોક્ષગમનની સામાન્ય યોગ્યતાનો નિશ્ચય કરાવે છે અને 'પોતાના આત્મામાં વિશેષ પ્રકારે શમદમાદિભાવો વિલસી રહ્યા છે' આવું સ્વાનુભૂત સંવેદન પોતાનામાં રહેલી મોક્ષગમનની સમુચિતયોગ્યતાનો = વિશેષપ્રકારની યોગ્યતાનો નિશ્ચય કરાવે છે.

પર્વતની ઢેફાં જેવી બની ગયેલી કઠોર ખડકાળ માટીમાં પણ ઘડો બનવાની સામાન્યયોગ્યતા હોય છે, કારણ કે છેવટે એ માટી તો છે જ. પણ એને જ ચાકડા પર મૂકી દેવાથી ઘડો બની શકતો નથી. કારણ કે હજુ ઘડો બનવાની સમુચિતયોગ્યતા આવી નથી. કુંભાર માટીને ભીની કરે છે, પોચી બનાવે છે, પછી ખૂંદે છે ને એનો પિંડો બનાવે છે. આ પિંડને ચાકડા પર ચડાવી દેવામાં આવે (અને કુંભારયોગ્ય પ્રક્રિયા કરે) તો એમાંથી ઘડો બની જ શકે છે. એટલે આ પિંડમાં સમુચિત યોગ્યતા પેદા થયેલી હોય છે.

ભવ્યત્વ એ મુક્તિગમનની સામાન્ય યોગ્યતારૂપ છે અને યોગની પૂર્વસેવા દ્વારા ઘડાતી યોગ્યતા એ સમુચિતયોગ્યતારૂપ છે. અજૈનોને પણ પોતાનાં શમદમાદિ ગુણોને સંવેદવાથી આ યોગ્યતાનો નિશ્ચય થાય છે જેના કારણે તેઓ પણ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે. આ પ્રવૃત્તિથી શમદમાદિ ગુણો દઢ થાય છે અને પછી એ દઢ શમદમાદિના પ્રભાવે યોગમાર્ગમાં વધારે દઢપ્રવૃત્તિ થાય છે જે શમ-દમાદિને દઢતર બનાવે છે. આ રીતે ઠેઠ મોક્ષ સુધી પહોંચી શકાય છે. સામાન્યથી તો વિશેષ પ્રકારનો કર્મક્ષયોપશમ શમ-દમાદિની પ્રાપ્તિ કરાવે છે ને પછી જીવ આગળ વધતાં વધતાં મોક્ષ સુધી પહોંચી જાય છે.

**નૈયાયિક :** આનો અર્થ એ થાય છે કે શમ-દમ-વિષયો પ્રત્યે વૈરાગ્ય વગેરે મોક્ષના કારણ છે. આ બધું સંસારી જીવોને હોય છે. એટલે આ બધા સંસારીજીવ રૂપે મોક્ષના કારણ છે અને તેથી જ સર્વજીવોની મુક્તિ થવી જોઈએ, કારણ કે બધા જ સંસારી તો છે જ.

**ગ્રંથકાર :** સંસારીજીવરૂપેનો અર્થ થાય છે કે સંસારિત્વ અને જીવત્વ બે ધર્મોને માનવા પડે, માટે એમાં ગૌરવ છે એના બદલે ભવ્યરૂપે કારણતા માનવામાં માત્ર ભવ્યત્વ ધર્મ જ માનવાનો રહેવાથી લાઘવ છે. માટે એ જ યોગ્ય છે.

**શંકા** – તો પછી બધા ભવ્યજીવોનો તો મોક્ષ થશે જ ને ?

**સમાધાન** – પ્રતિમાયોગ્યતા અનેક પાષાણમાં હોય છે, પણ જે પાષાણને શિલ્પી વગેરે રૂપ અન્ય સહકારીકારણ નથી મળતા તે પાષાણ પ્રતિમા બનતો નથી. એ રીતે જે જીવને મનુષ્યગતિ-સમ્યગ્દર્શન વગેરે સહકારી કારણો નથી મળતા તે જીવ ભવ્ય હોવા છતાં મુક્ત બની શકતો નથી, જેમકે જાતિભવ્ય જીવ.

ત્રિદંડીઓની માન્યતા એવી છે કે પરમાત્મામાં જીવાત્માનો લય એ મુક્તિ છે. આમાં લય એટલે લિંગવ્યય. આ દર્શનના મતે શ્રોત્રેન્દ્રિય વગેરે પાંચજ્ઞાનેન્દ્રિય, હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય અને મન એમ કુલ ૧૧ ઈન્દ્રિય છે. આ ઈન્દ્રિયો અને પાંચ મહાભૂત સૂક્ષ્મમાત્રાથી ભેગા થઈને રહેવા દ્વારા જીવાત્મામાં સુખ-દુઃખના અવચ્છેદક બને છે. આ લિંગશરીરનો ઉચ્છેદ થાય એટલે જીવાત્માનો પરમાત્મામાં લય થઈ જાય છે. જીવનાશાત્મક જીવલય નહીં, પણ લિંગનાશાત્મક જીવલય તો અમને પણ માન્ય છે, એમ ગ્રંથકાર કહે છે, કારણ કે એને પરમાર્થથી નામકર્મના ક્ષયરૂપે કહી શકાય છે. પણ જો તેઓ જીવનાશાત્મક જીવલયને મોક્ષ કહેતા હોય તો એ બરાબર નથી, કારણ કે ઉપાધિભૂત શરીરનો નાશ થવા માત્રથી ઔપાધિક જીવનો નાશ માની શકતો નથી.

**બૌદ્ધમત** : બૌદ્ધો વિજ્ઞાનક્ષણની પરંપરાને જીવ માને છે. એના આધારભૂત કોઈ આત્મદ્રવ્ય માનતા નથી. આ વિજ્ઞાનધારા બે પ્રકારે હોય છે. જેમાં 'આ નીલ છે,' 'આ પીત છે' વગેરે રૂપે જ્ઞેયાકાર ભાસતો હોય એ પ્રવૃત્તિવિજ્ઞાનધારા છે. એ રાગાદિ ક્લેશથી વાસિત હોવાથી એ જ સંસાર છે.' પ્રવૃત્તિવિજ્ઞાનનો ઉપદ્રવ ખસી જવાથી જેમાં કોઈ જ્ઞેયાકાર હોય નહીં એવી શુદ્ધજ્ઞાનક્ષણોની પરંપરા આલયવિજ્ઞાનધારા કહેવાય છે એ જ મુક્તિ છે.

સર્વં દુઃખં દુઃખં... સર્વં ક્ષણિકં ક્ષણિકં.. સર્વં સ્વલક્ષણં સ્વલક્ષણં... સર્વં શૂન્યં શૂન્યં... આવી ચાર પ્રકારની વિશિષ્ટ ભાવનાઓને ફરી ફરી ભાવિત કરવામાં આવે એટલે સંસારકાલીન જ્ઞાનક્ષણોમાં વિસભાગસંતાનનો નાશ થાય છે. પ્રવૃત્તિવિજ્ઞાનધારામાં જ્ઞેયાકાર ભાસે છે, એટલે જ્ઞેયાકાર બદલાવા પર જ્ઞાનક્ષણોનો આકાર પણ બદલાયા કરે છે. માટે એ પરંપરા વિસભાગસંતતિ કહેવાય છે. એમાં વિસભાગશબ્દ વિસદૃશ અર્થને જણાવે છે. આધારભૂત આત્મા ન હોવા છતાં પૂર્વપૂર્વ જ્ઞાનક્ષણ ઉત્તરઉત્તરજ્ઞાનક્ષણનું કારણ હોવાથી પરંપરા ચાલુ રહે છે. રાગાદિ અશુદ્ધિ દૂર થવાથી શુદ્ધ જ્ઞાનક્ષણોની પરંપરા ચાલે છે. એમાં કોઈ જ્ઞેયાકાર ન હોવાથી એ એક સરખી આલયવિજ્ઞાનધારા ચાલે છે. માટે એને સભાગસંતતિ કહેવાય છે. એ જ મુક્તિ છે.

**ગ્રંથકાર :** બૌદ્ધોની આ માન્યતા બરાબર નથી. કારણ કે ત્રણેકાળમાં અનુગત એવું આત્મદ્રવ્ય જો નથી તો જ્ઞાનક્ષણો ઉત્પન્ન ક્યાં થાય ? વળી બૌદ્ધમતે બધું જ ક્ષણિક છે. તેથી અક્ષણિક એવો સંતાન વાસ્તવિક નથી, માત્ર કાલ્પનિક છે. અને તો પછી 'આ બદ્ધ (=સંસારી) અને આ મુક્ત' આવી વ્યવસ્થા થઈ નહીં શકે. કારણ કે જ્ઞાનક્ષણ ક્ષણિક છે. પછી એમાં બદ્ધ શું અને મુક્ત શું ? વળી બીજી ક્ષણે પૂર્વક્ષણ સર્વથા નાશ પામી જાય છે, તો એ ઉત્તરક્ષણને પેદા જ શી રીતે કરી શકશે ? અને સંતાન તો કાલ્પનિક છે પછી મુક્તિ કોની ?

અને ત્રિકાળ અનુગત આત્મદ્રવ્યનો અપલાપ કર્યા વગર, એને ગૌણ કરીને પ્રતિક્ષણ વિવર્તમાન જ્ઞેયાકારના કારણે પરિવર્તનશીલ જ્ઞાનક્ષણોને જો તેઓ સ્વીકારે તો એ પર્યાયાર્થિક નયની માન્યતારૂપ બનવાથી અમને પણ માન્ય જ છે.

સ્વતંત્રતા એ મુક્તિ આવી પણ એક માન્યતા છે. એમાં મનફાવે તેમ દુનિયા બનાવવી, ભોગ ભોગવવા વગેરે રૂપ સ્વતંત્રતા માનવાની હોય તો એ એક પ્રકારનો મદ હોવાથી અવશ્ય નાશ પામનાર છે. એ 'મોક્ષ' ન હોય શકે. અને કર્મની પરાધીનતા દૂર થવાથી થયેલી સ્વતંત્રતા એ મોક્ષ એમ કહેવાનું હોય તો અમને પણ માન્ય જ છે.

**સાંખ્યમત :** પ્રકૃતિ અને તેના બુદ્ધિ વગેરે વિકારો દૂર થાય એટલે પુરુષ માત્ર ચૈતન્યાત્મક નિજસ્વરૂપમાં અવસ્થાન પામે છે. આ જ એનો મોક્ષ છે.

**ગ્રંથકાર :** તમારા મતે પુરુષ તો કૂટસ્થનિત્ય છે, પુષ્કરપલાશવત્ નિર્લેપ છે, એમાં તો ક્યારેય કશો જ ફરક પડી શકતો નથી. એટલે કે પ્રકૃતિના વિકારો હતા ત્યારે પુરુષ જેવો હતો ડિટ્ટો એવો જ પ્રકૃતિના વિકારો રવાના થઈ ગયા પછી રહે છે. તો પછી એનો સંસાર કે એનો મોક્ષ.. આવું કશું પણ કહી શકાશે નહીં.

**સાંખ્ય :** પ્રકૃતિ હોવા-ન હોવા રૂપ સંસાર અને મોક્ષ પ્રકૃતિના છે, ને એનો ઉપચાર પુરુષમાં કરવાથી પુરુષનો મોક્ષ પણ કહી શકાય છે.

**ગ્રંથકાર :** જ્યારે તત્ત્વની વિચારણા ચાલતી હોય છે ત્યારે ઉપચાર અકિંચિત્કર હોય છે. માટે સાંખ્યમતનો મોક્ષ પણ યોગ્ય નથી.

**બૌદ્ધમત :** અમુક બૌદ્ધો એવું માને છે કે અગ્રિમચિત્તનો અનુત્પાદ થાય એ રીતે પૂર્વચિત્તની નિવૃત્તિ એ મોક્ષ છે. તે તે ક્ષણે થતી જ્ઞાનક્ષણ એ 'ચિત્ત' છે. આવા ચિત્તની ધારા એ આત્મા છે. પૂર્વ-પૂર્વનું ચિત્ત, ઉત્તર-ઉત્તરના ચિત્તને ઉત્પન્ન કરે છે ને સ્વયં નિવૃત્ત થઈ જાય છે. આ ધારામાં કોઈક ચિત્ત એવું આવે છે જે અગ્રિમચિત્તને ઉત્પન્ન કર્યા વિના જ સ્વયં નિવૃત્ત થઈ જાય છે ને આ રીતે એ ચિત્તધારાનો અંત આવી જાય છે. આ જ એનો મોક્ષ છે.

**ગ્રંથકાર :** પૂર્વચિત્તની નિવૃત્તિ તો સ્વયં થાય છે. એને માટે કોઈ પુરુષાર્થની જરૂર હોતી નથી. વળી કોઈપણ ચીજની ઉત્પત્તિ માટે પુરુષાર્થ જરૂરી હોય છે. અનુત્પત્તિ માટે નહીં. એટલે અગ્રિમચિત્તના અનુત્પાદ માટે પણ કોઈ પુરુષાર્થ જરૂરી હોતો નથી. એટલે અગ્રિમચિત્તના અનુત્પાદ વાળી પૂર્વચિત્તનિવૃત્તિને જો મોક્ષ માનવાની હોય તો મોક્ષ 'પુરુષાર્થ' જ ન રહેવાથી એ માટે કશું જરૂર ન રહેવાના કારણે સાધનામાર્ગ, એને દર્શાવનાર શાસ્ત્રો વગેરે બધું વ્યર્થ બની જશે. માટે આવો મોક્ષ માનવો પણ યોગ્ય નથી.

**ચાર્વાક :** નાસ્તિક એવો ચાર્વાક કહે છે કે આત્મહત્યા એ જ મોક્ષ છે.

**ગ્રંથકાર :** તમારા મતે આત્મા જેવી કોઈ ચીજ જ ન હોય તો એની હત્યા પણ અસંભવિત રહે છે. જો એવી કોઈ ચીજ હોય તો એ નિત્ય હોવાથી એની હત્યા સંભવિત નથી. તેથી આવી મુક્તિ માનવી પણ યોગ્ય નથી.

**તૌતાતિત :** નિત્યઉત્કૃષ્ટસુખની અભિવ્યક્તિ એ મોક્ષ છે.

**ગ્રંથકાર :** નિત્ય એટલે અનાદિકાળથી જો એ હોય તો એને સાધવા માટે કોઈ પુરુષાર્થની જરૂર જ ન રહેવાથી તમારાં એ માટેના ગ્રંથો વ્યર્થ બની જશે અને જો નિત્ય એટલે એકવાર પ્રાપ્ત થયા પછી ક્યારેય નાશ ન પામે એવો કરવાનો હોય તો એવો મોક્ષ અમને પણ માન્ય છે જ.

હવે પછી વેદાંતીનો મત દર્શાવ્યા પછી એનું નિરાકરણ અને ત્યારબાદ જૈનદર્શનમાન્ય મોક્ષનું નિરૂપણ વગેરે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૯

મુક્તિ અંગે અનેક દર્શનોની માન્યતા અને એના નિરાકરણ ગયા લેખમાં આપણે જોયા. આ લેખમાં વેદાંતદર્શનની માન્યતા અને તેનું નિરાકરણ જોયા પછી જૈનદર્શનની માન્યતા આપણે જોઈશું.

**વેદાંતી :** વિજ્ઞાન-આનંદસ્વરૂપ બ્રહ્મતત્ત્વ શાશ્વત છે. જ્યાં સુધી અવિદ્યા છે ત્યાં સુધી સંસાર છે. 'અવિદ્યા દૂર થવાથી માત્ર આત્મા રહી જવો એ આત્માનો મોક્ષ' અલબત્ આ અવિદ્યા પરમાર્થથી નથી, કાલ્પનિક જ છે. માટે બ્રહ્મતત્ત્વ તો શાશ્વત છે.

**ગ્રંથકાર :** અવિદ્યા જો કાલ્પનિક છે તો સંસાર અને મોક્ષ બધું જ કાલ્પનિક બની જશે, વાસ્તવિક નહીં રહે. કાલ્પનિક મોક્ષ તો પુરુષાર્થ જ રૂપ ન રહેવાથી એ માટે રચાયેલા ગ્રંથો વગેરે બધું વ્યર્થ માનવું પડે. તેથી વેદાંતીની માન્યતા પણ યોગ્ય નથી.

આ રીતે મુક્તિ અંગેની જુદી જુદી માન્યતાઓ અને એ કેમ યોગ્ય નથી એ બધી વાતો આપણે જોઈ. હવે આપણે જૈનદર્શનની માન્યતા જોઈશું.

'સંપૂર્ણ કર્મક્ષય એ મોક્ષ છે.' આવો પંડિતોનો, વિશદનયોનો આશ્રય કરીને થયેલો, સ્યાદ્વાદરૂપ અમૃતપાનનો ઉદ્ગાર છે. તે તે મિથ્યાદર્શનોના સર્વમતોનો સમ્યક્સમન્વય એ જૈનદર્શન છે. ને તેઓનો આ મત છે કે સંપૂર્ણ કર્મક્ષય એ મુક્તિ છે.

માત્ર ઉત્તરોત્તર વિશુદ્ધપર્યાયોને જ માનનારા ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નયે જ્ઞાન, સુખ વગેરેની પરંપરા એ મુક્તિ છે.

કોઈ આવરણથી ઢંકાઈ ગયેલા દીવાનો પ્રકાશ અંદર તો ઝળહળતો જ હોય છે. આવરણ દૂર થયા પછી એ વગર પ્રયત્ને પ્રગટ થાય છે. વળી આ આવરણના પ્રભાવે બહાર આવૃતપ્રકાશ આવતો હોય છે. તેથી આવરણકાળે આવૃતપ્રકાશ અને નિરાવરણકાળે મૂળભૂત પ્રકાશ. આ જ રીતે આત્માના ઝળહળાટભર્યા જ્ઞાન-સુખ વગેરે માટે ઇન્દ્રિય, દેહ વગેરે આવરણરૂપ છે ને તેથી આવૃતપ્રકાશના નિમિત્ત કારણ છે અને એ દૂર થાય ત્યારે જે નિરાવરણ જ્ઞાન-સુખ વગેરે સહજ પ્રગટે છે તે મોક્ષ છે.

વ્યવહારનય એમ કહે છે કે સંપૂર્ણ કર્મક્ષય એ મોક્ષ છે ને એ પ્રયત્નસાધ્ય હોય છે. ને તેથી જ એ પુરુષાર્થરૂપ છે. અન્વય-વ્યતિરેક દ્વારા જણાય છે કે જ્ઞાનાચાર વગેરે કારણ છે અને મોક્ષ એ કાર્ય છે. દરેક જીવ દુઃખનાશ ચાહે છે. એ માટે દુઃખના બાહ્ય કારણોનો પ્રતિકાર પર્યાપ્ત હોતો નથી. માટે વિવેકી જીવો એના આંતરિક કારણરૂપ કર્મોનો ક્ષય કરવા ચાહે છે. એ ક્ષય જ્ઞાનાચાર વગેરેથી થાય છે. તેથી આ મોક્ષ પુરુષાર્થસાધ્ય છે.

પ્રાયશ્ચિત્ત કરનાર પણ, દુઃખને ટાળવા માટે પાપનાશ કરવા જ ચાહતો હોય છે. દુઃખ એ પ્રગટ થયેલ દુઃખ છે જ્યારે પાપ એ યોગ્યતારૂપે રહેલ દુઃખ છે. એનો નાશ કરવાની ઇચ્છા જાગવાથી જીવ જ્ઞાનાચારાદિનો પુરુષાર્થ કરે છે. વળી સંપૂર્ણ કર્મક્ષય થવાની સાથે જ અખંડ નિરુપાધિક સુખાત્મક પરમાનંદ સંકળાયેલો છે. એટલે એની ઇચ્છાથી પણ જીવ પુરુષાર્થ કરે છે.

**શંકા** – ઇચ્છા 'રાગ' સ્વરૂપ હોવાથી આ સુખેચ્છાની હાજરીમાં વૈરાગ્ય ટકી નહીં શકે.

**સમાધાન** – અસંગઅનુષ્ઠાનકાળે આ ઇચ્છા પણ રવાના થઈ જતી હોવાથી વૈરાગ્યને આંચ આવતી નથી. કહ્યું જ છે કે શ્રેષ્ઠ

મુનિઓ મોક્ષ અને સંસાર બંને પ્રત્યે નિઃસ્પૃહ હોય છે. નહીંતર તો જેમ સુખેચ્છા હોવાથી વૈરાગ્યની હાનિનો પ્રશ્ન ઉદ્ભવે છે તેમ દુઃખનો દ્વેષ હોવાથી પ્રશાંતપણાંની હાનિનો પણ પ્રશ્ન ઉદ્ભવશે જ. પણ ઉપર જણાવ્યા મુજબ સર્વત્ર નિઃસ્પૃહતા હોવાથી આ કોઈ પ્રશ્ન આવતા નથી.

**નૈયાયિક :** મોક્ષમાં શરીર નથી, ઈન્દ્રિયો નથી, અદષ્ટ (= પુણ્ય-પાપ) નથી... તેથી મોક્ષમાં આત્માના સુખ, દુઃખ, જ્ઞાન વગેરે કોઈ વિશેષ ગુણો હોતા નથી. એટલે કે આ બધા વિશેષગુણોનો ઉચ્છેદ મોક્ષમાં હોય છે.

**ગ્રંથકાર :** દુઃખનો ઉચ્છેદ તો લાભરૂપ છે, ઈષ્ટ છે... પણ સુખનો ઉચ્છેદ નુકશાનરૂપ છે, અનિષ્ટ છે. અર્થાત્ આય અને વ્યય બંને એક સરખા છે. જો આવું માનવામાં આવે તો તો મોક્ષ માટે કોઈ ફોગટીયો પરિશ્રમ કરશે જ નહીં.

લાખ રૂપિયાનો માલ લાવ્યા... વેપાર કર્યો... પણ પાછા લાખ રૂપિયા જ મળવાના હોય, સવાલાખ નહીં... તો તો પૈસાનું રોકાણ કરવું... માલ લાવવો, સાચવવો, વેચવો... ઉઘરાણી કરવી... આ બધી મજુરી કર્યા પછી પણ હાથમાં એ જ લાખ રૂપિયા પાછા આવવાના હોય, તો આવો ફોગટીયો વેપાર કરવા તો કયો સુજ્ઞ વેપારી તૈયાર થાય ?

**નૈયાયિક :** પણ લાખની સામે સવાલાખ મળતા હોય તો તો વેપારી મહેનત કરે જ છે ને ! મોક્ષમાં પણ સુખોચ્છેદરૂપ જે વ્યય છે એની સામે દુઃખોચ્છેદરૂપ જે લાભ છે એને સમાન માનવાના બદલે અધિક માની લઈએ તો ?

**ગ્રંથકાર :** એવું માનવામાં પ્રમાણ શું છે ? ભોજન છે... પણ નાપસંદ સ્વાદવાળું છે. એ છોડી દેવામાં નાપસંદસ્વાદના દુઃખનો ઉચ્છેદ છે... ભોજન આરોગી જવામાં તૃપ્તિના સુખની પ્રાપ્તિ છે. માનવી પેટ ભરવા આવું ભોજન પણ આરોગે જ છે જે જણાવે છે કે દુઃખોચ્છેદ કરતાં આ સુખપ્રાપ્તિ અધિક છે. એનો અર્થ જ છે કે દુઃખોચ્છેદનો લાભ અધિક નથી, પણ સુખોચ્છેદનું નુકશાન જ અધિક છે.

વાસ્તવિકતા એ છે કે પોતાના ગુણોની હાનિ થઈ જાય એ કોઈને ઈષ્ટ હોતું નથી, અનિષ્ટ જ હોય છે. એટલે જે દુઃખનાશ થવાનો છે તે આવા અનિષ્ટથી સંકળાયેલ હશે. તેથી દુઃખનાશના ઉપાયોને કોઈપણ પ્રેક્ષાવાન્ પુરુષ તો અજમાવશે જ નહીં, કારણ કે એમાં એને અનિષ્ટાનુબંધિત્વ સ્ફુર્યા જ કરતું હોય છે.

**નૈયાયિક :** તો શું આત્માના જ્ઞાન-સુખ વગેરે કોઈ વિશેષ ગુણનો મોક્ષમાં નાશ નહીં થાય ?

**ગ્રંથકાર :** જે ગુણનો ઉચ્છેદ અનિષ્ટ નથી, પણ ઈષ્ટ છે એનો ઉચ્છેદ થઈ જાય છે. જેમકે દુઃખનો ઉચ્છેદ. જ્ઞાન અને સુખનો ઉચ્છેદ જીવને અનિષ્ટ હોવાથી એ થતો નથી.

અથવા બીજી રીતે કહીએ તો જ્ઞાન, સુખ આત્માના સ્વાભાવિક ગુણો છે, ઔપાધિક નથી, માટે એનો વિચ્છેદ થતો નથી. દુઃખ વગેરે તો સ્વાભાવિક નથી, અદૃષ્ટ વગેરે ઉપાધિજન્ય હોય છે. ઔપાધિક છે. ને તેથી ઉપાધિ ખસી જવાથી ઉચ્છેદ પામી જાય છે.

**નૈયાયિક :** જ્ઞાન માટે ઇન્દ્રિય અને મન જોઈએ છે જે મોક્ષમાં નથી. તો મોક્ષમાં જ્ઞાન શી રીતે સંભવે ?

**ગ્રંથકાર :** છાદ્મસ્થિક જ્ઞાનોની વાત જુદી છે ને કેવલજ્ઞાનની

વાત જુદી છે. કેવલજ્ઞાન એ આત્માનો સ્વભાવ છે... આત્માનું સ્વરૂપ છે... એને ઇન્દ્રિય વગેરે કશાની અપેક્ષા હોતી નથી, પછી એ મોક્ષમાં શા માટે ન હોય ? પણ એ મુખ્યતયા સર્વજ્ઞનો જ વિષય છે. છદ્મસ્થોને પુદ્ગલસંલગ્ન જ્ઞાનનો જ સતત અનુભવ હોવાથી પુદ્ગલાતીત જ્ઞાનની સ્વપ્નમાં કે દીર્ઘઅનુપ્રેક્ષાના અંતે પણ સંભાવના હોતી નથી. એટલે તમને આ જ્ઞાનની કલ્પના પણ ન આવતી હોવાથી, અને છાદ્મસ્થિક જ્ઞાનનો તો વિચ્છેદ થઈ ગયો હોવાથી તમે જ્ઞાનગુણનો વિચ્છેદ કહો છો. અમે સર્વજ્ઞવચનના આધારે મોક્ષમાં કેવલજ્ઞાનની હાજરી કહીએ છીએ.

**નૈયાયિક :** પણ જ્ઞાન તો શરીરાવચ્છેદેન થાય છે. મોક્ષમાં શરીર જ નથી તો કેવળજ્ઞાન પણ શી રીતે થશે ?

**ગ્રંથકાર :** કેવલજ્ઞાન આત્માનો સ્વભાવ હોવાથી એને શરીરની પણ અપેક્ષા હોતી નથી. વળી તમે આત્માને વિભુ માન્યો છે. માટે અવચ્છેદક તરીકે શરીર માનો છો. મૂળમાં આત્મા વિભુ નથી, પણ શરીરવ્યાપી જ છે. જેમ લોહચુંબક દૂરસ્થ લોખંડને આકર્ષવાનું સ્વકાર્ય કરે જ છે એમ શરીરવ્યાપી આત્મામાં રહેલું અદૃષ્ટ પણ સ્વાધાર આત્માને ભોગ્ય વસ્તુ ગમે એટલી દૂર હોય તો પણ સ્વકાર્ય કરી જ શકે છે. સર્વત્ર અદૃષ્ટને અને એના આધાર તરીકે આત્માને માનવાની જરૂર નથી. વળી શરીરબહાર જ્યાં જ્ઞાનાદિ ગુણો નથી ત્યાં ગુણી એવા આત્માનું અસ્તિત્વ માનવામાં કોઈ પ્રમાણ નથી.

**નૈયાયિક :** છતાં સુખ માટે અદૃષ્ટ, ઇન્દ્રિય વગેરે સામગ્રી જોઈએ જે મોક્ષમાં ન હોવાથી સુખ પણ શી રીતે સંભવે ?

**ગ્રંથકાર :** પૌદ્ગલિક સુખ માટે તમારી આ બધી વાત બરાબર છે. અને તેથી મોક્ષમાં પૌદ્ગલિક સુખ હોતું નથી જ. વળી સામાન્યથી સંસારમાં જે સુખ અનુભવાય છે તે પૌદ્ગલિક જ

હોવાથી આ સિવાય પણ કોઈક પુદ્ગલાતીત સુખ સંભવે છે એવી જીવોને સ્વપ્નમાં પણ કલ્પના આવતી નથી. એટલે મોક્ષમાં ખાવું-પીવું વગેરે કશું નથી તો, સુખ પણ ન જ હોય એવી કલ્પના રહેવાથી 'મોક્ષમાં સુખ હોતું નથી' એવું નિરૂપણ નૈયાયિક વગેરેએ કર્યું છે. પણ કેવલજ્ઞાનની જેમ સુખ પણ સચ્ચિદાનંદમય આત્માનો સ્વભાવ હોવાથી એને અદૃષ્ટ-ઇન્દ્રિય વગેરે કશાની અપેક્ષા હોતી નથી. જેમ ઉષ્ણતા માટે અગ્નિને કોઈની અપેક્ષા નથી, તેમ. સંસારમાં જ, કોઈક મહાત્મા વગેરેને જે ઉપશમભાવનું સુખ અનુભવાય છે તે પણ આ મોક્ષ સુખનો અણસાર છે એમ કહી શકાય.

બાકી, મોક્ષમાં 'સુખ'માત્રનો વિચ્છેદ થઈ જતો હોય તો સુખવિચ્છેદ પણ માનવો પડે. આ તો દુઃખનાશ રૂપ ઈષ્ટને સાધવા જતાં સુખનાશરૂપ અનિષ્ટ ઊભું થઈ ગયું... અર્થાત્ 'દુઃખનાશના જે ઉપાયો છે તે સુખનાશરૂપ મોટા અનિષ્ટના જનક હોવાથી બળવદનિષ્ટાનુબંધી છે.' આવું જણાવાથી કયો ડાહ્યો માણસ એમાં પ્રવૃત્તિ કરે ? (અર્થાત્ કોઈ નહીં). પણ સજ્જનોની પ્રવૃત્તિ જોવા તો મળે જ છે. માટે સુખનાશરૂપ અનિષ્ટ માની શકાતું નથી. એનો અર્થ જ કે મોક્ષમાં સુખ હોય છે.

વળી નૈયાયિક જે દુઃખાભાવરૂપ મુક્તિ માને છે તે દુઃખાભાવને જીવ અનુભવે છે કે નથી અનુભવતો ? જો અનુભવે છે એમ કહેશો તો એનો અર્થ કે એ અનુભવાત્મક જ્ઞાન હાજર હોવાથી મુક્તિ નિર્ગુણ નથી. અને જો નિર્ગુણ નથી તો સુખાત્મક ગુણ હોવામાં પણ શું વાંધો છે ?

**નૈયાયિક :** જીવ દુઃખાભાવને અનુભવતો નથી...

**ગ્રંથકાર :** આવો દુઃખાભાવ તો બેહોશીમાં પણ હોય છે. કોઈ પ્રજ્ઞાશીલ પુરુષ બેહોશી માટે પુરુષાર્થ કરતો નથી. પહેલાં

દુઃખનો અનુભવ હતો... પણ પછી, 'મને હવે કોઈ દુઃખ રહ્યું નથી' આવું જાણવાનું-અનુભવવાનું જ ન હોય તો એ માટે પણ કોઈ પ્રજ્ઞાશીલ પુરુષ પ્રવૃત્ત જ નહીં થાય. એટલે મોક્ષ પુરુષાર્થ રૂપે જ નહીં રહે... આ નૈયાયિકના મતમાં મોટું દૂષણ છે.

**નૈયાયિક :** છાન્દોપનિષદ્‌માં આવી શ્રુતિ છે કે 'અશરીરજીવને = મુક્તજીવને પ્રિય = સુખ અને અપ્રિય = દુઃખ સ્પર્શતા નથી.' એટલે મોક્ષમાં સુખ માનશો તો આ શ્રુતિનો વિરોધ થશે.

**ગ્રંથકાર :** 'અહીં ઘટ-પટઉભય નથી' આવું કહેલું હોય તો ત્યાં એકલો ઘટ તો હોય શકે છે. એમ આ શ્રુતિ 'મોક્ષમાં સુખ-દુઃખ ઉભય નથી' એવું જણાવતી હોવાથી એકલું સુખ માનવામાં કોઈ વિરોધ રહેતો નથી. અથવા 'સુખ-દુઃખનો અભાવ છે' આવું જે કહ્યું છે એમાં 'દુઃખ' શબ્દ જે રહેલો છે તે જણાવે છે કે કર્મજન્ય જે સુખ તેનો અભાવ હોય છે, આત્માના સ્વાભાવિક સુખનો અભાવ નહીં. આવું માનવું જરૂરી પણ છે, કારણ કે 'મોક્ષમાં સુખ હોય છે' એવી વાત સ્મૃતિમાં કહી છે. તે આ રીતે - જે અતીન્દ્રિય છે, અનુભવાત્મક બુદ્ધિથી સંવેદ્ય છે, તેવું આત્યંતિક સુખ જ્યાં છે તેને મોક્ષ જાણવો જોઈએ. જેઓએ પોતાના આત્માને મોક્ષપુરુષાર્થથી ઘડ્યો નથી તેવા જીવોને આ મોક્ષ દુષ્પ્રાપ્ય છે. આ સ્મૃતિવચન મોક્ષમાં સુખ હોવું સ્પષ્ટ જણાવે જ છે અને તેથી તમે જે છાન્દોપનિષદ્‌ની શ્રુતિ કહી તેમાં સુખ-દુઃખોભયાભાવની વાત છે. એમ માનવું જોઈએ અથવા કર્મજન્ય-ઇન્દ્રિયજન્ય વૈષયિક સુખના અભાવની વાત છે એમ માનવું જોઈએ, પણ સુખમાત્રના અભાવની વાત છે એમ ન માનવું જોઈએ.

**નૈયાયિક :** જેમ, બોજ દૂર થવા પર મજુરને જે હાશકારો થાય છે તે વસ્તુતઃ દુઃખાભાવમાં સુખનો ઉપચાર હોય છે, કોઈ વાસ્તવિક

સુખ નહીં... એમ આ સ્મૃતિમાં પણ જે સુખની વાત છે તે દુઃખાભાવમાં ઉપચરિત સુખની વાત છે, વાસ્તવિક સુખની વાત નહીં.

**ગ્રંથકાર :** વાસ્તવિક સુખ માનવામાં કોઈ બાધક છે નહીં, તો ઉપચરિત સુખ માનવું યોગ્ય નથી. જન્ય એવો ધ્વંસ જેમ નિત્ય છે તેમ કોઈક ભાવાત્મક પદાર્થ પણ નિત્ય હોવામાં કોઈ વાંધો નથી. વળી, બૃહદારણ્યકોપનિષદ્‌ની શ્રુતિ પણ જણાવે છે કે બ્રહ્મ = શુદ્ધાત્મા = મોક્ષ નિત્ય વિજ્ઞાન અને આનંદસ્વરૂપ છે.

એકાંતવાદના અભિનિવેશવાળા પરવાદીઓના અભિમાન જનક અનુમાનનું નિરાકરણ કરવાવાળા દયાળુ શ્વેતાંબરસાધુઓની મોક્ષ અંગેની ચર્ચા સાંભળીને અમે પણ પરમાનંદને અનુભવીએ છીએ.

આ રીતે એકત્રીશમી મુક્તિદ્વાત્રિંશિકા પૂર્ણ થઈ. હવે આગામી લેખમાં છેલ્લી બત્રીશમી સજ્જનસ્તુતિબત્રીશીની વિચારણા જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૭

ગયા લેખમાં એકત્રીશમી મુક્તિબત્રીશીની વિચારણા પૂર્ણ કરી. હવે આ લેખમાં બત્રીશમી સજ્જન સ્તુતિબત્રીશીની વિચારણા જોઈશું. આ બત્રીશી સરળ અર્થવાળી હોવાથી ગ્રંથકારે એની વૃત્તિમાં માત્ર એટલું જ કહ્યું છે કે બાકી રહેલી આ છેલ્લી બત્રીશી સજ્જનગુણના વર્ણનમય છે, એ, ગ્રંથના અવિચ્છેદના કારણભૂત અંતિમમંગલરૂપ છે અને એ સ્પષ્ટ છે. (માટે વિશેષ વૃત્તિની જરૂર નથી.)

ગ્રંથોમાં ત્રણ મંગલ હોય છે. પ્રથમ, મધ્યમ અને અંતિમ. ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ થાય એ માટે પ્રથમ મંગલ કરવામાં આવતું હોય છે. શિષ્યોમાં ગ્રંથની સ્થિરતા થાય એ માટે મધ્યમ મંગલ હોય છે. અને આગળ શિષ્યપરંપરામાં ગ્રંથ અવિછિન્નપણે ભણાતો રહે એ માટે અંતિમમંગલ હોય છે. પ્રસ્તુત ગ્રંથના આ અંતિમમંગલ તરીકે આ સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા છે એમ ગ્રંથકાર જણાવી રહ્યા છે.

**પ્રશ્ન :** ઈષ્ટદેવની = ભગવાન્‌ની સ્તુતિ મંગળરૂપ હોય છે. સજ્જન કાંઈ ભગવાન્ નથી... પછી એમની સ્તુતિ મંગળરૂપ શ્રી રીતે બને ?

**ઉત્તર :** આના અનેક ઉત્તર સંભવી શકે છે. (૧) સજ્જન ભવિષ્યમાં સંત બનવા દ્વારા ભગવાન્ બનનાર છે. (૨) દુર્જન તો જીવને દેવ-ગુરુથી દૂર કરનાર છે. સજ્જન પોતાના સંપર્કમાં આવનાર જીવને દેવ-ગુરુ સાથે જોડી આપનાર છે. જેમકે આર્દ્રકુમારને અભયકુમાર મહામંત્રી. અર્જુનમાળીને સુદર્શનશ્રેષ્ઠી... (૩) ગુરુનું સાંનિધ્ય મળવાથી તેઓ પાસેથી ભગવાન્‌ની ઓળખ મળે છે ને તેથી પછી ભગવાન્‌ની સ્તુતિ સંભવિત બને છે. (૪) ભગવાન્‌ને ભજવાનું વાતાવરણ સજ્જનો પૂરું પાડે છે...

આવા અનેક કારણસર સજ્જનસ્તુતિ પણ મંગળરૂપ છે.

દુર્જનના વચનો ઝેર જેવા હોય છે. 'સજ્જન' એવું ત્રણ અક્ષરવાળું નામ એક દિવ્યમંત્ર છે જે આ ઝેરની શક્તિઓને હણી નાખે છે. માત્ર નામની પણ જો આટલી શક્તિ છે તો એ નામ ધરાવનાર સજ્જનની પોતાની શક્તિ કેવી પ્રચંડ હોય એ કલ્પી શકાય છે.

સજ્જનોની હાજરીમાં દુર્જન સ્વવચન ઝેર ફેલાવવારૂપ બળ દેખાડે તો તો બળવાન્ કહેવાય. પણ એ શક્ય નથી. અને સજ્જનરૂપી સૂર્યની ગેરહાજરીમાં દુર્જનરૂપી અંધકાર પોતાનું બળ દેખાડે તો એ કાંઈ પ્રશંસનીય નથી.

દુર્જનની જીભ કઠોર વચનની સોબત ક્યારેય છોડતી નથી. સજ્જનની જીભ હમેંશા માત્ર અમૃત કરતાં પણ અધિક એવા કોમળ વચનની સોબતને છોડતી નથી. (વાતે વાતે કઠોર વચન બોલનાર દુર્જન છે. કોમળ વચન બોલનાર સજ્જન છે.)

સજ્જન ત્રણ રીતે ગરુડતુલ્ય છે. (૧) ગરુડદ્વિજિહ્વનું = સાપનું દલન કરે છે. સજ્જન દ્વિજિહ્વના = દુર્જનના ખોટા આક્ષેપોનું ખંડન કરે છે. (૨) પુરુષોત્તમને = વિષ્ણુને ગરુડ પોતાની પીઠ ઉપર બેસાડે છે. સજ્જન આદર પૂર્વક પોતાના આત્મામાં પુરુષોત્તમને = તીર્થંકરપ્રભુને ધારણ કરે છે. (૩) ગરુડની ગતિ અનંત = અસીમ હોય છે. સજ્જનની ગતિ સાધનાક્ષેત્રે અસીમ હોય છે.

સજ્જનોની બુદ્ધિ વિદ્વાનોમાં ગુણોને જુએ છે. દુર્જનોની બુદ્ધિ દોષોને જુએ છે. ખરેખર, ચક્રવાકની દૃષ્ટિ સૂર્યની કાંતિનો સંગ કરે છે, જ્યારે ઘુવડની દૃષ્ટિ અંધકારનો સંગ કરે છે.

દુર્જનો કઠોર વચનો દ્વારા સજ્જનો પર ખરેખર ઉપકાર કરે છે, કારણ કે એ વચનોને જીતવાથી સજ્જનોની કીર્તિ ફેલાય છે. ખરેખર તાપને સહેવાથી થયેલી સુવર્ણશુદ્ધિ અગ્નિએ જ કરેલી હોય છે.

સજ્જનોની વાણીમાં રહેલું અમૃત, દુન્યવી અમૃત કરતાં ઘણું ચઢિયાતું છે. કારણ કે દુન્યવી અમૃત તો કલંકિત એવા ચંદ્રમામાં રહેલું હોવાથી ચંદ્રની સાથે ક્ષીણ થાય છે, એની આસપાસ સર્પો વીંટળાયેલા હોય છે, તથા એ ઇન્દ્રસભામાં રહે છે.

દૂષણો કાઢવા સ્વરૂપ દુર્જનના ઉદ્યમાત્મક ગ્રીષ્મઋતુના તાપથી શ્રુતવેલડી સૂકાય જાય જો ગુણાત્મક પાણીને વરસાવનારી સજ્જનકૃપારૂપ વર્ષાઋતુ ન હોય.

સારા કવિની કીર્તિસ્વરૂપ સમુદ્રમાં દુર્જન વડે વડવાનલની વ્યથા ફેલાવાય છે. અહો ! સજ્જન વડે તો ચંદ્રજ્યોત્સ્નાના સંગે રંગીન બનેલો મહોત્સવ રચાય છે.

જો સજ્જનોનું મન મારા પર કૃપા કરવામાં તત્પર હોય તો દુર્જન તરફથી મને કોઈપણ ભય રહેતો નથી. સિંહ જેવો સિંહ પણ જો શીઘ્ર વશ કરાઈ જાય તો આ વિશ્વમાં શિયાળના બચ્ચાથી શું ભય હોય ?

કવિની કૃતિ જડ જેવા દુર્જનોને દુઃખી જ કરે છે, જ્યારે સજ્જનોને તો તે આનંદિત કરે છે. ચંદ્રકિરણ પ્રસરતે છતે કુવલય ખીલે છે, જ્યારે પંકજ બીડાઈ જાય છે. (કુવલય એ રાત્રિવિકાસી કમળ છે જ્યારે પંકજ એ દિવસવિકાસી કમળ છે.) ખરેખર આ જ વાસ્તવિકતા છે.

'ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય, પોતાના ઉચિત આચરણને છોડવું નહીં' આવા સિદ્ધાન્તવાળા સાધુઓ શમ-દમ-ક્રિયાને છોડતા નથી. અર્થાત્ કોઈ મરણાંત કષ્ટ આપે તો પણ ઉપશમભાવને જાળવી રાખે છે, ગમે તેવા આકર્ષક વિષયો ઉપસ્થિત થાય તો પણ પોતાની ઈન્દ્રિયોનું દમન કરે છે - ઈન્દ્રિયોને વિષયોમાં ખેંચાતી રોકીને સંયમમાં રાખે છે, અને ગમે તેવી પ્રતિકૂળતા આવે તો પણ પોતાની સંયમોચિત ક્રિયામાં બાંધછોડ કરતા નથી. બસ આ જ રીતે, દુર્જનો અસદ્દોષોનું ઉદ્ભાવન કરવું... ગલત આક્ષેપો કરવા વગેરે રૂપ ગમે એટલી પીડા પહોંચાડે તો પણ કવિઓ સાહિત્ય

સર્જનના પોતાના શ્રમને છોડી દેતા નથી, પણ આનંદથી આ આગળ ધપાવતા રહે છે.

નવા નવા શાસ્ત્રોની રચનાથી દુર્જનોને ખેદ થાય છે. પણ એટલા માત્રથી બુધપુરુષો શાસ્ત્રરચના છોડી દેતા નથી, કારણ કે એ રચનાથી સજ્જનોને આનંદ થતો હોય છે. રજાઈ-ધાબળો વગેરેનો ભાર લાગવાનો ભય હોવા માત્રથી દક્ષપુરુષ એને છોડી દેતો નથી, કારણ કે શિયાળાની ઠંડીથી રક્ષણ કરવામાં એ સમર્થ હોય છે.

દુર્જન શાસ્ત્રરચનામાં દૂષણ દર્શાવવા કહે છે કે - તમે જે નવું શાસ્ત્ર રચવા ચાહો છો તે આગમને અનુસરીને કે માત્ર સ્વકલ્પનાઓને અનુસરીને ? જો માત્ર સ્વકલ્પનાઓનો આધાર હોય તો એ પ્રમાણભૂત ન હોવાથી એવા શાસ્ત્રની રચનાથી સર્યું. અને જો આગમોનો જ આધાર લેવાનો હોય તો આગમો વિદ્યમાન છે જ, નવા શાસ્ત્રને રચવાની શી જરૂર છે ? નવી શાસ્ત્રરચના માત્ર 'અમે આટલાં શાસ્ત્રો રચ્યા' એવા અભિમાનના પોષણ માટે જ છે, એનો બીજો કોઈ ઉપયોગ નથી. તેથી, 'નવી શાસ્ત્રરચના તેવી શાસ્ત્રીયમર્યાદાથી થાય છે' એવું નથી. દુર્જનોએ દર્શાવેલા આ દોષની સામે સજ્જનોનો યોગ્ય ઉત્તર આ છે કે નૌકા જેમ સમુદ્રમાં પ્રવેશ કરાવનાર હોય છે એમ નૂતનશાસ્ત્રરચનાનો પરિશ્રમ શ્રુતસમુદ્રમાં પ્રવેશ કરાવનાર હોય છે.

આશય એ છે કે પન્નવણા, જીવાભિગમ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ વગેરે આગમો તો મહાસાગર જેવા છે. જેમ નૌકા વિના મહાસાગરમાં ઝંપલાવનારો હેરાન હેરાન થઈ જાય છે ને છેવટે ડૂબી જાય છે. એમ જીવવિચાર-નવતત્ત્વ વગેરે પ્રકરણ ગ્રંથોરૂપ નૌકા વિના આ આગમરૂપ મહાસાગરમાં ઝંપલાવનાર મૂંઝાઈ જાય છે. કલ્પના તો કરો કે

શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વગેરે મહાત્માઓએ તે તે શાસ્ત્રની રચના કરી ન હોત તો આગમોનો પાર પામવો અલ્પાંશે પણ શક્ય હોત ? સમુદ્રમાં ઝંપલાવ્યા બાદ પાર ન પમાય તો ડૂબી જ જવું પડે ને ! જીવવિચાર વગેરે પ્રકરણો જ્યારે રચાયાં ત્યારે નવા શાસ્ત્રોરૂપ જ હતા. દુર્જનોના વચનને મહત્ત્વ આપીને તે તે ગ્રંથકારોએ જો આ શાસ્ત્રો રચ્યાં ન હોત તો આગમસમુદ્રમાં પ્રવેશ શી રીતે થાત ? આ જ રીતે વર્તમાનમાં રચાતા શાસ્ત્રો પણ શ્રુતસમુદ્રમાં પ્રવેશ કરાવનાર નૌકા સમાન છે ને તેથી વ્યર્થ નથી કે અભિમાનના પોષણ માટે નથી. ઉપાધ્યાયજી મહારાજે ૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે -

કોઈ કહે નવી શી જોડી ? શ્રુતમાં નહિ કોઈ ખોડી;
તે મિથ્યા, ઉદ્ધૃતભાવા શ્રુતજલધિ પ્રવેશે નાવા.

વળી દુર્જન એક નવો દોષ જણાવે છે - તમે નવા શાસ્ત્રકારો પૂર્વાચાર્યોના શાસ્ત્રો કરતાં વધારે સારાં શાસ્ત્રો રચવા માગો છો કે ઉતરતી કક્ષાના ? જો ઉતરતી કક્ષાના રચવા માગતા હો તો એની કોઈ જરૂર જ નથી. અને જો વધારે સારા રચશો તો 'પૂર્વાચાર્યો' એવા સારા રચી ન શક્યા' એવું સૂચિત થવાથી એમની આશાતના થશે.

સજ્જનો વડે આનો સુંદર રીતે પાઠવાયેલો જવાબ એ છે કે અમે તો પૂર્વાચાર્યોએ કહેલી વાતો જ કરવાના છીએ. છતાં પિતાએ કહેલી વાતને જ કહેનાર પુત્રની વાત જેમ પિતાની આશાતના નથી, પણ પિતા પ્રત્યેની વફાદારી છે. એમ અમારી આ શાસ્ત્રરચના પૂર્વાચાર્યો પ્રત્યેની વફાદારી-ભક્તિ છે, આશાતના નથી.

દુર્જને દર્શાવેલો નવો દોષ : તમે આ નવું શાસ્ત્ર રચશો એટલો ટાઈમ તથા બીજા સાધુઓ આ શાસ્ત્ર ભણશે એટલો ટાઈમ આગમનો સ્વાધ્યાય નહીં કરી શકે. એટલે આગમના અધ્યયનમાં પલિમંથ = વ્યાઘાત = બાધક બનવાથી નિન્દ્ય બનેલા આ શાસ્ત્રોથી તમારે શું સાધવું છે ?

સજ્જનોનો આવા દોષપ્રદર્શનને રોકનાર જવાબ : નવા શાસ્ત્રોની રચના કરવા માટે શાસ્ત્રકારોએ મૂળ આગમો તથા પ્રાચીન શાસ્ત્રોનો વધારે ઊંડાણથી અભ્યાસ કરવો પડે છે. તેથી નવ્યશાસ્ત્રરચના આગમના અભ્યાસને વધારે વિશદ કરનાર છે, પલિમંથરૂપ નથી. વળી એ રચના કરવામાં પ્રજ્ઞાનો નવો નવો ઉન્મેષ થાય છે. નવા શાસ્ત્રોને ભણનાર સાધુઓ આગમોમાં કહેલી વાતોને સરળતાથી સમજી શકે છે આ એમના પર ઉપકાર છે. તથા આ નવા શાસ્ત્રોના અધ્યયનથી એમની બુદ્ધિ નવી થાય છે = વિશદ થાય છે. તેથી તેઓ આગમોના વધુ રહસ્યોને હવે પામી શકે છે. આમાં પલિમંથની તો ગંધ પણ ક્યાં છે ?

આ બધી બાબતો બુદ્ધિનિધાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પોતાના વિંશતિ-વિંશિકા પ્રકરણની પ્રથમ વિંશિકાની ૭ થી ૧૦ નંબરની ગાથાઓમાં સપ્રસંગ કહેલી છે. ખરેખર દુર્જનોએ ફેલાવેલી વાતોનું ખંડન કર્યા વિના સજ્જનોની શાસ્ત્રરચના વગેરે વ્યવસ્થા સારી રીતે થઈ શકતી નથી.

આશય એ છે કે ગ્રંથકારે નવ્યન્યાયની શૈલિમાં નવા નવા અનેક ગ્રંથોની રચનાઓ કરવા માંડી. એનાથી કેટલાકના પેટમાં તેલ રેડાયું. તે દુર્જનોએ વિરોધ શરૂ કર્યો. આવી જ પરિસ્થિતિ ૧૪૪૪ ગ્રંથની રચનાકાળે શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સમક્ષ પણ ઉપસ્થિત

થઈ હશે. તેથી તેઓશ્રીએ વિંશતિવિંશિકા ગ્રન્થની પ્રથમ વિંશિકામાં જ આવા દૂષણાભાસોનો સુંદર જવાબો આપ્યા છે... એનો ઉલ્લેખ ગ્રંથકારે અહીં આદરસહિત કર્યો છે.

સજ્જન ન્યાયતંત્રરૂપી કમલને વિકસિત કરનાર સૂર્ય છે, લોકોના નેત્રને આહ્લાદ અને શીતલતા આપનાર ચંદ્ર છે અને પાપરૂપી પર્વતને ભેદનાર વજ્ર છે. આવા સજ્જનને અમારા સતત વારંવાર નમસ્કાર હો.

અત્યાર સુધીની ગાથાઓમાં સજ્જનોની જે વિશેષતાઓ દર્શાવી તે વિશેષતાઓ વિશેષરૂપે જેઓમાં જોવા મળે છે એવા પોતાના ગુરુવર્યોને હવે ગ્રંથકાર યાદ કરે છે.

બહુગુણોથી અલંકૃત એવો તપાગચ્છ શ્રીયુત વિજયદેવસૂરિજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયસિંહસૂરિજી મહારાજથી વિભૂષિત છે. આમાં શ્રી વિજયસિંહસૂરિજી મહારાજ અનેક આચાર્યોમાં તિલક સમાન છે અને ઐશ્વર્યથી સમૃદ્ધ છે. આ તપાગચ્છમાં અત્યારે શ્રી નયવિજયજી મહારાજ નામના પંડિત ઉપાધ્યાય જયવંતા વર્તે છે. આ શ્રી નયવિજયજી મહારાજનું નામ સૂર્ય કરતાં તેજસ્વી છે, નિરોગતાને કરનારું છે, રમણીય છે, ચારે બાજુ પ્રસિદ્ધ છે અને ઈષ્ટ ફળ આપવામાં કામઘટ કરતાં પણ વધારે છે. વળી આ શ્રી નયવિજયજી મહારાજે, નિર્મળ-વિશદ એવું 'જીતવિજયજી' નામ ધરાવનાર વિદ્વાન્ ઉપાધ્યાયનું ગુરુબંધુપણું પ્રાપ્ત કરીને વિશેષ રૂપે ધર્માનુષ્ઠાન કરેલાં છે.

જે ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજે વિહારાદિનો પ્રબળ પુરુષાર્થ કરીને તથા મારા પર અનુગ્રહ કરીને મને પણ કાશીમાં ન્યાયદર્શનનો અભ્યાસ કરાવ્યો. અનેક અગવડો ભરેલા કપરા કાળમાં

ઠેઠ કાશી સુધી વિહાર કરીને જવું, ત્યાં દીર્ઘકાળ રોકાવું ને આ રીતે શિષ્યને ભણાવવો... તેઓશ્રીના આ ગુણને તે કાળના બધા વિદ્વાનોએ મુક્તકંઠે પ્રશંસ્યો હતો.

જે જે દર્શનના અધ્યયનકાળે તેઓશ્રીની સ્મૃતિ થાય છે તે તે દર્શનમાં મારી બુદ્ધિ દોડવા માંડે છે. પવન જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પુષ્પની સુગંધ પણ જાય જ ને !

શાસ્ત્રરૂપી કમલ મારા માટે બીડાયેલું હતું... એટલે મારી બુદ્ધિ એમાં પ્રવેશ પામી શકતી નહોતી. પણ તે ગુરુદેવના ગુણોનું સ્મરણ કરું છું અને આ શાસ્ત્રકમળ ખીલી ઊઠે છે. મારી બુદ્ધિ એમાં પ્રવેશ પામે છે. અને પછી મારા મનરૂપી સરોવરમાંથી નીકળતી સુનયાત્મક પરાગરજ આ શાસ્ત્રકમળમાં ભળે છે, જેથી સજ્જનરૂપી ભમરાઓના સમૂહ આ શાસ્ત્રકમળને સેવે છે.

સાવ નિર્ગુણ એવો હું અનેક ગુણોથી અલંકૃત તે ગુરુદેવને કયા ગુણોથી ઉપકૃત કરી શકું ? પોતાને જીવનદાતા વાદળને બિચારું ચાતક બાળ શું આપે ? છતાં તે ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજનો યશ સજ્જનોના પ્રભાવે (સજ્જનો ગાતા હોવાના કારણે) ચારે બાજુ જે ફેલાય છે તે મારા ચિત્તને કંઈક ઋણમુક્તિનો આનંદ આપે છે. તેઓશ્રીનો મને કાશી લઈ જવાનો શ્રમ, મારો ગ્રન્થો ભણવાનો અને પછી નવા નવા શાસ્ત્રો રચવાનો શ્રમ... આ બધા શ્રમના પ્રભાવે શાસ્ત્રોમાં જે નય પીરસાયા છે તે નયો સ્વસ્વવિષયનું પ્રતિપાદન કરવામાં સમર્થ બન્યા છે. એટલે કે યોગ્ય દાનરૂપ ફળથી ફળવાળા બન્યા છે. અને તેથી જ તે તે શાસ્ત્રોના અધ્યેતા વિદ્વાનો ગુરુદેવનો યશ ગાય છે કે ઘણાં કષ્ટો ઊઠાવીને તેઓશ્રીએ શિષ્યને ભણાવ્યો તો આવાં સુંદર શાસ્ત્રો આપણને મળ્યાં. આ યશોવાદથી ગ્રંથકાર શિષ્યને ઘણો આનંદ થાય છે.

વિશ્વમાં સેંકડો સજ્જનો છે. પરંતુ તે ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજની સાથે મારે સરખાવવા હોય તો કયા સજ્જનને હું તરત સરખાવી શકું ? (અર્થાત્ કોઈને નહીં.) ધરતી પર સેંકડો પર્વતો શું નથી ? છતાં ધરતીને ધારણ તો એક મેરુપર્વત જ કરે છે ને !

તે શ્રી નયવિજયવિબુધ ગુરુદેવશ્રીના ચરણકમળમાં ભમરા સમાન એવા ને મુગ્ધબુદ્ધિવાળા મેં (યશોવિજય ઉપાધ્યાયે) આ ગ્રંથને રચેલો છે. મારા ભાઈ પદ્મવિજય મહારાજ ભાગ્યનું ધામ હતા અને લક્ષ્મીનું-ઐશ્વર્યનું નિવાસસ્થાન હતા.

આ બત્રીશીની શેષ વાતો તથા સંપૂર્ણ ગ્રંથની પ્રશસ્તિ આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૮

છેલ્લી બત્રીશમી સજ્જન-સ્તુતિ નામની બત્રીશીની આપણે વિચારણા કરી રહ્યા છે. ઘણી ખરી વિચારણા ગયા લેખમાં જોઈ ગયા છીએ. બાકી રહેલી થોડી વિચારણા તથા આખા મૂળગ્રંથ પર જે તત્ત્વાર્થદીપિકા નામનું વિવરણ છે એની પ્રશસ્તિ આ લેખમાં આપણે જોઈશું.

ગ્રંથકારે છેલ્લે એમ જણાવેલું કે મુગ્ધબુદ્ધિવાળા મેં આ ગ્રંથની રચના કરી છે. એટલે આના પર પ્રશ્ન ઊભો થાય છે કે ગ્રંથકાર એવા તમે જ જો મંદબુદ્ધિવાળા છે, તો તમારા આ ગ્રંથમાં એવી કોઈ વિશેષતા હશે જ નહીં. અને તો પછી આ ગ્રંથ બીજાઓ પર શું ઉપકાર કરશે ?

આ પ્રશ્નનો ગ્રંથકાર જવાબ આપે છે કે - મારા કરતાં પણ જેઓ વધારે મંદ બુદ્ધિવાળા છે તેઓને આ ગ્રંથથી ઉપકાર થશે.

**પ્રશ્ન :** તો પછી જેઓ મંદતર બુદ્ધિવાળા નથી તેઓ તો આ ગ્રંથને હાથ પણ નહીં લગાડે...

**ઉત્તર :** ના, જેઓ પરમબોધવાળા છે તેઓ પણ આ ગ્રંથ ભણશે કે ભણાવશે... ત્યારે એ ભણવા-ભણાવવાના બહાને બાળક એવા મારા વચનોને સ્વયં જે બોલશે કે યાદ કરશે એનાથી એમને આનંદ જ થશે. મહાપુરુષોને બાળકની વાતો બોલવી-યાદ કરવી ગમતી જ હોય છે.

ભારતદેશ આર્યભૂમિ છે. અહીં આર્યસંસ્કૃતિ છે. આ સંસ્કૃતિને વરેલા ગ્રંથકાર જૈન હોય કે અજૈન હોય, એમની ગ્રંથરચના અંગે આ પરંપરા હોય છે કે ગ્રંથના આરંભે મંગળ કરવું... એ જ રીતે એક એવી પણ પરંપરા છે કે પોતાની લઘુતા-નમ્રતા માનવી અને વ્યક્ત કરવી. મારી કોઈ શક્તિ નથી... સુંદર ગ્રંથરચના થઈ શકે એવું મારું કોઈ સામર્થ્ય નથી. પણ પ્રભુની કૃપા કે ગુરુની કૃપાથી હું આ કંઈક રચના કરી રહ્યો છું. મારા કરતાં પણ મંદબુદ્ધિ જીવોને ઉપકાર થાય એ માટે આ પ્રયાસ છે... વગેરે.

શ્રી ભક્તામરસ્તોત્રમાં આ વાત अल्पश्रुतं श्रुतवतां परिहासधाम... આ ગાથા દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. પરમપવિત્ર શ્રી કલ્પસૂત્રની સુબોધિકા વૃત્તિના પ્રારંભે પૂ. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે પણ આવો જ ભાવ વ્યક્ત કર્યો છે. ગ્રંથકારે પણ પ્રસ્તુત ગાથા દ્વારા પોતાની આવી લઘુતા વ્યક્ત કરી છે.

પણ ભારતદેશની બહાર આર્યસંસ્કૃતિ ન હોવાથી આવી પરંપરા જોવા મળતી નથી. ગણિત-વિજ્ઞાન-કોમર્સ-લૉ... વગેરેના

સેંકડો પુસ્તકો લખાય છે ને પ્રકાશિત થાય છે. પણ પ્રાયઃ એમાં પોતાના શ્રદ્ધેય ભગવાન્‌ને નમસ્કાર, પોતાને જ્ઞાન વગેરે આપનાર ગુરુના ઉપકારનું સ્મરણ કે પોતાની લઘુતાની અભિવ્યક્તિ વગેરે જોવા મળતાં નથી. અને એટલે એને અનુસરીને ભારતના ગણિતશાસ્ત્રી વગેરે પણ ગણિત વગેરેના પુસ્તકોના પ્રારંભે આવું કાંઈ કરતા હોય એવું પ્રાયઃ જોવા મળતું નથી. અસ્તુ.

વળી દુર્જન દ્વારા ઉદ્‌ભાવિત કરાતો નવો દોષઃ તમારા ગ્રંથમાં સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજના યોગબિંદુ-યોગદષ્ટિ-સમુચ્ચય વગેરે ગ્રંથોના ઢગલાબંધ શ્લોકો અક્ષરશઃ કહેવાયેલા છે. ને બીજા ઢગલાબંધ શ્લોકો એકાદ બે શબ્દના ફેરફાર સાથે કહેવાયેલા છે. એટલે 'મેં નવો ગ્રંથ રચ્યો' આ માત્ર તમારું અભિમાન જ છે ને !

ગ્રંથકારે દુર્જનની આ વાતનો જવાબ આવો આપ્યો છે કે - તમારી વાત સાચી છે, પણ સ્વ-પરને પૂર્વના મહાપુરુષોના વચનની સ્મૃતિ થાય, એના દ્વારા એ મહાપુરુષો પ્રત્યે આદર-બહુમાનભાવ જાગે-વધે, અમારા દ્વારા કહેવાતી વાતને પૂર્વપુરુષોનું સમર્થન છે એવી શ્રોતાને પ્રતીતિ થવાથી એ વાતો વધુ પ્રમાણભૂત બને-વધુ ગ્રાહ્ય બને તથા એ વચનોનો ઉલ્લેખ કર્યો હોય તો એ પછી એના પર વિશેષ વિચારણા કરવી શક્ય બને... આવા બધા ઉદ્દેશ હોવાથી આવું કરવામાં આ પુરુષ (=ગ્રંથકાર પોતે) અપરાધી બનતા નથી.

સજ્જનો જો આ ગ્રંથના પઠન-પાઠનાદિ કરવારૂપ અનુગ્રહ કરશે તો જ આ ગ્રંથ શ્રેષ્ઠ ખ્યાતિ પામશે. નદી તો અધોગમન કરવાના સ્વભાવવાળી હોય છે. છતાં શંકરે સ્વમસ્તક પર નિવાસ કરવા દેવારૂપ અનુગ્રહ કર્યો તો દેવતાઈ નદી તરીકે શું પ્રસિદ્ધ થઈ નથી ?

ગ્રંથ રચાયા પછી ભણવા-ભણાવવામાં ન આવે તો પ્રસિદ્ધિ પામી શકતો નથી. સજ્જનો પાસે ભણવા-ભણાવવા માટે ઘણા ગ્રંથો ઉપલબ્ધ છે. છતાં તેઓ પોતાની પસંદગી આ ગ્રંથ પર ઉતારે એ એમનો અનુગ્રહ છે. અને એનાથી જ ગ્રંથ પ્રકાશમાં આવે છે.

એકાંતવાદને વરેલા જે કોઈ દર્શનો છે એ બધા પરમત છે. આ પરમત કોઈપણ પદાર્થને યથાર્થરૂપે પ્રકાશમાં લાવતા નથી. માટે એ બધા અંધકાર સ્વરૂપ છે. જે શ્રી જિનશાસનમાં રહેલી સ્યાદ્વાદ વિદ્યા આ અંધકારનો નાશ કરનાર છે, માટે સૂર્યકિરણોના પ્રવાહરૂપ-ધારારૂપ છે. વળી જન્મ-જરા-મૃત્યુના સાગરસ્વરૂપ ભવસાગરથી નિસ્તાર પામીને જીવો જે જિનશાસનના પ્રભાવે મોક્ષપદરૂપ સ્થાનને પામે છે. તથા જે જિનશાસનના પ્રભાવે અમને હમેંશા ઉપશમરસજન્ય આકંઠ તૃપ્તિ અનુભવાયા કરે છે તે આ જિનશાસન પરમાનંદ સ્વરૂપ મોક્ષના મૂળને સિંચનાર વાદળ જેવું હમેંશા વિલસી રહ્યું છે.

જગત્‌માં જીવો વિષય અને કષાયને વરેલા છે. એનાથી ક્યારેય તૃપ્તિનો અનુભવ થતો નથી. ઉપરથી સતત અતૃપ્તિની આગનો તાપ જ અનુભવાયા કરે છે. શ્રી જિનશાસનના પ્રભાવે વિષય-કષાયની આ આગ શાંત થઈ શમરસનો અનુભવ થાય છે જે પરમતૃપ્તિનો આસ્વાદરૂપ હોય છે.

આ રીતે આ બત્રીશમી બત્રીશી પૂર્ણ થઈ અને એની સાથે બત્રીશ-બત્રીશી ગ્રંથ પણ પૂર્ણ થયો. હવે, ગ્રંથકારે આખા બત્રીશ બત્રીશી મૂળ ગ્રંથની તત્ત્વાર્થ-દીપિકા નામની સંસ્કૃત સ્વોપજ્ઞટીકા જે રચી છે એની પ્રશસ્તિ દશ શ્લોક દ્વારા રચેલી છે. તેનો ભાવાર્થ નીચે મુજબ છે.

જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજનો પ્રતાપ જાણે કે સૂર્ય હતો. જે સૂર્યે દિલ્હીના બાદશાહ અકબરના મનરૂપી કમળને વિકસ્વર

કરેલું હતું. વળી આ સૂર્યે ચમકવાથી કુમતના અંધકારનો વિલય થયો હતો. તથા આ. શ્રી હીરસૂરિ મહારાજની વાણીએ દયાવેલડીની વૃદ્ધિ માટે વાદળની જળવૃષ્ટિનું કામ કરેલું હતું. આ વિજયવંતા શ્રી હીરસૂરિ મહારાજ આ શ્રી જિનશાસનમાં પૂર્વે વિરાજતા હતા... શોભતા હતા.

તેઓશ્રી સદ્ગુણોના સમૂહને ધારણ કરનારા હતા. એના કારણે એમના યશરૂપી અમૃત ઘણું વિસ્તર્યું હતું. આ અમૃતનું વારંવાર પાન કરીને વિબુધજનો શું અહીં નિરપાય એવા પ્રમોદને ધારણ કરતા નથી ? અર્થાત્ કરે જ છે. તે આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય ઉપાધ્યાય **શ્રી કલ્યાણવિજયજી** આ જૈનશાસનમાં શોભ્યા. તેઓ, ષડ્દર્શન કે જે એક મહાસાગર છે તેનું મંથન કરનાર રવૈયા જેવી વિશેષ પ્રજ્ઞાના સ્વામી હતા.

તે શ્રી કલ્યાણવિજયજી ઉપાધ્યાયના સુશિષ્ય શ્રેષ્ઠ પંડિત **શ્રી લાભવિજય ઉપાધ્યાય** થયા. તેઓ વિશાળ શાસ્ત્રબોધથી મેળવેલ યશરૂપી પ્રશસ્તલક્ષ્મીથી શોભતા હતા. તેઓને સિદ્ધહેમવ્યાકરણના સૂત્રોનો બોધ એવો સ્પષ્ટ હતો કે એનાથી ત્રણે ભુવનના લોકોના હૃદય ચમત્કૃત થતા હતા અને એ બોધ વધારે ઊંચા આદરણીય સ્થાનને સાધી આપવામાં પ્રેમ રાખનારો હતો.

સૂર્યની કાંતિ પંકજવનમાં જેમ શીઘ્ર અભ્યુદયને = વિકાસને કરે છે તેમ જે લાભવિજયજી મહારાજની કૃપાદષ્ટિલીલા મારા જેવા જડનો શીઘ્ર અભ્યુદય કરે છે તે શ્રી લાભવિજયજી ઉપાધ્યાયના શિષ્ય **શ્રી જીતવિજયજી ઉપાધ્યાય** થયા. સોનાની પરીક્ષા માટેનો કસોટી પથ્થર કેવી સ્નિગ્ધ કાંતિવાળો હોય છે. એવી જ સ્નિગ્ધ કાંતિવાળું તે શ્રી જીતવિજયજી મહારાજનું શરીર હતું. તેઓ અત્યંત વિદ્વાન હતા. તેઓના અતુલ પરિપૂર્ણ બળની અમે સ્તવના કરીએ

છીએ. તે શ્રી જીતવિજયજી મહારાજના ગુરુભાઈ પંડિતશિરોમણિ શ્રી નયવિજયજી ઉપાધ્યાય છે. પૃથ્વીને અજવાળવા માટે સૂર્ય જેમ ઉદયાચલ પાસે જાય છે અથવા આખા વિશ્વ પર ઉપકાર કરવા માટે નિઃસ્વાર્થભાવે વાદળ જેમ સમુદ્ર પાસે જાય છે તેમ મારા આત્માને જ્ઞાનપ્રકાશથી અજવાળવા માટે અથવા મારા પર ઉપકાર કરવા માટે તે ગુરુદેવ શ્રી નયવિજયજી ઉપાધ્યાય કાશીની પાસે ગયા હતા. તે મારા ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજ વર્તમાનમાં જયવંતા વર્તે છે.

તેઓના ચરણકમળની સેવા કરનારા **યશોવિજય** નામના શિષ્ય એવા મારા દ્વારા દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા મૂળ ગ્રંથ પર **તત્ત્વાર્થ-દીપિકા** નામની સ્વોપજ્ઞ વૃત્તિ રચાયેલી છે.

મહાપુરુષોએ રચેલા શાસ્ત્રમાં ક્યાંક રહેલા મહાન્ ગંભીર અર્થને જે વ્યર્થ માને અને કોઈ અન્ય શાસ્ત્રકારની સાવ સરળ રચનાને જોઈને જે 'અહો ! કેવી મહાન્ રચના !' 'અહો ! કેવી પંડિતાઈ !' એવી પ્રશંસા કરતાં ધરાઈ નહીં... આ રીતે બધે જ ઊલટું જ જોવાની આદત જેને પડી ગઈ છે તેવા દુર્જનોની દૃષ્ટિ ક્યારેય સારા ગુણોમાં જતી જ નથી. ખરેખર તે દુર્જનો સજ્જનોની નહીં, પણ અત્યંત મૂર્ખાઓની સભામાં જ હાથથી તાળી પાડનારા હોય છે.

સજ્જનો તો આ દુર્જનો કરતાં સાવ જુદા જ તરી આવતા હોય છે. ગ્રંથના અપૂર્વ અર્થોને વિસ્તારવાના પુરુષાર્થથી વિલસતા તેઓની દૃષ્ટિ કવિની કૃતિની વિભૂષાને ઉદિત કરવા માટે સૃષ્ટિ સમાન હોય છે. તેઓ ત્રણ રીતે ગ્રંથના અપૂર્વ અર્થોને પ્રકાશિત કરે છે. (૧) ગ્રંથમાં ક્યાંક કશુંક રહી ગયું હોય તો સ્વયં એ જોડી દે છે. (૨) કદાચ ક્યાંક કશુંક ખોટું લખાયું હોય તો વિધિપૂર્વક કોઈને

કશી ખબર ન પડે એ રીતે સુધારી દે છે અને (૩) ગ્રંથમાં સંક્ષેપમાં કહ્યું હોવાથી જેની વ્યાખ્યા કરવી જરૂરી હોય એવા અર્થોને સુનય દ્વારા ખોલી આપે છે. (અને આ બધું કરવા છતાં ‘અમે આ કર્યું છે’ એવો ઢંઢેરો ક્યારેય પીટાવતા નથી.)

જે ભાવુકો સદ્ગુરુ પાસે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રન્થની આ તત્ત્વાર્થદીપિકા નામની સ્વોપજ્ઞ ટીકાને સુદૃઢપણે ભાવિત કરે છે તેઓ શાસ્ત્રોના પરમાર્થના જાણકાર બનીને પરમાનંદસંપત્તિને મેળવે છે. સદ્ગુરુ પાસે ભણવામાં વિનયપૂર્વક ભણાય છે. આ વિનય-બહુમાન શાસ્ત્રજ્ઞાનને વિષયપ્રતિભાસ અને આત્મપરિણતિમત્ જ્ઞાનની કક્ષાથી આગળ વધીને ભાવનાજ્ઞાન સુધી પહોંચાડે છે... આ ભાવનાજ્ઞાનમાં હેયનો ત્યાગ અને ઉપાદેયનું આચરણ સંકળાયેલા હોય છે. તેથી જ્ઞાન અને ક્રિયાનો સુભગ સમન્વય થવાથી જીવ પરમાનંદસંપત્તિ = મોક્ષ-સંપત્તિને મેળવે છે.

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા મૂળગ્રંથ સહિતની આ સ્વોપજ્ઞ ટીકા ૫૦૫૦ અનુષ્ટુપ્ શ્લોક પ્રમાણ છે. આમાં મૂળગ્રંથ ૩૨ × ૩૨ = ૧૦૨૪ શ્લોકપ્રમાણ છે. તેથી સ્વોપજ્ઞવૃત્તિ, ૫૦૫૦ માંથી ૧૦૨૪ શ્લોક બાદ કરવાથી મળતા ૪૦૨૬ શ્લોકપ્રમાણ છે, એમ સમજાય છે.

સ્વોપજ્ઞવૃત્તિ-પ્રશસ્તિ સહિતનો દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથ અહીં પૂરો થાય છે. હવે પછી બધી બત્રીશીઓનો ટૂંકસાર જોઈ આપણે આ લેખમાળા પણ પૂર્ણ કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૫૯

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની એક, અનેક વિષયોને આવરી લેતી, સ્વોપજ્ઞવૃત્તિયુક્ત અદ્‌ભુત કૃતિ શ્રી દ્વાત્રિંશદ્‌દ્વાત્રિંશિકા (બત્રીશ બત્રીશી) ગ્રંથના આધારે આપણે આ લેખમાળા ચાલુ કરેલી અને ૧૫૮ લેખોમાં બધી બત્રીશીઓની વિચારણા પૂરી કરી. એ જ વિચારણાઓનો હવે ઉપસંહાર જોઈને પછી આ લેખમાળા આપણે પૂર્ણ કરીશું.

તે તે બત્રીશીનો ઉપસંહાર જોતાં પૂર્વે આપણે સમગ્ર ગ્રંથનું એક વિહંગાવલોકન કરીએ.

'महाजनो येन गतः स पन्थाः' આ ન્યાયને મહામહોપાધ્યાયજીએ જેમાં સાર્થક કર્યો છે તે ગ્રન્થ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા. તાર્કિક શ્રેષ્ઠ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજાએ બત્રીશ શ્લોકની બનેલી બત્રીશી રચી. અષ્ટક, ષોડશક, વિંશિકા અને પંચાશક જેઓના હાલ પણ ઉપલબ્ધ છે, તે ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ બત્રીશી પણ રચી હશે એવી કલ્પના અશક્ય નથી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ પણ અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા અને અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા નામે બત્રીશીઓ રચી છે. મહાજનોએ કંડારેલા આ માર્ગે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયજીએ પણ પદાર્પણ કરી એક નહીં, બે નહીં, બત્રીશ બત્રીશ બત્રીશીઓની હૃદયંગમ રચના કરી છે. ગ્રન્થના નામ અનુસાર બત્રીશેય પ્રકરણોમાં બત્રીશ બત્રીશ મૂળ શ્લોકો છે, ન ન્યૂન - ન અધિક. આમાં વળી એક વિશેષતા આપણે એ જોઈ કે દરેક બત્રીશીના અંતિમ શ્લોકમાં 'પરમાનન્દ' શબ્દ વણાયેલો છે. આ થઈ મૂળગ્રન્થની વાત. એના

પર ઉપાધ્યાયજી મહારાજે 'તત્ત્વાર્થદીપિકા' નામની સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. સ્વોપજ્ઞ વૃત્તિનું નામ તત્ત્વાર્થદીપિકા છે એ પ્રશસ્તિના નીચેના શ્લોક પરથી જણાય છે -

यशोविजयनाम्ना तच्चरणाम्भोजसेविना ।
द्वात्रिंशिकानां विवृत्तिश्चक्रे तत्त्वार्थदीपिका ॥

કેટલાક મૂળ શ્લોકો પર વિસ્તૃત વૃત્તિ છે. તો કેટલાક પર સંક્ષિપ્ત અવચૂરિ જેવી. કેટલાક શ્લોકની વૃત્તિમાં સાક્ષી પાઠો જ ટાંકીને અભિપ્રેતાર્થ જણાવ્યો છે. તો કેટલાક શ્લોકોની વૃત્તિમાં માત્ર દિક્પ્રદર્શન કરી વિસ્તાર માટે અન્ય ગ્રન્થોનો અતિદેશ કરી દીધો છે. આ અન્ય ગ્રન્થો તરીકે બહુધા સ્વકીય જ ધર્મપરીક્ષા, સ્યાદ્વાદ કલ્પલતા, ઉપદેશરહસ્ય વગેરે ગ્રન્થો છે. સંખ્યાબંધ શ્લોકો પર તો 'સ્પષ્ટ' ઇત્યાદિ કહીને વિશેષ વૃત્તિ રચી જ નથી... યાવત્ બત્રીશમી બત્રીશીના તો એકેય શ્લોક પર વૃત્તિ નથી. વળી ૮૦% થીય વધુ શ્લોકોની અવતરણિકા કરી નથી. વૃત્તિ ગ્રન્થની આ બધી પ્રથમ નજરે આંખે ચઢેલી વાતો કહી.

- અધ્યાત્મસારમાં ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું છે કે

शास्त्रात्परिचितां सम्यक् सम्प्रदायाच्च धीमताम् ।
ईहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ॥७॥

આમાં શાસ્ત્ર, પ્રાજ્ઞપુરુષોનો સંપ્રદાય અને સ્વકીય ઈહા એ ત્રણ ગ્રન્થ ગથનના જે Source બતાવ્યા છે, તેનો સ્પષ્ટ વ્યાપાર પ્રસ્તુત ગ્રન્થમાં જોવા મળે છે. અષ્ટક પ્રકરણ, ષોડશક પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિન્દુ અને પાતંજલ યોગદર્શન... મુખ્યતયા આ પાંચ ગ્રન્થોમાંથી જાણવા મળેલી વાતોનો, સંપ્રદાય અને સ્વકીય ઈહા અનુસારે પ્રસ્તુત ગ્રન્થમાં સંક્ષેપ યા વિસ્તાર કરવામાં આવ્યો

છે. એટલે કે તે મૂળ શાસ્ત્રમાં જ જેનો વિસ્તાર સુસ્પષ્ટ છે, તેનો અહીં માત્ર સંક્ષેપથી જ ઉલ્લેખ કર્યો છે. જે જે વાતનો પોતાને વધુ સ્પષ્ટ વિસ્તાર કરવાનો સંપ્રદાય અને સ્વકીય વિચારણા-સ્ફૂરણાને અનુસારે અવસર મળ્યો, તેનો તેનો અહીં વિસ્તાર કરાયો છે. એટલે ઘડીકમાં એમ લાગે છે કે અષ્ટક-ષોડશક વગેરેનો આ સમરીગ્રન્થ છે. તો ક્યારેક એમ લાગે કે જુદા જુદા શાસ્ત્રોમાં કહેલા તે તે સંદર્ભના પ્રતિપાદનોનો આ સંકલન ગ્રન્થ છે. દા.ત. યોગબિન્દુના અમુક અધિકારથી બત્રીશીનો પ્રારંભ થયો હોય, વચ્ચે પાછો એનો જ સમાન સંદર્ભવાળો અન્ય અધિકાર આવી જાય, પછી એના જ સંદર્ભવાળો પાતંજલ યોગદર્શનનો સંદર્ભ આવે, પછી યોગદૃષ્ટિ સમુચ્ચયનો થોડો અધિકાર આવે, પાછો યોગબિન્દુનો મૂળ અધિકાર ચાલુ થઈ જાય... આવી આવી રીતે અષ્ટક-ષોડશક વગેરેના અધિકારો માટે પણ જાણવું. એમાં વળી વચ્ચે વચ્ચે ક્યારેક આગમપાઠોના સંદર્ભથી પણ પ્રસ્તુત અધિકારનું સમર્થન હોય. અન્યાન્ય ગ્રન્થોના સમાન સંદર્ભવાળા અધિકારોનું આ સંકલન પદાર્થોની ધારણા કરી પૂર્વાપર અનુસંધાન કરવાની ઉપાધ્યાયજી મહારાજની કુશળ પ્રતિભાને જણાવનારું માપક યંત્ર છે. વળી ક્યારેક તો એમ લાગે કે આ કોઈ ટીપ્પણ ગ્રન્થ છે, એટલે કે જેમ આચાર્ય ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજાએ કમ્મપયડી ચૂર્ણિ પર વિષમપદ ટીપ્પણ કર્યું છે... ચૂર્ણિગત તે તે બાબતોનું હેતુ વગેરે બતાવવા દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે, તેમ ઉપરોક્ત ગ્રન્થોના તે તે અધિકારોની અમુક અમુક બાબતો પર વિશેષ પ્રકાશ પાથરવા ટીપ્પણની રચના કરી ન હોય એવો આ ગ્રન્થ છે. ફેર એટલો છે કે અભિપ્રેત તે તે અધિકારોનો એક સળંગ ગ્રન્થ જો હોત તો મને એમ લાગે છે કે તેઓએ એવી ટિપ્પણ જ રચી લીધી હોત, પણ એવો સળંગ ગ્રન્થ ન હોવાથી સ્વસંકલના

અનુસારે એ એ ગ્રન્થાધિકારોને ગોઠવી આ નવો ગ્રન્થ રચ્યો છે, અને વિશેષ બાબતો પર પ્રકાશ પાથર્યો છે.

૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા યાકિની મહત્તરાસૂનુ સૂરિપુરંદર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં ન મળતી અથવા નિર્દેશમાત્ર રૂપે મળતી ઘણી બાબતો પર સ્વકીય માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે સુંદર પ્રકાશ પાડ્યો - શંકા/સમાધાન દ્વારા ઘણી બાબતોનું યથાર્થ નિર્ણયાત્મક પ્રરૂપણ કર્યું - કેટલીય આગમિક બાબતોને હેતુવાદની કસોટી પર ચઢાવી તર્કપૂર્ણ સિદ્ધ કરી, કેટલાંય મૌલિક નિરૂપણો અને નિષ્કર્ષોથી જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી છે. એ જ રીતે ઉપાધ્યાયજી મહારાજે શાસ્ત્રીય બાબતો અંગે ઢગલાબંધ નિષ્કર્ષો, મૌલિક, સુસંવાદી પ્રરૂપણાઓ, આગમિક બાબતોનું સતર્ક પ્રરૂપણ-નિર્દોષ લક્ષણો-શાસ્ત્રવચનોના તાત્પર્ય વગેરે પ્રરૂપવા દ્વારા જિજ્ઞાસુઓને સાનંદ આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધા છે. આ બાબતની પ્રસ્તુત બત્રીશી ગ્રન્થમાં ઠેર ઠેર પ્રતીતિ થયા વિના રહેતી નથી. એ જ રીતે હરિભદ્રસૂરિ મહારાજે મૂળ ગ્રન્થમાં ટૂંકમાં પ્રરૂપેલી વાતોને ઉપાધ્યાયજી મહારાજે હેતુપ્રદર્શન વગેરે કરીને વધુ સુસ્પષ્ટ કરી છે. પૂર્વ વૃત્તિકારે વિભાગીકરણાદિ પૂર્વક એનું વિશદ વિવેચન કદાચ ન કર્યું હોય તેવું વિભાગીકરણ પૂર્વક વિવેચન કરેલું પણ આ ગ્રન્થમાં જોવા મળે છે. જેમકે ચોથી જિનમહત્ત્વ દ્વાત્રિંશિકામાં પ્રભુના સંવત્સરીદાન અંગે એક વાત આવે છે કે પ્રભુનો પ્રભાવ જ એવો હોય છે કે જીવો સંતોષ સુખવાળા બને છે. આમાં સંતોષ સુખનું એવું પૃથક્કરણ કરી દેખાડ્યું છે કે "ધન ગ્રહણ કરવાની ઇચ્છા ઊભી કરનાર કર્મ જેઓનું સોપક્રમ હોય તેઓને અનિચ્છારૂપ સંતોષ અને તે કર્મ જેઓનું નિરુપક્રમ હોય તેઓને પરિમિત ઇચ્છારૂપ સંતોષ થાય છે." આ

વિભાગીકરણથી જ એ દાનનો સર્વથા અભાવ થઈ જવાની શંકાનું પણ નિરાકરણ કરી દીધું છે અને અસંખ્ય દાનની અસંભાવનાનું પણ સમર્થન કરી દીધું છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજાની પ્રરૂપેલી વાતોનું, તેમના પછી ઊભા થયેલા પૂર્વપક્ષોનું કે અન્ય સંભવિત શંકાઓનું નિરાકરણ કરીને સમર્થન કર્યું છે. તેમજ વધુ સ્પષ્ટીકરણ કર્યું છે.

સ્વમાન્ય પૂર્વપ્રાપ્ત વાતોની ન્યૂનતા વિગેરેનો પરિહાર કરી પૂર્ણતા કરવાનું પણ ઉપાધ્યાયજી મહારાજ ચૂકતા નથી. જેમકે 'પરમાત્મા ધ્વસ્તદોષ હોય છે' એની સિદ્ધિ માટે શ્રી સમન્ત ભદ્રોક્ત અનુમાન કે જેનો આકાર આવો અપાયો છે - કો'ક આત્મામાં દોષ અને આવરણની હાનિ સંપૂર્ણ થાય છે, કેમકે તારતમ્યવાળી હોય છે. જેમકે સ્વર્ણમલક્ષય. આમાં પક્ષ વગેરેનો વિચાર કરતા બાધ અને અસિદ્ધિ દોષ આવે છે તેનું પ્રદર્શન કરી શંકા-સમાધાન કરવા દ્વારા નિષ્કર્ષ કાઢી આપ્યો છે કે "દોષત્વ અને આવરણત્વ નિઃશેષ ક્ષીણ થતા પદાર્થમાં રહેલ છે. કેમકે અંશતઃ ક્ષીણ થતા પદાર્થમાં રહેલી જાતિરૂપ છે, જેમકે સ્વર્ણમલત્વ." આવો અનુમાન પ્રયોગ લેવાથી કોઈ દોષ રહેતો નથી.

યાકિની મહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ઉપલબ્ધ આગમાદિમાં જોવા ન મળતા જે પદાર્થોનું અન્યદર્શનના શાસ્ત્રમાંથી જૈનશાસ્ત્રોમાં સમતવાર રૂપે પ્રરૂપણ કર્યું છે. (જેમકે શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન, ભાવનાજ્ઞાન, પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્યાર્થ વગેરે.) તે પદાર્થોનો તેઓના તે તે ગ્રન્થના વૃત્તિકારોએ તેઓના જ ગ્રન્થોની વૃત્તિમાં ઉપયોગ કર્યો દેખાય છે. પણ તેઓએ કે અન્ય કોઈ ગ્રન્થકારોએ પદાર્થોનું સ્વકીય ગ્રન્થોમાં પ્રરૂપણ કરેલું

હોય કે સાક્ષી વગેરે તરીકે ઉલ્લેખ કરેલો હોય એવું પ્રાયઃ જોવા મળ્યું નથી, સિવાય કે ઉપાધ્યાજી મહારાજના ગ્રન્થો. એટલે એમ કહી શકાય કે ઉપાધ્યાયજી મહારાજે શ્રી હરિભદ્રસૂરિ મ.ના એ પદાર્થોનું વધુ સમર્થન અને વધુ પ્રચાર/પ્રસાર કર્યા છે. પ્રસ્તુત ગ્રન્થ તો એવા પદાર્થોનો જ દરિયો છે.

આ રીતે આ સંપૂર્ણ ગ્રંથનું સ્વરૂપ આપણે જોયું. હવે તે તે બત્રીશીઓનો વિચાર કરીએ.

દાન અંગેનું અનેક ગ્રંથોમાં જે પ્રરૂપણ મળે છે કે તેનું પ્રથમ દાનબત્રીશીમાં મૌલિક સંકલન છે. આમાં અષ્ટકપ્રકરણના ૨૭મા અષ્ટકનો પણ થોડો અધિકાર છે. દુઃખિયારાના દુઃખને દૂર કરવાની ઈચ્છા એ અનુકંપા છે. અનુકંપાથી અપાતું દાન એ અનુકંપાદાન છે. શરત એટલી છે કે જેટલું દુઃખ દૂર થઈ રહ્યું છે એના કરતાં વધારે દુઃખ એ જીવને કે અન્ય જીવને જો ઉત્પન્ન થતું હોય તો એ દાન 'અનુકંપાદાન' બની શકતું નથી. આ અનુકંપાદાનથી ભૌતિકસુખો મળે છે. અને જો કાળ, ભવિતવ્યતા વગેરે અનુકૂળ બની ગયો હોય તો એનાથી એવું પુણ્ય બંધાય છે જેના પ્રભાવે માનવભવ વગેરેની પ્રાપ્તિ દ્વારા આત્માનો અભ્યુદય થાય છે, જેમકે મેઘકુમાર.

'આમના આલંબને મારા આત્માનો ઉદ્ધાર થાઓ' આવી ઈચ્છા એ ભક્તિ છે. ભક્તિથી અપાતું દાન એ સુપાત્રદાન છે. એ મોક્ષસુખનું કારણ છે. શ્રી જિનેશ્વરદેવ એ રત્નપાત્ર છે, એમ શ્રીગણધરો, સાધુ-સાધ્વીજી મહારાજ અને શ્રાવક-શ્રાવિકા ક્રમશઃ સુવર્ણપાત્ર, રજતપાત્ર અને કાંસ્યપાત્ર છે. આ પાત્રભેદે દાનના ફળમાં ભેદ પડે છે એવું વ્યવહારનય કહે છે. જ્યારે નિશ્ચયનય એમ કહે છે કે પાત્રભેદે નહીં, દાતાના ભક્તિભાવના ભેદે ફળમાં ભેદ પડે છે.

સુપાત્રને ભક્તિથી શુદ્ધ દાન આપવાથી એકાંતે નિર્જરા થાય છે. અશુદ્ધ દાન આપવાથી ઘણી નિર્જરા અને અલ્પપાપ બંધ થાય છે. અને શુદ્ધ દાનથી જેવા શુભઆયુષ્યનો બંધ થાય છે એની અપેક્ષાએ કંઈક માત્ર જ અલ્પ એવા શુભઆયુષ્યનો બંધ થાય છે. એટલે શુદ્ધ દાનથી જો માનવભવનું ૧૦૦ વરસનું આયુષ્ય બંધાય, તો અશુદ્ધ દાનથી ૩૦-૪૦ વરસનું જ બંધાય ને અકાળે મોત થાય. આવું જેઓ કહે છે તે ગલત જાણવું. કારણ કે આ તો એ દાનની નિંદા કહેવાય, જ્યારે ભગવતીજી સૂત્રમાં ઘણી નિર્જરા કહેવા દ્વારા એની પ્રશંસા કરી છે. કારણે અપાતું અશુદ્ધદાન પણ શુદ્ધદાન જેટલું જ ફળવાન્ હોય છે.

સાધર્મિકવાત્સલ્ય કરી રહેલા શ્રાવકને ઉછળતો ભક્તિભાવ હોય અને સંપૂર્ણ જયણાપાલન હોય તો રસોઈ કરવામાં થતા આરંભ-સમારંભથી અંશમાત્ર પણ પાપબંધ થતો નથી, કારણ કે સ્વરૂપહિંસા હોવા છતાં અનુબંધહિંસા હોતી નથી.

આ બત્રીશીમાં અનુકંપાદાન અંગે ગ્રંથકારે એક વાત એ કહી છે કે કારણિક દાનશાળા વગેરે બીજાધાનાદિ કરાવવા દ્વારા શાસન-પ્રભાવના કરનારી નીવડે છે. આ વાતને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં વિચારીએ.

ગ્રંથકારે સમ્યક્ત્વની ૬૭ બોલની સજ્ઝાયમાં કહ્યું છે કે -

દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીનાની રે ભાવ...
લક્ષણ ચોથું અનુકંપા કહી, નિજશક્તે મન લાવ...

દુઃખિયા જીવોને દુઃખમાંથી બહાર કાઢવા યથાશક્તિ, સહાયક બનવું એ દ્રવ્યદયા છે. જૈનધર્મ નહીં પામેલા જીવો જૈનધર્મ પામી જાય એવો યથાશક્તિ પ્રયત્ન કરવો એ ભાવદયા છે. આ બંને દયારૂપ અનુકંપા સમ્યક્ત્વનાં પાંચ લક્ષણોમાંનું ચોથું લક્ષણ છે.

પુર, દુષ્કાળ, ભૂકંપ વગેરે જેવી કુદરતી આફતો વખતે એ આફતમાં સપડાયેલા જીવોની હાલત ઘણીવાર ઘણી દયનીય બની ગઈ હોય છે. નોંધારા જેવા બની ગયેલા એ માનવો વગેરેને સહાયક બનવા માટે ઘણી જૈન સંસ્થાઓ (જેવીકે સમસ્ત મહાજન, વર્ધમાન સંસ્કાર ધામ, વર્ધમાન પરિવાર, કરુણા સંસ્થા વગેરે) સ્વયંભૂ ઉલ્લાસથી અસરગ્રસ્ત તે તે પ્રદેશોમાં પહોંચી જતી હોય છે. તેના કાર્યકર્તાઓ ઘર, પરિવાર, ધંધો વગેરે બધું ગૌણ કરીને ૮-૧૦-૧૫ દિવસો સુધી કે ક્યારેક મહિનાઓ સુધી એમાં યોગદાન આપી રહેતા હોય છે. આ કાર્યો માટે પૈસાની પુષ્કળ જરૂર પડે એ સમજી શકાય છે. તેઓ જૈનોને દાનની અપીલ કરે છે અને જૈનો અનુકંપાથી તથા એ સંસ્થાઓ પરના વિશ્વાસથી કરોડો રૂપિયા આપતા હોય છે.

દર વર્ષે ક્યાંકને ક્યાંક કુદરતી કે માનવસર્જિત આફતો પ્રાયઃ આવ્યા કરતી હોય છે અને આવી એક કે અનેક સંસ્થાઓ રાહતકાર્ય ઉપાડી લેતી હોય છે. દર વર્ષે જૈનો આ રાહતકાર્યોમાં કરોડો રૂપિયા આપે છે. ઘણીવાર અન્ય ધર્મોનું કે અન્ય સંસ્થાઓનાં દાન કરતાં જૈનોનું દાન અનેક-અનેકગણું વધારે હોય છે. અને કામ ઘણું વ્યવસ્થિત હોય છે. દાતાઓ અને સંસ્થાઓની-એના કાર્યકર્તાઓની ખૂબ ખૂબ અનુમોદના.

હવે મહત્ત્વની વાત - આજનો યુગ એટલે જાહેરાતનો યુગ, પ્રિન્ટમીડિયા, ટી.વી. ન્યુઝ અને સોશ્યલ મીડિયા દ્વારા કોઈપણ સમાચાર લાખો કરોડો લોકો સુધી પહોંચી શકે છે. આપણા રમણીય જિનમંદિરો, એના ભવ્ય મહોત્સવો, એમાં થતી નવકારશીઓ... આ બધાના સમાચારો વારે-તહેવારે પ્રસિદ્ધ થતા હોય છે. ને તેથી અનેક શહેરી શિક્ષિતજનો આવો ખ્યાલ ધરાવતા થઈ ગયા હોય છે કે જૈનો મંદિરોમાં અને એના ઓચ્છવ-મહોત્સવમાં જ પૈસા ખર્ચતા

હોય છે. (એમના આવા ખ્યાલમાં આજના શિક્ષણનો અને સમાજ રચનાનો પણ ખાસ્સો હિસ્સો હોય છે.) દર વર્ષે કરોડો રૂપિયા માનવસેવામાં જૈનો વાપરે છે એ સમાચાર આ શિક્ષિતવર્ગ સુધી પ્રાયઃ પહોંચતા નથી, અથવા પહોંચે છે તો અસરકારક રીતે પહોંચતા નથી, અથવા પહોંચે છે તો જૈનોના નામે નહીં, પણ વર્ધમાન પરિવાર કે એવી કોઈ સંસ્થાના નામે. અલબત્ દાન તો ગુપ્ત જ કરવાનું હોય, પણ એ દાતાના વ્યક્તિગત નામની અપેક્ષાએ વાત છે. 'જૈનોએ આ દાન આપ્યું છે', 'જૈનો આ અનુકંપા કરી રહ્યા છે' આવી વાત તો વધુ ને વધુ જાહેર થાય એ જ ઇચ્છનીય હોય છે. શા માટે ?

એટલા માટે કે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે બીજં સત્પ્રશંસાદિ. કોઈપણ સત્કાર્ય વગેરેની પ્રશંસા-અનુમોદના વગેરે 'બીજ' છે. એટલે કે આ પ્રશંસા કરનારની આત્મભૂમિમાં તે સત્કાર્યનું બીજ આ પ્રશંસાદિ બની જાય છે જે કાળાંતરે તે આત્મામાં ઉગી નીકળે છે ને એ આત્માને એ 'સત્' ની પ્રાપ્તિ થાય છે.

એટલે 'અહો ! જૈનોએ (જૈનધર્મીઓએ) આટલી બધી અનુકંપા કરી' આવો પ્રશંસાભાવ જે જે અજૈનોના દિલમાં જાગે છે તે બધાને ભવાંતરમાં શ્રી જૈનશાસનની પ્રાપ્તિનું બીજ પડી જાય છે. આ જ તો શાસનપ્રભાવના છે. એટલે જ સમ્યક્ત્વની સજ્ઝાયમાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે -

*જિનશાસન અનુમોદના જેહથી બહુજન હુંત, કીજે તેહ પ્રભાવના...* શ્રી વર્ધમાન સંસ્કારધામ વગેરે કોઈપણ સંસ્થાના નામે થતી અનુકંપા, એ સંસ્થાની પ્રશંસા ઊભી કરે છે. જ્યાં સુધી આ સંસ્થાઓ 'અમારી સંસ્થાની પ્રશંસા થવી જોઈએ, અમારી સંસ્થાનું

નામ થવું જોઈએ' વગેરે ઇચ્છાને ગૌણ કરીને 'જૈન ધર્મનું નામ થવું જોઈએ' એવી ઇચ્છાને મુખ્ય ન કરે... એટલે કે બેનર વગેરે કોઈપણ પ્રકારના સાહિત્યમાં-મીડિયામાં 'જૈનોની સંસ્થા' 'જૈન ધર્મની સંસ્થા' વગેરે રીતે પોતાની સંસ્થાના નામ કરતાં પણ 'જૈન' શબ્દને અનેકગણો વધારો હાઈલાઈટ ન કરે, ત્યાં સુધી 'જૈનો આ બધું કરી રહ્યા છે' એવી દુનિયાને શી રીતે ખબર પડે ? કારણ કે શ્રી વર્ધમાન સંસ્કારધામ-સમસ્ત મહાજન, શ્રી પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ, કરુણા સંસ્થા વગેરે...આ સંસ્થાઓ જૈનધર્મની સંસ્થાઓ છે એવું મોટાભાગની દુનિયાને ખબર નથી.

ટૂંકમાં, જૈનોએ આપેલા દાનથી થયેલ કરોડો રૂપિયાની અનુકંપાની ક્રેડિટ સંસ્થાને જાય તો એ જૈનધર્મની પ્રશંસારૂપ ન બનવાથી અજૈનોને ધર્મપ્રાપ્તિના બીજરૂપ બની શકતી નથી. અને તેથી એ અજૈનોની ભાવદયા થઈ શકતી નથી. પણ ક્રેડિટ જો જૈનધર્મને જાય તો એ આ રીતે ભાવદયારૂપ બની શકે છે.

વળી આપણે એ ભૂલવું ન જોઈએ કે દ્રવ્યદયા કરતાં ભાવદયા હજારો ગુણી વધારે મહત્ત્વ ધરાવે છે.

તથા દ્રવ્યદયા તો એકઠા થયેલા ફંડને અનુસરીને બહુ મર્યાદિત જીવોની થઈ શકે છે. જ્યારે ભાવદયા તો લાખો કે કરોડોની પણ થઈ શકે છે. અને આ થાય એ માટે જ, અનુકંપાના જે કાંઈ કાર્ય થાય એ બધાની નોંધ સરકારી ચોપડે થાય એવા પ્રયત્ન કરવા જોઈએ.

અનુકંપા ભલે ઉત્તરાખંડ કે કેરાલાના કોઈ આંતરિયાળ ગામડામાં કરી હોય, ત્યાંના સ્થાનિક અખબારમાં સમાચાર પણ આવ્યા જ હોય... છતાં એનાથી સંતોષ ન માની શકાય. સર્વત્ર

પ્રસરતી ન્યુઝ ચેનલમાં એના સમાચાર આવે, મુંબઈ જેવા મેગા સિટીઓમાં નવા ભણેલા-ગણેલા વર્ગમાં જે ખૂબ વંચાતા હોય એવા ટાઈમ્સ ઓફ ઇન્ડિયા વગેરે ન્યુઝપેપરમાં એના સારી રીતે સમાચાર આવે એવા સઘન પ્રયત્નો તે તે સંસ્થાએ કરવા જ જોઈએ.

જે સંસ્થાઓ દ્રવ્ય દયા જોઈને જ સંતોષ માની લે છે તે સંસ્થાઓ રૂપિયાના સ્થાને માત્ર પાંચ પૈસા મેળવીને સંતોષ માની રહી છે.

'અમે થોડી મહેનત કરી, પણ ન્યુઝ ચેનલો કે અગ્રણી-અખબારો દાદ આપતા નથી' આવાં બહાનાં કાઢવાનો તે તે સંસ્થાને અધિકાર નથી, કારણ કે જે રીતે દાદ આપે તે રીતે એ દાદ મેળવવાની તે તે સંસ્થાની ફરજ છે. પાંચ પૈસાના સ્થાને રૂપિયો મેળવવાની સંભાવનાને જતી કરી દેવા બદલ કોઈ પણ બહાનું આપી શકાય ખરું ?

અનુકંપાના કાર્યો કરનાર સંસ્થાઓ આના પર યોગ્ય વિચાર કરી 'જૈન' શબ્દને વધુ ને વધુ હાઈલાઈટ કરે એવી પ્રેરણા સાથે આ લેખ પૂરો કરીએ.

❖ ❖ ❖

# લેખાંક ૧૬૦

ગયા લેખમાં, દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા આખા મૂળગ્રંથ, એની તત્ત્વાર્થદીપિકા નામે વૃત્તિ તથા પ્રથમ દાનબત્રીશીની વાતો વિચારેલી. આ લેખમાં **બીજી દેશના બત્રીશી** વગેરેની વાતો વિચારીએ. આ બત્રીશીની રચના ગ્રંથકારે મુખ્યતયા પહેલું, બીજું, દશમું ષોડશક અને અષ્ટકપ્રકરણમાંના એકવીશમા અષ્ટકનો આધાર લઈને કરી છે.

ગુરુગમથી વિનય-બહુમાનપૂર્વક વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા સ્વાધ્યાયના ક્રમે જેઓ ગીતાર્થ બન્યા છે, વસ્તુતઃ તેઓ જ પાંચમા ધર્મકથા સ્વાધ્યાયના... એટલે કે વ્યાખ્યાન-દેશના આપવાના અધિકારી છે. જેમ વૈદ્ય દર્દીની તાસીર જોઈને દવા આપે છે તેમ આ બહુશ્રુત વક્તા શ્રોતાની ભૂમિકા જાણીને દેશના આપે છે. શ્રોતાની અહીં ત્રણ ભૂમિકાઓની વાત છે. બાળ, મધ્યમ અને પંડિત.

- જે માત્ર બાહ્ય દેખાવને, વેશને, આડંબરને જોઈને આવર્જિત થઈ જાય છે એ બાળજીવ છે. લોચ, સ્ત્રીનો સ્પર્શ સુદ્ધા નહીં, પાસે પૈસો પણ રાખવાનો નહીં, વિવિધ તપો, અલ્પ ઉપધિ... આવી બધી બાહ્યક્રિયાઓનું પ્રાધાન્ય રહે એવી દેશના બાળ જીવને આપવાની હોય છે. એની સમક્ષ આ આચારોનું પાલન પણ બરાબર કરવું.

વેશની સાથે જે આચરણને પણ તપાસે છે એ મધ્યમ જીવ છે, સમિતિ, ગુપ્તિ, ગોચરીમાં ૪૨ દોષોનું વર્જન... આ બધાની સૂક્ષ્મ કાળજીઓ જોઈને મધ્યમ જીવ આવર્જિત થાય છે. એટલે એને

સૂક્ષ્મકાળજી યુક્ત આચરણની પ્રધાનતા રહે એવી દેશના આપવાની હોય છે. એની સમક્ષ આચારોને સૂક્ષ્મ રીતે પાળવા જોઈએ.

જે આંતરિક પરિણતિને મહત્ત્વ આપે છે તે પંડિતજીવ છે. આજ્ઞાની આરાધના મોક્ષ અપાવે છે, આજ્ઞાની વિરાધના સંસારમાં ભટકાવે છે... આવા ધર્મના રહસ્યની દેશના એમને આપવાની હોય છે. વ્યાખ્યાનમાં ઘણી ઊંચી ઊંચી વાતો કરતા હોય ને પુણ્યપ્રભાવ પણ જોવા મળતો હોય છતાં જેઓ બધે ઝગડા-વિખવાદ કરાવતા હોય, કોર્ટની જ ભાષા અજમાવતા હોય એને પંડિતજીવ ક્યારેય સુગુરુ માનતા નથી.

પ્રસંગોમાં શ્રાવકો દ્વારા, બૂફે ન હોવું... વીડિયોગ્રાફી ન હોવી... વગેરેને સાધુની વિશેષતા તરીકે આ ત્રણમાંથી કોઈ જીવ સ્વીકારતો નથી.

શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાનની ઉત્તરમાં થતા ભાવનાજ્ઞાનથી શાસ્ત્રોના ઐદંપર્યાર્થ સુધી જવું જોઈએ. પદાર્થ, વાક્યાર્થ અને મહાવાક્યાર્થ પામ્યા પછી ઐદંપર્યાર્થ ભાસે છે. ભાવનાજ્ઞાનથી સર્વત્ર जिनाज्ञा धर्मे सारः આવો ઐદંપર્યાર્થ મળે છે. આજ્ઞાના આદર દ્વારા શ્રી જિનેશ્વર ભગવાન્ હૃદયસ્થ થાય છે... અને એ હૃદયસ્થ થવાથી સમરસાપત્તિ થાય છે જે ધ્યાનના પ્રકૃષ્ટફળરૂપ છે.

શ્રોતાની અપેક્ષાએ અપાતી એક-એક નયદેશના પણ યોગ્યતાથી પ્રમાણદેશના જ હોય છે. પ્રથમ રુચિને અનુસરતી દેશના આપવી. પછી અવસર જોઈ અન્ય નયની દેશના પણ આપવી... જે ગીતાર્થ મહાત્મા આ રીતે દેશના આપે છે એમના પ્રભાવથી કલિકાળમાં પણ ધર્મની જાહોજલાલી છે. જગત્ના જીવોને પરમાનંદ આપનારા અને ભગવાન્ના ધર્મના દેશક એવા ગીતાર્થ મુનિને નમસ્કાર હો... નમસ્કાર હો...

**ત્રીજી બત્રીશી માર્ગદ્વાત્રિંશિકા છે.** શ્રી ધર્મરત્નપ્રકરણ અને ઉપદેશમાલાના આધારે તથા મૌલિક ચિંતનથી ગ્રંથકારે આ બત્રીશી રચી છે. જીવને મોક્ષ તરફ પ્રવર્તાવે એ માર્ગ છે. એ સર્વજ્ઞમૂલક શાસ્ત્રો અને સંવિગ્નઅશઠ ગીતાર્થોનું આચરણ... એમ બે પ્રકારે છે. આ આચરણ પણ પ્રભુની આજ્ઞા જ છે. પ્રબળ કારણે ઉત્સર્ગને છોડીને અપવાદ અપનાવાય છે. શાસ્ત્રોમાં મૈથુનનો સર્વથા નિષેધ છે. એ સિવાય કશાનો સર્વથા નિષેધ નથી કે કશાની સર્વથા અનુજ્ઞા નથી. એટલે શાસ્ત્રોમાં વિહિત ન હોવા છતાં સંવિગ્નગીતાર્થોએ કલ્પપ્રાવરણ વગેરે જે આચરણો પ્રવર્તાવ્યા છે તે માન્ય છે. કારણ કે તત્ત્વજ્ઞાનથી થયેલા છે. જ્યારે શ્રાવકો પર મમત્વ કરવું... તેઓને બીજા સાધુઓ પાસે જતાં રોકવા... બીજાના વ્યાખ્યાન સાંભળવાની ના પાડવી... આ બધું ઋદ્ધિગારવ વગેરે રૂપ મોહથી થયેલ હોવાથી માર્ગ નથી પણ ઉન્માર્ગ છે. આ કલિકાળમાં આવા ઉન્માર્ગની પણ બોલબાલા થાય છે.

જો ગીતાર્થનું પારતંત્ર્ય હોય તો અગીતાર્થને પણ જ્ઞાન ફળતઃ હાજર કહેવાય છે. ગચ્છ મોટો હોય તો અમુક દોષો લાગે છે.- છતાં ગચ્છને છોડવો ન જોઈએ. જેઓ છોડી દે છે તે પ્રાયઃ અભિન્નગ્રંથિ હોય છે. જેઓ સ્વકર્મદોષથી સાધુપણામાં શિથિલતા સેવે છે, તેઓ જો એ શિથિલતાનો બચાવ ન કરે અને પ્રરૂપણા તો શુદ્ધ કર્મની જ કરે, સુસાધુઓને બિમારીમાં ચિકિત્સાની વ્યવસ્થા વગેરે કરવા દ્વારા ભક્તિ કરે... તો આવા જીવો સંવિગ્નપાક્ષિક છે. શુદ્ધ પ્રરૂપણાના પ્રભાવે, એમના અનુષ્ઠાનો સાવ નિષ્ફળ જતા નથી.

જેઓ પોતાની શિથિલતાનો બચાવ કરે છે અને સુસાધુઓને વખોડે છે. તેઓમાં શિથિલતા અને નિંદા... એમ બંને પ્રકારની બાલતા = મૂર્ખતા હોય છે. અસંયતને સંયત માનવા એ પાપ છે.

એટલે સાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક... એમ ત્રણ માર્ગ છે. જેઓ ક્રમશઃ ૬-૭મે, પાંચમે અને ચોથે ગુણઠાણે રહ્યા હોય છે.

આ પ્રમાણે માર્ગસ્થિત આચારને અનુસરીને પ્રવૃત્તિ થયેલી માર્ગદૃષ્ટિથી જ પરમાનંદ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

હવે **ચોથી જિનમહત્ત્વબત્રીશી** : અષ્ટકપ્રકરણમાંના ૨૯મા અષ્ટક વગેરેનો આ બત્રીશીમાં આધાર લેવાયેલો છે.

સમવસરણ વગેરે સમૃદ્ધિના કારણે અમે શ્રી જિનેશ્વરદેવને મહાન્ (કે ભગવાન્) માનીએ છીએ એવું નથી, પણ કુતર્કરૂપી અંધકાર માટે સૂર્યકિરણ સમાન ન્યાયસંગત સંવાદીવચનોના કારણે મહાન્ માનીએ છીએ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે ‘અમને શ્રી વીરપ્રભુ પર પક્ષપાત નથી કે કપિલ વગેરે પર દ્વેષ નથી, પણ જેમના વચનો યુક્તિસંગત લાગ્યા એમનો અમે ‘ભગવાન’ તરીકે સ્વીકાર કરીએ છીએ’ ભગવાન્‌ના આત્માઓ અનાદિકાળથી જાત્યરત્નની જેમ બીજા જીવો કરતાં અલગ જ હોય છે.

‘જે નિત્યનિર્દોષ હોય તે ભગવાન્’ આવું વચન દુર્વચન જાણવું.

‘જે જગત્કર્તા હોય તે ભગવાન્-મહાન્...’ આવું વચન પણ દુર્વચન જાણવું.

‘જે ૩૮૮ ક્રોડ ૮૦ લાખ... આટલું પરિમિત દાન આપે તે મહાન્-ભગવાન્ નથી, પણ જે અસંખ્ય દાન આપે તે મહાન્ છે,’ આવું બૌદ્ધવચન પણ અસાર છે. કારણ કે અલ્પવૈભવ કે કૃપણતાના કારણે પ્રભુએ પરિમિતદાન આપ્યું છે એવું નથી, પણ પ્રભુની નિષ્પરિગ્રહતાના પ્રભાવે જીવો (યાચકો) સંપૂર્ણ સંતોષ કે આંશિક સંતોષ પામી ગયા હોવાના કારણે પરિમિતદાન થયું છે.

શ્રી ઋષભદેવ પ્રભુએ શિલ્પ વગેરે કલાઓ શીખવી અને પ્રભુ મહાવીરે ગર્ભમાં નિયમ લીધો... આ બધી જ તેઓની ઉચિત પ્રવૃત્તિ હતી. ચરમભવમાં શ્રી તીર્થંકરદેવોની કોઈ જ પ્રવૃત્તિ અનુચિત હોતી નથી.

જેમને તણખલું કે મણિ... ઢેફું કે સોનું... બધું સમાન જ છે એમનું સર્વસાવદ્યયોગથી વિરમણસ્વરૂપ સામાયિકથી ચઢીને કોઈ કુશળચિત્ત છે નહીં. બીજા બધા કુશળચિત્ત મોહસંગત હોવાથી વીતરાગને શોભતા નથી.

અનુપકારી પર પણ ઉપકાર કરનારા અગૂઢ લક્ષવાળા ભગવાન્ મહાન્ છે. જેના ચિત્તમાં હંમેશા 'અર્હં' આ અક્ષરો સ્ફુરતા રહે છે તે ભવ્યાત્મા તે શબ્દબ્રહ્મથી પરમબ્રહ્મની પ્રાપ્તિ કરે છે. હજારો વર્ષ સુધી યોગસાધના કરો. શ્રી અરિહંતને ઉપાસ્યા વગર કોઈ મોક્ષે જતું નથી. શ્રી અરિહંતના ધ્યાને આત્મા પરમાત્મા બને છે. શ્રુતસાગરનું અવગાહન કરવાથી આ સાર પ્રાપ્ત થયો છે કે - પ્રભુની ભક્તિ પરમાનંદસંપત્તિનું બીજ છે.

- હવે **પાંચમી ભક્તિબત્રીશી :**

સૂત્રોક્ત આચારનું પાલન હોવાથી સાધુઓને પ્રભુની પૂર્ણ ભક્તિ હોય છે. શ્રાવકોને દ્રવ્યસ્તવના પ્રભાવે એ આંશિક હોય છે.

ન્યાયોપાર્જિત ધનવાળો, ધીર, સદાચારી, શુભાશયવાળો અને પોતાના પિતા વગેરેને તથા રાજા વગેરેને જે બહુમાન્ય છે તેવો ગૃહસ્થ જિનમંદિર નિર્માણનો અધિકારી છે. એ વાસ્તુવિદ્યા અને ધર્મશાસ્ત્રની નીતિને અનુસરીને, પડોશી વગેરેને અપ્રીતિ ન થાય એ રીતે શુદ્ધ ભૂમિનું સંપાદન કરે. આસપાસના લોકોને દાનાદિથી અનુકૂળ કરે. પાષાણ વગેરે, ઉત્તમ કોટિના ઉચિત મૂલ્યથી લે.

પ્રકૃતિથી સજ્જન હોય એવા જ માણસોને સંતોષપ્રદ પગાર આપીને રાખવા. સર્વત્ર જયણા જાળવવી. પોતાના ભાવને નિયાણારહિત શુભ રાખવો. દેરાસર તૈયાર થયે નિભાવ માટે અક્ષયનિધિની વ્યવસ્થા કરી જિનબિંબ ઘડાવવું. મૂર્તિકાર શિલ્પીની સ્વવિભવોચિત પૂજા કરવી, તેનો ઉત્સાહ ભાંગી ન જાય એની કાળજી કરવી. બધી ઇચ્છાઓ પૂરી કરવી. પોતાની જાણ બહાર બીજાનું ધન પોતાનામાં આવી ગયું હોય તો એટલા ભાગનું પુણ્ય એને મળો એવી ભાવના ભાવવી.

વિધિપૂર્વક ભરાવેલી મૂર્તિ લોકોત્તર છે, એ મોક્ષફળ આપનારી બને છે. એ સિવાયની લૌકિક છે, અભ્યુદય આપનારી બને છે. પ્રાણપ્રતિષ્ઠા મુખ્યરૂપે પ્રતિષ્ઠાપક આચાર્ય ભગવંતના આત્મામાં જ થાય છે, કારણ કે ત્યાં સમરસાપત્તિ થાય છે. બહાર મૂર્તિમાં એનો ઉપચાર કરાય છે. વર્તમાન તીર્થના સ્થાપક ભગવાન્‌ની પ્રતિષ્ઠા વ્યક્તિપ્રતિષ્ઠા કહેવાય છે. એમ ૨૪ ભગવાનની ક્ષેત્રપ્રતિષ્ઠા તથા ૧૭૦ ભગવાન્‌ની મહાપ્રતિષ્ઠા કહેવાય છે. પ્રભુની પંચોપચારા, અષ્ટોપચારા અને સર્વોપચારા એમ ત્રણ પ્રકારે પૂજા થાય છે. પ્રભુના શારીરિક લક્ષણો, અપ્રમત્ત સાધના, કેવલજ્ઞાનાદિ ગુણો વગેરેથી તથા સ્વકૃતપાપની ગર્હાથી ગર્ભિત સ્તોત્રો વડે પણ પૂજા થાય છે. ક્રમશઃ કાય, વચન અને મનોયોગની પ્રધાનતાવાળી પૂજા ક્રમશઃ વિઘ્નોપશમની, અભ્યુદયકારિણી અને નિર્વાણસાધની હોય છે.

પૂજામાં જીવવિરાધના હોવા છતાં કૂપદૃષ્ટાન્ત મુજબ લાભ છે. સાધુ ભાવસ્તવારૂઢ હોવાથી પૂજાના અનધિકારી છે. સાંસારિક પ્રયોજનોથી ઢગલો જીવહિંસા કરનારો ગૃહસ્થ પૂજામાં 'વિરાધના'ના નામે અટકી જાય તો એ એની મૂઢતા છે, બોધિની હાનિ કરનાર છે. પૂજાથી પ્રભુ આપણને પરમાનંદ આપે છે.

હવે, **છટ્ઠી સાધુસામગ્ર્યબત્રીશી :**

પૂર્ણ સાધુતા શી રીતે આવે ? એની આ બત્રીશીમાં વાત છે. અષ્ટકપ્રકરણમાંના ૫, ૬, ૯, ૧૦, ૨૨ અને ૨૩મા અષ્ટકના આધારે આ બત્રીશી રચાયેલી છે. સાધુતાની પૂર્ણતા માટે જ્ઞાન, વૈરાગ્ય અને ભિક્ષાનું આ બત્રીશીમાં નિરૂપણ છે. આ ત્રણેના ત્રણ-ત્રણ પ્રકાર છે.

ઉપસ્થિત થયેલા વિષયનો માત્ર ભૌતિક દૃષ્ટિએ થતો બોધ એ **વિષયપ્રતિભાસજ્ઞાન** છે. એમાં, આત્માની દૃષ્ટિએ હેયત્વ-ઉપાદેયત્વ વગેરે ભેગા જણાતા હોય તો એ **આત્મપરિણામવત્‌જ્ઞાન** છે. અને તદનુસાર ત્યાગ-ઉપાદાન વગેરે પણ જો સંકળાયેલા હોય તો એ **તત્ત્વસંવેદનજ્ઞાન** છે. આ ત્રણ જ્ઞાનો ક્રમશઃ મિથ્યાત્વીને, સમ્યક્ત્વીને અને સર્વવિરતિને હોય છે. નિષ્કંપપાપ, સકંપપાપ અને પાપવિરમણ એ આ ત્રણ જ્ઞાનનાં ક્રમશઃ લિંગ છે.

સદા આરંભ-સમારંભથી મુક્ત રહેવા માટે જે ભિક્ષા છે તે **સર્વસંપત્કરી** ભિક્ષા છે. સંયમ લીધા પછી પણ સંયમનું પાલન નથી ને માત્ર સાધુવેશના આધારે મેળવાતી ભિક્ષા એ **પૌરુષઘ્ની** ભિક્ષા છે. જીવનનિર્વાહ માટે કશું જ ન કરી શકાય દીન-દુઃખિયારાના ભીખ એ **વૃત્તિભિક્ષા** છે.

'આખો સંસાર નિર્ગુણ છે' આવી પ્રતીતિ વિના જ, ઇષ્ટની અપ્રાપ્તિ કે અનિષ્ટ ન આવી પડવાથી થયેલો વૈરાગ્ય એ **દુઃખગર્ભિતવૈરાગ્ય** છે. એ આર્તધ્યાનરૂપ હોય છે ને અનુત્કટ હોય છે. આત્મા સર્વથા નિત્ય છે (કે અનિત્ય છે) આવા બધા એકાંતગર્ભિતજ્ઞાનથી સંસારની નિર્ગુણતાનું દર્શન થવાથી થયેલો વૈરાગ્ય એ **મોહગર્ભિતવૈરાગ્ય** છે. એ લોકદૃષ્ટિએ ઉપશમરૂપ હોય

છે. એ ઉત્કટ હોય છે. સ્યાદ્વાદગર્ભિતજ્ઞાનથી ભવનૈર્ગુણ્યદર્શન થવાના પ્રભાવે થયેલો વૈરાગ્ય એ **જ્ઞાનગર્ભિતવૈરાગ્ય** છે. એ તાત્ત્વિક ઉપશમરૂપ હોય છે, ઉત્કટ હોય છે. ગુણવાન્ ગુરુના પારતંત્ર્યથી સંકળાયેલો હોય છે.

તત્ત્વસંવેદનજ્ઞાન, સર્વસંપત્કરીભિક્ષા અને જ્ઞાનગર્ભિત-વૈરાગ્યથી સાધુતાની સમગ્રતા સંપન્ન થાય છે. આ સમગ્રતાથી સંપન્ન સાધુ પરમાનંદને મેળવે છે.

હવે **સાતમી ધર્મવ્યવસ્થાબત્રીશી :**

અષ્ટકપ્રકરણમાંના ૧૧, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦મા અષ્ટકના આધારે આ બત્રીશીની રચના છે.

ભક્ષ્યાભક્ષ્યવિવેક, ગમ્યાગમ્યવિવેક, વિશેષ પ્રકારનો તપ અને વિશેષ પ્રકારની દયા... આ ચારથી ધર્મની વ્યવસ્થા થયેલી છે.

ભક્ષ્યત્વ-અભક્ષ્યત્વ લોક અને શાસ્ત્રથી સિદ્ધ થયેલા વ્યવહારને અનુસરીને હોય છે. નિગોદ જીવોની ઉત્પત્તિ થઈ જતી હોવાથી માંસ અભક્ષ્ય છે. 'માંસ, મદ્ય અને મૈથુનની પ્રવૃત્તિ કરવામાં કોઈ દોષ નથી, નિવૃત્તિ કરવી એ મહાફળવાળી હોય છે' આવો દ્વિજમત ગલત જાણવો, કારણ કે જેની પ્રવૃત્તિ સદોષ હોય એની જ નિવૃત્તિ મહાફળવાળી હોય છે. ઉત્સર્ગથી જેનો નિષેધ હોય એની અપવાદે અનુજ્ઞા હોય શકે છે. પણ એ બંને એક જ ઉદ્દેશ્યવાળા હોવા જોઈએ, ભિન્ન ભિન્ન ઉદ્દેશ્યવાળા નહીં.

મદ્યમાં તો વિવેકનાશ, લજ્જાનાશ... વગેરે ૧૬ દોષ કહેવાયેલા છે. પછી મદ્યપાન નિર્દોષ શી રીતે ? એમ ગૃહસ્થાશ્રમને હીન કહ્યો છે એ જ જણાવે છે કે મૈથુન નિર્દોષ નથી.

ગમ્ય = ભોગ્ય... આ સ્ત્રી ભોગ્ય, આ અભોગ્ય... આવો વિવેક જ વાસનાને નિયંત્રણમાં રાખી શકે છે. તેથી ગમ્યાગમ્ય વિવેક પણ હોવો જ જોઈએ. 'દુઃખરૂપ હોવાથી, આર્તધ્યાનાદિનું કારણ હોવાથી તેમજ કર્મોદયજન્ય હોવાથી તપ આદરણીય નથી' એવું અબુધો જે કહે છે. એ વાત બરાબર નથી, કારણ કે તપ સમાધિ જાળવીને કરાય છે, અંદરમાં સુખાનુભવ હોય છે ને ક્ષાયોપશમિક ભાવથી થાય છે.

બોધશૂન્ય દયા ઈષ્ટ નથી. પરપ્રાણરક્ષા એ દ્રવ્યદયા છે. પોતાના નિર્વિકલ્પ સ્વભાવની રક્ષા એ ભાવદયા છે.

આ બત્રીશીમાં ભક્ષ્ય-અભક્ષ્યની વાત આવી. એમાં ગાયના દૂધને ભક્ષ્ય કહ્યું, માંસ વગેરેને અભક્ષ્ય કહ્યું. પણ આજકાલ, 'ગાયના શરીરમાં બનતું હોવાથી દૂધ પણ માંસની જેમ જ શાકાહારીઓએ વર્જવું જોઈએ' એવો વિગાનસોસાયટીવાળા પ્રચાર કરી રહ્યા છે. આ બિલકુલ ગલત છે. આના દ્વારા તેઓ ગાયોની દયા નહીં, પણ ભયંકર અદયા કરી રહ્યા છે. દૂધ અને માંસમાં 'ગાયના શરીરમાં ઉત્પન્ન થાય છે' આટલું જ સામ્ય છે, બીજી અનેક રીતે બિલકુલ અસમાનતા છે.

માંસ સાતધાતુમાં સમાવિષ્ટ છે. દૂધ નહીં... માંસ ચિરસ્થાયી છે. દૂધ તો મળ-મૂત્રની જેમ નીકળી જ જવું જોઈએ, ન નીકળે તો પીડાકારક બને...

માંસ કાઢતી વખતે ગાયને ભયંકર પીડા થાય છે. દૂધ કાઢતી વખતે નહીં.

માંસ કાઢવાથી શરીરની હાનિ થાય છે. દૂધ કાઢવાથી નહીં.

વધારે પડતું માંસ કાઢી લેવામાં આવે તો ગાય મરી જાય છે, દૂધ તો બધું જ કાઢી લેવા છતાં એ મરતી નથી.

માંસને પેદા થતાં ઘણો સમય લાગે છે, દૂધ તો દર બાર કલાકે ઉત્પન્ન થાય છે.

માંસનો સર્વથા નિષેધ કરનાર ધર્મશાસ્ત્રોમાં પણ દૂધનો ક્યાંય નિષેધ નથી. અરે ! કેટલાય ધાર્મિક વિધિવિધાનોમાં એનો ઉપયોગ કરવાનું જણાવ્યું છે.

બાલ્યાવસ્થામાં બધા માનું દૂધ પીએ છે, શું એ માનું માંસ ખાધું એમ કહેવાય ?

માંસાહારી પશુઓમાં માંસાહાર માટે આંતરડા વગેરેની જેવી વ્યવસ્થા હોય છે એવી દુગ્ધાહાર માટે જરૂરી નથી.

માંસ કે લોહીને બહાર કાઢી લેવા માટે કુદરતે ગાયના શરીરમાં કોઈ દ્વાર મૂક્યું નથી, દૂધ માટે કુદરતે આંચળ મૂક્યા છે.

માંસનું ગાયને કોઈ વજન લાગતું નથી, દૂધથી ભરાયેલા આંચળનો ભાર લાગે છે.

માંસ સાથે પુષ્કળ લોહી પણ નીકળે છે, દૂધ સાથે લોહીનું એક બુંદ પણ નીકળતું નથી.

માંસ કે લોહી શરીરના બધા ભાગોમાં હોય છે, દૂધ એક જ ભાગમાં...

માંસ લેવા આવનારનો ગાય સખત પ્રતિકાર કરે છે, તેથી એને હલનચલન ન કરી શકે એવી ટાઈટ બાંધવી પડે છે, ને ક્રૂરતા લાવવી પડે છે. ગાયને દોહવા માટે આ કશું જરૂરી નથી હોતું.

**પ્રશ્ન :** જેમ માના સ્તનમાં આવતું દૂધ એના બાળક માટે જ હોય છે, એમ ગાયના આંચળમાં ભરાતું દૂધ એના વાછરડા માટે જ હોય છે. માણસે શી રીતે લેવાય ?

**ઉત્તર :** માના સ્તનમાં પોતાના બાળકને જરૂરી હોય, લગભગ એટલું જ દૂધ આવતું હોય છે. જ્યારે ગાયના આંચળમાં વાછરડાની જરૂરિયાત કરતાં અનેકગણું વધારે આવતું હોય છે. જો બધું જ દૂધ વાછરડું પી જાય તો એ જીવી જ ન શકે.

**પ્રશ્ન :** પણ માણસ વાછરડાની જરૂરિયાત જેટલું પણ એના માટે રહેવા દેતો નથી, માટે લેવાનો જ નિષેધ જરૂરી છે.

**ઉત્તર :** એ માટે દોહનારને સમજાવાય. બાકી, ગોવાળે બધું દૂધ દોહી લીધું ને તેથી વાછરડાના ભાગે કશું દૂધ ન રહેવાથી એ મરી ગયું... આવો એક પણ કિસ્સો આજ સુધી સાંભળ્યો નથી.

**પ્રશ્ન :** મશીનથી ગાયને દોહતી વખતે વધુ ને વધુ દૂધના લોભે ગાયના આંચળમાંથી લોહી પણ નીકળે છે, ગાયને ત્રાસ થાય છે, ને આ લોહી દૂધમાં ભળી જતું હોવાથી એ દૂધ શાકાહારીએ પી કેમ શકાય ?

**ઉત્તર :** તો લોહી ન ભળે એવો પ્રબંધ કરવો જોઈએ. માથું દુઃખતું હોય તો એ ન દુઃખે એની કાળજી કરાય, આખું માથું જ કાંઈ ન ઊડાડી દેવાય, બાકી ગાયનું દૂધ જો ન લેવામાં આવે તો ગાય અનૂઆર્થિક પશુ બની જાય... પછી તો આજનો સ્વાર્થી માનવ એને જીવવા જ નહીં દે... પાડાની જેમ ખતમ જ કરી નાખે... પહેલાં લાખો કરોડો અશ્વો હતા... હાલ કેમ નથી ? કારણ કે માણસને હવે બિનજરૂરી બની ગયા છે. ગાયોની પણ આ જ હાલત થાય. અથવા ફક્ત માંસ માટે જ એને પોષવામાં આવે. જેમકે પોલ્ટ્રીફાર્મમાં મરઘીઓ. જેનું ભાવિ પરિણામ આવું છે એને ગાય પ્રત્યેની દયા કહેવાય કે ક્રૂર નિર્દયતા ?

બાકી ભારતમાં તો મોટા ભાગના ગોવાળીયાઓ સુકોમળ હાથે જ ગાયને દોહતા હોવાથી આંચળમાંથી લોહી નીકળવાનો કે દૂધમાં ભળવાનો કોઈ પ્રશ્ન જ નથી. પછી દૂધ અભક્ષ્ય શા માટે ?

આ પ્રમાણે યોગ્ય વિવેકપૂર્વક વ્યવસ્થિત થયેલો ધર્મ પરમાનંદ રૂપ કંદનું ઉત્પત્તિસ્થાન છે. આમ સાતમી બત્રીશી સુધીનો ઉપસંહાર આપણે જોયો. હવે આઠમીથી આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૧૬૧

સાતમી બત્રીશી સુધીનો ટૂંકસાર ગયા લેખમાં આપણે જોયો. આ લેખમાં આઠમી વગેરે બત્રીશીનો ટૂંકસાર જોઈએ.

**આઠમી વાદબત્રીશી :** શ્રી અષ્ટકપ્રકરણના ૧૨ થી ૧૬મા અષ્ટકના આધારે આ બત્રીશીની રચના છે. શુષ્કવાદ, વિવાદ અને ધર્મવાદ... એમ વાદના ત્રણ પ્રકાર છે. જે પ્રતિવાદી અત્યંત અહંકારી અને તીવ્ર ક્રોધી હોય એ દુષ્ટપ્રતિવાદી છે. એની સાથેનો વાદ એ **શુષ્કવાદ** છે. આમાં આપણો વિજય થાય તો પ્રતિવાદીને અનર્થ થાય છે અને એનો વિજય થાય તો શ્રી જૈનશાસનને અનર્થ થાય છે. આમાં તત્ત્વપ્રાપ્તિ નથી થતી, પણ માત્ર ગળુ-તાળવું વગેરે સૂકાય છે, માટે આને શુષ્કવાદ કહે છે.

લાભ, ખ્યાતિ, માન-સન્માન વગેરેનો અર્થી હોય એવો પ્રતિવાદી એ દુઃસ્થિત પ્રતિવાદી છે. એની સાથે છલ અને જાતિની પ્રધાનતાવાળો વાદ એ **વિવાદ** છે. વાદી જે અભિપ્રાયથી અમુક શબ્દ બોલ્યો હોય એને જુદા અભિપ્રાયવાળા શબ્દ તરીકે લઈ દૂષણ દર્શાવવું એ છલ છે. વાદીના કથનમાં દોષ ન જોવા છતાં દોષ જેવું કંઈક તત્કાલ દેખાડી દેવું એ જાતિ છે. આ વાદનું વિજયની અપ્રાપ્તિ કે વિઘ્નકારિતા એ ફળ છે.

સ્વશાસ્ત્રતત્ત્વના જાણકાર પાપભીરુ મધ્યસ્થ સાથે તત્ત્વને પામવા કે પમાડવા માટે થતી ચર્ચા વિચારણા એ **ધર્મવાદ** છે. તત્ત્વની પ્રાપ્તિ, અદ્વેષ, અપક્ષપાત, અવર્ણવાદનો અભાવ વગેરે ફળ છે. આ ધર્મવાદ જ વિવેકી જીવોને કર્તવ્ય છે. એનાથી ધર્મની સિદ્ધિ કરવી જોઈએ. પ્રમાણના લક્ષણની ચર્ચા વગેરે જરૂરી નથી. આત્મા એકાન્ત નિત્ય કે અનિત્ય નથી, પણ નિત્યાનિત્ય છે તથા શરીરથી ભિન્નાભિન્ન છે.

પરમાનંદના ઇચ્છુકે બુદ્ધિના કાદવને દૂર કરીને ધર્મવાદથી ધર્મવાદનો વિષય શોધી કાઢવો જોઈએ.

**નવમી કથાબત્રીશી :** ઠાણાંગજીમાં ૪ કથાનો અધિકાર અને શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ ક્ષુલ્લિકાચારકથાઅધ્યયનના આધારે આ બત્રીશીની રચના છે.

તે તે પુરુષાર્થની પ્રેરણા કરનારી વાતો '**કથા**' છે. તેના અર્થકથા વગેરે ચાર પ્રકાર છે. જેમાં અર્થોપાર્જનના વિદ્યા વગેરે ઉપાયોનું વર્ણન હોય તે **અર્થકથા** છે. રૂપ-વય વગેરેનું જેમાં વર્ણન હોય તે **કામકથા** છે. જેના શ્રવણ દ્વારા જીવને જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગે, જૈનધર્મમાં જોડાય, સ્થિર થાય, આગળ વધે એ બધી **ધર્મકથા** છે. એના આક્ષેપણી વગેરે ચાર પ્રકાર છે. જૈનધર્મ પ્રત્યે આકર્ષણ-શ્રદ્ધા પેદા કરે તે **આક્ષેપણી**. અન્ય ધર્મની શ્રદ્ધામાં વિક્ષેપ ઊભો કરે તે **વિક્ષેપણી**. શરીર વગેરેની વિપાકવિરસતાનું એવું વર્ણન કે જે શ્રોતાને સંવેગમાં મહાલતો કરી દે તે **સંવેજની** ધર્મકથા છે. જેમાં કર્મના દારૂણ વિપાકોને સાંભળીને શ્રોતા નિર્વેદ પામે છે તે **નિર્વેજની** ધર્મકથા છે. જેમાં ધર્મ-અર્થ અને કામ... બધાની વાતો હોય તે **મિશ્રકથા** છે.

જેનાથી ધર્મ પ્રત્યે આકર્ષણ કે વિરોધ કશું નથી થતું એ **અકથા** છે. જેનાથી ધર્મના વિરોધી પરિણામ થાય એ **વિકથા** છે. જેનાથી ધર્મ પ્રત્યે આકર્ષણ થાય એ **કથા** છે. એની એ જ કથા પ્રજ્ઞાપકને આશ્રીને અકથા, વિકથા કે કથા બની જાય છે. ચારે કથા વગેરેનો બોધવાળો, વિધિપૂર્વક યોગ્ય કથાને સ્વસામર્થ્ય મુજબ કહેનારો પંડિત **પરમાનંદ**ને પામે છે.

હવે **દશમી યોગલક્ષણબત્રીશી :**

ગ્રંથકારે આ બત્રીશીની રચના યોગબિંદુ ગાથા ૮૬ થી ૯૬; ૩૪૯ થી ૩૫૧ તથા ત્રીજા ષોડશકના આધારે કરી છે.

મોક્ષની સાથે યોજી આપે તે **યોગ**. એટલે કે મોક્ષનો મુખ્ય હેતુ બનતી ધર્મક્રિયા એ **યોગ** છે. એ ચરમાવર્તમાં જ હોય છે. અચરમાવર્તમાં રહેલો જીવ ક્ષુદ્ર, લોભરતિ, દીન, મત્સરી, ભયવાન્, શઠ, અજ્ઞ અને નિષ્ફળારંભસંગત એવો ભવાભિનંદી હોય છે. એ જીવ ક્યારેક લોકપંક્તિથી ધર્મક્રિયા કરનારો હોય છે.

પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ... આ પાંચ શુભઆશયો છે. એ વિનાની ધર્મક્રિયા દ્રવ્યક્રિયા હોય છે, તુચ્છ હોય છે, યોગરૂપ બની શકતી નથી. અચરમાવર્તમાં આ આશયો ન હોવાના કારણે ભવ્યજીવને પણ યોગમાર્ગ (=મોક્ષમાર્ગ) સંભવતો નથી. એટલે જ ચરમાવર્ત નવનીતાદિ સમાન છે, અહીં જ ભવાભિષ્વંગ ન હોવાથી નિર્મળભાવ હોય છે. પ્રકૃતિનો અધિકાર હવે રહ્યો હોતો નથી. તેથી મોક્ષ પ્રત્યે ભાવ મુખ્ય હેતુ છે, અને ચરમાવર્તમાં એનો યોગ થવાથી ક્રિયા પણ મુખ્ય હેતુ બને છે. જેમ રસાનુવેધથી તાંબુ સોનું બને છે એમ ભાવાનુવેધથી ક્રિયા 'સમ્યક્' બને છે. ભાવ શિરાજળ જેવો છે. ક્રિયા કૂપખનન જેવી છે. ક્રિયાકૃત

ક્લેશધ્વંસ મંડૂકચૂર્ણ તુલ્ય હોય છે. જ્યારે ભાવકૃત તે તેની ભસ્મસમાન હોય છે. તેથી અધ્યાત્માદિરૂપ ભાવ દ્વારા ક્રિયા મોક્ષનું કારણ બને છે.

શ્રી જૈનશાસનમાં કહેલા મોક્ષના આવા લક્ષણના જાણકાર અને **પરમાનંદ**માં સ્થિરદષ્ટિવાળા સાધકે અન્ય દર્શનમાં કહેતા યોગલક્ષણની પરીક્ષા કરવી જોઈએ.

હવે અગ્યારમી **પાતંજલયોગલક્ષણ બત્રીશી :**

ગ્રંથકારે આ બત્રીશીની રચના પાતંજલયોગસૂત્રના આધારે કરી છે. શ્રી પતંજલિઋષિએ 'ચિત્તવૃત્તિનિરોધ એ યોગ છે' આવું યોગનું લક્ષણ બતાવ્યું છે. પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ... આ પાંચ ચિત્તવૃત્તિઓ છે. એ ક્લિષ્ટ અને અક્લિષ્ટ બંને પ્રકારે હોય છે. યથાર્થ જ્ઞાન એ પ્રમાણ છે. અયથાર્થ જ્ઞાન એ ભ્રમ છે. અવસ્તુવિષયક શાબ્દબોધ એ વિકલ્પ છે. નિદ્રા, સ્મૃતિ સ્પષ્ટ છે. આ વૃત્તિઓ સ્વકારણમાં શક્તિરૂપે રહે કે બહાર ન જાય એ એનો નિરોધ છે. આ બેના સ્થિતિ અને બહિર્હતિ... એવા નામો છે. આ નિરોધ અભ્યાસથી અને વૈરાગ્યથી થાય છે.

આત્માને અપરિણામી નિત્ય માનવામાં આ કશી પ્રક્રિયા ઘટી શકતી નથી. વળી પ્રકૃતિ એક જ હોય તો બધાનો મોક્ષ થઈ જાય અથવા કોઈનો ન થાય. જડ પ્રકૃતિને પુરુષનું પ્રયોજન કર્તવ્ય છે એ માનવું પણ અસંગત છે.

પાતંજલયોગમતે ચિત્શક્તિ નિત્યોદિત અને અભિવ્યંગ્ય એમ બે પ્રકારે છે. પુરુષમાં રહેલ ચિત્છાયાને સમાન, સત્ત્વમાં રહેલી ચિત્છાયાની અભિવ્યક્તિ એ પ્રતિબિંબાત્મક ભોગ છે. પ્રકૃતિમાં અનુલોમ અને પ્રતિલોમ એ બે પ્રકારે શક્તિ છે.

ગ્રંથકાર કહે છે કે આ બધામાં તો પ્રકૃતિનો મોક્ષ થશે, પુરુષનો નહીં. વળી બધા લોકવ્યવહાર જો પ્રકૃતિથી જ સંગત થઈ જાય છે તો પુરુષ માનવાની જરૂર જ નહીં રહે. વળી પુરુષને વ્યંજક તરીકે માનશો તો કૂટસ્થત્વ અસંગત ઠરી જશે. પુરુષે પુરુષે અલગ પ્રકૃતિ માનશો તો એ પ્રકૃતિ 'કર્મ' રૂપ જ છે, અને પુરુષનો બુદ્ધિ એ ગુણ છે. એમ માનતાં શ્રી જૈનશાસન જ જય પામે છે.

યોગના આરંભકાળે પણ નિશ્ચયનય યોગની સંગતિ માને છે. તેથી યોગનું ગ્રંથકારે કહેલું લક્ષણ જ સજ્જનોને **પરમાનંદ** કરનારું છે.

બારમી **પૂર્વસેવાબત્રીશી :**

શ્રી યોગબિંદુગ્રંથની ૧૦૯ થી ૧૩૯, ૧૬૪ થી ૧૭૦મી ગાથાના આધારે આની રચના છે. આત્મારૂપી ઉપાદાનકારણને જે યોગ માટે યોગ્ય બનાવે તે **યોગની પૂર્વસેવા** છે. ગુરુપૂજન, દેવપૂજન, સદાચાર, તપ અને મુક્તિઅદ્વેષ... આ પાંચ પ્રકારે પૂર્વસેવા છે. માતપિતા વગેરે ગુરુપૂજનોનું ત્રિસંધ્યનમન વગેરે ગુરુપૂજન છે. શૌચ-શ્રદ્ધાદિપૂર્વક પુષ્પ વગેરેથી અને સુંદર સ્તવ વગેરેથી દેવપૂજન થાય છે. આદિધાર્મિક જીવ પોતાની શ્રદ્ધા દેવવિશેષ પર હોય તો એનું ને નહીંતર સર્વદેવોનું પૂજન કરે છે. ચારિસંજીવનીચારન્યાયે માર્ગપ્રવેશરૂપ લાભ એનાથી થઈ શકે છે.

જે દાન અપથ્ય તુલ્ય ન હોય, સ્વપોષ્યવર્ગને અવિરોધપણે હોય અને પાત્ર કે દીનાદિ વર્ગને અપાતું હોય તે દાન પૂર્વસેવા છે. સુદાક્ષિણ્ય, દયાળુતા વગેરે ૧૮ સદાચારો પૂર્વસેવા છે. ચાન્દ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન તપ તથા આદિ ધાર્મિકને યોગ્ય લૌકિક તપ... આ બધો તપ એ પૂર્વસેવા છે.

મોક્ષ એ સર્વકર્મક્ષયરૂપ છે. દઢ અજ્ઞાનના કારણે અચરમાવર્તવર્તી જીવોને એ અનિષ્ટ લાગવાથી એના પ્રત્યે દ્વેષ જાગે છે. આ દ્વેષ અતિઅનર્થકર છે. આ દ્વેષ ભવની ઉત્કટ ઇચ્છા રવાના થવાથી - સહજ અલ્પમલત્વથી દૂર થાય છે. અને તેથી મુક્તિઅદ્વેષ આવે છે જે પૂર્વસેવારૂપ છે.

કર્મબંધની યોગ્યતારૂપ સહજમળ વ્યવહારરાશિમાં આવ્યા પછી પ્રતિપુદ્ગલાવર્ત ક્રમશઃ હ્રાસ થતો જાય છે. ચરમાવર્તપ્રવેશે એ એવી નોંધપાત્ર માત્રામાં ઘટી જાય છે કે જીવ, મુક્તિદ્વેષ (= કારમી ભોગેચ્છા = તીવ્રભવાભિષ્વંગ) રવાના થવાથી મુક્તિઅદ્વેષ પામે છે ને અપુનર્બંધક બને છે. આ મુક્તિઅદ્વેષથી પણ કલ્યાણની પરંપરા ચાલે છે, તો મુક્તિઅનુરાગની તો શું વાત કરવી ? આ મુક્તિરાગથી શીઘ્ર **પરમાનંદ** થાય છે.

તેરમી **મુક્તિઅદ્વેષપ્રાધાન્યબત્રીશી :**

શ્રી યોગબિંદુગ્રંથની ૧૪૦ થી ૧૬૩, ૧૭૩ થી ૧૭૭મી ગાથાના આધારે આ બત્રીશીની રચના છે. પૂર્વસેવાના ગુરુપૂજન વગેરે પ્રકારોમાં મુક્તિઅદ્વેષ એ પ્રધાન પ્રકાર છે, કારણ કે એની હાજરીમાં જ મુક્તિઉપાયોનું મલન થતું નથી. એ ન હોય તો, ગુરુપૂજનાદિ હોવા છતાં મલન થાય જ છે. આ મલન વિષાન્ન તૃપ્તિસદશ છે. એટલે સંયમપાલનથી થતી ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ વિપાકવિરસ છે. એ પ્રાપ્તિમાં માત્ર ક્રિયા જ નહીં, પણ મુક્તિઅદ્વેષ જ મુખ્ય કારણ છે. જે જીવને મુક્તિ, મુક્તિના ઉપાય અને મુક્તિના સાધકો ઉપર દ્વેષ ન હોય એ જ જીવના ગુરુપૂજન વગેરે પૂર્વસેવારૂપ બને છે.

એનું એ અનુષ્ઠાન કર્તાભેદે અલગ પડી જાય છે. આલોકની અબાધ્યફળાપેક્ષાથી અનુષ્ઠાન **વિષાનુષ્ઠાન** બને. પરલોકની અબાધ્યફળાપેક્ષાથી એ **ગરાનુષ્ઠાન** બને છે. અનાભોગથી **અનનુષ્ઠાન**

થાય છે. બાધ્યફળાપેક્ષાથી **તદ્ધેતુઅનુષ્ઠાન** થાય છે. મોક્ષમાર્ગની ઉછળતી શ્રદ્ધાથી નિરભિષ્વંગપણે થતું અનુષ્ઠાન **અમૃતઅનુષ્ઠાન** છે. આ પાંચમાંના પહેલાં ત્રણ ત્યાજ્ય છે, છેલ્લા બે ઉપાદેય છે. વિષ અને ગર અચરમાવર્તમાં હોય છે. તદ્ધેતુ અને અમૃત ચરમાવર્તમાં હોય છે. અનનુષ્ઠાન ચરમ-અચરમ બંને આવર્તમાં હોય છે.

મુક્તિઅદ્વેષ સદનુષ્ઠાનોનો પ્રાણ છે એનાથી મુક્તિરાગ પ્રગટે છે. શુભભાવની ધારા ચાલે છે. હવે મુક્તિ નજીક હોવાથી સંસારનો ભય રહેતો નથી. યોગમાર્ગની અધિકારિતા આ રીતે મુક્તિઅદ્વેષના ક્રમે **પરમાનંદનું** કારણ બને છે.

ચૌદમી **અપુનર્બંધકબત્રીશી :**

શ્રી યોગબિંદુગ્રંથની લગભગ ૧૭૮ થી ૨૫૧ સુધીની ગાથાઓના આધારે આ બત્રીશી રચાયેલી છે. ભવાભિનંદીના ક્ષુદ્રતા વગેરે દોષો દૂર થયે જીવ અપુનર્બંધક બને છે જે પ્રાયઃ વર્ધમાન ગુણવાળો હોય છે. આની જ પૂર્વસેવા મુખ્ય કહેવાયેલી છે. શાંત-ઉદાત્ત આ જીવ સંસારના કારણ, સ્વરૂપ અને ફળનો વિચાર કરે છે. એ જ રીતે આ જીવ સંસારના ઉચ્છેદના કારણ, સ્વરૂપ અને ફળનો પણ વિચાર કરે છે. જીવને જે મોક્ષની સાથે યોજી આપે છે તે યોગ છે એવું મુનિસત્તમો કહે છે. પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થવા પર એ યોગ અંશથી પણ ચોક્કસ થાય છે. અપુનર્બંધકને દ્રવ્યથી યોગ હોય છે. મોક્ષાકાંક્ષામાં અક્ષણિક ચિત્તવાળા સમ્યક્ત્વીને એ ભાવથી હોય છે. આસન્નભવ્ય આ જીવો શાસ્ત્રને પ્રમાણ કરનારા હોય છે. અનુષ્ઠાન વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ એમ ત્રણ પ્રકારે શુદ્ધ હોય છે. આત્મા, ગુરુ અને ચિહ્ન એમ ત્રિધા પ્રત્યય છે. અન્યાન્યદર્શનોમાં કહેલ અનુષ્ઠાન અપુનર્બંધકને અવસ્થાભેદે ઉચિત હોવાથી **પરમાનંદનું** કારણ બને છે.

પંદરમી **સમ્યગ્દૃષ્ટિબત્રીશી :**

શ્રીયોગબિંદુગ્રંથની ૨૫૩ થી ૨૭૨મી ગાથાના આધારે તથા મૌલિક રીતે આ બત્રીશી રચાયેલી છે. સમ્યગ્દૃષ્ટિના શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરુદેવાદિપૂજન એ ૩ લિંગ છે. યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિકરણના ક્રમે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. બૌદ્ધોએ બોધિસત્ત્વનું કહેલ લક્ષણ અહીં સંગત થાય છે. જીવોના કલ્યાણ માટે પ્રવૃત્તિ તે તીર્થંકરપણું પણ પામે છે. સમ્યક્ત્વી જીવ અંશતઃ ક્ષીણદોષ હોવાથી શિષ્ટત્વ પણ એનામાં સંગત છે. અન્ય દર્શનકારોએ કરેલી શિષ્ટત્વની વ્યાખ્યા અયોગ્ય છે. આચારાંગની વગરે પણ જો મિથ્યાદૃષ્ટિગૃહીત હોય તો મિથ્યાશ્રુત છે અને વેદપુરાણાદિ પણ જો સમ્યગ્દૃષ્ટિગૃહીત હોય તો સમ્યક્શ્રુત છે. **પરમાનંદ**વાળા આ સમ્યક્ત્વી જીવમાં જ વિવિધતાભરેલું શિષ્ટત્વ હોય છે.

સોળમી **ઈશાનુગ્રહવિચારબત્રીશી :**

પાતંજલયોગદર્શન અને યોગબિંદુ ૩૦૦ થી ૩૧૬મી ગાથાના આધારે આ બત્રીશીની રચના છે. ઈશાનુગ્રહ સમ્યક્ત્વનો નિર્વાહક છે.- જેને ત્રણે કાળમાં ક્યારેય ક્લેશ, કર્માશય અને વિપાકાશય સ્પર્શ્યા નથી એવો નિત્યનિર્દોષ પુરુષ એ ઈશ્વર છે એવું પતંજલિએ કહ્યું છે. એની ઇચ્છાનુસારે કર્મ મુજબ જગત્ શુભાશુભ ફળ પામે છે. ગ્રંથકાર કહે છે કે ઈશ્વરના અનુગ્રાહકત્વસ્વભાવની જેમ ભવ્યજીવનો અનુગ્રાહ્યત્વ સ્વભાવ માનવો પણ જરૂરી છે. અને તેથી આત્મા પુષ્કરપલાશવન્નિર્લેપ નથી પણ પરિણામીનિત્ય છે. મુક્ત, બુદ્ધ, અર્હન્ વગેરે નામભેદ હોવા છતાં, વિશેષ પ્રકારના સ્વરૂપનો ભેદ દર્શાવાતો હોવા છતાં ઈશ્વરમાં ભેદ નથી. દૃષ્ટ અને ઇષ્ટ અર્થના અવિરોધી શાસ્ત્રને અનુસરીને સ્યાદ્વાદસંગત અનુષ્ઠાન આચરવું એ જ ઈશાનુગ્રહ છે. પ્રભુના ગુણો પ્રત્યેની ભક્તિપૂર્વક

જિનોક્ત આરાધના **પરમાનંદના** અનુભવ સાથે સાધકે કરતા રહેવી જોઈએ.

સત્તરમી **દૈવપુરુષકારબત્રીશી :**

યોગબિંદુ ૩૧૮ થી ૩૫૯મી ગાથાના આધારે આ બત્રીશીની રચના છે. દૈવ અને પુરુષકાર... બંને તત્ત્વતઃ તુલ્યબળવાળા છે. સ્વકાર્યજનનમાં આ બંને પરસ્પર નિરપેક્ષ હોય છે એમ નિશ્ચયનય કહે છે. તે તે કાર્ય પ્રત્યે અન્વયવ્યતિરેકથી બંને ગૌણમુખ્યપણે કારણ છે એમ વ્યવહારનય કહે છે. વસ્તુતઃ બંને પરસ્પરસાપેક્ષ છે. એમાં બળવાન્ નિર્બળને હણે છે. તેથી પરસ્પર બાધ્ય-બાધકભાવ છે. ચરમાવર્તમાં પુરુષાર્થ બળવાન્ છે. ગુણનો આરંભ કરનારને કે ગુણથી પડી રહેલાને ઉપદેશ લાભકર્તા બને છે. ગુણમાં સ્થિતને નહીં. છતાં આધિક્ય કે સ્થિરતા માટે એને પણ ઉપદેશ લાભકર્તા બને છે. માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રાજ્ઞપુરુષ વડે અપાતા ઉપદેશને સાંભળવાની અને પાળવાની આસક્તિ, ગુણબહુમાન અને શક્ય આરાધનાની પ્રવૃત્તિ... આ પાંચ ચારિત્રના લિંગો છે. સર્વજ્ઞોક્ત આ દેશ-સર્વચારિત્રમાં યોગપ્રવૃત્તિ **પરમાનંદસંગતા** હોય છે.

અઢારમી **યોગભેદબત્રીશી :**

યોગબિંદુ ગાથા ૩૫૮ થી ૩૬૭ તથા ૧૩-૧૪ ષોડશકના આધારે આ બત્રીશીની રચના છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયભેદે યોગ પાંચ પ્રકારનો છે. અન્યના સુખની ચિંતા એ **મૈત્રી** છે. દુઃખ દૂર કરવાની ઇચ્છા એ **કરુણા** છે. સંતોષ એ **મુદિતા** છે. કરુણાજન્ય માધ્યસ્થ્ય એ **ઉપેક્ષા** છે. મૈત્રી વગેરે આ ચારેયના ચાર-ચાર પ્રકાર છે. યોગશૂન્ય જીવના ખેદ, ઉદ્વેગ, ભ્રમ, ઉત્થાન, ક્ષેપ, આસંગ, અન્યમુદ્ અને રુગ્ આ આઠ દોષોને વર્જવાથી ધ્યાન સાનુબંધ બને છે. ધ્યાન વિના સમતા નથી, સમતા

વિના ધ્યાન નથી. 'ચિત્તવૃત્તિ નિરોધ એ યોગ છે' આવી વ્યાખ્યાલભ્ય યોગ પણ પાંચ પ્રકારનો છે. આ પાંચે પ્રકારના યોગનો મનોગુપ્તિના જે ત્રણ પ્રકાર છે એમાં સમાવેશ થઈ જાય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો વિસ્તાર એ ઉત્તમ યોગ છે. ભગવદ્વચનની મર્યાદાપૂર્વક સેવાતો આ પાંચે પ્રકારનો યોગ સર્વોત્તમફળભૂત **પરમાનંદને** આપે છે.

ઓગણીશમી **યોગવિવેકબત્રીશી :**

યોગદષ્ટિસમુચ્ચય ગાથા ૨ થી ૧૦, ૨૦૯ થી ૨૨૧ અને યોગબિંદુ ગાથા ૩૬૯ થી ૩૭૮ના આધારે આ બત્રીશીની રચના છે. આ યોગના ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય એવા ત્રણ ભેદ પણ છે. શાસ્ત્રો દિગ્દર્શન કરે છે, પણ મોક્ષના બધા જ ઉપાયો કાંઈ એનાથી જાણી શકાતા નથી. એટલે સામર્થ્યયોગ પ્રાતિભજ્ઞાનગમ્ય હોય છે ને એ જ્ઞાન અરુણોદયતુલ્ય હોય છે, અન્ય દર્શનકારોએ પણ ઋતંભરા વગેરે શબ્દો દ્વારા માન્ય છે. સામર્થ્યયોગ ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ એમ બે પ્રકારે છે. યોગના તાત્ત્વિક-અતાત્ત્વિક, સાપાય-નિરપાય, સાનુબંધ-નિરનુબંધ વગેરે ભેદો પણ છે. ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને નિષ્પન્નયોગી... આ ચારમાંથી બીજા અને ત્રીજા જીવો યોગશાસ્ત્રના અધિકારી છે. યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક... એમ ત્રણ અવંચકો છે... ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ... એમ ચાર પ્રકારે યમ છે. આ રીતે યોગવિવેકના વિજ્ઞાનથી પાપકર્મોને વમી નાખનારો સાધક **પરમાનંદને** મેળવે છે.

વીશમી **યોગાવતારબત્રીશી :**

પાતંજલયોગદર્શન, યોગબિંદુ ૪૧૫ થી ૪૨૪ તથા યોગદષ્ટિ-

સમુચ્ચય ૧૩ થી ૨૦મી ગાથાના આધારે આ બત્રીશીની રચના છે. યોગના જૈનદર્શનને માન્ય ભેદોમાં અન્ય પાતંજલયોગ દર્શનને માન્ય ભેદોનો અવતાર અહીં કરવામાં આવ્યો છે. પતંજલિએ યોગના સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એવા બે ભેદો કહ્યા છે. આના સવિતર્ક, સવિચાર, સાનંદ અને સાસ્મિત એમ ૪ પ્રકાર છે. ક્ષીણ મળવાળા જાત્યરત્નની જેમ ગ્રહીતા-ગ્રહણ અને ગ્રાહ્યવિષયોમાં તત્સ્થતા અને તદંજનતા એ સમાપત્તિ છે. ઋતંભરાપ્રજ્ઞાથી, સંસ્કારાન્તરનો બાધક એવો તત્ત્વસંસ્કાર થાય છે. અને એ સંસ્કારનો નિરોધ થવાથી અસંપ્રજ્ઞાતસમાધિ થાય છે. સંપ્રજ્ઞાતનો અધ્યાત્મ-યોગથી ધ્યાનયોગ સુધીમાં સમવતાર થાય છે. અસંપ્રજ્ઞાતનો વૃત્તિસંક્ષયમાં અવતાર છે. બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકાર જાણવા. સમ્યગ્શ્રદ્ધાથી યુક્ત બોધ એ યોગદષ્ટિ છે. એ મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા એમ આઠ પ્રકારે છે. જે જીવો હજુ મિત્રાદષ્ટિ પણ પામ્યા નથી એ બધા ઓઘદષ્ટિવાળા હોય છે. ભલે મિથ્યાદષ્ટિ હોય, પણ જો પ્રકૃતિથી ભદ્રક, શાંત, વિનીત, મૃદુ અને ઉત્તમ હોય તો **પરમાનંદને** ભજનારા બને છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

આ રીતે વીશમી બત્રીશી સુધીનો ટૂંકસાર આપણે જોયો. આગામી લેખમાં બાકીની બત્રીશીઓનો ટૂંકસાર જોઈને આપણે આ લેખમાળા પૂર્ણ કરીશું.

❖ ❖ ❖

# લેખાંક ૧૬૨

ગયા લેખમાં વીશમી યોગાવતારબત્રીશી સુધીનો ટૂંકસાર જોયેલો. આ લેખમાં બાકીની બત્રીશીઓનો સાર જોઈને આપણે આ લેખમાળા પૂર્ણ કરીશું.

એકવીશમી **મિત્રાબત્રીશી :**

યોગદૃષ્ટિસમુચ્ચય ૨૧ થી ૪૦ ગાથા તથા પાતંજલયોગસૂત્રના આધારે આ બત્રીશીની રચના છે. મિત્રાદૃષ્ટિમાં તૃણાગ્નિકણસમ અત્યલ્પ બોધ હોય છે, યમ યોગાંગ હોય છે. દેવકાર્યાદિમાં અખેદ હોય છે. અન્યત્ર અદ્વેષ હોય છે. કરુણાંશબીજનું કંઈક સ્ફુરણ હોય છે. અહિંસા વગેરે પાંચ યમ છે. વિતર્કો ૨૭ છે. અહિંસાસિદ્ધિ વગેરેના ક્રમશઃ વૈરત્યાગ, અકૃતક્રિયાફળ, દિવ્યરત્નપ્રાપ્તિ, વીર્યલાભ અને જાતિસ્મરણજ્ઞાન ફળ છે. આ દૃષ્ટિમાં રહેલ સાધક જિનેષુ કુશળચિત્ત વગેરે યોગબીજોનું ઉત્પાદન કરે છે. આ યોગબીજ અશુદ્ધ, શુદ્ધ અને સંશુદ્ધ હોય છે. ત્રણ અવંચકો એ અવ્યક્ત સમાધિ છે. અહીં ચરમયથાપ્રવૃત્તકરણ હોય છે. મિથ્યાત્વને પણ જે ગુણસ્થાન કહેલ છે તે આ દૃષ્ટિના આધારે કહેલ છે. આ દૃષ્ટિમાં રહેલ સાધક સદ્યોગથી ગુણઠાણાઓને આરોહીને **પરમાનંદને** પામે છે.

બાવીશમી **તારાદિત્રયબત્રીશી :**

શ્રીયોગદૃષ્ટિસમુચ્ચય ગાથા ૪૧ થી ૭૮ અને પાતંજલયોગસૂત્રના આધારે આ બત્રીશીની રચના છે. **તારાદૃષ્ટિમાં** મનાક્-સ્પષ્ટદર્શન, શૌચ-સંતોષાદિ પાંચ શુભ નિયમો, યોગકથાઓમાં પ્રીતિ તથા યોગીઓની યથાશક્તિ ભક્તિ-બહુમાન હોય છે. સંસારનો તીવ્ર ભય, ઉચિતક્રિયાહાનિ કે અત્યન્ત અનુચિતક્રિયા હોતા નથી.

અવિધિનો ત્રાસ અને અધિકની સ્પૃહા-જિજ્ઞાસા હોય છે. શિષ્ટોને પ્રમાણ માનવાનું હોય છે.

**બલાદૃષ્ટિમાં** દર્શનની દૃઢતા, સુખકર સ્થિર આસન અને તત્ત્વશ્રવણની પ્રબળ ઈચ્છા હોય છે. યોગવિષયક ક્ષેપ હોતો નથી. અસત્તૃષ્ણા અને ત્વરાનો અભાવ હોય છે. આનન્ત્યસમાપત્તિ, અંતરાયવિજય, દ્વન્દ્વોથી અપરાભવ અને પ્રણિધાનપૂર્વક દૃષ્ટદોષ-પરિત્યાગ હોય છે. દિવ્યગીતશ્રવણ કરતાં અધિક તત્ત્વશ્રવણની રુચિ હોય છે. યોગના ઉપાયોમાં કુશળતા આવે છે.

**દીપ્રાદૃષ્ટિ** પ્રાણાયામસહિત, યોગોત્થાનરહિત અને તત્ત્વ-શ્રવણથી સંયુક્ત હોય છે. પ્રાણાયામ રેચક, પૂરક અને કુંભક એમ ત્રિધા છે. બાહ્યમમત્વનું રેચન, શ્રવણજન્યવિવેકનું પૂરણ અને સ્થિરીકરણ (કુંભન) એ ભાવપ્રાણાયામ છે. ધર્મને પ્રાણ કરતાં અધિક માને છે. તત્ત્વશ્રવણથી તીવ્રગુરુભક્તિ દ્વારા સમાપત્તિ વગેરે ભેદે પ્રભુનું દર્શન થાય છે. સૂક્ષ્મબોધ હોતો નથી.

પ્રથમ ચારે દૃષ્ટિમાં અવેદ્યસંવેદ્યપદ હોય છે. અપાયશક્તિ-માલિન્ય હોય છે. પુણ્ય નિરનુબંધ હોય છે. ભવાભિનંદી જીવોને અશુભાનુબંધી પાપ હોય છે. અકૃત્ય કૃત્ય ભાસવું વગેરે વિપરીતદર્શન હોય છે. **પરમાનંદને** ઈચ્છતા સાધકે સત્સંગ અને આગમના યોગે અવેદ્યસંવેદ્યપદને જીતવું જોઈએ.

ત્રેવીશમી **કુતર્કગ્રહનિવૃત્તિબત્રીશી :**

યોગબિંદુની ૬૬-૬૭મી અને યોગદૃષ્ટિસમુચ્ચયની ૮૬ થી ૧૪૮મી ગાથાના આધારે આ બત્રીશી રચાયેલી છે. કુતર્કને છોડીને શ્રુત-શીલ-સમાધિમાં આગ્રહ રાખવો જોઈએ. કુતર્ક પ્રાયઃ જાતિરૂપ છે ને એનો છેલ્લો જવાબ સ્વભાવ હોય છે. બધા જ સર્વજ્ઞો એક

જ છે. કપિલાદિની દેશના સર્વજ્ઞમૂલક છે. એકનયદેશના પણ માન્ય છે. આર્યપુરુષની નિંદા જિહ્વાછેદથી અધિક છે. તર્કોની પરંપરાનો કોઈ અંત હોતો નથી. માટે સાધકે આગમમાં દૃષ્ટિ રાખીને કુતર્કગ્રહ ત્યજવો જોઈએ. કારણ કે **પરમાનંદ**સંપત્તિકાળે ક્ષાયોપશમિક ક્ષમા વગેરે ધર્મો પણ છોડવાના હોય છે.

**ચોવીશમી સદ્દૃષ્ટિબત્રીશી :**

આ બત્રીશીની રચના શ્રીયોગદૃષ્ટિસમુચ્ચયની ૧૫૪ થી ૧૮૨મી ગાથાના આધારે કરવામાં આવી છે. **સ્થિરાદૃષ્ટિમાં** નિત્ય અભ્રાન્ત દર્શન હોય છે. સ્વરૂપાવસ્થાનરૂપ ઇન્દ્રિયપ્રત્યાહારથી ઇન્દ્રિયો સ્વવશ બને છે. સંપૂર્ણ ભવચેષ્ટા બાળક્રીડાતુલ્ય ભાસે છે. સ્વરૂપશુદ્ધ આત્મા જ પરમાર્થ સત્ ભાસે છે, બાકીનો બધો ભવપ્રપંચ વિકલ્પવત્ લાગે છે. પુણ્ય-પાપ ઉભયનું ફળ અનાત્મધર્મ હોવાથી તુલ્ય ભાસે છે. પ્રતિપક્ષભાવનાથી ઇચ્છાઓ મોળી પડતી જાય છે. તેથી આ અવસ્થામાં અલોલતા વગેરે ગુણો પ્રગટે છે.

**કાન્તાદૃષ્ટિમાં** નિત્યદર્શન, અન્યપ્રીતિજનક ધારણા અને હિતકારી મિમાંસા હોય છે. સ્થિરતાના કારણે અન્યમુદ્દોષ હોતો નથી. મન હમેંશા શ્રુતજ્ઞાનમાં જોડાયેલું રહેવાથી આક્ષેપક જ્ઞાન થાય છે જેના પ્રભાવે ભોગપ્રવૃત્તિ પણ સંસારનું કારણ બનતી નથી. માયાજાળ (મૃગજળ)ને જોનારો એમાંથી અસ્ખલિતપણે નીકળી જ જાય છે. એમ ભોગોને મૃગજળ જેવા જોનારને મોક્ષમાર્ગ પર પ્રયાણમાં સ્ખલના થતી નથી, કારણ કે અસંગ = અનાસક્તિ હોય છે. આ દૃષ્ટિમાં ભોગશક્તિ બળવાન્ એવી ધર્મશક્તિને હણી શકતી નથી, ઉપરથી સહાયક બને છે. આ દૃષ્ટિમાં રહેલી મીમાંસા મોહાન્ધકાર-નાશિકા હોવાથી ક્યારેય અનુચિત પ્રવૃત્તિ થતી નથી.

**પ્રભાદૃષ્ટિમાં** ધ્યાન, તત્ત્વપ્રતિપત્તિ અને રોગદોષરહિતતા હોય છે. આ દૃષ્ટિ સત્પ્રવૃત્તિપદાવહા હોય છે. પરવશતા એ દુ:ખ છે અને આત્મવશતા એ સુખ છે, તેથી ધ્યાનના પ્રભાવે સ્વાધીન સુખ સદા હોય છે, નિર્મળબોધના પ્રભાવે ધ્યાન સદા સ્ફુરે છે. અસંગાનુષ્ઠાન એ સત્પદ છે, એને આ દૃષ્ટિ લાવી આપે છે. આને પ્રશાંતવાહિતા, વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ અને ધ્રુવાધ્વા પણ યોગીઓ કહે છે.

**પરાદૃષ્ટિ** સમાધિનિષ્ઠ હોવા છતાં સમાધિના આસંગથી રહિત હોય છે. અહીં સત્પ્રવૃત્તિ આત્મસાત્ થયેલી હોય છે. સાધકને અતિચાર લાગતા ન હોવાથી પ્રતિક્રમણાદિ આચાર હોતા નથી. રત્નને શીખનારની અને શીખી ગયેલાની દૃષ્ટિ અલગ હોય છે. ધર્મસંન્યાસ થવાથી સાધક કૃતકૃત્ય બને છે. સાધક કેવલજ્ઞાન પામી શ્રેષ્ઠ પદાર્થનું સંપાદન કરીને પછી યોગાંતને પામે છે. ત્યાં અયોગયોગના પ્રભાવે ભવોપગ્રાહીકર્મોનો ક્ષય કરી સાધક **પરમાનંદ** મંદિરમાં પહોંચે છે.

પચ્ચીશમી **ક્લેશહાનોપાયબત્રીશી :**

પાતંજલયોગસૂત્ર વગેરેના આધારે તથા મૌલિક ચિંતનરૂપે આ બત્રીશીના રચના છે. કર્મરૂપી ક્લેશોની હાનિનો ઉપાય છે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ક્રિયા. કેટલાક દર્શનકારો કહે છે ; ક્ષણિક નૈરાત્મ્યદર્શન... આ ઉપાય છે ને વળી બીજા કહે છે કે ધ્રુવાત્મદર્શન... આ ઉપાય છે. પાતંજલયોગદર્શન કહે છે કે અનુપપ્લવા વિવેકખ્યાતિ આ ઉપાય છે. આ વિવેકખ્યાતિ ૪ પ્રકારની કાર્યવિમુક્તિરૂપ અને ૩ પ્રકારની ચિત્તવિમુક્તિ રૂપ બુદ્ધિસ્વરૂપ છે. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ... આ પાંચ ક્લેશો છે. એનાથી કર્માશય દ્વારા કર્મવિપાક થાય છે, જે શુભ હોય

તો પણ પરિણામ, તાપ, સંસ્કાર અને ગુણવૃત્તિવિરોધથી દુઃખરૂપ જ છે. ક્લેશહાનિના ઉપાય તરીકે આ બધી વાતો સંગત નથી, કારણ કે આવું માનવામાં મોક્ષ પુરુષના પ્રયત્નજન્ય રહેતો નથી જે બરાબર નથી. એકાન્તે અપરિણામી આત્માને તાત્ત્વિક યોગ પણ સંભવતો નથી. 'ચરમ દુઃખને ઉત્પન્ન કરીને એનો નાશ કરવો એ મોક્ષપુરુષાર્થ છે, અને એ જ્ઞાનદીપકથી થાય છે.' એવો નૈયાયિકનો મત પણ ઘણી રીતે અસંગત છે. જૈનમત મુજબ તો જ્ઞાન-ક્રિયાથી કર્મકલેશનો ઉચ્છેદ થવાથી **પરમાનંદથી** પરિપુષ્ટ એવા નિરુપમ મોક્ષને જીવ પામે છે.

છવ્વીશમી **યોગમાહાત્મ્યબત્રીશી :**

પાતંજલયોગસૂત્રના આધારે આ બત્રીશી રચાયેલી છે. યોગ એ શાસ્ત્રનું રહસ્ય છે, મોક્ષમાર્ગ છે, વિઘ્નોને શાંત કરનાર છે, કલ્યાણનું કારણ છે વગેરે રૂપ યોગનો મહિમા જાણવો. પતંજલિ ઋષિએ યોગસૂત્રના વિભૂતિપાદ નામના ત્રીજા પ્રકરણમાં યોગજન્ય ઋદ્ધિ-સિદ્ધિ વગેરેનું વર્ણન કર્યું છે એના આધારે અહીં યોગના ફળ દર્શાવાયા છે. ને પછી એની સમીક્ષા કરીને જૈનદર્શનમાન્ય યોગફળ દર્શાવવામાં આવ્યું છે. ક્લિષ્ટકર્મક્ષય વગેરે યોગફળો છે. પૂર્વે ધર્મને ક્યારેય ન સેવનારા, છતાં યોગપ્રભાવથી **પરમાનંદ**માં ઝીલનારા મરુદેવા માતાએ મોક્ષ પ્રાપ્ત કર્યો.

સત્તાવીશમી **ભિક્ષુબત્રીશી :**

શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ વગેરેના આધારે આ બત્રીશીની રચના છે. જે વિષયસંગ છોડે તે ભિક્ષુ છે, આત્મવત્ સર્વભૂતેષુ સૂત્રને જીવે તે ભિક્ષુ છે. આવી બધી વિવિધ વ્યાખ્યાઓ પ્રસ્તુત બત્રીશીમાં છે. વળી યતના કરે તે યતિ... વગેરે રૂપે ભિક્ષુના

પર્યાયવાચી શબ્દો આ બત્રીશીમાં જણાવેલા છે. એ પછી ભાવસાધુના સંવેગ વગેરે લક્ષણોની સમજ આપવામાં આવી છે. અસલી સોનાના આઠગુણોની જેમ ભાવસાધુના આઠ ગુણો છે. આ બધા ગુણોની ભાવના પણ **પરમાનંદ**સંપત્તિ માટે થાય છે.

અઠ્ઠાવીશમી **દીક્ષાબત્રીશી :**

આ બત્રીશીની રચના ૧૦મા-૧૨મા ષોડશકના આધારે થઈ છે. કલ્યાણનું દાન અને અકલ્યાણનો ક્ષય કરનારી દીક્ષા જ્ઞાનીને અને જ્ઞાનીની નિશ્રાવાળાને હોય છે. દીક્ષામાં ગુરુસમર્પણ અને નામકરણનું મહત્ત્વ છે. દ્રવ્ય-ભાવદીક્ષામાં સંભવતી પાંચ પ્રકારની ક્ષમા, ચાર પ્રકારના અનુષ્ઠાન વર્ણવી પછી તેજોલેશ્યાનું વર્ણન છે. સાધુ સ્વશરીર સાથે લડનારો હોય. અસંગદશામાં પણ ભિક્ષાટનાદિ સંભવે છે. તત્ત્વજ્ઞાનપૂતદીક્ષાથી સંગવાસનાનો નાશ થાય છે. સમભાવરૂપ દીક્ષામાં રતિ-અરતિને ક્યાંય અવકાશ નથી. મોક્ષ પ્રત્યે શુદ્ધ અને શુભ... બંને ઉપયોગ સમાન રીતે મુખ્ય હેતુ છે. ભિક્ષાટનાદિ અવસરે પણ ધ્યાન અક્ષત છે. તેથી એમાં વ્યુત્થાન (=રુકાવટ) નથી. દીક્ષાના બકુશ વગેરે સ્વરૂપ શાસ્ત્રમાન્ય છે. ક્રિયારૂપે અનેક હોવા છતાં સામાયિકરૂપે એક આવી દીક્ષા **પરમાનંદને** કરનારી બને છે.

ઓગણત્રીશમી **વિનયબત્રીશી :**

શ્રી દશવૈકાલિકસૂત્ર તથા અન્યપ્રકરણોના આધારે આ બત્રીશીની રચના છે. જે કર્મોને ઝડપથી વિનયન = દૂર કરે એ વિનય. મોક્ષાત્મક ફળ આપનાર ધર્માત્મક વૃક્ષનું મૂળ આ વિનય છે. એના જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, તપોવિનય અને ઉપચારવિનય એમ પાંચ પ્રકાર છે. ઉપચારવિનયના પ્રતિરૂપ અને આશાતનાવર્જન એમ બે પ્રકાર છે. એમાં પ્રતિરૂપ ઉપચાર

વિનયના કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકાર છે. જેના ક્રમશઃ આઠ, ચાર અને બે પેટાભેદ છે. આશાતનાવર્જન ઉપચાર વિનયના શ્રી અરિહંતાદિ ૧૩ પદના આશાતનાત્યાગ, ભક્તિ, બહુમાન અને પ્રશંસા આમ ૪-૪ ભેદે કુલ ૫૨ પ્રકાર છે. એકની પણ આશાતના બધાની આશાતનારૂપ બને છે. ગુરુની આશાતના ભયંકર છે. વિદ્યાગુરુનો ઉત્તમ વિનય કરવો જોઈએ. જ્ઞાન માટે શિથિલ સાધુનો પણ વિનય કરવો. વિનય, શ્રુત, તપ અને આચાર આ ચાર પ્રકારની સમાધિના દરેકના ચાર-ચાર પેટાભેદ છે. જે યથાયોગ્ય વિનય કરે છે એને **પરમાનંદ** સંપત્તિઓ સ્વયં વરે છે.

ત્રીશમી **કેવલિભુક્તિવ્યવસ્થાપનબત્રીશી :**

આ બત્રીશીની રચના શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સ્યાદ્વાદ રત્નાકર વગેરે ગ્રંથોના આધારે કરાયેલી છે. કેવલજ્ઞાનીને કવલાહાર ન હોય એવું દિગંબરો માને છે. આ માટે એમણે પંદર હેતુઓ આપેલા છે જેનું ગ્રંથકારે ક્રમશઃ નિરાકરણ કરેલું છે. જેમાં ક્ષુધા દોષરૂપ નથી, ઘાતીકર્મ ન હોવાથી કૃતકૃત્યતા અક્ષત છે, ક્ષુધા જ્ઞાનાદિમય સુખની બાધક નથી, દગ્ધરજ્જુસમત્વનો અર્થ વિચારવો જોઈએ, ઇન્દ્રિયજ્ઞાન સુખાદિ પ્રયોજક નથી, પરદ્રવ્યપ્રવૃત્તિ મોહજન્ય જ હોય એવો નિયમ નથી, અનક્ષરધ્વનિમય દેશના સંભવે નહીં, પ્રતિબંદીન્યાય, ભોજન પ્રમાદજનક બને જ એવો નિયમ નથી, રાસનપ્રત્યક્ષની આપત્તિ નથી, પરમૌદારિકશરીરમીમાંસા, દેહસ્થાપક-કર્મ ભોજન સંપાદકકર્મ સાથે સંકળાયેલ છે, વિરોધી ભાવનાથી ભોજન નહીં, ભોજનરાગ દૂર થાય છે. જુગુપ્સાની વાત અસંગત છે... વગેરે દલીલો ગ્રંથકારે આપેલી છે. આ રીતે દિગંબરોનો નિગ્રહ થવાથી **પરમાનંદિત** બનેલા શ્વેતાંબરો વડે શોભા પામેલું જૈનશાસન જય પામે છે.

એકત્રીશમી **મુક્તિબત્રીશી :**

આની રચના પણ શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચય વગેરે ગ્રંથોના આધારે કરાયેલી છે. નૈયાયિકો કહે છે અત્યંત દુઃખક્ષય એ મોક્ષ છે. આ માટે નૈયાયિકે આપેલાં વિસ્તૃત અનુમાનમાં બાધ કે અર્થાન્તર દોષ છે. દૃષ્ટાંત અસંગત છે. અનુકૂળ તર્ક દુર્લભ છે, મોક્ષની યોગ્યતા બે પ્રકારે હોય છે. 'પરમાત્મામાં જીવાત્માનો લય' એ મોક્ષ એવા ત્રિદંડીમત તથા 'આલયવિજ્ઞાનસંતતિ એ મોક્ષ' એવા બૌદ્ધમતની વિચારણા. સ્વતંત્રતારૂપ મોક્ષની વિચારણા, સ્વરૂપમાં અવસ્થાન એ મોક્ષ એવા સાંખ્યમતની વિચારણા. આ જ રીતે નાસ્તિકમત, તૌતાતિતમત, વેદાંતીમતમાન્ય મુક્તિનું નિરાકરણ કરીને ગ્રંથકારે જૈનદર્શનમાન્ય મુક્તિની સમજણ આપી છે : 'સર્વકર્મક્ષય એ મોક્ષ છે.' વિવિધનયે મુક્તિની વિચારણા રમ્ય છે. મોક્ષ સ્વતઃ કામ્ય છે. મોક્ષમાં સુખ છે એ વાત સ્મૃતિમાં પણ કહેલી છે. શ્વેતાંબરોના પરમાનંદમય મોક્ષની વિચારણાથી અમે પરમ એવા આનંદથી પરિપુષ્ટ થયા છીએ.

બત્રીશમી **સજ્જનસ્તુતિબત્રીશ :**

આ બત્રીશી ગ્રંથકારની મૌલિક રચના છે જેમાં ગ્રંથકારે અનેક રીતે સજ્જનોની સ્તુતિ કરીને છેલ્લે કહ્યું છે કે - જે શ્રી જૈનશાસનમાં પરમતના અંધકારનો નાશ કરનાર સૂર્યકિરણની ધારારૂપ સ્યાદ્વાદવિદ્યા છે, જેના પ્રભાવે જીવો ભવસાગરથી નિસ્તાર પામીને મોક્ષ પામે છે, જેનાથી ઉત્પન્ન થયેલા શમરસો વડે અમને હંમેશા આકંઠ તૃપ્તિ અનુભવાય છે તે, **પરમાનંદના** કંદને માટે વાદળ સમાન જૈનશાસન જય પામે છે.

આમ આપણે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથની બત્રીશે બત્રીશીઓનો ટૂંકસાર જોયો. અહીં આ ગ્રંથનો સ્વાધ્યાય પૂરો થાય છે... અલબત્

આ વાચના, (વચ્ચે વચ્ચે કેટલાય પ્રશ્નો-શંકાઓ અને એના ઉત્તરો-સમાધાનો રૂપે) પૃચ્છના અને ટૂંકસારરૂપ પરાવર્તના સ્વાધ્યાય આપણે કર્યો. વચ્ચે વચ્ચે અનેક પદાર્થો પર અનુપ્રેક્ષાસ્વાધ્યાય પણ આપણે જોયો. પણ અનુપ્રેક્ષા સ્વાધ્યાય તો એવો છે કે એ જેટલો આપણે કરતા જઈએ એટલા વધુ ને વધુ ઊંડા રહસ્યાર્થો પ્રાપ્ત થતા રહે છે. આપણો આ સ્વાધ્યાય આગળ પણ ચાલતો જ રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**ज्ञानक्रियाभ्यां मोक्षः** આ સૂત્રનો અર્થ એવો પણ છે કે જ્ઞાન યોગ્ય રીતે ક્રિયામાં ઉતરીને મોક્ષ અપાવે છે... એટલે આ ગ્રંથના વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા સ્વાધ્યાયથી મળેલા વિશદબોધને આપણે યથાયોગ્ય આપણા આચરણમાં ઉતારીએ એ ઇચ્છનીય જ નહીં, આવશ્યક છે. એ માટે જરૂરી ઇચ્છા, મનોરથ, સંકલ્પ અને સત્ત્વ આપણે સતત કેળવતા રહીએ એવી પરમકૃપાળુ પ્રાર્થના. અને આ બધા દ્વારા સક્રિય બનેલા જ્ઞાનથી કે જ્ઞાનગર્ભિત બનેલી ક્રિયાથી આપણે સહુ શીઘ્ર વીતરાગતા, કેવલજ્ઞાન અને મોક્ષ પામીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**ની વારંવારની ભારભરી ને ભાવભીની વિનંતી-માગણી-ઉઘરાણીના પ્રભાવે પ્રારંભાયેલી ને શાંતિસૌરભ માસિકમાં અખંડપણે પ્રકાશિત થયેલી બત્રીશીના સથવારે, કલ્યાણની પગથારે... આ લેખમાળા ૧૩-૧૩ વર્ષની સુદીર્ઘયાત્રા કરીને આ લેખ દ્વારા પૂર્ણ થાય છે.

આ સંપૂર્ણ લેખમાળામાં પરમપવિત્ર ત્રિકાળઅબાધિત શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈપણ નિરૂપણ જો આવ્યું હોય તો એનું

અંતઃકરણથી મિચ્છામિ દુક્કડં... બહુશ્રુત ગીતાર્થ મહાત્માઓને એનું સંશોધન કરવા અને મને જણાવવા માટે નમ્ર વિનંતી.

દેવાધિદેવ વિશ્વવત્સલ
**શ્રી કલિકુંડ પાર્શ્વનાથ**દાદાના ચરણોમાં કોટિશઃ વંદના.

મલાડ (ઇ) જગદ્ગુરુ શ્રી હીરસૂરિસંઘના
**શ્રી શ્રેયાંસનાથ** દાદાના ચરણોમાં કોટિશઃ વંદના.

બ્રહ્મમૂર્તિ સિદ્ધાંતમહોદધિ સ્વ.પૂ.આચાર્ય
**શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં વંદના.

ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ સ્વ.પૂ. આચાર્ય
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં વંદના...

સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંતદિવાકર પૂ. આચાર્ય શ્રી
**જયઘોષસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં વંદના.

કર્મસાહિત્યમર્મજ્ઞ સહજાનંદી સ્વ. પૂ. આચાર્ય
**શ્રી ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં વંદના.

દક્ષિણમહારાષ્ટ્રપ્રભાવક, શ્રી સૂરિમંત્રસમારાધક સ્વ. પૂ. આ.
**શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.**ના ચરણોમાં વંદના.

● ● ●

## આ લેખમાળા પૂર્ણ થવા પર 'શાંતિસૌરભ'માં સંપાદકશ્રીએ આપેલી નોંધ

વર્ધમાનતપની ઓળી સંપૂર્ણ કરતાં અર્થાત્ ૧૦૦ ઓળી સળંગ પૂરી કરતાં જેટલો સમય થાય એટલા સુદીર્ઘ સમય આ લેખમાળા ચાલી...આનંદ પણ એટલો જ આવ્યો, જેટલો ૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ પ્રસંગે આવે...

વર્ધમાનતપોનિધિ આચાર્ય શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વદ્ઘડતરથી તૈયાર થયેલા પૂજ્યપાદશ્રી તર્કસમ્રાટ્ આચાર્ય શ્રી વિજય **અભયશેખરસૂરીશ્વરજી** મહારાજાની વિદ્વદ્ભોગ્ય શૈલિ પણ આ લેખમાળામાં અનુભવી...

એક એક લેખમાં મળતો બોધ, આગળના લેખો વાંચવા માટે પ્રેરણાપૂરક હતો...પૂજ્યશ્રીના લેખો વાંચવા માટે પણ કેટલાક તો શાંતિસૌરભના સભ્ય બની ગયા.

પૂજ્યશ્રી નવી લેખમાળા જલ્દીથી પ્રારંભ કરે તેવી પરમ પિતાને પ્રાર્થના...પૂજ્યશ્રીના લેખો વાંચવા માટે સભ્ય બનેલા વાંચકોની પણ હાર્દિક ઇચ્છા-જિજ્ઞાસા અને મનની સુમનભાવના પૂજ્યશ્રી સુધી પહોંચે તેવી પરમ ગુરુદેવને પરમ પ્રાર્થના...

કલિકુંડ તીર્થોદ્ધારકશ્રીની વિનંતીને ધ્યાનમાં લઈને પૂજ્યશ્રીએ શાંતિસૌરભને આ લેખમાળા પાઠવી...હવે તેઓશ્રીમદ્ના શિષ્યોની વિનંતીને ધ્યાનમાં લઈને પૂજ્યશ્રી શાંતિસૌરભને નવી લેખમાળા પાઠવે તેવી શાંતિસૌરભ પરિવારની ફરીવાર પારાવાર પ્રાર્થના...

શાંતિસૌરભ પરિવાર આભાર વ્યક્ત કરે છે અને નવો આભાર વ્યક્ત કરવા માટેની વિનંતી પણ કરે છે....

પૂજ્યશ્રીની કલમ-પ્રસાદી સતત મળતી રહે અને તેઓ શ્રીમદ્‌ની આ કલમ આશિષથી શાંતિસૌરભ સમૃદ્ધ બનતું રહે...તેવી શુભાશયી શુભાશા....

- સંપાદક

❖ ❖ ❖

# પરિશિષ્ટ

## ૨૩મી કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા અંગે એક વિશેષ વિચારણા

**શંકા :** આ બત્રીશીમાં બધાં શાસ્ત્રો એક છે, શાસ્ત્રકારો એક છે, સર્વજ્ઞ છે, માટે કોઈનો અપલાપ કરવો નહીં... વગેરે વાતો છે. જ્યારે મુહપત્તીના બોલ વગેરેમાં 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું' વગેરે જણાવેલ છે... અન્ય મતના દેવ વગેરેનો કુદેવ વગેરે રૂપે ઉલ્લેખ કરેલો છે જે એક પ્રકારની નિંદા-અપલાપરૂપ જ છે... ને વળી એનો પરિહાર કરવાનું જણાવ્યું છે. જો બધું સર્વજ્ઞોક્ત જ છે તો પરિહાર શા માટે ?

**સમાધાન :** જેઓને અસદ્અભિનિવેશ નથી એવા મધ્યસ્થ જીવો માટે આ બત્રીશીની વાતો છે... એટલે જ એમના શાસ્ત્રવચનો એવા જીવોને સુનયરૂપ બને છે. પણ જેઓને અસદ્અભિનિવેશ છે એવા જીવો કુતીર્થિક બને છે. એમના માટે એ જ કપિલાદિ કુદેવ વગેરે રૂપ બને છે. ને એમનાં શાસ્ત્રવચનો દુર્નયરૂપ હોવાથી મિથ્યાશ્રુત બને છે.

**શંકા :** મુહપત્તીના બોલ વગેરેમાં માત્ર 'કુદેવ' વગેરે તરીકે ઉલ્લેખ ને પરિહારની જ વાતો છે... આ બત્રીશીમાં કહેલી વાતો પ્રાયઃ અન્યત્ર જોવા મળતી નથી.

**સમાધાન :** અન્ય દર્શનમાં રહેલા મોટા ભાગના જીવો સ્વ-સ્વ દર્શનના ગાઢ અભિનિવેશવાળા હોય છે... મધ્યસ્થ જીવ તો કોઈક રડ્યોખડ્યો વિરલ જ હોય છે. એટલે એને ગૌણ કરી, મોટાભાગના જીવોને નજરમાં રાખી એ બધી વાતો છે.

**શંકા :** પણ મુહપત્તીના બોલ વગેરે બોલનારા તો જૈનદર્શનમાં રહેલા સમ્યક્ત્વી વગેરે જીવો છે. એમને તો અસદ્અભિનિવેશ હોતો નથી જ. વળી, શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ખુદ કહે છે -

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।

युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः । લોકતત્ત્વનિર્ણયમાં તેઓએ આ કહ્યું છે કે - મને શ્રી વીરપ્રભુ પર પક્ષપાત નથી કે કપિલ વગેરે પર દ્વેષ નથી. પણ જેમનું વચન યુક્તિસંગત છે તેનો સ્વીકાર કરવો જોઈએ. (અને તેથી શ્રી વીરપ્રભુનાં વચનોનો હું સ્વીકાર કરું છું... ને કપિલાદિનાં વચનો યુક્તિસંગત ન ભાસવાથી એનો હું સ્વીકાર કરતો નથી.) વળી એટલે જ તેઓએ પોતાના અનેક ગ્રંથોમાં કપિલાદિના વચનોનું ખંડન કર્યું છે. તો પછી કપિલાદિ પણ સર્વજ્ઞ હતા... વગેરે વાતો સાથે આ વાતોનો મેળ કેમ ખાય ?

**સમાધાન :** તમારી શંકા બરાબર છે. આનો કોઈ યોગ્ય સમન્વય ખોળી કાઢવો જોઈએ. મને એમ લાગે છે કે જુદી-જુદી વિવક્ષાથી આ વાતો કરાયેલી છે. ધારો કે દક્ષિણના એક મૂળસ્થાનથી ઉત્તરના ગંતવ્યસ્થાને એક મુખ્ય રાજમાર્ગ (હાઈવે) જાય છે. એની આસપાસ અનેક કેડીઓ છે. એ કેડીઓ આડી-અવળી ગમે ત્યાં ફંટાઈ જાય છે ને ફંટાઈ ગયેલી કેડી પર ચઢી ગયેલો મુસાફર પછી ઘોર અટવીમાં ક્યાં ભટકાઈ જાય એ કહી શકાતું નથી... એમાંની અમુક જ કેડી એવી હોય છે જે થોડી ઉત્તરમાં જઈને પાછી આ રાજમાર્ગને મળી જાય છે. પણ એવી કેડીઓ જુજ છે ને એમાંથી પણ ડગલે ને પગલે આડી અવળી ઢગલાબંધ કેડીઓ ફંટાતી હોય છે જે મુસાફરને અટવીમાં જ ભટકાવી દેનારી હોય. ગંતવ્યસ્થાનની નજીક પણ આવી અનેક કેડીઓ છે જેમાંની કોક કેડી સીધી ગંતવ્યસ્થાન પર પહોંચાડે છે. પણ એવી કોઈ કેડી નથી જે મૂળસ્થાનથી ઠેઠ

મંઝિલ સુધી પહોંચાડતી હોય... તથા એવો એકે મુસાફર નથી જેણે મંઝિલ સુધી પહોંચવામાં રાજમાર્ગનો ક્યાંય આશ્રય લીધો ન હોય ને માત્ર જુદી જુદી કેડીઓનું અનુસંધાન કરીને જ બધો માર્ગ કાપ્યો હોય. ટૂંકમાં મંઝિલે પહોંચવા માટે રાજમાર્ગનો આશ્રય અતિઆવશ્યક છે. કોઈક મુસાફર સંપૂર્ણ પ્રવાસ રાજમાર્ગ પર જ કરે છે. કોઈક ક્યાંક કોક કેડી દ્વારા પણ થોડું અંતર કાપે છે. છતાં મુખ્ય અંતર તો રાજમાર્ગ દ્વારા જ કપાય છે.

આ દૃષ્ટાંતની ઘટના કરીએ. મોક્ષ એ મંઝિલ છે. જિનોક્ત માર્ગ એ આ મંઝિલે પહોંચવાનો રાજમાર્ગ છે. એ સિવાયના દર્શનોક્ત માર્ગો કેડી જેવા છે. કેડીમાર્ગે ચઢી જનાર ઘણું ખરું સંસાર અટવીમાં જ ભટકી જાય છે. વળી કોઈપણ દર્શનોક્ત માર્ગ એવો નથી કે માત્ર એ માર્ગના જ આલંબને જીવ ઠેઠ મોક્ષ સુધી પહોંચી જાય. જિનોક્તમાર્ગનું અલંબન લેવું જ પડે છે ને એ પણ ઘણો ખરો માર્ગ કાપવા માટે. કોઈક જીવો છેલ્લે કેડી દ્વારા મોક્ષે પહોંચી જાય એવું પણ સંભવે છે, છતાં એ જીવે મોટા ભાગનો માર્ગ તો પૂર્વભવોમાં જિનોક્તમાર્ગે જ કાપ્યો હોય છે. કોઈક જીવ પ્રારંભ અન્યદર્શનોક્ત કેડીથી કરે છે ને પછી રાજમાર્ગે ચઢી જાય છે. કોઈક જીવ રાજમાર્ગથી પ્રારંભ કરી વચ્ચે ક્યાંક કેડી પર ઉતરી પાછો રાજમાર્ગ પર ચઢી જાય છે. આવી અનેક સંભાવનાઓ હોવા છતાં, અન્યદર્શનમાં રહેલા ઘણા મોટા ભાગના જીવો આડા-અવળા ફંટાઈને સંસાર અટવીમાં જ ભટકી જાય છે. માટે એ કુતીર્થ કહેવાય છે ને એટલે જ ખુદ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પણ સ્વગ્રંથોમાં અન્યદર્શનના શાસ્ત્રોનું ખંડન કર્યું જ છે.

રાજમાર્ગની અપેક્ષાએ કેડી ત્યાજ્ય છે. એટલે જેમને રાજમાર્ગ મળી ગયો છે કે મળી જવાની સંભાવના છે એવા જીવોને કેડીના

ગુણગાન સાંભળી કેડીનું આકર્ષણ ન થઈ જાય કે રાજમાર્ગનું આકર્ષણ ઘટી ન જાય... એ માટે કેડીમાર્ગને વખોડવો... એમાં સંભવિત નુકશાન વર્ણવવા આવશ્યક બને છે. એ જ રીતે રાજમાર્ગ પામેલાને, એ પામવાનું ગૌરવ જણાય ને તેથી એને આરાધવામાં ઉલ્લાસ-બહુમાન વધે એ માટે કેડીને વખોડવામાં આવે છે. (અન્ય દર્શનોના ક્ષતિયુક્ત વિધાનોને વખોડવામાં આવે છે.) પણ આ વખોડવામાં એ મહાપુરુષોને એ દર્શનો પ્રત્યે કે દર્શનોના પ્રણેતા-શાસ્ત્રકારો પ્રત્યે કોઈ દ્વેષ હોતો નથી. આ દ્વેષ હોતો નથી માટે જ, કેડી દ્વારા (તે તે દર્શન દ્વારા) પણ કોઈક જીવને અમુક લાભ થઈ શકે છે - થાય છે એ વાતનો પણ તેઓ સ્વીકાર કરે છે.

પણ 'આત્મા' એવું દ્રવ્ય છે કે સર્વજ્ઞના વચનનું આલંબન ન હોય તો, ભવાભિનંદીજીવોને તો નહીં, અપુનર્બંધક બનેલા જીવોને પણ આત્માનો અણસાર સુદ્ધાં આવવો શક્ય જ નથી. જો સર્વજ્ઞનાં વચનો ન હોત તો આખું વિશ્વ આત્માના વિષયમાં ઘોર અંધકારમાં અટવાતું હોત. એટલે આત્માની વાતો, આત્મહિતની વાતો વગેરે સર્વજ્ઞમૂલક હોવી જ સંભવે છે. આપણા અર્વાચીન શાસ્ત્રકારોએ કરેલી વાતો પણ ગુરુપર્વક્રમ સંબંધ દ્વારા સર્વજ્ઞમૂલક હોય જ છે. પણ કપિલ વગેરેએ કરેલી વાતો એ સંબંધ દ્વારા પણ એવી હોવી સંભવતી ન હોવાથી એ અંશમાં તેઓ પણ 'સર્વજ્ઞ' હતા... એમ સાબિત કરવામાં આવે છે. એ કરવા પાછળ, એ દર્શનોક્તમાર્ગમાં (કેડી પર) રહેલા મધ્યસ્થ સાધકો એ માર્ગને છોડીને સાવ માર્ગવિહોણા થઈ શક્ય લાભથી પણ વંચિત ન રહી જાય... એવી કરુણા હોય છે. ને જિનોક્ત માર્ગમાં રહેલા સાધકો એ દર્શનનો 'આ દર્શન સાવ નિરર્થક' વગેરે રૂપ અપલાપ કરી સ્વયં અભિનિવિષ્ટ થવા દ્વારા સાધનાભ્રષ્ટ થઈ ન જાય એવી કરુણા હોય છે.

એક વાત એવી સમજાય છે કે કપિલ-બુદ્ધ વગેરે પણ પૂર્વ જન્મોમાં જૈનશાસન પામેલા હોવા જોઈએ. એનાથી તેઓ સાધના દ્વારા પોતાના આત્માની ભૂમિકા ઘણી ઊંચે લઈ ગયા હોય. પણ કોઈક અનાલોચિત વિરાધનાના પ્રભાવે જન્માન્તરમાં જૈનદર્શન ન પામ્યા. ને છતાં સાધનારત થયા. અંદર અંતરાત્મામાંથી જેવી સ્ફુરણા થઈ એવો સાધનામાર્ગ બતાવ્યો. હા, લક્ષ્ય આત્મહિત જ હતું. કોઈ અંગત સ્વાર્થ-ભેળસેળ વગેરે મલિન આશય નહોતા. કારણ કે એમને પણ આત્મહિત જ કોઈપણ ભોગે કર્તવ્ય લાગેલું. એની સામે ચક્રવર્તીના છ ખંડ પણ ફીકા લાગેલા. માટે જ તે તે ભૂમિકાવાળા જીવોનું એનાથી પણ આત્મહિત સંભવિત બન્યું. એટલે એમના વચનને અનુસરીને આત્મહિત થવામાં પણ, સાક્ષાત્ નહીં તો પરંપરાએ... સર્વજ્ઞનો પ્રભાવ હોય જ છે. એટલે કે દરેક આત્મહિત સર્વજ્ઞમૂલક હોય છે એ વાત નિઃશંક જાણવી.

# અધ્યેતાઓ માટે
# મધુર રસથાળ...

**વિવેચનકાર : પૂ.આ. શ્રી વિ. અભયશેખરસૂરિ મ.સા.**

## ★ શતકનામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો...

પાંચમો કર્મગ્રન્થ એટલે પદાર્થોનો ખજાનો...

અન્ય વિવેચનોમાં હેતુઓ ન મળે એવા ઢગલાબંધ તર્કપૂર્ણ-હેતુઓના ઉદ્ઘાટન (જેમકે ખગતિનામકર્મને જીવવિપાકી પ્રકૃતિ કેમ કહી ? વગેરે) કરનારી-ઊંડાણભર્યા રહસ્યોને વ્યક્ત કરનારી ટીપ્પણો જાણવા માટે - અલ્પ સમયમાં વિશદબોધ મેળવવા માટે આ પુસ્તકના આધારે ભણવા માટે ખાસ ભલામણ છે.

## ★ કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ-૧, ભાગ-૨, કર્મપ્રકૃતિ ભાગ-૩ પ્રશ્નોત્તરી...

ગહન પદાર્થોને પણ ટૂંકમાં અને છતાં સરળતાપૂર્વક સમજવા માટે આ પુસ્તકોનો સહારો લેવો આવશ્યક છે. તથા અત્યંત ઊંડા રહસ્યોને ખોલી આપનાર પ્રશ્નોત્તરીના અધ્યયન વિનાનું કમ્મપયડી તથા પંચસંગ્રહનું અધ્યયન એટલે ઉપરછલ્લો બોધ. બોધને સૂક્ષ્મ અને તર્કપૂર્ણ બનાવવા માટે અવશ્ય આ પુસ્તકોને અવગાહવા.

## ★ યોગવિંશિકા

આજ સુધીમાં પ્રકાશિત થયેલા અનેક વિવેચનોમાં સાવ અલગ તરી આવતું... શબ્દ-શબ્દને આરપાર વીંધીને યોગવિષયક

અપૂર્વ રહસ્યોને પીરસતું... સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજના યોગવિષયક વિચારોને વિશદ રીતે અને છતાં પૂર્વાપર વિરોધ વિના સ્પષ્ટ કરતું અદ્ભુત વિવેચન જાણવા-માણવા માટે આ વિવેચન ભણવું જ રહ્યું.

**★ ન્યાયસિદ્ધાન્ત મુક્તાવલી ભાગ-૧, ભાગ-૨**

ન્યાયદર્શનના પાયાના આ ગ્રન્થને બહુ જ સ્પષ્ટ રીતે સમજવા માટે... ન્યાયશૈલિની હથોટી પામવા માટે... પારિભાષિક શબ્દોનો સરળ પરિચય મેળવવા માટે આ વિવેચનની સહાય લેવી ઘણી ઇચ્છનીય છે.

**★ સત્પદાદિપ્રરૂપણા -**

ગતિ, ઇન્દ્રિય, કાય... વગેરે ૧૪ મૂળ માર્ગણાઓ...
ત્રીજા કર્મગ્રન્થમાં આવતી એની ૬૨ પેટા માર્ગણાઓ...
એના કરતાં પણ ઊંડા ઉતરીને કુલ ૧૭૪ માર્ગણાઓનો સત્પદ, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર... વગેરે દ્વારો દ્વારા વિચાર. અનેક ગ્રન્થોના આધારે સંચિત થયેલા પદાર્થસમુદ્રને અવગાહવાનો આનંદ માણવા વિનંતી.

**★ દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ :**

દ્રવ્યાનુયોગના પદાર્થોને ઘણા સંક્ષેપમાં - ખૂબ ગહન રીતે પીરસતી પૂ. ઉપા. શ્રી યશોવિજય મ.ની ગૂર્જર કૃતિ... શાસ્ત્રવચનની સંગતિ કરવા ઊઠેલી તર્કપૂર્ણ વિચારણાથી પ્રાપ્ત થતા અર્થપર્યાય-વ્યંજનપર્યાય-સપ્તભંગી વગેરેના અસંદિગ્ધ-સ્પષ્ટ-સરળ બોધ માટે આ વિવેચન (ભાગ-૧) અવશ્ય અવગાહવું રહ્યું.

★ **અનુયોગદ્વાર સટીક સટીપ્પણ :**

મૂળ સૂત્ર તથા ટીકાના વિષમપદ પર વિશદ ટીપ્પણો દ્વારા બોધને ચોક્કસ દિશા આપવાનો પ્રયાસ... પ્રેક્ષાવાન્ શ્રદ્ધાનુસારી હોય કે તર્કાનુસારી... બધાની પ્રવૃત્તિ માટે ગુરુપર્વક્રમ સંબંધ અને વાચ્ય-વાચકભાવસંબંધ... બન્ને સંબંધ જરૂરી છે... વગેરે અપૂર્વ રહસ્યોદ્ઘાટન કરવાનો નમ્ર પ્રયાસ.

★ **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ભાગ ૧ થી ૪ (૪થો પ્રેસમાં) :**

મહોપાધ્યાયજીની અનેક વિષયોને આવરી લેતી આ કૃતિના ઊંડા રહસ્યાર્થોને પામવા માટે ભાવાનુવાદના આ ચાર ભાગોને અવગાહવાની અને ઇચ્છાદિ અનેક યોગો તથા યોગદષ્ટિઓનો એક નવો જ રહસ્યાર્થ પામવાની સહુ કોઈ જિજ્ઞાસુઓને નમ્ર વિનંતી છે.

**આનંદો... આનંદો... આનંદો...**

**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૨ વિવેચન** તૈયાર થઈ રહ્યું છે. (પ્રથમ ભાગ પૂર્વે પ્રકાશિત થઈ ચૂકેલ છે.)

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨-૩) ધર્મપરીક્ષા (ભાગ-૧-૨)
૪) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૫) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૬-૮) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા (ભાગ : ૧-૨-૩) (ભાગ-૪ પ્રેસમાં)
૯-૧૧) કર્મપ્રકૃતિ પદાર્થો (ભાગ : ૧-૨-૩)
૧૨-૧૩) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી (ભાગ : ૧-૨)
૧૪) સત્પદાદિ પ્રરૂપણા
૧૫) હારિભદ્રયોગભારતી
૧૬) યોગવિંશિકા
૧૭) સિદ્ધિનાં સોપાન
૧૮) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૯) તત્ત્વ નિર્ણય
૨૦-૨૪) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૫) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટિપ્પણો
૨૬-૨૮) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૯-૩૦) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૩૧) સપ્તભંગીવિંશિકા
૩૨) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ (ભાગ-૧) (ભાગ-૨ કામ ચાલુ)
૩૩) નિક્ષેપવિંશિકા
૩૪) क्या जिनपूजा करना पाप है ?
૩૫) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૬) નયવિંશિકા
૩૭-૪૭) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે (ભાગ : ૧ થી ૧૧)
૪૮) સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. શ્રી પ્રેમસૂરિ મ.સા.ની શ્રુતસેવા

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. નું સંપાદિત-અનુવાદિત લિખિત ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં... (ગુજ. + હિન્દી = ૯૫,૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૨૦,૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિક્ખા અણાણંદે
૬) હું છું સેવક તારો
૮) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે... (સંઘર્ષ)
૧૦) જેલર (ગુજ. + હિન્દી + મરાઠી + અંગ્રેજી = ૨,૭૫,૦૦૦ નકલ)
૧૧) કારેલું (૨૪,૦૦૦ ગુજરાતી + ૬,૦૦૦ હિન્દી)
૧૨) હિતશિક્ષા પત્રો (૧)

BHARAT GRAPHICS-Ahmedabad
Mo. 08905851988, 09925020106